ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૯૫.૮૪ |
| પાઉન્ડ | ૧૨૯.૧૨ |
| યુરો | ૧૧૦.૧૯ |
| સઉદી રિયાલ | ૨૫.૫૫ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૧,૫૭,૬૫૦ |
| ચાંદી (૧ કિલો) | ૨,૪૫,૦૦૦ |

Regd. No.Guj.168/2026-2028 Valid up to Dt. 31-12-2028 permitted to Post at Ahmedabad Unaccountable L1 on Everyday & Published on Everyday● RNI. No. 48870/91 ● વર્ષ-૩૬ અંક-૪૭ ● તંત્રી : અઝીઝ ટંકારવી

### દેશમાં મોંઘવારીના મોરચે ફરી ચિંતા વધારી દેતા આંકડા સામે આવ્યા

# ઑગસ્ટ મહિનામાં દેશની રિટેલ મોંઘવારી વધીને ૪.૮૨% થઈ

## ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ વધતા, ખાદ્ય મોંઘવારી ૫.૯૫% પર પહોંચી, ખાસ કરીને ડુંગળી ૪૮.૨૭% અને લસણ ૪૩.૬૦% મોંઘા થયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪

દેશમાં મોંઘવારીના મોરચે ફરી ચિંતા વધારી દેતા આંકડા સામે આવ્યા છે. સરકાર દ્વારા સોમવારે જાહેર કરાયેલા આંકડા અનુસાર, ઑગસ્ટ મહિનામાં દેશની રિટેલ મોંઘવારી વધીને ૪.૮૨% થઈ છે. જુલાઈમાં રિટેલ મોંઘવારી દર ૪.૪૫% હતો. ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં વધારાને કારણે મોંઘવારી પર દબાણ વધ્યું છે. ઑગસ્ટમાં ખાદ્ય મોંઘવારી દર જુલાઈના ૫.૫૨%થી વધીને ૫.૯૫% થયો છે. ગ્રામ્ય વિસ્તારમાં ખાદ્ય મોંઘવારી ૫.૬૪%, જ્યારે શહેરી વિસ્તારમાં ૬.૧૩% નોંધાઈ છે. ઑગસ્ટમાં ડુંગળીના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. ડુંગળીની મોંઘવારી દર જુલાઈના ૨૨.૫૪%થી વધીને ઑગસ્ટમાં ૪૮.૨૭% થઈ ગયો છે. જ્યારે લસણની મોંઘવારી દર ૩૫.૩૬%થી વધીને ૪૩.૬૦% પર પહોંચી છે. બીજી તરફ, આદુના



ભાવમાં થોડી રાહત જોવા મળી છે. આદુની મોંઘવારી દર જુલાઈના ૮૩.૫૭%થી ઘટીને ઑગસ્ટમાં ૭૩.૮૨% થયો છે. ડુંગળી અને લસણના ભાવ વધ્યા હોવા છતાં કેટલીક શાકભાજીના ભાવમાં ઘટાડો નોંધાયો છે. ઑગસ્ટમાં ટામેટાના ભાવમાં ૩૧.૦૯%નો ઘટાડો થયો છે, જ્યારે જુલાઈમાં આ ઘટાડો ૪.૬૦% હતો. બટાકાની મોંઘવારી દર -૧૩.૧૪% રહી છે, જે જુલાઈના -૧૬.૫૬% કરતાં ઓછી ઘટાડાની સ્થિતિ દર્શાવે છે. ભીંડાના ભાવમાં પણ ૫.૪૧%નો ઘટાડો નોંધાયો છે.

ઑગસ્ટમાં ખાંડના ભાવ રેકોર્ડ સ્તરે પહોંચ્યા હોવાનું સામે આવ્યું છે. ઘરેલુ બજારમાં ભાવને નિયંત્રણમાં રાખવા માટે ભારત દ્વારા ખાંડની નિકાસ પર મૂકવામાં આવેલો પ્રતિબંધ સપ્ટેમ્બરના અંત સુધી અમલમાં રહેવાનો છે. ખાંડના ભાવમાં વધારો પણ મોંઘવારી પર દબાણ વધારતો પરિબળ બન્યો છે. આગામી સમયમાં મોંઘવારીનો ટ્રેન્ડ મુખ્યત્વે ચોમાસાની સ્થિતિ અને કૃષિ ઉત્પાદન પર આધાર રાખશે. સામાન્ય ચોમાસાથી પાકનું ઉત્પાદન સારું રહેવાની અને ખાદ્ય ચીજોના ભાવ નિયંત્રણમાં રહેવાની શક્યતા છે. જ્યારે અનિયમિત વરસાદ અથવા હવામાનમાં ફેરફારથી કૃષિ ઉત્પાદનોના ભાવ પર દબાણ વધી શકે છે. આ ઉપરાંત વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવ પણ ભારત માટે મોટું જોખમ બની શકે છે. ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થાય તો ઈંધણ અને પરિવહન ખર્ચ વધવાની સાથે આયાતી મોંઘવારીનું દબાણ પણ વધી શકે છે. RBIએ નાણાકીય વર્ષ ૨૦૨૭(FY27) માટે મોંઘવારીનો અંદાજ અગાઉના ૫.૧%થી ઘટાડીને ૫% કર્યો છે. RBIની મોનેટરી પોલિસી કમિટી(MPC)એ ક્રૂડ ઓઈલના ભાવમાં નરમાઈ અને સપ્લાય સંબંધિત દબાણમાં ઘટાડાને ધ્યાનમાં રાખીને આ અંદાજમાં ફેરફાર કર્યો હતો. RBIના અનુમાન મુજબ, નજીકના સમયમાં હેડલાઇન મોંઘવારીમાં વધારો થઈ શકે છે અને ત્યારબાદ તેમાં ઘટાડો જોવા મળી શકે છે.




# દિશા સાલિયન મૃત્યુ કેસ : CBIએ FIRમાં આદિત્ય ઠાકરે અને રિયા ચક્રવર્તી સહિત અનેક નામ દાખલ કર્યા

**CBIએ દિશા સાલિયનના મૃત્યુ કેસમાં જેમની ભૂમિકાની તપાસ જરૂરી છે તેવા લોકોમાં આદિત્ય ઠાકરે, રિયા ચક્રવર્તી, ડીનો મોરિયા અને સૂરજ પંચોલીના નામનો સમાવેશ કર્યો છે. બોમ્બે હાઈકોર્ટની ઝીણવટભરી તપાસના નિર્દેશ બાદ નોંધાયેલી આ FIRમાં ઉદ્ધવ ઠાકરે, શોવિક ચક્રવર્તી, સચિન વાઝે, મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહ અને અન્યના નામ પણ સામેલ છે**

(એજન્સી) તા.૧૪

દિશા સાલિયનના મૃત્યુના સંજોગોની ઝીણવટભરી તપાસ માટે બોમ્બે હાઈકોર્ટના નિર્દેશ બાદ નોંધાયેલી FIR મુજબ, CBIએ શિવસેના (UBT) નેતા આદિત્ય ઠાકરે અને તેમના પિતા, મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના નામનો સમાવેશ તે લોકોની યાદીમાં કર્યો છે જેમની ભૂમિકાની તપાસ જરૂરી છે. આ FIRમાં અભિનેતાઓ ડીનો મોરિયા અને સૂરજ પંચોલી તેમજ રિયા ચક્રવર્તી અને તેના ભાઈ શોવિક ચક્રવર્તીના નામનો પણ સમાવેશ થાય છે. તેમની ભૂમિકાની તપાસ મુખ્ય ગુનાઓ, ગુનાહિત કાવતરું, ત્યારબાદ આત્મહત્યાની ખોટી વાર્તાનું સર્જન અને પ્રસાર, તેમજ પુરાવા છુપાવવા, નાશ કરવા અને/અથવા બનાવટી પુરાવા ઊભા કરવાના સંદર્ભમાં જરૂરી માનવામાં આવી છે. આ FIR મુજબ, આ યાદીમાં આદિત્ય ઠાકરેના અંગત સુરક્ષાકર્મીઓ (બોડીગાર્ડ્સ), મુંબઈ પોલીસના પૂર્વ અધિકારી સચિન વાઝે અને પૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહ, ડીસીપી વિશાલ ઠાકુર, મહારાષ્ટ્રના તત્કાલીન ગૃહમંત્રી અનિલ દેશમુખ અને અન્ય ઘણા વર્તમાન કે પૂર્વ પોલીસ કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે. CBIની FIRમાં માલવણી પોલીસ સ્ટેશન સાથે સંકળાયેલા અધિકારીઓ, પોસ્ટમોર્ટમમાં વિલંબ માટે જવાબદાર ડોકટરો અને સ્ટાફ તેમજ કલિના સ્થિત ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના અધિકારીઓના નામ પણ દર્શાવવામાં આવ્યા છે. FIRમાં રીજન્ટ ગેલેક્સી બિલ્ડિંગના સુરક્ષાકર્મીઓ, સુશીલ કુમાર યાદવ અને શિવમુરાદ ગૌતમ ઉર્ફે મુન્ના તેમજ અન્ય ઘણા વ્યક્તિઓના નામ પણ સામેલ છે. આ ઉપરાંત, તેમાં SITના વરિષ્ઠ સભ્યો અને અન્ય વરિષ્ઠ પોલીસ અધિકારીઓનો પણ ઉલ્લેખ છે જેમની દેખરેખ હેઠળ અગાઉની તપાસ કે પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. FIRમાં અન્ય ઘણી વ્યક્તિઓ અને અજાણ્યા લોકોના નામ પણ આપવામાં આવ્યા છે, જેમની ભૂમિકાની તપાસ કથિત ગુનાઓ અને ત્યારબાદના કથિત 'કવર-અપ' અથવા ઘટનાને દબાવી દેવાના પ્રયાસના સંદર્ભમાં જરૂરી હોવાનું જણાવાયું છે. સાલિયન ૮ જૂન, ૨૦૨૦ના રોજ મુંબઈમાં એક બિલ્ડિંગ પરથી પડી જવાથી મૃત હાલતમાં મળી આવ્યા હતા. તેમનું મૃત્યુ ૧૪



**સુશાંત રાજપૂતના પૂર્વ મેનેજર દિશા સાલિયનના મૃત્યુના કેસમાં CBIએ FIR નોંધી**

બોમ્બે હાઈકોર્ટે સાલિયનના મૃત્યુની CBI તપાસનો આદેશ આપ્યો અને છ વર્ષ સુધી FIR ન નોંધવા બદલ મુંબઈ પોલીસની ઝાટકણી કાઢી હતી

જૂનના રોજ બાંદ્રા સ્થિત નિવાસસ્થાને રાજપૂત મૃત હાલતમાં મળી આવ્યા તેના થોડા દિવસો પહેલા થયું હતું. અગાઉ સાલિયનના મૃત્યુને 'આકસ્મિક મૃત્યુ અહેવાલ' (ADR) તરીકે નોંધવામાં આવ્યું હતું. બોમ્બે હાઈકોર્ટે તપાસ એજન્સીને આ કેસની તપાસ કરવાનો નિર્દેશ આપ્યા બાદ સીબીઆઈએ FIR નોંધવાનો નિર્ણય લીધો છે. અગાઉની સુનાવણી દરમિયાન, જસ્ટિસ ભારતી ડાંગરે અને જસ્ટિસ મંજૂષા દેશપાંડેની ડિવિઝન બેન્ચે એ બાબત પર સવાલો ઉઠાવ્યા હતા કે સાલિયનના પરિવારે તેમની હત્યા થઈ હોવાનો દાવો કર્યો હોવા છતાં માત્ર ADR જ નોંધવામાં આવી હતી. કોર્ટે એ પણ નોંધ્યું હતું કે સાલિયનના મૃત્યુના પાંચ વર્ષ પછી પણ તેમના પરિવારને પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને ADRની નકલો આપવામાં આવી ન હતી.

કોર્ટના નિર્દેશ બાદ, સાલિયનના પિતા સતીશ સાલિયને કહ્યું કે તેમણે તપાસ અધિકારીઓ સાથે તેમની પુત્રીના મૃત્યુના સંજોગોની વિગતો શેર કરી છે અને વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે તપાસ ટૂંક સમયમાં શરૂ થશે. સતીશે કહ્યું કે તેમણે તપાસકર્તાઓને એવા કેટલાક લોકોના નામ આપ્યા છે જેમની સત્તાવાળાઓએ પૂછપરછ કરવી જોઈએ. મેં હકીકતો જેવી હતી તેવી જ જણાવી છે; મારી પુત્રી સાથે જે કંઈ પણ બન્યું હતું તે બધું મેં તેમને કહ્યું. મેં બધા નામ આપ્યા: આદિત્ય, સૂરજ પંચોલી, ડીનો મોરિયા અને અંગરક્ષકો. તેમણે બધું નોંધી લીધું છે.

સતીશે કહ્યું કે તપાસકર્તાઓએ તેમને કહ્યું હતું કે તેઓ તેમણે આપેલી માહિતીના આધારે કાર્યવાહી કરશે. સત્યને હરાવી શકાતું નથી. જ્યાં સત્ય હોય છે ત્યાં ઈશ્વર હોય છે; તેથી ન્યાય જરૂર થશે. સીબીઆઈ તપાસ અંગે સુશાંત સિંહ રાજપૂતની બહેન શ્વેતા સિંહ કીર્તિએ પણ પ્રતિક્રિયા આપી છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરતા, શ્વેતાએ આશા વ્યક્ત કરી હતી કે આ તપાસ સાલિયનના મૃત્યુ પાછળનું સત્ય બહાર લાવવામાં મદદ કરશે. સત્યમાં પોતાની શક્તિ હોય છે; તેને થોડા સમય માટે દબાવી શકાય છે, મુશ્કેલીમાં મૂકી શકાય છે, પરંતુ તેને હરાવી શકાતું નથી.

શ્વેતાએ સીબીઆઈ તપાસનું સ્વાગત કરતા કહ્યું કે આ ઘટનાક્રમે રાજપૂતના ઘણા અનુયાયીઓને આશા આપી છે. સાલિયાનનું મૃત્યુ જાહેર અને રાજકીય ચર્ચાનો વિષય રહ્યું હતું, ખાસ કરીને રાજપૂતના મૃત્યુના થોડા સમય પહેલાં જ તે ઘટના બની હોવાને કારણે. સીબીઆઈની નવી તપાસ હવે તેમના મૃત્યુ સંબંધી સંજોગો અને તેમના પરિવાર દ્વારા વ્યક્ત કરવામાં આવેલી ચિંતાઓની તપાસ કરશે.

# સમાન સિવિલ કોડ (UCC) મુદ્દે NDAમાં મતભેદ ! ૨૧ રાજ્યોમાં લાગુ કરવાની વાતથી JDU નારાજ

**NDA ગઠબંધનમાં UCC મુદ્દે રાજકીય હલચલ તેજ બની છે, અમિત શાહે ૨૦૨૯ પહેલાં NDA શાસિત ૨૧ રાજ્યોમાં UCC લાગુ કરવાની વાત કરતા JDU નારાજ થયું છે, JDUએ આ સંવેદનશીલ મુદ્દે તમામ પક્ષો અને સમુદાયો સાથે વ્યાપક ચર્ચા-વિચારણાની માંગ કરી છે, JDUના કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષ સંજય ઝાએ અમિત શાહ સાથે મુલાકાતનો સમય માંગ્યો છે, JDUનું કહેવું છે કે, ચર્ચા વગર UCC સીધું લાગુ કરવા સામે વાંધો છે**




(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪

યુનિફોર્મ સિવિલ કોડ (UCC)ને લઈને NDA ગઠબંધનની અંદર રાજકીય હલચલ તેજ થઈ ગઈ છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મુંબઈમાં એક પત્રકાર પરિષદ દરમિયાન કહ્યું હતું કે, ૨૦૨૯ પહેલાં NDAના તમામ ૨૧ રાજ્યોમાં UCC લાગુ કરવામાં આવશે. આ નિવેદન બાદ ભાજપના મહત્ત્વના સહયોગી પક્ષ જનતા દળ યુનાઈટેડ (JDU)એ પોતાનું વલણ સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે, આટલા સંવેદનશીલ મુદ્દે તમામ પક્ષો અને સમુદાયો સાથે વ્યાપક ચર્ચા-વિચારણા થવી ખૂબ જરૂરી છે.

ગૃહમંત્રીના નિવેદન બાદ JDUના કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષ સંજય ઝા ટૂંક સમયમાં જ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે વાતચીત કરશે. પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા રાજીવ રંજને પુષ્ટિ કરી છે કે, સંજય ઝા આ મુદ્દે ગૃહમંત્રી સામે JDUની ચિંતાઓ અને વિચારો રજૂ કરશે. પાર્ટીનું કહેવું છે કે, તેઓ UCC અંગેની ચર્ચાના વિરોધમાં નથી પરંતુ યોગ્ય વિચાર-વિમર્શ વિના તેને સીધું લાગુ કરવા સામે તેમનો વાંધો છે.

પટનામાં JDU નેતા નીરજ કુમારે જણાવ્યું હતું કે, UCC અંગે પક્ષનું વલણ પહેલેથી સ્પષ્ટ છે. જ્યારે નીતીશ કુમાર બિહારના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે આ સંદર્ભે કાયદા પંચને પત્ર લખ્યો હતો અને તે પત્ર આજે પણ પાર્ટી માટે માર્ગદર્શક સિદ્ધાંત છે. તેમણે જણાવ્યું કે, ડૉ.બાબાસાહેબ આંબેડકરે તમામને અધિકાર આપ્યા છે અને UCCના કારણે દેશના કોઈપણ સમુદાયની લાગણી દુભાવી ન જોઈએ. અત્યાર સુધી કેન્દ્ર સરકાર દ્વારા આ અંગે કોઈ સત્તાવાર ડ્રાફ્ટ પણ જાહેર કરવામાં આવ્યો નથી કે કોઈ રાજ્યએ આ મુદ્દે કોઈ નિર્ણય લીધો નથી, જેથી પાર્ટી પોતાના જૂના વલણ પર કાયમ છે.

JDUના નેતાઓનું માનવું છે કે, UCC પર આગળ વધતાં પહેલાં તમામ ધર્મોના પ્રતિનિધિઓ, ધાર્મિક લઘુમતીઓ, રાજ્ય સરકારો અને અન્ય હિતધારકો સાથે ખુલ્લી ચર્ચા થવી જોઈએ. પક્ષના નેતા શ્યામ રજકે નીતિશ કુમારના જૂના વલણને દોહરાવતા કહ્યું કે, પક્ષના નેતા નીતિશ કુમારે અગાઉ સ્પષ્ટ કહ્યું હતું કે, તેઓ બિલના સમર્થનમાં છે પરંતુ પોતાના રાજ્યમાં તેને લાગુ થવા દેશે નહીં. પાર્ટી આજે પણ તે જ વલણ પર અડગ હોવાનું શ્યામ રજકે જણાવ્યું. આ ઉપરાંત ઝારખંડના મંત્રી સંજય પ્રસાદ યાદવે પણ જણાવ્યું છે કે, રાજકારણમાં કોઈપણ બાબતે ઉતાવળ કરવાની જરૂર નથી, સરકાર દરેક પાસાં પર નજર રાખી રહી છે અને પૂરા અભ્યાસ બાદ જ નિર્ણય લેવાશે.

અમિત શાહના નિવેદન સામે વિપક્ષ કોંગ્રેસે પણ આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસ નેતા રાશિદ અલ્વીએ આરોપ લગાવ્યો કે, ભાજપ છેલ્લા ૧૨ વર્ષથી મુસ્લિમો વિરોધી નિર્ણયો લઈ રહી છે. તેમણે સવાલ ઉઠાવ્યો કે શું UCC લાગુ થવાથી દેશની આર્થિક સ્થિતિ સુધરશે, બેરોજગારી દૂર થશે કે પછી પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટશે ? તેમણે વધુમાં જણાવ્યું કે, હાલમાં હિન્દુ, મુસ્લિમ અને ખ્રિસ્તીઓ માટે અલગ પર્સનલ લો છે. તેમણે ૨૧ રાજ્યોમાં UCC લાગુ કરવાની વાત પર પણ સવાલ ઉઠાવતાં કહ્યું કે, ભાજપનું ધ્યાન દેશના મૂળ પ્રશ્નો પર નથી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, કેટલાક રાજ્યોમાં UCC લાગુ થઈ ચૂક્યું છે અને ૨૦૨૯ પહેલાં NDAના તમામ ૨૧ રાજ્યોમાં તેને લાગુ કરી દેવામાં આવશે. UCC હેઠળ લગ્ન, છૂટાછેડા, વારસો અને દત્તક લેવા જેવા મામલાઓ માટે ધર્મથી અલગ એક સમાન વ્યક્તિગત કાયદાની વ્યવસ્થા કરવામાં આવે છે. ભાજપ સામે હવે પોતાના સહયોગી પક્ષોને સાથે રાખવાનો પડકાર છે. JDU ઉપરાંત TDPએ પણ અગાઉ UCCના ડ્રાફ્ટ પર વ્યાપક ચર્ચા અને બહેસની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ભાજપ ઉત્તરાખંડ મોડેલનું ઉદાહરણ આપીને સાથી પક્ષો સાથે સંવાદ જાળવી રાખવાનો પ્રયાસ કરી રહ્યું છે.




### સરકારનો દાવો

# LAC પર ચીને સૈનિકોની તૈહનાતી ઘટાડી ભારતીય સેનાની મોટી શરત સ્વીકારી

## બ્રિક્સ સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શી જિનપિંગની મુલાકાત બાદ ભારત-ચીન સંબંધો સુધર્યા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪

બ્રિક્સ સમિટમાં ભાગ લેવા આવેલા ચીનના પ્રમુખ શી જિનપિંગની વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત બાદ બંને દેશોના સંબંધો ફરી એકવાર પાટા પર આવતા દેખાઈ રહ્યા છે. આવું એટલા માટે, કારણ કે ચીને ભારત સાથે જોડાયેલી વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર પોતાની PLA-સેનાની તહેનાતીમાં પણ મોટો ઘટાડો કરી દીધો છે. સંરક્ષણ મંત્રાલયના તાજેતરના રિપોર્ટમાં આ વાતનો ખુલાસો થયો છે. આમ સરહદ પર તણાવ ઘટાડવાની ભારતની આકરા વલણવાળી શરતો સામે ચીને નમતું જોખવુ પડ્યું છે. સંરક્ષણ મંત્રાલયના તાજેતરના રિપોર્ટ (૨૦૨૫-૨૬) પ્રમાણે ગત વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૫માં ઉત્તરીય સરહદો સામે પિપલ્સ લિબરેશન આર્મી (PLA)ની તહેનાતીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. રિપોર્ટ પ્રમાણે LACને અડીને આવેલા ચીનના વિસ્તારો અને પરંપરાગત તાલીમ વિસ્તારોમાં PLAની ૧૦-૧૦ કમ્બાઈન્ડ આર્મ્સ બ્રિગેડ તહેનાત છે. આ રિપોર્ટને હાલમાં જ સંરક્ષણ મંત્રાલયની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ પરથી એવું પ્રતીત થાય છે કે ૨૦૨૪માં ડિસએંગેજમેન્ટની પ્રક્રિયા બાદ ચીની સેના હવે ભારતીય સેનાની ડિ-એસ્કેલેશન (સરહદ પર સૈનિકોનો ઘટાડો)ની બીજી શરત માની ગઈ છે. જોકે હજુ ડિ-ઈન્ડક્શન એટલે કે સૈનિકોને સંપૂર્ણ રીતે બેરેકમાં પાછા મોકલવાની ત્રીજી શરત બાકી છે. ત્યારે જ ૨૦૨૦ એટલે કે ગલવાન ઘાટીની અથડામણ પહેલાંની સ્થિતિ ન્છઝ પર કાયમ થઈ શકશે અને બંને દેશોની સેનાઓ વચ્ચેના સંબંધો સામાન્ય ગણાશે. બીજી તરફ, અરુણાચલ પ્રદેશમાં પણ છેલ્લા એક મહિનાથી ભારત અને ચીનની સેનાઓ વચ્ચે અપર-સુબાનસિરી વિસ્તારમાં ફેસ-ઓફ ચાલી રહ્યું છે. ગતિરોધને ખતમ કરવા માટે ભારત અને ચીનના કોર કમાન્ડર સ્તરની બે વાર બેઠક થઈ ચૂકી છે. પરંતુ તણાવ યથાવત છે. સંરક્ષણ મંત્રાલયના અહેવાલ પ્રમાણે ન્છઝના તમામ સેક્ટર (પૂર્વ લદ્દાખથી લઈને અરુણાચલ પ્રદેશ સુધી), ભારતીય સેનાની તહેનાતી અત્યંત મજબૂત અને સારી સ્થિતિમાં છે અને તે કોઈ પણ ઈમરજન્સી સ્થિતિને પહોંચી વળવા માટે તૈયાર છે. ચીનની કમ્બાઈન્ડ આર્મ્સ બ્રિગેડ ભારતીય સેનાની એક ડિવિઝન બરાબર હોય છે એટલે કે ૧૪-૧૫ હજાર સૈનિકો. આવી સ્થિતિમાં જો LAC પર ચીનની PLAની ૧૦ કમ્બાઈન્ડ બ્રિગેડ તેનાત છે તો માની શકાય કે હાલમાં લગભગ દોઢ લાખ સૈનિકો ન્છઝ પર તહેનાત છે. જેમાં ઈન્ફેન્ટ્રી બટાલિયન ઉપરાંત મિકેનાઈઝ્ડ કોલમ એટલે કે સશસ્ત્ર વાહનો, આર્ટિલરી (તોપખાનું), એર ડિફેન્સ સિસ્ટમ અને ડ્રોન વોરફેર સાથે જોડાયેલી યુનિટ્સ સામેલ હોય છે. ગલવાન ઘાટી અથડામણ દરમિયાન પૂર્વ લદ્દાખમાં એકલા જ ચીનના લગભગ એક લાખ સૈનિકો તહેનાત હતા. એવામાં છેલ્લા છ વર્ષમાં ચીને ૩૪૮૮ કિલોમીટર લાંબી LAC પર પોતાની તહેનાતીમાં ભારે ઘટાડો કર્યો છે. પરંતુ સંરક્ષણ મંત્રાલયના રિપોર્ટ પ્રમાણે ન્છઝ પર તહેનાતી ઉપરાંત, PLAની આટલી જ તહેનાતી એટલે કે લગભગ દોઢ લાખ સૈનિકો ભારતીય સરહદની નજીક ટ્રેનિંગ એરિયામાં તહેનાત છે. બોર્ડર નજીક ટ્રેનિંગ એરિયામાં તહેનાતીથી સૈનિકોને ન્છઝ પર તરત જ મૂવ એટલે કે મોકલી શકાય છે. આ જ કારણ છે કે ભારતીય સેના ચીન પાસે ડિ-ઈન્ડક્શન પર ભાર મૂકી રહી છે. એટલે કે સૈનિકોને સરહદથી દૂર બેરેકમાં મોકલવામાં આવે. ત્યારે જ LAC પર સ્થિતિ સામાન્ય ગણી શકાય.

બ્રિક્સ સમિટથી અલગ પીએમ મોદીએ શી જિનપિંગ સાથે દ્વિપક્ષીય મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન બંને દેશોએ આ વાત પર સહમતિ દર્શાવી હતી કે મતભેદોને વિવાદમાં ફેરવવા ન જોઈએ. સાથે જ બંને દેશોના સંબંધો ત્રણ પરસ્પર સિદ્ધાંતો - સન્માન, સંવેદનશીલતા અને હિત સાથે જોડાયેલા હોવા જોઈએ. દિલ્હી આવતા પહેલાં શી જિનપિંગે ચીનની સર્વોચ્ચ સૈન્ય સંસ્થા, સેન્ટ્રલ મિલિટરી કમિશન (CMC)માં બીજા નંબર પર ગણાતા જનરલ ઝાંગ યોક્સિયાને હટાવી દીધા હતા.

## તરૂણ તેજપાલે ૨૦૧૩ના બળાત્કાર કેસમાં ગોવાની કોર્ટ સમક્ષ શરણાગતિ સ્વીકારી; સુપ્રીમ કોર્ટ સજા સામેની અપીલની સુનાવણી કરશે

નવી દિલ્હી : 'તહેલકા'ના પૂર્વ એડિટર-ઇન-ચીફ તરૂણ તેજપાલે સોમવારે ગોવાના માપુસાની કોર્ટ સમક્ષ શરણાગતિ સ્વીકારી હતી. સુપ્રીમ કોર્ટે ૨૦૧૩ના બળાત્કાર કેસમાં તેમને મળેલી સજા સામેની અપીલની સુનાવણી હાથ ધરવા માટે શરણાગતિને પૂર્વશરત બનાવી હતી, જેના પાલનરૂપે તેમણે આ પગલું ભર્યું છે. આ શરણાગતિ ૨૨ સપ્ટેમ્બર પહેલાં થઈ છે; સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે, જો ૨૧ સપ્ટેમ્બર સુધીમાં શરણાગતિ પ્રમાણપત્ર દાખલ કરવામાં આવે તો તેમની ફોજદારી અપીલ તે દિવસે સૂચિબદ્ધ કરવામાં આવશે. તેજપાલ બોમ્બે હાઇકોર્ટના તે ચુકાદાને પડકારી રહ્યા છે જેમાં તેમને નિર્દોષ છોડી મૂકવાના અગાઉના નિર્ણયને રદ કરીને ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી. બોમ્બે હાઇકોર્ટના ચુકાદાને પડકારતી વખતે તેજપાલે શરણાગતિમાંથી મુક્તિ મેળવવા માટે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો.

## સાંજે FIR નોંધાવીશ : ગુરૂગ્રામમાં કાર દ્વારા પીછો અને ટક્કરનો ભોગ બનેલી મહિલા બાઈકરનું નિવેદન

ગુરૂગ્રામના ગોલ્ફ કોર્સ રોડ પર એક કાર દ્વારા પીછો કરવામાં આવ્યા બાદ અને તેની મોટરસાઈકલને ટક્કર માર્યા બાદ ઘાયલ થયેલી મહિલા બાઈકરે જણાવ્યું છે કે તે આજે સાંજે તેના વકીલ મારફતે FIR નોંધાવશે. બાઈકર્સની મોટરસાઈકલ પર લાગેલા કેમેરામાં કેદ થયેલા આ કથિત 'હિટ-એન્ડ-રન' (ટક્કર મારીને ભાગી જવાની) ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. ગુરૂગ્રામના ગોલ્ફ કોર્સ રોડ પર કાર દ્વારા પીછો અને ટક્કરનો ભોગ બનેલી મહિલા બાઈકરે કહ્યું છે કે તે સોમવારે સાંજે તેના વકીલ સાથે મળીને FIR નોંધાવશે અને કાયદાકીય કાર્યવાહી કરશે. સોશિયલ મીડિયા પર ઘટનાના વીડિયો વાયરલ થયા બાદ, પોતાની ઓળખ જાહેર ન કરવાનું પસંદ કરનાર આ મહિલાએ સોમવારે ઈન્સ્ટાગ્રામ પર આ અંગે માહિતી આપી હતી. તેણે લોકોને મીડિયા સાથે વાત ન કરવાના તેના નિર્ણયનું સન્માન કરવાની પણ વિનંતી કરી હતી. તેણે ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં કહ્યું, 'હું આજે સાંજ સુધીમાં મારા વકીલ મારફતે FIR નોંધાવીશ અને કાયદાકીય કાર્યવાહી કરીશ.' દરમિયાન, ગુરુગ્રામ પોલીસે વાયરલ થયેલા વીડિયોની સ્વતઃ નોંધ (suo motu cognisance) લીધી છે અને આ ઘટનાના સંબંધમાં એક અજાણી વ્યક્તિ વિરૂદ્ધ FIR નોંધી છે. મહિલાએ લોકોના સમર્થન બદલ આભાર માન્યો અને કહ્યું કે તેને જાણ છે કે ઘણા લોકો આ ઘટનામાં સામેલ વ્યક્તિની ઓળખ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેણે એમ પણ કહ્યું કે તેને ન્યૂઝ ચેનલો અને પત્રકારો તરફથી ઈન્ટરવ્યુ માટે સંદેશાઓ મળી રહ્યા છે.

## ઓક્ટોબરમાં FATFની બેઠક પહેલા પાકિસ્તાને મસૂદ અઝહર પરનું ઈનામ વધારીને ૭૦ લાખ રૂપિયા કર્યું

ઓક્ટોબરમાં યોજાનારી 'ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ' (FATF)ની બેઠક અગાઉ, પાકિસ્તાનની ફેડરલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (FIA)એ તેના સૌથી વધુ વોન્ટેડ આતંકવાદીઓની યાદીમાં 'જૈશ-એ-મોહમ્મદ'ના વડા મસૂદ અઝહર પરના ઈનામમાં ૨૦ લાખ પાકિસ્તાની રૂપિયાનો વધારો કરીને તેને ૭૦ લાખ રૂપિયા કર્યો છે. FIAએ ૨૦૨૧માં અઝહરની ધરપકડમાં મદદરૂપ થાય તેવી માહિતી આપનાર માટે ૫૦ લાખ પાકિસ્તાની રૂપિયાના ઈનામની જાહેરાત કરી હતી. ત્યારથી પાકિસ્તાન એવો દાવો કરતું આવ્યું છે કે તે હવે દેશમાં નથી અને અફઘાનિસ્તાનમાં છુપાયેલો છે. જો કે, ભારતીય ગુપ્તચર એજન્સીઓનું માનવું છે કે અઝહર પાકિસ્તાનના સિંધ પ્રાંતના નવાબશાહમાં છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ તારણ છેલ્લા છ મહિનામાં કરવામાં આવેલા ટેકનિકલ વિશ્લેષણ પર આધારિત છે. સૂત્રોએ અઝહરનો FIAની 'રેડ બુક'માં સમાવેશ અને ઈનામની રકમમાં વધારાને FATFની બેઠક પહેલાં આતંકવાદી નેટવર્ક સામે કાર્યવાહી દર્શાવવાના અને ફરીથી થતી કડક તપાસથી બચવાના પાકિસ્તાનના પ્રયાસ તરીકે વર્ણવ્યું છે. ફેબ્રુઆરી ૨૦૧૯માં થયેલા પુલવામા બોમ્બ વિસ્ફોટ - જેમાં CRPFના ૪૦ જવાનો શહીદ થયા હતા - સહિતના અનેક હુમલાઓના સંબંધમાં ભારતને અઝહરની શોધ છે.

## પેટાચૂંટણીમાં વિજયના TVK-નેતૃત્વવાળા ગઠબંધન સાથે ન જોડાવાના ડાબેરી પક્ષોના નિર્ણય પાછળ શું કારણ છે ?

ચેન્નાઈ : તમિલનાડુમાં ડાબેરી પક્ષો મુખ્યમંત્રી સી. જોસેફ વિજયની સરકારને બહારથી સમર્થન આપવાનું ચાલુ રાખી રહ્યા છે, પરંતુ તાજેતરના અઠવાડિયામાં TVK સરકાર સાથે વધતા મતભેદોને કારણે આગામી વિધાનસભા પેટાચૂંટણીઓ સ્વતંત્ર રીતે લડવાનો નિર્ણય કર્યો છે. CPI અને CPI(M)એ TVK-નેતૃત્વવાળા મોરચામાં જોડાવાને બદલે ૬ ઓક્ટોબરે યોજાનારી મધુરાંતકમ અને ધરાપુરમ પેટાચૂંટણીઓ અલગ ગઠબંધન તરીકે લડવાનો નિર્ણય કર્યો છે. CPI ધરાપુરમમાં અને CPI(M) મધુરાંતકમમાં પોતાના ઉમેદવાર ઉતારશે. બંને પક્ષો ૧૫ સપ્ટેમ્બરે તેમના ઉમેદવારોના નામ જાહેર કરે તેવી શક્યતા છે. આ નિર્ણય ડાબેરી પક્ષો દ્વારા રાજ્યમાં થયેલા ખાનગી રોકાણો અંગે સરકારના દાવાઓમાં પારદર્શિતા, પટ્ટીનાપક્કમ ખાતે પ્રસ્તાવિત નવું સચિવાલય, DMK પ્રમુખ એમ.કે. સ્ટાલિન પર કરવામાં આવેલી વ્યક્તિગત ટિપ્પણીઓ અને વ્યાપક નીતિગત મુદ્દાઓ પર ચિંતા વ્યક્ત કર્યા બાદ લેવામાં આવ્યો છે. તેથી, ડાબેરી પક્ષો અને TVK સરકાર વચ્ચેના મતભેદો તમિલનાડુની ગઠબંધન-શૈલીની સરકારમાં એક નવું મોડેલ લાવ્યા છે : ડાબેરી પક્ષો TVK વહીવટીતંત્રને સમર્થન આપવાનું ચાલુ રાખે છે, પરંતુ સાથે સાથે તેની નીતિઓની ટીકા કરવાની સ્વતંત્રતા પણ જાળવી રાખે છે. ડાબેરી પક્ષોના નેતાઓએ AIADMKના ધારાસભ્યોના રાજીનામા (જેઓ બાદમાં TVKમાં જોડાયા હતા) પછી યોજાઈ રહેલી આ પેટાચૂંટણીઓને 'થોપવામાં આવેલી' ગણાવી છે.

## ૧૦૦ તાલુકાઓમાં દુષ્કાળને કારણે કર્ણાટકમાં પીવાના પાણી અને વીજળીની કટોકટીનું જોખમ : મુખ્યમંત્રી શિવકુમાર

રામનગર : કર્ણાટકના મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે સોમવારે રાજ્યમાં ગંભીર દુષ્કાળ અને પીવાના પાણી તથા વીજળીની સંભવિત અછત તરફ ધ્યાન દોર્યું હતું. તેમણે કહ્યું કે, સરકાર થર્મલ પાવર ઉત્પાદન વધારવા અને નેશનલ ગ્રીડ દ્વારા વધારાનો પુરવઠો મેળવવાના વિકલ્પો ચકાસી રહી છે. પોતાના વતન કનકપુરામાં પત્રકારો સાથે વાત કરતા શિવકુમારે જણાવ્યું હતું કે, ૧૦૦ તાલુકાઓમાં પહેલેથી જ દુષ્કાળ જાહેર કરવામાં આવ્યો છે અને નિર્ધારિત માપદંડોના આધારે અન્ય વિસ્તારોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. 'આ વર્ષે ભૂગર્ભ જળનું સ્તર ખૂબ જ ઘટી ગયું છે અને પાક નાશ પામ્યો છે. ઘણી જગ્યાએ તો પાકનું વાવેતર પણ થઈ શક્યું નથી. આગળ જતાં પરિસ્થિતિ સૂચવે છે કે, પીવાના પાણી અને વીજળીની ગંભીર અછત સર્જાઈ શકે છે,' તેમ તેમણે કહ્યું. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગયા અઠવાડિયે વીજળીની માંગ ૧૯,૦૦૦ મેગાવોટને વટાવી ગઈ હતી, જેના કારણે સરકારને સાંજના સમયે (પીક અવર્સ દરમિયાન) ૧૧-૧૩ રૂપિયા પ્રતિ યુનિટના ભાવે વીજળી ખરીદવાની ફરજ પડી હતી.

## ગુવાહાટી હત્યા કેસ : પોલીસ કસ્ટડીમાંથી ભાગવાનો પ્રયાસ કરતા આરોપી રમણુજ ગોસ્વામીનું એન્કાઉન્ટરમાં મોત

(એજન્સી) ગુવાહાટી, તા.૧૪

પોતાની પત્નીની નૃશંસ હત્યા કરીને તેનું કપાયેલું માથું રેફ્રિજરેટરમાં સંતાડી દેવાના ચકચારી કેસના મુખ્ય આરોપી રમણુજ ગોસ્વામીને આસામ પોલીસે એન્કાઉન્ટરમાં ઠાર કર્યો છે. તબીબી તપાસ (મેડિકલ એક્ઝામિનેશન) માટે લઈ જવામાં આવી રહ્યો હતો તે સમયે તેણે પોલીસ કસ્ટડીમાંથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો, જે દરમિયાન આ ઘટના બની હતી.

**કસ્ટડીમાંથી ભાગવાનો પ્રયાસ કરતા પોલીસે ગોળીબાર કરવો પડ્યો :** પોતાની ૨૫ વર્ષીય પત્ની રિયા તાલુકાદારની નિર્મમ હત્યા કર્યાના બે દિવસ બાદ રમણુજ ગોસ્વામીએ ગુવાહાટીના હાટીગાંવ પોલીસ સ્ટેશનમાં સામે ચાલીને આત્મસમર્પણ કર્યું હતું. ત્યારબાદ પોલીસે તેની સત્તાવાર ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ ટીમો જ્યારે આરોપીને તબીબી પરીક્ષણ માટે લઈ જઈ રહી હતી, ત્યારે તેણે નારકાસુર હિલ રોડ નજીકથી ભાગવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. તેને ભાગતો રોકવા માટે પોલીસ પાસે ગોળીબાર કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ બચ્યો નહોતો. પોલીસના ગોળીબારમાં રમણુજ ગોસ્વામી ગંભીર રીતે ઘવાયો હતો અને ઘટનાસ્થળે જ તેનું મોત નિપજ્યું હતું.

**હાટીગાંવ વિસ્તારમાં બની હતી હૃદયકંપાવનારી ઘટના :** આ ચકચારી ઘટના ગુવાહાટીના હાટીગાંવ વિસ્તારમાં આવેલા વસિષ્ઠપુર ખાતે બની હતી. આરોપી રમણુજ ગોસ્વામીએ પોતાની પત્ની રિયા તાલુકાદારનું ગળું કાપીને તેની પિશાચી હત્યા કરી હતી અને તેના કપાયેલા માથાને ઘરમાં જ ફ્રિજમાં સંતાડી દીધું હતું. આ ઘટના સામે આવ્યા બાદ સમગ્ર વિસ્તારમાં ભારે સસનાટી મચી ગઈ હતી.

### મુસાફરો વચ્ચે ચીસા ચીસા મચી

## ટર્કિશ એરલાઈન્સનું વિમાન પણ ટર્બુલન્સમાં ફસાયું

(એજન્સી) ટ્યુનિશિયા, તા.૧૪

ઈસ્તાંબુલથી ટ્યુનિશિયા જઈ રહેલી ટર્બિશ એરલાઈન્સની ફ્લાઈટ સાથે ૧૦ સપ્ટેમ્બરે એક ભયાનક ઘટના બની હતી. જ્યારે આ વિમાન ટ્યૂનિસ-કાર્થેજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડિંગ કરી રહ્યું હતું, ત્યારે તે અચાનક તીવ્ર તોફાન અને ખતરનાક ટર્બુલન્સની ઝપેટમાં આવી ગયું હતું. આ ભયાનક સ્થિતિને કારણે વિમાનમાં સવાર મુસાફરોમાં ભારે ડર ફેલાઈ ગયો હતો અને કેબિનમાં ચીસાચીસ મચી ગઈ હતી.ફ્લાઈટમાં પોતાની માતા સાથે મુસાફરી કરી રહેલી એક પ્રવાસીએ આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. તેમના જણાવ્યા મુજબ, ઉડાન દરમિયાન બધું સામાન્ય હતું પરંતુ મુશ્કેલી વિમાન નીચે ઉતરતી વખતે શરૂ થઈ હતી. પાયલટે ટ્યૂનિસ-કાર્થેજ એરપોર્ટ પર વિમાન ઉતારવા માટે ત્રણ વખત પ્રયાસ કર્યા હતા, પરંતુ દર વખતે વિમાન ખરાબ રીતે હલી રહ્યું હતું. ત્રીજા પ્રયાસ દરમિયાન પરિસ્થિતિ એટલી બગડી ગઈ કે વિમાન કોઈ ફ્રી ફોલની જેમ અચાનક નીચે પડવા લાગ્યું હોય તેવું લાગ્યું હતું. ખરાબ હવામાનને કારણે વિમાનને વિસ્તાર ઉપર ચક્કર પણ લગાવવા પડ્યા હતા.ટ્યૂનિસ-કાર્થેજ એરપોર્ટ પર લેન્ડિંગ અસંભવ બનતાં આખરે ફ્લાઈટને ત્યાંથી આશરે ૬૦ માઈલ દક્ષિણમાં આવેલા એનફિધા-હમ્મામેટ ઈન્ટરનેશનલ એરપોર્ટ તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. આ વૈકલ્પિક એરપોર્ટ પર વિમાને સુરક્ષિત લેન્ડિંગ કર્યું હતું. આ ડરામણી ઘટનામાં સદનસીબે કોઈ પણ મુસાફરને ઈજા પહોંચી ન હતી, પરંતુ ખરાબ હવામાન અને વારંવાર નિષ્ફળ ગયેલા પ્રયાસોએ મુસાફરો માટે આ સફરને ક્યારેય ન ભૂલાય તેવો ડરામણો અનુભવ બનાવી દીધો હતો.

# રાજસ્થાન સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પરિણામો : ભાજપે ૪,૦૨૩ વોર્ડ જીત્યા, કોંગ્રેસને ૩,૪૩૮ બેઠકો; મતગણતરી ચાલુ હોવાથી AAP, RLP, CPI(M) અને BSP વચ્ચે ટક્કર

### રાજસ્થાનના ૩૦૯ સ્થાનિક સ્વરાજ્યના મંડળોની ચૂંટણીના પરિણામો જાહેર; ૩૮,૮૮૯ ઉમેદવારોનું ભવિષ્ય નક્કી થશે

(એજન્સી) તા.૧૪

રાજસ્થાનમાં ૩૦૯ શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Urban Local Bodies)ની ચૂંટણીના પરિણામો સોમવારે જાહેર થઈ રહ્યા છે, જેમાં સવારે ૮ વાગ્યાથી રાજ્યભરમાં ગણતરી શરૂ થઈ ગઈ છે. આ ચૂંટણી પરિણામો રાજ્યના ૩૮,૮૮૯ ઉમેદવારોનું ભવિષ્ય નક્કી કરશે અને ૧૦ મહાનગરપાલિકાઓ (Municipal Corporations), ૪૭ નગર પરિષદો (Municipal Councils) અને ૨૫૨ નગરપાલિકાઓ (Municipalities)માં શાસક બોર્ડની રચનાનો માર્ગ મોકળો કરશે. પ્રાપ્ત વિગતો મુજબ, ભાજપે અત્યાર સુધી ૪,૦૨૩ વોર્ડ પર જીત મેળવી છે જ્યારે કોંગ્રેસે ૩,૪૩૮ બેઠકો પર કબ્જો જમાવ્યો છે.

આ ચૂંટણી માટે ૯ અને ૧૧ સપ્ટેમ્બરના રોજ બે તબક્કામાં મતદાન યોજાયું હતું, જેમાં રાજસ્થાનમાં ૭૩.૫૬% જેટલું ભારે મતદાન નોંધાયું હતું, જે અગાઉની શહેરી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ કરતાં ત્રણ ટકાથી વધુ છે. ચૂંટણીમાં ભાજપે ૯,૨૯૦ અને કોંગ્રેસે ૯,૦૨૭ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા, જ્યારે ૧૮,૭૩૨ અપક્ષ ઉમેદવારોએ ઝંપલાવ્યું હતું. આ ઉપરાંત રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટી (RLP) એ ૯૪૮, આમ આદમી પાર્ટી (AAP) એ ૩૧૧, બસપા (BSP) એ ૨૯૮, સીપીઆઈ-એમ [CPI(M)]એ ૧૮૫ અને ભારત આદિવાસી પાર્ટીએ ૯૮ ઉમેદવારો ઊભા રાખ્યા હતા. પરિણામો બાદ હવે શાસક બોર્ડ બનાવવા માટે વાટાઘાટો અને રાજકીય સમીકરણો રચવાની પ્રક્રિયા શરૂ થશે. જે શહેરી સ્થાનિક સંસ્થાઓમાં ભાજપ કે કોંગ્રેસમાંથી કોઈને પણ સ્પષ્ટ બહુમતી નહીં મળે, ત્યાં અપક્ષ કાઉન્સિલરો અને નાની પાર્ટીઓના સભ્યો કિંગમેકરની ભૂમિકા ભજવી શકે છે. રાજસ્થાનના ઈતિહાસમાં પ્રથમ વખત 'વન સ્ટેટ-વન ઈલેક્શન' મોડેલ હેઠળ તમામ ૩૦૯ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે એકસાથે પરિણામો જાહેર કરવામાં આવી રહ્યા છે. અગાઉ ૨૦૧૯થી ૨૦૨૧ વચ્ચે કોંગ્રેસ શાસન દરમિયાન યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસે ૧૨૫ અને ભાજપે ૬૪ બોડીમાં સ્થાનિક સરકાર બનાવી હતી. બીજી તરફ, રાજકીય ગરમાવો વધતાં રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતે ભાજપ પર ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે રાજ્યભરમાં મેયરની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે ભાજપ કાઉન્સિલરોને પ્રભાવિત કરવા અને તેમને પોતાના પક્ષમાં લેવા માટે પોલીસ તંત્રનો દુરુપયોગ કરી રહ્યું છે.

### કોંગ્રેસે બાજી પલટી

## રાજસ્થાનમાં વસુંધરા રાજેના ગઢમાં ભાજપનો સફાયો થયો

### રાજસ્થાન સ્થાનિક ચૂંટણી ૨૦૨૬માં કોંગ્રેસે ઝાલાવાડ નગર પરિષદમાં ઐતિહાસિક વિજય નોંધાવ્યો છે

(એજન્સી) જયપુર, તા.૧૪

રાજસ્થાન સ્થાનિક ચૂંટણી ૨૦૨૬ના પરિણામોમાં સત્તાધારી ભારતીય જનતા પાર્ટીને પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેના ગઢ ગણાતા ઝાલાવાડમાં મોટો આંચકો લાગ્યો છે. દાયકાઓથી રાજે પરિવારનો અભેદ્ય કિલ્લો મનાતા ઝાલાવાડ નગર પરિષદમાં કોંગ્રેસે એકતરફી પ્રદર્શન કરીને ભાજપના બોર્ડને ઉથલાવી દીધું છે અને સ્પષ્ટ બહુમતી સાથે ઐતિહાસિક વિજય નોંધાવ્યો છે. ઝાલાવાડ નગર પરિષદના કુલ ૪૫ વોર્ડ માટે જાહેર થયેલા ચૂંટણી પરિણામોમાં કોંગ્રેસે ૨૯ બેઠકો જીતીને બહુમતી માટે જરૂરી ૨૩ના જાદુઈ આંકડાને સરળતાથી પાર કરી લીધો છે. હવે અહીં નગર પરિષદના પ્રમુખ અને ઉપપ્રમુખ પદ પર કોંગ્રેસના ઉમેદવારની પસંદગી નિશ્ચિત બની ગઈ છે.

કોંગ્રેસઃ ૨૯ વોર્ડમાં શાનદાર વિજય, ભાજપઃ માત્ર ૧૩ વોર્ડમાં સમેટાઈ ગયું

અપક્ષઃ ૨ બેઠકો પર વિજય, આમ આદમી પાર્ટી (AAP)ઃ ૧ બેઠક પર વિજય

વસુંધરા રાજે અને દુષ્યંત સિંહના ગઢમાં ગાબડું, ઝાલાવાડ અને ઝાલરાપાટન વિસ્તાર દાયકાઓથી પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે અને તેમના પુત્ર તથા વર્તમાન સાંસદ દુષ્યંત સિંહનો રાજકીય ગઢ રહ્યો છે. આ વિસ્તાર ઝાલાવાડ-બારા લોકસભા સીટ હેઠળ આવે છે, જ્યાંથી દુષ્યંત સિંહ સતત સાંસદ તરીકે ચૂંટાઈ રહ્યા છે. આ અગાઉ ખુદ વસુંધરા રાજે પણ આ લોકસભા બેઠક પરથી ૫ વખત સાંસદ રહી ચૂક્યા છે. સ્થાનિક રાજકીય વર્તુળો મુજબ, ઉમેદવારોની પસંદગીમાં આંતરિક અસંતોષ અને જૂથબંધી ભાજપના આ નબળા પ્રદર્શન પાછળનું મુખ્ય કારણ મનાઈ રહ્યું છે.

## ભાજપ ઉમેદવારને મળ્યો માત્ર એક વોટ : રાજસ્થાન ચૂંટણીમાં ચોંકાવનારૂં પરિણામ, ખુદ પણ પોતાને મત ન આપી શક્યા !

**રાજસ્થાનના ડીડવાના-કુચામન જિલ્લાની પરબતસર નગરપાલિકા ચૂંટણીમાં ચોંકાવનારા પરિણામો સામે આવ્યા છે, વોર્ડ નં.૧૩માં ભાજપના ઉમેદવાર કૈલાશ ચંદ્રને માત્ર એક વોટ મળ્યો, જ્યારે વોર્ડ નં.૨૦માં RLPના ભંવરલાલ પણ એક વોટ જ મેળવી શક્યા, ભાજપ ઉમેદવાર કૈલાશ ચંદ્ર અન્ય વોર્ડના મતદાર હોવાથી તેઓ પોતાને પણ મત આપી શક્યા નહોતા, આ પરિણામોએ સ્થાનિક રાજકારણમાં ભારે ચર્ચા જગાવી છે**

(એજન્સી) તા.૧૪

રાજસ્થાનના ડીડવાના-કુચામન જિલ્લાની પરબતસર નગરપાલિકા ચૂંટણીનું એક ચોંકાવનારૂં પરિણામ સામે આવ્યું છે. અહીં વોર્ડ નં.૧૩માંથી ભાજપના ઉમેદવાર કૈલાશ ચંદ્રને ચૂંટણીમાં માત્ર ૧ વોટ મળ્યો છે. એટલું જ નહીં, વોર્ડ નં.૨૦માંથી રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટી (RLP) ના ઉમેદવાર ભંવરલાલ પણ માત્ર એક વોટ મેળવી શક્યા હતા. આ પરિણામો જાહેર થતાં જ સ્થાનિક રાજકારણ અને સોશિયલ મીડિયા પર તેની જોરદાર ચર્ચા શરૂ થઈ ગઈ છે. પરિણામો પછી સૌથી વધુ ચર્ચા ભાજપ ઉમેદવાર કૈલાશ ચંદ્રના એક વોટને લઈને થઈ રહી છે. કૈલાશ ચંદ્ર વાસ્તવમાં વોર્ડ નં.૧૨ના મતદાર છે પરંતુ ભાજપે તેમને વોર્ડ નં.૧૩માંથી ટિકિટ આપી હતી. કૈલાશ ચંદ્ર અને તેમનો પરિવાર બંને વોર્ડ નં.૧૨ના મતદાર હોવાથી તેઓ પોતે પણ ચૂંટણીમાં પોતાના માટે વોટ આપી શક્યા નહોતા.

**ભાજપને કોંગ્રેસની જીતની ખબર જ હતી ! :** ● ચૂંટણી પરિણામમાં આ વોર્ડમાંથી કોંગ્રેસના હિના ખાનમને ૩૭૬ વોટ મળ્યા હતા. ● અપક્ષ ઉમેદવાર રસીદ ખાને ૧૯૫ વોટ મળ્યા હતા. ● ભાજપ ઉમેદવારને આખા વોર્ડમાંથી માત્ર ૧ જ વોટ મળ્યો હતો. સ્થાનિક સ્તરે ચર્ચા મુજબ આ વોર્ડમાં ભાજપને યોગ્ય ઉમેદવાર મળતો નહોતો અને કોંગ્રેસને બિનહરીફ જીતતી રોકવા માટે પક્ષે કૈલાશ ચંદ્રને ફોર્મ ભરવા જણાવ્યું હતું. વોર્ડ નં.૨૦માં પણ આવી જ સ્થિતિ જોવા મળી હતી, જ્યાં RLPના ઉમેદવાર ભંવરલાલના ખાતામાં માત્ર એક વોટ આવ્યો હતો. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપ જેવા મોટા રાષ્ટ્રીય પક્ષ તેમજ RLPના ઉમેદવારો માત્ર એક-એક વોટ સુધી સીમિત રહેતાં પાર્ટી સંગઠન અને ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પર અનેક સવાલો ઊભા થયા છે.

## ગ્રીસ નજીક સ્થળાંતર કરનારાઓને લઈ જતી બોટ ડૂબી જતાં એકનું મોત, ૨૫ લાપતા

**ક્રેટ નજીક આવેલા ગાવડોસ ટાપુ પાસે શોધખોળ અભિયાન ચાલુ છે અને ઓછામાં ઓછા ૫૧ લોકોને બચાવી લેવામાં આવ્યા છે**

(એજન્સી) તા.૧૪

દેશના કોસ્ટ ગાર્ડના જણાવ્યા અનુસાર ક્રેટ નજીક આવેલા ગ્રીક ટાપુ પાસે સ્થળાંતર કરનારાઓને લઈ જતી બોટ ડૂબી જતાં એક વ્યક્તિનું મોત થયું છે, ૨૫ લોકો લાપતા છે અને ૫૧ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. કોસ્ટ ગાર્ડના પ્રવક્તાએ સોમવારે જણાવ્યું હતું કે, 'તે વિસ્તારમાં હાજર બે બોટ દ્વારા ૫૧ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા.' તેમણે કહ્યું કે, બચી ગયેલા લોકોએ જણાવ્યું હતું કે, જ્યારે ગાવડોસ ટાપુ નજીક બોટ ડૂબી ત્યારે તેમાં ૭૭ લોકો સવાર હતા. ગ્રીસના જાહેર પ્રસારણકર્તા ERT ન્યૂઝના અહેવાલ મુજબ શોધ અને બચાવ કામગીરી ચાલુ હતી, જેમાં ચાર જહાજો, બોટ, ફ્રોન્ટેક્સ (Frontex) વિમાન અને કોસ્ટ ગાર્ડનું હેલિકોપ્ટર તે વિસ્તારમાં કાર્યરત હતા. ERTના અહેવાલ મુજબ બચાવી લેવાયેલા ૫૧ લોકોને ક્રેટ લાવવામાં આવનાર હતા, 'જ્યાં નિર્ધારિત પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવશે.' ક્રેટ પહોંચ્યા પછી દસ્તાવેજો વિનાના સ્થળાંતર કરનારાઓને સામાન્ય રીતે ધરપકડ અને કામચલાઉ અટકાયતનો સામનો કરવો પડે છે, ત્યારબાદ તેમને ગ્રીસના મુખ્ય ભૂમિભાગ પર આવેલા બંધ અટકાયત કેન્દ્રોમાં ખસેડવામાં આવે છે. ગ્રીક કાયદા હેઠળ, વ્યક્તિઓને લાંબા ગાળાની વહીવટી અટકાયત, કડક સજા અને ઝડપી દેશનિકાલની કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે. ERTએ જણાવ્યું હતું કે, વિસ્તારમાં ફૂંકાતા તેજ પવનો શોધખોળ કામગીરીમાં અવરોધ ઊભો કરી રહ્યા છે. લિબિયાના કિનારાથી લગભગ ૩૨૦ કિ.મી. (૨૦૦ માઈલ) દૂર આવેલા ક્રીટ અને ગેવડોસ ટાપુઓ ગ્રીસમાં આશ્રય મેળવવા ઈચ્છતા લોકો માટે પ્રવેશના મુખ્ય બિંદુઓ બની ગયા છે. ઓગસ્ટના અંતમાં, ગ્રીસની ANA સમાચાર સંસ્થાએ સ્થળાંતર અને આશ્રય મંત્રાલયના આંકડા પ્રકાશિત કર્યા હતા. આ આંકડા દર્શાવે છે કે, દેશમાં આવતા સ્થળાંતરિતોની સંખ્યા ઓગસ્ટ ૨૦૨૫ સુધીના વર્ષમાં લગભગ ૬૧,૦૦૦ હતી, જે પછીના ૧૨ મહિનામાં ઘટીને ૪૨,૦૦૦ થઈ ગઈ એટલે કે તેમાં લગભગ ૩૧ ટકાનો ઘટાડો નોંધાયો. ગ્રીસની રૂઢિચુસ્ત સરકારે જુલાઈમાં ઉત્તર આફ્રિકાથી સમુદ્ર માર્ગે આવતા સ્થળાંતરિતો માટેની તમામ આશ્રય અરજીઓ ત્રણ મહિના માટે સ્થગિત કરી દીધી હતી; સરકારના મતે આ પગલાથી સમુદ્ર પાર કરીને આવવાની પ્રવૃત્તિને રોકવામાં મદદ મળી છે.

## ૧૯૯૯ના કંદહાર હાઈજેક બાદ તાલિબાને બિન લાદેનને સુરક્ષા વધારવાની ચેતવણી આપી હતી : CIAની ફાઈલોમાં ખુલાસો

**આ ચેતવણીનો ઉલ્લેખ જાન્યુઆરી ૨૦૦૦માં તત્કાલીન યુએસ પ્રમુખ ક્લિન્ટનને રજૂ કરાયેલા 'પ્રેસિડેન્શિયલ ડેઈલી બ્રીફ્સ' (PDB)માં કરવામાં આવ્યો હતો. ૯/૧૧ના હુમલાની ૨૫મી વર્ષગાંઠ નિમિત્તે જાહેર કરાયેલા આવા ૭૧ દસ્તાવેજોમાં આનો સમાવેશ થાય છે**

(એજન્સી) તા.૧૪

CIA દ્વારા જાહેર કરાયેલા ગુપ્તચર દસ્તાવેજોમાં એવો ખુલાસો થયો છે કે અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસને અલ-કાયદાના નેતા ઓસામા બિન લાદેનને ૧૯૯૯ના અંતમાં ઈન્ડિયન એરલાઈન્સની ફ્લાઈટના કંદહાર હાઈજેક બાદ પોતાની સુરક્ષા વધારવાની ચેતવણી આપી હતી. આ ચેતવણીનો ઉલ્લેખ જાન્યુઆરી ૨૦૦૦માં તત્કાલીન યુએસ પ્રમુખ ક્લિન્ટનને રજૂ કરાયેલા 'પ્રેસિડેન્શિયલ ડેઈલી બ્રીફ્સ' (PDB)માં કરવામાં આવ્યો હતો. ૯/૧૧ના હુમલાની ૨૫મી વર્ષગાંઠ નિમિત્તે જાહેર કરાયેલા આવા ૭૧ દસ્તાવેજોમાં આનો સમાવેશ થાય છે. ૩ જાન્યુઆરી, ૨૦૦૦ના PDBમાં જણાવાયું હતું કે, 'તાલિબાને ગયા અઠવાડિયે બિન લાદેનને તેમની સુરક્ષા વધારવાની ચેતવણી આપી હતી, કારણ કે કંદહારમાં બંધક સંકટનો ઉપયોગ 'અન્ય સરકારો' દ્વારા બિન લાદેન વિરૂદ્ધ મોકલવા માટે થઈ શકે છે. તે સૂચવે છે કે બિન લાદેનના મુખ્ય સમર્થક છે. કાઠમંડુથી નવી દિલ્હી જતી ઈન્ડિયન એરલાઈન્સની ફ્લાઈટ ૮૧૪નું ૨૪ ડિસેમ્બર, ૧૯૯૯ના રોજ હરકત-ઉલ-મુજાહિદ્દીનના આતંકવાદીઓ દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું અને તેને કંદહારમાં ઉતરાણ કરવાની ફરજ પાડવામાં આવી હતી. ભારત દ્વારા ત્રણ આતંકવાદીઓને મુક્ત કરીને ૩૧ ડિસેમ્બર, ૧૯૯૯ના રોજ તાલિબાનને સોંપ્યા બાદ આ સંકટનો અંત આવ્યો હતો. ૨૮ ઓગસ્ટ, ૧૯૯૮ના રોજ ક્લિન્ટનને રજૂ કરાયેલા અન્ય એક PDBમાં સૂચવવામાં આવ્યું હતું કે બિન લાદેન ઈજિપ્ત, અરબી દ્વીપકલ્પ, કુવૈત, સાઉદી અરેબિયા અને યમન તેમજ ભારત, પાકિસ્તાન, યુગાન્ડા અને સંભવત : નાઈજીરિયામાં હુમલા કરવાની યોજના ધરાવતા હતા. તેમાં વધુમાં જણાવાયું હતું કે ઉત્તર અમેરિકા, યુરોપ અને પૂર્વ એશિયામાં બિન લાદેનના મજબૂત માળખાને કારણે તે અહેવાલોને વિશ્વસનીયતા મળી હતી કે તે આ પ્રદેશોમાં પણ અમેરિકાના હિતોને નિશાન બનાવશે. ૧૩ ફેબ્રુઆરી, ૧૯૯૮ના સૌથી જૂના દસ્તાવેજમાં જણાવાયું હતું કે બિન લાદેન અને અન્ય ઈસ્લામિક ઉગ્રવાદીઓ મળ્યા હતા. જે માહિતી છુપાવવામાં આવી છે અને ખુલ્લા બજારોમાંથી ચોક્કસ રાસાયણિક, જૈવિક અને પરમાણુ પદાર્થો મેળવવા માટે સંમત થયા હતા. આ અહેવાલમાં જણાવાયું હતું કે બિન લાદેન પાસે કાયદેસરની કંપનીઓ, વ્યાપારી સંબંધો અને એક વિશાળ આર્થિક સામ્રાજ્ય છે જે તેને આવા શસ્ત્રો મેળવવાના પ્રયાસમાં મદદ કરી શકે છે. CIA દ્વારા જાહેર કરાયેલા કેટલાક PDB (રાષ્ટ્રપતિ માટેના ગુપ્ત અહેવાલો) તત્કાલીન રાષ્ટ્રપતિ જ્યોર્જ ડબલ્યુ. બુશ માટે તૈયાર કરવામાં આવ્યા હતા. આ અહેવાલો ૧૨ ઓક્ટોબર, ૨૦૦૦ના રોજ એડન બંદરે 'USS કોલ' પર થયેલા બોમ્બ વિસ્ફોટ અંગે અમેરિકા અને યમન દ્વારા કરવામાં આવેલી પ્રાથમિક તપાસના પરિણામો પર આધારિત હતા.

૧૦ સપ્ટેમ્બર, ૧૯૯૮ના PDBમાં ચેતવણી આપવામાં આવી હતી કે ઉગ્રવાદીઓ 'વિસ્ફોટકોથી ભરેલું વિમાન અમેરિકાના કોઈ શહેરમાં અથડાવી શકે છે. જો કે, તેમાં એ સ્પષ્ટતા પણ કરવામાં આવી હતી કે ઉપલબ્ધ ગુપ્ત માહિતી ભવિષ્યના હુમલાઓ અંગે બિન લાદેનના ઈરાદાઓ વિશે કોઈ નિર્ણાયક માહિતી પૂરી પાડતી નથી. આ અહેવાલમાં નોંધવામાં આવ્યું હતું કે બિન લાદેને કહ્યું હતું કે તેની પસંદગીનો વિકલ્પ વોશિંગ્ટનમાં અમેરિકાની પોતાની ધરતી પર હુમલો કરવાનો છે.

## કર્ણાટક : મસ્જિદ નજીક ફટાકડા ફોડવા અંગે પોલીસની ચેતવણી સામે ભાજપનો વિરોધ; દલિત જૂથોનો વળતો વિરોધ

**ગણેશ વિસર્જન સરઘસ દરમિયાન મસ્જિદ નજીક ફટાકડા ફોડવા સામે પોલીસે આપેલી ચેતવણીનો ભાજપના સમર્થકોએ વિરોધ કરતા કર્ણાટકના ટી. નરસિપુરમાં તણાવ સર્જાયો હતો, જેના પગલે દલિત જૂથોએ વળતો વિરોધ કર્યો હતો**

(એજન્સી) તા.૧૪

રવિવારે કર્ણાટકના ટી. નરસિપુર શહેરમાં તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી. ગણેશ સરઘસ દરમિયાન મસ્જિદની સામે ફટાકડા ફોડવા સામે ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર ધનંજય દ્વારા આપવામાં આવેલી કથિત ચેતવણીનો ભાજપના નેતાઓ અને સમર્થકોએ વિરોધ કર્યો હતો. બીજી તરફ, મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે ભાજપ પર સાંપ્રદાયિક શાંતિ ડહોળવા માટે અસામાજિક તત્ત્વોનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો હતો. એક વીડિયોમાં કેસરી વસ્ત્રો પહેરેલા વિરોધ કરનારાઓ જોવા મળે છે, જેમાંથી કેટલાક ગણેશજીની મૂર્તિઓ સાથે 'જય શ્રી રામ'ના નારા લગાવી રહ્યા છે.

આ વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે ઈન્સ્પેક્ટર ધનંજયે કથિત રીતે સરઘસના આયોજકોને લિંક રોડ પર આવેલી મસ્જિદની સામે ફટાકડા ન ફોડવાની ચેતવણી આપી હતી.

આ ટિપ્પણીઓ સામે ભાજપે આકરો વિરોધ નોંધાવ્યો હતો અને પૂર્વ સાંસદ પ્રતાપ સિમ્હાએ વિરોધ સ્વરૂપે પોલીસ સ્ટેશનમાં ઘૂસી જવાની ધમકી આપી હતી.

ભાજપના નેતા અને કર્ણાટક વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા આર. અશોકાએ આરોપ લગાવ્યો હતો કે, પોલીસે ટી. નરસિપુરમાં ગણેશ ચતુર્થીના આયોજકોને ધમકાવ્યા હતા અને તેમને મસ્જિદોની નજીક ન જવા, સરઘસ ન કાઢવા, ફટાકડા ન ફોડવા કે સૂત્રોચ્ચાર ન કરવાના નિર્દેશ આપ્યા હતા. તેમણે કહ્યું, 'આ માત્ર મૈસૂરનો મુદ્દો નથી; આવું સમગ્ર કર્ણાટકમાં થઈ રહ્યું છે.' તેમણે રાજ્ય સરકાર પર 'તાલિબાન સરકાર'ની જેમ કામ કરવાનો અને એકતરફી અભિગમ અપનાવવાનો આરોપ મૂક્યો હતો.

દલિત સંગઠનોએ વળતો વિરોધ પ્રદર્શન કર્યું હતું અને ભાજપના પૂર્વ સાંસદ પ્રતાપ સિમ્હા પર ઉશ્કેરણીજનક ટિપ્પણીઓ કરવાનો તથા સાંપ્રદાયિક તણાવ પેદા કરવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો.

જ્યારે વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા આર. અશોકા, મૈસૂરના સાંસદ યદુવીર કૃષ્ણદત્ત ચામરાજા વાડિયાર, પૂર્વ સાંસદ પ્રતાપ સિમ્હા, ધારાસભ્ય શ્રીવત્સ અને ભાજપના નેતા સચ્ચિદાનંદ સહિતના ભાજપના નેતાઓ ટી. નરસિપુર પહોંચ્યા, ત્યારે 'જય ભીમ'ના ઝંડા સાથે અને વાદળી શાલ પહેરેલા દલિત કાર્યકરોનું એક જૂથ પોલીસ સ્ટેશન નજીક એકત્રિત થયું હતું. તેમણે સિમ્હા વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા અને આરોપ મૂક્યો કે તેમણે ઉશ્કેરણીજનક ટિપ્પણીઓ દ્વારા શહેરમાં જાણીજોઈને સાંપ્રદાયિક દ્વેષ ફેલાવ્યો છે. પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને વિરોધ કરનારાઓને ત્યાંથી હટાવ્યા હતા.

દરમિયાન શહેરમાં ભાજપના સમર્થકો એકત્ર થયા હતા અને તેમણે સિમ્હાના સમર્થનમાં તથા પોલીસ ઈન્સ્પેક્ટરની વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. ત્યારબાદ પોલીસે અશોક સહિતના ભાજપના નેતાઓની ધરપકડ કરી હતી. જો કે, બાદમાં તેમને મુક્ત કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે પોલીસને ભાજપ દ્વારા અસામાજિક તત્ત્વોના કથિત ઉપયોગ અંગે સતર્ક રહેવા સૂચના આપી છે અને પક્ષ પર સાંપ્રદાયિક શાંતિ ડહોળવાનું કાવતરૂં રચવાનો આરોપ મૂક્યો છે.

ટી. નરસિપુરમાં ગણપતિની મૂર્તિ સ્થાપિત કરવાની તૈયારી કરી રહેલા યુવાનોને પોલીસે ધમકાવ્યા હોવાના ભાજપના આરોપોનો જવાબ આપતા તેમણે કહ્યું, 'તેઓ (વિરોધ પક્ષના નેતા આર. અશોક) સાંપ્રદાયિક લાગણીઓ ભડકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.' શિવકુમારે જણાવ્યું હતું કે, ગણેશોત્સવ શાંતિપૂર્ણ રીતે ઉજવવો જોઈએ, સરઘસ દરમિયાન શિસ્ત જાળવવી જોઈએ અને વીજળીના થાંભલા તથા કેબલ્સની આસપાસ સાવચેતી રાખવી જોઈએ.

## 'સબ ચંગાસી' (બધું સારૂં છે) પણ વાસ્તવમાં 'સબ મહેંગાસી' (બધું મોંઘું છે) : જથ્થાબંધ ફુગાવાના આંકડા પર કોંગ્રેસે મોદી પર કટાક્ષ કર્યો

**સોમવારે જાહેર થયેલા સરકારી આંકડા મુજબ, ખાદ્યપદાર્થો, ઉત્પાદિત વસ્તુઓ અને ઈંધણ તથા વીજળીના ભાવમાં વધારાને કારણે ઓગસ્ટમાં જથ્થાબંધ ભાવ આધારિત ફુગાવો વધીને ૯.૯૨ ટકા થયો છે, જે જુલાઈમાં ૯.૭૮ ટકા હતો**

(એજન્સી) તા.૧૪

કોંગ્રેસે સોમવારે જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI)ના તાજેતરના આંકડાઓને લઈને મોદી સરકાર પર કટાક્ષ કર્યો હતો. કોંગ્રેસે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત કહેતા રહે છે કે, 'સબ ચંગાસી' (બધું સારૂં છે), પરંતુ વાસ્તવિકતા એ છે કે, 'સબ મહેંગાસી' (બધું મોંઘું છે). સરકારી આંકડા મુજબ, ખાદ્યપદાર્થો, ઉત્પાદિત વસ્તુઓ અને ઈંધણ તથા વીજળીના ભાવમાં વધારાને કારણે ઓગસ્ટમાં જથ્થાબંધ ભાવ આધારિત ફુગાવો વધીને ૯.૯૨ ટકા થયો છે, જે જુલાઈમાં ૯.૭૮ ટકા હતો. ખાદ્ય સૂચકાંકમાં ફુગાવો જુલાઈના ૬.૬૫ ટકાથી વધીને ઓગસ્ટમાં ૭.૦૫ ટકા થયો છે. ઉત્પાદિત વસ્તુઓમાં, WPI ફુગાવો ૮.૩૭ ટકાની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો છે, જે જુલાઈમાં ૮.૨૯ ટકા હતો. 'X' (ટ્વિટર) પર એક પોસ્ટમાં, કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે કહ્યું કે, 'હમણાં જ જાહેર થયેલા સત્તાવાર આંકડા દર્શાવે છે કે સતત ચાર મહિનાથી WPI (જથ્થાબંધ ભાવ સૂચકાંક) ફુગાવો ૧૦%ની આસપાસ રહ્યો છે. તમામ આવશ્યક ચીજવસ્તુઓના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે, જેના કારણે કરોડો પરિવારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ મુશ્કેલીમાં વધારો કરતા, CMIEના આંકડા મુજબ, ફુગાવા-સમાયોજિત વેતનમાં પણ સતત ઘટાડો થઈ રહ્યો છે અને એપ્રિલથી તેમાં ૫.૭%નો ઘટાડો નોંધાયો છે. ગ્રામીણ ભારતમાં ૯%નો મોટો ઘટાડો જોવા મળ્યો છે. વાસ્તવિક મૂલ્યની વાત તો દૂર છે, નામાંકિત (નોમિનલ) વેતનમાં પણ ઘટાડો થયો છે. રમેશે કહ્યું, 'મોદી સતત કહેતા રહે છે કે, 'સબ ચંગાસી' (બધું સારું છે), પરંતુ વાસ્તવમાં 'સબ મહેંગાસી' (બધું મોંઘું છે) જેવી સ્થિતિ છે. ચાલુ નાણાકીય વર્ષની શરૂઆતથી જ WPI (જથ્થાબંધ ભાવ સૂચકાંક)માં વધારો જોવા મળી રહ્યો છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ અને તેના પરિણામે હોરમૂઝની સામુદ્રધુની પર અવરોધને કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલ અને ખાતરના ભાવમાં વધારો થયો છે; ઉલ્લેખનીય છે કે ભારત તેની મોટાભાગની ક્રૂડ ઓઈલની આયાત આ જ માર્ગે કરે છે અને આ સ્થિતિની અસર ખાદ્ય પદાર્થોના ભાવ પર પણ પડી છે.

# પક્ષપલટો કરનાર સાંસદો અને ધારાસભ્યો પર ૨૦ વર્ષ સુધી ચૂંટણી લડવા અને જાહેર પદ ભોગવવા પર પ્રતિબંધ મૂકો : કૉકરોચ જનતા પાર્ટી

**‘આ પ્રકારની છેતરપિંડી ક્યારેય ન થવી જોઈએ, પક્ષપલટા વિરોધી કાયદો જૂનો થઈ ગયો છે,’ સૌરવ દાસનો દાવો; આક્ષેપ કર્યો કે ‘સત્તાધારી પક્ષે સત્તાની ભૂખમાં આ કાયદાનો દુરૂપયોગ સુનિશ્ચિત કર્યો છે’**

(એજન્સી) તા.૧૪

કૉકરોચ જનતા પાર્ટી (CJP) એ રાજ્યસભાના સાંસદ કપિલ સિબ્બલના એ પ્રસ્તાવનું સ્વાગત કર્યું છે, જેમાં તેમણે કોઈ એક પક્ષના પ્રતીક પર ચૂંટાયા બાદ પક્ષ બદલનારા સાંસદ કે ધારાસભ્ય પર ૧૦ વર્ષનો પ્રતિબંધ મૂકવાની માંગ કરી હતી. જોકે, સીજીપીએ જણાવ્યું છે કે તેણે તેના પ્રથમ માંગણી પત્રમાં આવી જ માંગ કરી હતી પરંતુ તેમાં વધુ કડક સજાની જોગવાઈ રાખવામાં આવી હતી. સીજીપીના સ્થાપક અભિજીત દીપકે વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલના પ્રસ્તાવ પર પ્રતિક્રિયા આપતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (X) પર લખ્યું હતું કે, "આ સમયની માંગ છે ! ચૂંટાયા પછી પક્ષ બદલનારા કોઈપણ લોકપ્રતિનિધિને જાહેર પદ ભોગવવા પર પ્રતિબંધ મૂકવો જોઈએ." તેમના સહયોગી સૌરવ દાસે ઉમેર્યું હતું કે સીજીપી દ્વારા બહાર પાડવામાં આવેલા પ્રથમ માંગણી પત્રના મુદ્દા નંબર ૫ માં આ જ માંગ કરવામાં આવી હતી, પરંતુ તે વધુ કડક હતી - જેમાં પક્ષપલટો કરનાર પર ૨૦ વર્ષ



સુધી કોઈપણ જાહેર પદ ભોગવવા અને ચૂંટણી લડવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની માગણી કરાઈ હતી. દાસે જણાવ્યું હતું કે રાજકીય પક્ષપલટો જેના કારણે પક્ષો તૂટે છે, ધારાસભ્યો અને સાંસદોને કરોડો રૂપિયાની લાંચ આપવામાં આવે છે અને સરકારો પાડી દેવામાં આવે છે, તે "દેશ સાથે કરવામાં આવતી એક મોટી છેતરપિંડી" સમાન છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, "આવી છેતરપિંડી ક્યારેય ન થવી જોઈએ. પક્ષપલટા વિરોધી કાયદો હવે જૂનો થઈ ગયો છે અને સત્તાધારી પક્ષે કાયમી સત્તામાં રહેવાની ઘેલછામાં તેનો દુરુપયોગ થાય તે સુનિશ્ચિત કર્યું છે, પરંતુ દેશનો યુવા વર્ગ આ સ્થિતિ બદલીને રહેશે." સીજીપીની આ માંગ એવા સમયે સામે આવી છે જ્યારે કોંગ્રેસ પક્ષે નરેન્દ્ર મોદી સરકાર પર સંસદના સત્રને અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખ્યા બાદ સત્રાવસાન (prorogation)માં બિનજરૂરી વિલંબ કરવાનો રેકોર્ડ બનાવવાનો આક્ષેપ કર્યો છે. વિપક્ષી પક્ષે એવો પણ આરોપ લગાવ્યો છે કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ લોકસભામાં સીમાંકન (delimitation) સંબંધિત બંધારણ સુધારા બિલ પસાર કરાવવા માટે બે-તૃતીયાંશ બહુમતી મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. કોંગ્રેસ નેતા જયરામ રમેશે દાવો કર્યો હતો કે શાહે ૧૭ એપ્રિલ ૨૦૨૬ના રોજ બિલ વિરૂદ્ધ મતદાન કરનારા ત્રણ પક્ષોમાં વિભાજન કરાવ્યું છે અને ધમકી તેમજ લાલચ આપીને અન્ય સભ્યોનું વલણ બદલવાનો પ્રયાસ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે આ બંધારણ સુધારા બિલ ૧૭ એપ્રિલે લોકસભામાં જરૂરી બે-તૃતીયાંશ બહુમતી (૩૫૨ વોટ) ન મળવાના કારણે ફગાવી દેવાયું હતું, જ્યાં તેના સમર્થનમાં ૨૯૮ અને વિરોધમાં ૨૩૦ મત પડ્યા હતા.

# સહારનપુર મસ્જિદ તોડી પાડવાનો મામલો : હાઈકોર્ટે સરકારને નોટિસ પાઠવી, દંડની વસૂલાત પર સ્ટે આપ્યો

**અરજદારે દલીલ કરી કે મસ્જિદ યુપી સુન્ની સેન્ટ્રલ વક્ફ બોર્ડમાં નોંધાયેલી હતી પરંતુ સત્તાવાળાઓ અને નીચલી અદાલતે તેના પર પૂરતો વિચાર કર્યો ન હતો**

(એજન્સી) તા.૧૪

અલ્હાબાદ હાઈકોર્ટેસહારનપુર કલેક્ટર કચેરી સંકુલમાં આવેલી ૧૦૦ વર્ષથી પણ વધુ જૂની મસ્જિદને તોડી પાડવાના મામલે ઉત્તર પ્રદેશ સરકારને નોટિસ ફટકારી છે અને ત્રણ અઠવાડિયામાં પોતાનો જવાબ દાખલ કરવા નિર્દેશ આપ્યો છે. આ સાથે જ અદાલતે મસ્જિદ પ્રબંધન પર લાદવામાં આવેલા રૂા. ૬.૪૧ કરોડના દંડની વસૂલાત પર વચગાળાનો સ્ટે આપ્યો છે અને આ કેસની આગામી સુનાવણી ૧૨ ઓક્ટોબરના રોજ નક્કી કરી છે. જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલે એડવોકેટ મોહમ્મદ તનવીર અહેમદ દ્વારા સહારનપુર સિટી મેજિસ્ટ્રેટના ૧૬ જુલાઈ અને સહારનપુર ડિસ્ટ્રિક્ટ જજના ૨ સપ્ટેમ્બરના આદેશોને પડકારતી અરજી પર આ ચુકાદો આપ્યો હતો. આ કેસની વિગત મુજબ, સહારનપુરના સિટી મેજિસ્ટ્રેટે ઉત્તર પ્રદેશ જાહેર પરિસર (અનધિકૃત કબ્જેદારોને ખાલી કરાવવું) અધિનિયમ, ૧૯૭૨ હેઠળ કલેક્ટર કચેરી સંકુલમાં આવેલી ૩૧૫ ચોરસ મીટરની મસ્જિદને તોડી પાડવાનો અને પ્રબંધન પર રૂા. ૬.૪૧ કરોડનો દંડ કરવાનો આદેશ આપ્યો હતો. જિલ્લા અદાલતે આ આદેશ સામેની અપીલ ફગાવી દીધા બાદ ૫ સપ્ટેમ્બરે મોડી રાત્રે મસ્જિદ તોડી પાડવામાં આવી હતી. અરજદારના વરિષ્ઠ વકીલ આશિષ કુમાર સિંહે હાઈકોર્ટમાં દલીલ કરી હતી કે મિલકતની માલિકી નક્કી કર્યા વિના જ ખાલી કરાવવાનો અને ડિમોલિશનનો આદેશ આપવામાં આવ્યો હતો. તેમણે રજૂઆત કરી હતી કે મિલકત સુન્ની સેન્ટ્રલ વક્ફ બોર્ડમાં નોંધાયેલી હતી અને તેના રેકોર્ડમાં વાહિદ ખાન અને યાકૂબ ખાનના નામ હતા, પરંતુ સત્તાવાળાઓએ આ બાબતોને ધ્યાને લીધી નહોતી. બીજી તરફ, રાજ્ય સરકારના એડિશનલ એડવોકેટ જનરલ મનીષ ગોયલે અરજીનો



વિરોધ કરતા જણાવ્યું હતું કે અરજદાર એક તરફ આ મિલકતને મકાનમાલિકની બતાવે છે અને બીજી તરફ વક્ફ મિલકત ગણાવે છે, જે પરસ્પર વિરોધાભાસી છે. તેમણે દાવો કર્યો હતો કે સરકારી રેકોર્ડમાં આ જમીન "કલેક્ટરેટ કચેરી"ની તરીકે નોંધાયેલી છે, જે બ્રિટિશ કાળથી સરકારી જમીન રહી છે. દરમિયાન, મસ્જિદનો મલબો અંબાલા રોડ પર ગ્રેવયાર્ડ નજીક ફેંકવામાં આવતાં વિવાદ સર્જાયો હતો, જ્યાં કાટમાળની ઈંટો પર ૧૯૦૯ અને ૧૯૧૧ના વર્ષના માર્કિંગ મળી આવ્યા હતા, જે સોશિયલ મીડિયા પર વાયરલ થતાં તંત્રે JCB વડે મલબો દિલ્હી રોડ પર ખસેડ્યો હતો. ઈસ્લામિક સેન્ટર ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ મૌલાના ખાલેદ રશીદે હાઈકોર્ટના આદેશનું સ્વાગત કરતાં આશા વ્યક્ત કરી હતી કે અદાલતમાંથી ન્યાય મળશે અને મસ્જિદનું પુનઃનિર્માણ થશે.

# મણિપુર : નાગા સશસ્ત્ર જૂથો દ્વારા ૨૨થી વધુ કુકી-ઝો સમુદાયના લોકોની હત્યા : કુકી-ઝો કાઉન્સિલ

**તમેંગલોંગ અને નોની જિલ્લામાં બે મહિલાઓ સહિત ચાર લોકોનાં મોત; હિંસાને કારણે રાજ્યમાં ફરી પૂર્ણ-સ્તરના સંઘર્ષનો ભય**

(એજન્સી) ઈમ્ફાલ, તા.૧૪

મણિપુરના તમેંગલોંગ અને નોની જિલ્લામાં રવિવારે શંકાસ્પદ ઉગ્રવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં બે મહિલાઓ સહિત ચાર લોકોના મોત નીપજ્યા છે. આ ઘટના બાદ કુકી-ઝો કાઉન્સિલે સોમવારે આ કાયરતાપૂર્ણ હુમલાની સખત શબ્દોમાં નિંદા કરી છે. કાઉન્સિલે આક્ષેપ કર્યો છે કે વર્ષ ૨૦૨૬ની શરૂઆતથી અત્યાર સુધીમાં મણિપુરમાં સક્રિય "નાગા સશસ્ત્ર જૂથો" દ્વારા મહિલાઓ અને બાળકો સહિત કુકી-ઝો સમુદાયના ૨૨થી વધુ સભ્યોની હત્યા કરવામાં આવી છે. સંસ્થાએ ચેતવણી આપી છે કે ઉગ્રવાદીઓની આવી પ્રવૃત્તિઓ નાગરિકોના જીવનને જોખમમાં મૂકી રહી છે અને રાજ્યને ફરી એકવાર પૂર્ણ-સ્તરના વંશીય સંઘર્ષ તરફ ધકેલી રહી છે. હુમલાની વિગતવાર માહિતી અનુસાર, તમેંગલોંગમાં રવિવારે સવારે લગભગ ૪ વાગ્યે પહેલી ઘટના બની હતી જેમાં બે લોકોના મોત થયા હતા, જ્યારે તેની ૧૨ કલાક પછી નોની જિલ્લામાં બીજી ઘટનામાં અન્ય બે લોકોએ જીવ ગુમાવ્યો હતો. નેશનલ હાઈવે-૩૭ (ઈમ્ફાલ-જીરીબામ રસ્તો) નજીક આવેલા ટોલેન કુકી ગામમાં ઉગ્રવાદીઓએ એક ઘરમાં ઘૂસીને ગોળીબાર કર્યો હતો. જેમાં લિંગનગાઈ સિંગસિત નામની મહિલાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે તેના પતિ સેનેહ સિંગસિત અને તેમનો નાનો પુત્ર ગંભીર રીતે ઘવાયા હતા. સેનેહનું આસામના સિલચરમાં હોસ્પિટલ લઈ જતી વખતે રસ્તામાં મોત નીપજ્યું હતું. એલ. ટોલેન વિલેજ




ઓથોરિટીએ આ હુમલા માટે નાગા ઉગ્રવાદી સંગઠનો NSCN-IM અને ZUF-Kને જવાબદાર ઠેરવ્યા છે અને આક્ષેપ કર્યો છે કે આ તેમના ‘ગ્રેટર નાગાલેન્ડ’ એજન્ડાને પૂર્ણ કરવા માટે કુકી-ઝો ગ્રામજનોને તેમની પૈતૃક જમીન પરથી વિસ્થાપિત કરવાનું સુનિયોજિત ષડયંત્ર છે. આ હિંસક ઘટનાઓ એવા સમયે બની છે જ્યારે કુકી સમુદાય દ્વારા ૧૩ સપ્ટેમ્બરે વાર્ષિક ‘સાહ્લિત ની’ (બ્લેક ડે) મનાવવામાં આવી રહ્યો હતો. ૧૯૯૦ના દાયકામાં મણિપુરમાં કુકી-નાગા વંશીય હિંસા દરમિયાન માર્યા ગયેલા લોકોની યાદમાં આ દિવસ પાળવામાં આવે છે. ૧૩ સપ્ટેમ્બર ૧૯૯૩ના રોજ NSCN-IMના ઉગ્રવાદીઓ દ્વારા તમેંગલોંગ અને સેનાપતિ જિલ્લામાં ૧૧૫ જેટલા કુકી-ઝો લોકોની હત્યા કરવામાં આવી હોવાનો દાવો કરાય છે. તે ઐતિહાસિક સંઘર્ષમાં ૧,૧૫૭થી વધુ કુકી-ઝો અને ૨૦૦થી વધુ નાગા નાગરિકોના મોત થયા હતા. હાલમાં, મે ૨૦૨૬માં ત્રણ કુકી-ઝો ચર્ચ લીડર્સ અને છ નાગા પુરુષોની હત્યા બાદથી બંને સમુદાયો વચ્ચે તણાવ ચરમસીમા પર છે અને ત્યારથી અત્યાર સુધીમાં વધુ ૨૫ નાગરિકોની હત્યા થઈ ચૂકી છે. રાજ્યના રાજકીય નેતાઓ અને વિધાયકોએ પણ આ હિંસાની સખત નિંદા કરી છે. કુકી વિધાયકો હાઓખોલેટ કિપગેન, લેટઝામંગ હાઓકિપ અને કિમનેઓ હાંગશિંગે સુરક્ષા દળોને ગુનેગારોને તાત્કાલિક ઝડપી લેવા અપીલ કરી છે. બીજી તરફ, મણિપુરના મુખ્યમંત્રી વાય. ખેમચંદ સિંહે શાંતિની પુનઃસ્થાપના માટે સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, માત્ર ભાજપ જ રાજ્યના તમામ ૩૬ સમુદાયોની સુરક્ષા અને તેમની વચ્ચે સંવાદ સ્થાપવા માટે કાર્યરત છે. રાજ્યના ગૃહમંત્રી ગોવિંદાસ કોન્થૌજમે ભારપૂર્વક કહ્યું કે, આવા હિંસક કૃત્યોને રાજ્યની શાંતિ વાર્તાને ખોરવવાની મંજૂરી આપવામાં આવશે નહીં અને કાયદો તમામ દોષિતો સામે સખત કાર્યવાહી કરશે. દુર્ગમ પહાડી વિસ્તારોમાં વધી રહેલી અશાંતિ વચ્ચે સુરક્ષા દળોએ કાયદો અને વ્યવસ્થા જાળવવા સાથે અસામાજિક પ્રવૃત્તિઓ પર પણ સિકંજો કસ્યો છે. આસામ રાઈફલ્સ અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) એ શનિવારે એક સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ચુરાચંદપુર જિલ્લામાંથી ૨.૫ કિલો શંકાસ્પદ હેરોઈન નંબર ૪ જપ્ત કર્યું હતું. આંતરરાષ્ટ્રીય બજારમાં રૂા.૫ કરોડની કિંમતનો આ ડ્રગ્સનો જથ્થો બે વાહનોમાંથી મળી આવ્યો હતો અને આ સંદર્ભે બે તસ્કરોની ધરપકડ કરીને આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# પત્નીએ પોલીસના આરોપો ફગાવતા ભોપાલ કોર્ટે ધર્માંતરણના કેસમાં મુસ્લિમ યુવકને નિર્દોષ છોડ્યો

**મહિલાએ કોર્ટમાં જણાવ્યું કે તેણે પોતાની મરજીથી સૈયદ ખાન સાથે લગ્ન કર્યા હતા અને તેને તેની ધાર્મિક પૃષ્ઠભૂમિની જાણ હતી; પોલીસની વાર્તા પરિવારના દબાણ અને ગેરસમજનું પરિણામ હતી**

(એજન્સી) તા.૧૪

મધ્ય પ્રદેશના ભોપાલની એક સેશન્સ કોર્ટે ૨૬ વર્ષીય મુસ્લિમ યુવક સૈયદ ખાનને મધ્ય પ્રદેશ ધાર્મિક સ્વતંત્રતા અધિનિયમ હેઠળ નોંધાયેલા કેસમાંથી નિર્દોષ મુક્ત કર્યો છે. સરકારી પક્ષ બળજબરીથી ધર્માંતરણ, છેતરપિંડી કે દબાણના આરોપો પુરવાર કરવામાં નિષ્ફળ રહ્યો હતો. પોલીસે એવો દાવો કર્યો હતો કે ખાને પોતાની ખોટી ઓળખ બતાવીને એક હિન્દુ મહિલા સાથે લગ્ન કર્યા હતા અને તેના પર ઈસ્લામ ધર્મ અંગીકાર કરવા દબાણ કર્યું હતું, જે આરોપોને કોર્ટે ફગાવી દીધા છે. આ ઘટનાની વિગત મુજબ, ૭ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ સૈયદ ખાન અને તેની ભાગીદાર, જેઓ પડોશી હતા અને પ્રેમમાં પડ્યા હતા, મધ્ય પ્રદેશના નર્મદાપુરમ જિલ્લાથી ભોપાલ સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ લગ્ન કરવા આવ્યા હતા. જોકે, ભોપાલ જિલ્લા અદાલતમાં વકીલોના એક જૂથ દ્વારા ખાન પર હુમલો કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ તેની ધરપકડ કરી મધ્ય પ્રદેશ ધાર્મિક સ્વતંત્રતા અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસનો આક્ષેપ હતો કે તેણે પોતાની ધાર્મિક ઓળખ છુપાવી, ખોટું નામ વાપર્યું અને મહિલા પર લગ્ન તથા ધર્માંતરણ માટે દબાણ કર્યું હતું. જોકે, ફરિયાદી મહિલાએ બાદમાં પોલીસ ફરિયાદમાં કરવામાં આવેલા આરોપોને નકારી કાઢ્યા હતા. સીઆરપીસીની કલમ ૧૬૪ હેઠળ પોતાના નિવેદનમાં અને ઉલટતપાસ દરમિયાન, મહિલાએ સ્પષ્ટ કર્યું હતું કે ખાને તેને ક્યારેય ધમકી આપી નથી, છેતરી નથી કે તેની સાથે શારીરિક શોષણ કર્યું નથી. તેણે કોર્ટને જણાવ્યું હતું કે તેણે પોતાની સ્વેચ્છાએ અને તેની ધાર્મિક પૃષ્ઠભૂમિની પૂર્ણ જાણકારી સાથે ખાન સાથે લગ્ન



કર્યા હતા. તેણે ઉમેર્યું કે પોલીસ કેસમાં સામે આવેલી વિગતો તેના પરિવારના દબાણ અને ગેરસમજનો પરિણામ હતી, ખાન તરફથી કોઈ બળજબરી નહોતી. કોર્ટે અવલોકન કર્યું કે ધર્માંતરણ વિરોધી કાયદા હેઠળ માત્ર આરોપોના આધારે ફોજદારી જવાબદારી નક્કી કરી શકાય નહીં; સરકારી પક્ષે દબાણ, છેતરપિંડી કે ગેરમાર્ગે દોરીને ધર્માંતરણ કરાવ્યું હોવાના સ્પષ્ટ અને વિશ્વસનીય પુરાવા રજૂ કરવા પડે. ફરિયાદીના સમર્થનના અભાવે અને અન્ય કોઈ સ્વતંત્ર પુરાવા ન હોવાથી કોર્ટે ખાનને તમામ આરોપોમાંથી નિર્દોષ મુક્ત કર્યો હતો. આ બાબતે કૉંગ્રેસના સાંસદ ડૉ. સૈયદ નસીર હુસૈને સોશિયલ મીડિયા પર ભાજપ સરકારની ટીકા કરતા જણાવ્યું હતું કે પોતાની મરજીથી લગ્ન કરવાનો કાનૂની અધિકાર ભોગવવા બદલ યુવકને હિંસા, ધરપકડ અને રોજીરોટી ગુમાવવાનો ભોગ બનવું પડ્યું હતું.

# તેમણે UPSCનું સ્વપ્ન સાકાર કરવા બિહાર છોડ્યું, હવે તેઓ લાઈબ્રેરીમાં સૂવે છે અને ગુરૂદ્વારામાં ભોજન લે છે

**દિલ્હીના મુખર્જી નગરમાં આવેલી એક લાઈબ્રેરી એ જ સ્થળ છે જ્યાં મોહમ્મદ મિનાઝ અભ્યાસ કરે છે, સૂવે છે અને UPSC પરીક્ષાની તૈયારી કરે છે, બિહારના વતની એવા મિનાઝ પોતાની રાતો ખુરશી પર વિતાવે છે; તેઓ સિવિલ સર્વન્ટ બનવા અને વૃદ્ધ માતા-પિતાને આર્થિક ટેકો આપવા માટે દૃઢ સંકલ્પબદ્ધ છે, તેમણે ‘ધ લલ્લનટોપ’ (The Lallantop) સાથેની મુલાકાતમાં પોતાની આ સફર વિશે વાત કરી હતી**

(એજન્સી) તા.૧૪

કેટલાક સપનાઓ માટે માત્ર સખત મહેનત પૂરતી નથી હોતી. તેના માટે ધીરજ, ત્યાગ અને આગળ વધતા રહેવાની હિંમતની જરૂર હોય છે. ‘ધ લલ્લનટોપ’ સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું કે, સિવિલ સર્વન્ટ બનવાની તેમની સફર આર્થિક મુશ્કેલીઓ, પારિવારિક જવાબદારીઓ અને એવા મુશ્કેલ નિર્ણયો વચ્ચે ઘડાઈ છે જેમણે તેમના મક્કમ નિર્ધારની કસોટી કરી છે. દરરોજ સવારે મિનાઝ એ જ ખુરશી, એ જ પુસ્તકો અને એ જ લક્ષ્ય તરફ પાછા ફરે છે. દિલ્હીના મુખર્જી નગરમાં આવેલી ૨૪ કલાક ખુલ્લી રહેતી લાઈબ્રેરીમાં તેઓ UPSC પરીક્ષાની તૈયારી કરે છે. આ જ લાઈબ્રેરી તેમનું સૂવાનું સ્થળ પણ છે. મિનાઝ માટે સ્નાન કરવા જેવી સામાન્ય બાબત માટે પણ લગભગ ૧૦ કિલોમીટરની મુસાફરી કરવી પડે છે. તેઓ ‘મજનૂ કા ટીલા’ જાય છે, જ્યાં તેઓ ગુરૂદ્વારામાં ભોજન પણ લે છે. મિનાઝ UPSC પરીક્ષા પાસ કરવાના મક્કમ નિર્ધાર સાથે બિહારના દરભંગાથી દિલ્હી આવ્યા હતા. પરિવાર તરફથી મર્યાદિત આર્થિક સહાય અને રહેઠાણ માટે પૈસાના અભાવને કારણે ૨૪ કલાક ખુલ્લી રહેતી આ લાઈબ્રેરી તેમના અભ્યાસનું સ્થળ અને આશ્રયસ્થાન - એમ બંને બની ગઈ છે. તેઓ દિવસ દરમિયાન અભ્યાસ કરે છે અને રાત્રે ખુરશી પર સૂએ છે; તેમના કપડાં અને સામાન એક લોકરમાં રાખેલા હોય છે. તેમના માતા-પિતા, જેઓ લગભગ ૭૫ વર્ષના છે, તેઓ જાણે છે કે, મિનાઝ દિલ્હીમાં તૈયારી કરી રહ્યા છે પરંતુ તેમને એ વાતની જાણ નથી કે તેઓ લાઈબ્રેરીમાં સૂવે છે અથવા ક્યારેક દિવસમાં માત્ર એક જ વાર ભોજન લે છે. તેઓ માતા-પિતાને આ વાત જણાવતા નથી. તેઓ ઈચ્છે છે કે, માતા-પિતા ઓછી ચિંતા કરે અને સૌથી મહત્ત્વનું એ કે, તેઓ મિનાઝને સફળ થતાં જોવા માટે લાંબુ આયુષ્ય ભોગવે. મુખર્જી નગર એ UPSCની તૈયારી માટે દિલ્હીના સૌથી જાણીતા કેન્દ્રોમાંનું એક છે, જ્યાં દર વર્ષે દેશભરમાંથી હજારો ઉમેદવારો આવે છે. ઘણા ઉમેદવારો ભાડાના રૂમ, PG (પેઈંગ ગેસ્ટ) અથવા હોસ્ટેલમાં રહેવાની



વ્યવસ્થા કરી લે છે, જ્યારે અન્ય લોકો રહેવાની પાયાની સુવિધાઓ મેળવવા માટે પણ સંઘર્ષ કરે છે. મિનાઝ પણ તેવા જ લોકોમાંના એક છે. તેઓ લગભગ દોઢ વર્ષથી UPSCની તૈયારી કરી રહ્યા છે. જે ૨૪-કલાક ખુલ્લી રહેતી લાઈબ્રેરીમાં તે દિવસ દરમિયાન અભ્યાસ કરે છે, ત્યાં જ તે રાત્રે સૂઈ પણ જાય છે. તે લાઈબ્રેરી માટે મહિનાના લગભગ ૧૧૦૦થી ૧૨૦૦ રૂપિયા ચૂકવે છે અને આખો દિવસ તૈયારી કર્યા બાદ ખુરશી પર જ આરામ કરે છે. તેના કપડાં અને અન્ય સામાન લાઈબ્રેરીમાં આવેલા લોકરમાં રાખવામાં આવે છે. અભ્યાસ કરવાના સ્થળ તરીકે શરૂ થયેલી આ જગ્યા, મિનાઝ માટે ધીમે-ધીમે તેનું કામચલાઉ ઘર બની ગઈ છે. જ્યારે મિનાઝને સ્નાન કરવાની જરૂર હોય છે, ત્યારે તે લગભગ ૧૦ કિલોમીટર દૂર ‘મજનૂ કા ટીલા’ જાય છે; ત્યાં તે ગુરૂદ્વારામાં ભોજન પણ કરે છે અને પછી લાઈબ્રેરી પર પાછો ફરે છે. ત્યાં બપોરે અને ફરીથી રાત્રે લગભગ ૮ વાગ્યે ભોજન પીરસવામાં આવે છે પરંતુ મિનાઝ સામાન્ય રીતે દિવસમાં એક જ વાર જમે છે જેથી બે વાર આવવા-જવામાં થતો સમય અને મુસાફરીનો ખર્ચ બચાવી શકાય. આ મુસાફરીનો ખર્ચ તેને લગભગ ૨૦ રૂપિયા થાય છે. લાઈબ્રેરીની ફી અને અન્ય પાયાના ખર્ચાઓ સાથે મળીને, તે જણાવે છે કે, તે લગભગ ૩૦૦૦ રૂપિયામાં પોતાની માસિક જરૂરિયાતો પૂરી કરે છે. પરિવાર તરફથી બહુ ઓછી આર્થિક મદદ મળતી હોવાથી, મિનાઝ પોતાના પાયાના ખર્ચાઓ પૂરા કરવા માટે નાના-મોટા કામો પર નિર્ભર છે. તે કહે છે કે, તે એક એપ દ્વારા લોકોને બેંક ખાતા ખોલવામાં મદદ કરે છે, જેનાથી તેને પ્રતિ ખાતા દીઠ લગભગ ૩૦૦-૪૦૦ રૂપિયા અને મહિનાના આશરે ૩૦૦૦ રૂપિયાની કમાણી થાય છે. તેણે પૂર્ણ-સમયની નોકરી ન કરવાનું પસંદ કર્યું છે, કારણ કે, તેનું માનવું છે કે, કામના લાંબા કલાકો અને રોજિંદા આવાગમનને કારણે UPSCની તૈયારી માટે બહુ ઓછો સમય મળશે. હાલમાં મિનાઝનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર ગુજરાન ચાલે તેટલી કમાણી કરવાનો છે અને તે પોતાનો મોટાભાગનો સમય અભ્યાસમાં ફાળવે છે. મિનાઝનો પરિવાર બિહારમાં રહે છે. તેના માતા-પિતા ૭૦ વર્ષથી વધુ ઉંમરના છે અને તે કહે છે કે, તેના પિતાને ડાયાબિટીસ છે. પરિવારની આર્થિક સ્થિતિ પણ સારી નથી. તેનો મોટો ભાઈ નોકરી કરે છે અને ઘર ચલાવવામાં મદદ કરે છે. પરંતુ મિનાઝે તેના માતા-પિતાને એ નથી જણાવ્યું કે, તે દિલ્હીમાં વાસ્તવમાં કેવી રીતે જીવી રહ્યો છે. જ્યારે તે તેમની સાથે વાત કરે છે, ત્યારે તે કહે છે કે તે ઠીક છે અને સારી રીતે અભ્યાસ કરી રહ્યો છે. તે કહે છે કે તેને ડર છે કે, જો તેના માતા-પિતાને ખબર પડશે કે તે લાઈબ્રેરીમાં સૂઈ રહ્યો છે અને ઘણીવાર દિવસમાં માત્ર એક જ વાર જમે છે, તો તેઓ તેના વિશે ચિંતા કરવા લાગશે. તેમની ઉંમરે તે તેમની ચિંતાઓમાં વધારો કરવા માંગતો નથી. મિનાઝની ચાર બહેનો છે. તેમાંથી ત્રણ પરણિત છે, જ્યારે એક હજુ અભ્યાસ કરી રહી છે અને ઘરે બાળકોને ભણાવીને પોતાનો ખર્ચ કાઢવાનો પ્રયાસ કરે છે. પરિવાર પર દેવું પણ છે. મિનાઝ કહે છે કે, તે શક્ય તેટલી વહેલી તકે સફળ થવા માંગે છે જેથી તે તેના માતા-પિતાને આર્થિક ટેકો આપી શકે અને પોતાની બહેનને મદદ કરી શકે. પરંતુ તેની સૌથી મોટી ચિંતા તેના વૃદ્ધ માતા-પિતા છે. તે ઈચ્છે છે કે, તેઓ જીવિત હોય ત્યારે જ તેને સફળ થતો જુએ. મિનાઝ કહે છે કે, તેણે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવાની પોતાની પદ્ધતિ ધો.૧૦થી જ વિકસાવી હતી. તેનું માનવું છે કે, પરીક્ષાની તૈયારી માટે માત્ર પુસ્તકો વાંચવા પૂરતા નથી.

# અઠવાડિયે ૪૬,૦૦૦ રૂપિયા કમાતા ‘જનરેશન ઝેડ’ના ‘ઉબર બ્લેક’ ડ્રાઈવરના જીવનનો એક દિવસ

**જાણવા મળ્યું છે કે, ગુજરાન ચલાવવા માટે સમાજ દ્વારા સ્વીકૃત રીતો ઉપરાંત પણ અન્ય રસ્તાઓ છે**

(એજન્સી) તા.૧૪

એક સમય એવો હતો જ્યારે કોલેજમાંથી તાજા સ્નાતક થયેલા યુવાનો મહિનાઓ સુધી ઘરે બેસી રહેવાનું પસંદ કરતા, પણ એ સ્વીકારતા નહીં કે તેઓ એવી નોકરી કરી રહ્યા છે જે તેમની ડિગ્રીના સ્તર કરતાં ‘નીચી’ ગણાતી હોય. B.Com ગ્રેજ્યુએટ કેબ ચલાવે ? જ્યારે કોઈ સંબંધી પૂછે કે ‘બેટા, આજકાલ શું કરે છે




કામ શા માટે કરી રહ્યા છે ? તેઓ કહે છે, ‘મોટાભાગના લોકો માને છે કે કોલેજ પૂરી કર્યા પછી તરત જ પરંપરાગત કોર્પોરેટ નોકરી મેળવી લેવી જોઈએ.’ પરંતુ તેઓ એવું નથી માનતા કે દરેક વ્યક્તિએ એ જ રસ્તે ચાલવું જોઈએ. લોકો પૂછે છે કે ડિગ્રી મેળવ્યા પછી પણ તેઓ ડ્રાઈવિંગ શા માટે કરી રહ્યા છે. તેઓ આ વાતને નકારાત્મક રીતે લેતા નથી. તેમના

**‘ગિગ વર્ક’ (ચોક્કસ સમયગાળા માટેનું કામ), છૂટક કામો, ડ્રાઈવિંગ, રેસ્ટોરન્ટમાં વેઈટર તરીકે કામ કરવું - આ એવા કામો હતા (અને હજુ પણ છે) જેને ’સારા ઘરના સંતાનો’ પસંદ કરવાનું વિચારતા પણ નહોતા પરંતુ હવે આ વિચારસરણી બદલાઈ રહી છે**

?’, ત્યારે આ જવાબ ભાગ્યે જ આપવામાં આવતો હતો. ‘ગિગ વર્ક’, છૂટક કામો, ડ્રાઈવિંગ, વેઈટર તરીકે કામ કરવું - આ એવા કામો હતા જેને ‘સારા ઘરના સંતાનો’ પસંદ કરવાનું વિચારતા પણ નહોતા, અને આ દંભ માટે આપણે સમાજને દોષ આપીએ છીએ. નોકરી એવી હોવી જોઈએ જેમાં કોઈ હોદ્દો (ડેઝિગ્નેશન) હોય, ઓફિસ હોય અને શક્ય હોય તો વિઝિટિંગ કાર્ડ પણ હોય. ‘જનરેશન ઝેડ’ (Gen Z) પર ભલે વારંવાર નોકરીઓ બદલવી, ધીરજનો અભાવ, કામમાં લવચીકતા (flexibility) ઈચ્છવી અને માત્ર કામ માટે જ જીવવાનો ઈનકાર કરવો જેવા આરોપો લાગતા હોય, પરંતુ કદાચ તેઓ એક ખૂબ જ જૂની અને મહત્વની વાત સારી રીતે સમજી ગયા છેઃ કોઈ કામ નાનું કે મોટું હોતું નથી. જો તે કામ તમને પૈસા કમાઈ આપે, કંઈક નવું શીખવે અથવા તમને એ દિશામાં આગળ વધવાની સ્વતંત્રતા આપે જે તમે ખરેખર હાંસલ કરવા માંગો છો, તો પછી તે નોકરી શરમજનક કેમ હોવી જોઈએ ? જેમ અભિનેતા રવિ કિશને એકવાર ખૂબ જ અનોખી રીતે કહ્યું હતું, ‘પૈસા તો પાછળ દોડે છે, ભાઈ.’ ૨૨ વર્ષીય B.Com ગ્રેજ્યુએટ હેમતોર બેંગ્લુરૂમાં ‘ઉબર બ્લેક’ (Uber Black) ચલાવે છે. તેણે કન્ટેન્ટ બનાવવાનું પણ શરૂ કર્યું છે અને તેને ઉદ્યોગસાહસિકતામાં રસ છે. કોલેજ પછી તે પરંપરાગત કોર્પોરેટ નોકરી પણ શોધી શક્યો હોત. તેના બદલે, તેમણે વાહન ચલાવવાનું પસંદ કર્યું. અને તાજેતરમાં, લાખો લોકોને એ જાણવા મળ્યું કે તેમનું જીવન કેવું હોય છે. તેમના દૈનિક જીવનને દર્શાવતા વીડિયોને ૨૩ લાખ (૨.૩ મિલિયન)થી વધુ વખત જોવામાં આવ્યો છે. જે બાબતે લોકોમાં સૌથી વધુ ચર્ચા જગાવી તે હતો એક સ્ક્રીનશોટ, જેમાં એક અઠવાડિયામાં લગભગ ૪૬,૦૦૦ રૂપિયાની કમાણી દર્શાવવામાં આવી હતી. આ આંકડો ઈન્ટરનેટ પર હેડલાઈન બનવા માટે યોગ્ય હતો. પરંતુ દેબ્બર્માની વાર્તા વાસ્તવમાં તેમની કમાણી કરતાં પણ વધુ રસપ્રદ છે. જો તમે દેબ્બર્માને પૂછો કે શું આ વ્યવસાય અપનાવવામાં તેમને કોઈ સંકોચ હતો, તો તેમનો જવાબ સ્પષ્ટ ‘ના’ હોય છે. ‘મને નથી લાગતું કે એવો વ્યવસાય પસંદ કરવામાં કંઈ ખોટું છે જેમાં તમને ખરેખર આનંદ મળતો હોય,’ તેઓ ‘ઈન્ડિયા ટુડે ડિજિટલ’ સાથેની એક વિશેષ વાતચીતમાં કહે છે. તેમને હંમેશાં કાર અને ડ્રાઈવિંગમાં રસ રહ્યો છે. જ્યારે ‘ઉબર બ્લેક’ (કેબ એગ્રીગેટર દ્વારા આપવામાં આવતી પ્રીમિયમ રાઈડ સેવા) સાથે ડ્રાઈવિંગ કરવાની તક મળી, ત્યારે તેઓ તેનો અનુભવ કરવા માંગતા હતા. આ નિર્ણય પાછળ કારકિર્દીને લગતી કોઈ મોટી મૂંઝવણ કે સંકટ નહોતું. કોર્પોરેટ જીવનનો કોઈ મોટો અસ્વીકાર પણ નહોતો. બસ, એક યુવાન પોતાની પસંદગીનું કામ કરી રહ્યો હતો. અને કદાચ આ જ બાબત આ વાર્તાને રસપ્રદ બનાવે છે. કારણ કે તેઓ શા માટે ડ્રાઈવિંગ કરી રહ્યા છે તેવો પ્રશ્ન ઘણીવાર એવી માન્યતામાંથી ઉદ્ભવે છે જેને કોઈ સ્પષ્ટતાની જરૂર નથી હોતીઃ તેમની પાસે ડિગ્રી છે, તો પછી તેઓ આવું માટે, આ એક એવો તબક્કો છે જેમાં તેઓ લોકોને મળી શકે છે, પોતાની જાતને વધુ સારી રીતે સમજી શકે છે અને નક્કી કરી શકે છે કે તેઓ વાસ્તવમાં શું કરવા માંગે છે. તેઓ કહે છે, ‘હું અત્યારે જે નિર્ણયો લઈ રહ્યો છું તેનાથી હું સંપૂર્ણપણે સંતુષ્ટ છું.’ રોજગારના ભવિષ્ય વિશેની કોઈપણ લિંક્ડઈન (LinkedIn) પોસ્ટ કરતાં આ વાક્ય યુવાનોના કામ સાથેના બદલાતા સંબંધો વિશે ઘણું વધારે કહી જાય છે. દેબ્બર્માનો સામાન્ય દિવસ બહુ ભપકાદાર હોતો નથી. તેઓ તૈયાર થાય છે, કામ માટે સજ્જ થાય છે અને આપણા બધાની જેમ રસ્તા પર નીકળી પડે છે. કોઈ રાઈડ ટૂંકી અને શાંત મુસાફરી હોઈ શકે છે. આગામી સવારી દરમિયાન તેમની મુલાકાત કોઈ ઉદ્યોગસાહસિક, સીઈઓ (CEO), સર્જક કે કામના અર્થે મુસાફરી કરી રહેલી વ્યક્તિ સાથે થઈ શકે છે. તેઓ કહે છે, ‘દરેક સવારી અલગ હોય છે કારણ કે દરેક મુસાફરની પોતાની અલગ કહાની હોય છે.’ આ કામ વિશે તેમને ગમતી બાબતોમાંની આ એક છે. ‘તમે એ જાણ્યા વિના જ તમારા દિવસની શરૂઆત કરી શકો છો કે તમે કોને મળવાના છો.’ સતત ગતિશીલ રહેતા કાર્યસ્થળનો એક અનોખો ફાયદો પણ છેઃ તમે જે લોકોને મળો છો તેઓ તમારા શિક્ષણનો એક ભાગ બની જાય છે. દેબ્બર્મા કહે છે કે તેમને લોકો સાથેની વાતચીત અને તેમને મળવાથી કંઈક નવું શીખવાની તક મળે છે તે ગમે છે.

### રૂા.૧૨-૧૫ કરોડના પ્લાન્ટના સંચાલન સામે સવાલો

# અંકલેશ્વરના કરોડોના કચરા પ્રોસેસિંગ પ્લાન્ટમાં ‘કચરો’ કેટલો અને બિલિંગ કેટલું ?

### રૂા.૧,૦૩૮ના દરે ટેન્ડર આપી ૩૫.૭% વધુ ચૂકવણીનો તપાસ અહેવાલમાં ઉલ્લેખ

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧૪

અંકલેશ્વર નગરપાલિકા હસ્તકના સોલિડ વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટની કામગીરીને લઈને હવે ગંભીર સવાલો ઊભા થયા છે. કરોડો રૂપિયાના ખર્ચે ઉભા કરાયેલા પ્લાન્ટની વાસ્તવિક કામગીરી, એજન્સીને ચૂકવાતા બિલ, વીજ વપરાશ, કચરાના વજન અને સ્ટાફની નિમણૂક સહિતની બાબતો અંગે થયેલી તપાસમાં અનેક ક્ષતિઓ સામે આવી છે.

મળતી વિગતો મુજબ પ્લાન્ટ પાછળ અંદાજે રૂા.૧૨થી ૧૫ કરોડનો ખર્ચ થયો હોવાના દાવા વચ્ચે નગરપાલિકા દ્વારા એજન્સીને પ્રતિ મેટ્રિક ટન રૂા.૧,૦૩૮ના દરે ટેન્ડર અપાયું છે, જ્યારે તપાસ અહેવાલમાં નિર્ધારિત મહત્તમ દર રૂા.૭૬૫ હોવાનું જણાવાયું છે. એટલે ટેન્ડર દર આશરે ૩૫.૭ ટકા વધુ હોવાનું સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

આક્ષેપ મુજબ પ્લાન્ટના સરેરાશ માસિક બિલ આશરે રૂા.૧૫ લાખ સુધી પહોંચે છે, જ્યારે વીજળીનું માસિક બિલ માત્ર રૂા.૧૨થી ૧૫ હજારની આસપાસ પણ ન હોવાનું જણાવાય છે. જો આ આંકડા સાચા હોય તો આટલા મોટા મિકેનિકલ પ્રોસેસિંગ પ્લાન્ટની વાસ્તવિક કામગીરી કેટલી છે તે અંગે ગંભીર તપાસ જરૂરી બને છે.

તપાસ અહેવાલમાં પણ ડિસેમ્બર-૨૦૨૫થી એપ્રિલ-૨૦૨૬ દરમિયાન વીજ વપરાશમાં ઘટાડો થતો હોવા છતાં કચરા પ્રોસેસિંગ/નિકાલનો જથ્થો વધતો દર્શાવવામાં આવ્યો હોવાનું નોંધાયું છે. અહેવાલે વીજ વપરાશ અને પ્રોસેસ થયેલા કચરાના જથ્થા વચ્ચેની વિસંગતતાને ગંભીર બાબત ગણાવી વૈજ્ઞાનિક ઢબે તપાસની જરૂરિયાત દર્શાવી છે.

વધુમાં, સ્થળ તપાસ વખતે એજન્સીના સ્ટાફે પ્લાન્ટની મશીનરી છેલ્લા ૨૫ દિવસથી આંશિક બંધ હોવાનું સ્વીકાર્યું હતું. તેમ છતાં ઓગસ્ટનું બિલ અગાઉના મહિનાઓ કરતાં આશરે રૂા.૧ લાખ વધુ રજૂ કરાયું હોવાનો તપાસ અહેવાલમાં ઉલ્લેખ છે.

પ્લાન્ટના કચરાના વજનના આંકડાની વિશ્વસનીયતા પણ સવાલ હેઠળ આવી છે. તપાસ દરમિયાન વજનકાંટાનું જરૂરી Legal Metrology પ્રમાણપત્ર રજૂ કરવામાં આવ્યું ન હોવાનું અને તેના કારણે નોંધાતા દૈનિક કચરાના આંકડાની વિશ્વસનીયતા શંકાસ્પદ બનતી હોવાનું અહેવાલમાં જણાવાયું છે.

આ મામલે નગરપાલિકાના ચીફ ઓફિસરે વજનકાંટાના જરૂરી રજિસ્ટર/દસ્તાવેજો વિના બિલ પાસ કર્યા હતા કે કેમ અને બિલ પાસ કરતી વખતે વજન તથા કામગીરીનું યોગ્ય વેરિફિકેશન થયું હતું કે નહીં તે અંગે પણ તપાસની માંગ ઉઠી છે. આ બાબત હાલ આક્ષેપના સ્તરે છે અને તેની સત્તાવાર તપાસ જરૂરી છે.

તપાસમાં સ્થળ પર કામ કરતા કર્મચારીઓના આધારકાર્ડ, PAN કાર્ડ, બેંક વિગતો અને પગાર સ્લિપ જેવા મૂળભૂત દસ્તાવેજો એજન્સી રજૂ કરી શકી ન હોવાનું સામે આવ્યું છે. સ્થળ પરના કર્મચારીઓને દૈનિક રૂા.૪૦૦ રોકડ ચૂકવાતા હોવાની માહિતી પણ તપાસ દરમિયાન મળી હતી. PF અને ESIC અંગેના રેકોર્ડ પણ રજૂ કરાયા ન હોવાનું અહેવાલમાં જણાવાયું છે.

આથી રેકોર્ડ પર સ્ટાફની નિમણૂક કેવી રીતે દર્શાવવામાં આવી, પગારનો બેંક પેરોલ ક્યાં છે અને નગરપાલિકા દ્વારા આ કર્મચારી ખર્ચનું વેરિફિકેશન કેવી રીતે કરાયું ? તેવા સવાલો ઊભા થયા છે.

એજન્સીના બિલ મુજબ દૈનિક સરેરાશ આશરે ૪૨ મેટ્રિક ટન કચરો પ્રોસેસ થતો હોવાનું દર્શાવાય છે, પરંતુ સ્થળ તપાસમાં એક દિવસની કચરાની આવક આ સરેરાશ કરતાં ઓછી જણાઈ હતી. બિલિંગમાં દર્શાવાતા જથ્થા અને વાસ્તવિક જથ્થા વચ્ચેના તફાવતની સઘન તપાસ જરૂરી હોવાનું અહેવાલમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

RDF અને Compostના વેચાણ અંગે પણ એજન્સીએ દાવો કર્યો હતો, પરંતુ વેચાણના ઈન્વોઈસ, રેકોર્ડ કે ખરીદદારની વિગતો સ્થળ પર મળી નહોતી.

કરોડોના પ્લાન્ટમાં ટેન્ડર દર, બિલિંગ, વીજ વપરાશ, વજનકાંટા, સ્ટાફની નિમણૂક અને પગાર પેરોલ સહિતના તમામ મુદ્દાઓની એકસાથે તપાસ થાય તેવી માંગ ઉઠી છે. સમગ્ર મામલો હવે રાજ્ય સરકારની સ્ટેટ વિજિલન્સ તપાસના દાયરામાં આવે તો જવાબદારી કોની નક્કી થાય છે અને અત્યાર સુધી ચૂકવાયેલા બિલોની ફરી ચકાસણી થાય છે કે નહીં, તેના પર નજર રહેશે. હવે મુખ્ય સવાલ એ છે કે કરોડોના પ્લાન્ટની વાસ્તવિક કામગીરી અને લાખોના બિલિંગ વચ્ચેનો હિસાબ કોણ ચકાસશે ? અને જો ગેરરીતિ સાબિત થાય તો નગરપાલિકાના સ્વભંડોળને થયેલા સંભવિત નુકસાનની જવાબદારી કોની નક્કી થશે ?

### ઠેર-ઠેર પાણી ભરાયા, ખેડૂતોમાં ખુશીની લહેર

# વડોદરામાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી અઢી ઈંચ વરસાદ ખાબકતા જળબંબાકાર


(તસવીર : અતિક શેખ, વડોદરા)

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૪

ગુજરાતમાં સતત ત્રીજા દિવસે મેઘમહેર યથાવત્ રહેતા રાજ્યમાં ચોમાસું ફરી સક્રિય થયું છે. સૌરાષ્ટ્ર, મધ્ય અને દક્ષિણ ગુજરાત ઉપરાંત ઉત્તર ગુજરાતના અનેક જિલ્લાઓમાં ક્યાંક ધોધમાર તો ક્યાંક ધીમી ધારે વરસાદ વરસ્યો હતો. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે, જ્યારે ખેતીપાકને પણ નવું જીવતદાન મળ્યું છે. વડોદરા શહેરમાં વહેલી સવારે છ વાગ્યાથી જ વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ શરૂ થયો હતો. ૨.૫ ઈંચ વરસાદમાં થોડા જ સમયમાં શહેરના અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ફરી વળ્યું હતું. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાં ગોઠણસમા પાણી ભરાતા જનજીવન પ્રભાવિત થયું હતું.

વાઘોડિયા રોડ, રાવપુરા રોડ, ચાર દરવાજા વિસ્તાર અને આજવા રોડ સહિતના વિસ્તારોમાં માર્ગો પર પાણી ભરાતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અનેક સ્થળોએ વાહનો પાણીમાં બંધ પડી જતાં ચાલકોએ વાહનોને ધક્કા મારીને બહાર કાઢવાની નોબત આવી હતી.વડોદરાને સ્માર્ટ સિટી તરીકે વિકસાવવાની વાતો વચ્ચે શહેરના કેટલાક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવાની વર્ષો જૂની સમસ્યા હજુ પણ યથાવત્ છે. વરસાદ પડતાં જ ચોક્કસ સ્થળોએ પાણી ભરાઈ જવાની સ્થિતિ સર્જાય છે. યોગ્ય આયોજન અને કાયમી ઉકેલના અભાવે દર વર્ષે ચોમાસામાં શહેરીજનોને આ સમસ્યાનો સામનો કરવો પડે છે. શહેરમાં પાણી ભરાવાની સમસ્યાએ તંત્રની વરસાદ પૂર્વેની કામગીરી અને આયોજન સામે ફરી સવાલો ઉભા કર્યા છે. વરસાદ ખેંચાઈ જતાં ખેતીપાક અને પાણીની સ્થિતિને લઈને ચિંતિત બનેલા લોકોમાં ફરી વરસાદ વરસતાં રાહતની લાગણી જોવા મળી હતી.વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાહેર કરાયેલા છેલ્લા ૨૪ કલાકના વરસાદના સત્તાવાર આંકડા મુજબ, સવારે ૧૦:૩૦ વાગ્યે શહેરના દાંડિયા બજાર વિસ્તારમાં સૌથી વધુ ૮૯.૫૦ મિમી વરસાદ નોંધાયો છે. ત્યારબાદ આસોજમાં ૭૧.૫૦ મિમી, ગોપીપુરામાં ૬૪ મિમી, હાલોલમાં ૫૯.૫૦ મિમી, રૂપાપુરામાં ૫૮.૫૦ મિમી, પશ્ચિમ ઝોનના હરિનગરમાં ૫૯.૫૦ મિમી, પૂર્વ ઝોનના આજવામાં ૫૨.૫૦ મિમી, દક્ષિણ ઝોનના માંજલપુરમાં ૪૮.૫૦ મિમી, તાજપુરામાં ૪૪ મિમી, ઉત્તર ઝોનના સમામાં ૪૩ મિમી, પ્રતાપપુરામાં ૪૩.૫૦ મિમી, મહીસાગર (દોડકા)માં ૩૭.૫૦ મિમી, જ્યારે આજવા સરોવરમાં ૯.૫૦ મિમી વરસાદ નોંધાયો છે.

વડોદરા જિલ્લા કંટ્રોલરૂમ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ આજે સોમવારે જિલ્લામાં સૌથી વધુ કરજણમાં ૬૮ મિમી, વડોદરામાં ૬૦ મિમી અને પાદરામાં ૩૬ મિમી વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત શિનોરમાં ૨૨ મિમી, ડેસરમાં ૧૨ મિમી, ડભોઈમાં ૧૧ મિમી, વાઘોડિયામાં ૬ મિમી અને સાવલીમાં ૩ મિમી વરસાદ નોંધાયો છે. તાલુકાવાર સિઝનના વરસાદની વાત કરીએ તો સાવલીમાં ૩૫૭ મિમી, વડોદરામાં ૬૩૪ મિમી, વાઘોડિયામાં ૪૦૮ મિમી, ડભોઈમાં ૬૬૨ મિમી, પાદરામાં ૫૯૫ મિમી, કરજણમાં ૫૭૮ મિમી, સિનોરમાં ૮૬૨ મિમી અને ડેસરમાં ૫૫૦ મિમી વરસાદ નોંધાયો છે. આમ, વડોદરા જિલ્લામાં આજે સરેરાશ ૨૭.૨૫ મિમી અને સિઝનનો કુલ ૫૮૦.૭૫ મિમી વરસાદ નોંધાયો છે.

### લોકોએ મેથીપાક ચખાડ્યો

## વડોદરામાં નશાની હાલતમાં કારચાલકે ત્રણ લોકોને અડફેટે લીધા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૪

વડોદરા શહેરમાં નશાની હાલતમાં પૂરપાટ ઝડપે કાર હંકારી રહેલા ચાલકે ત્રણ લોકોને અડફેટે લેતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બનાવને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા. ઉશ્કેરાયેલા લોકોએ કારચાલકને મેથીપાક ચખાડ્યો હતો.

મળતી માહિતી મુજબ રાજવી ટાવરથી તાંદલજા તરફ એક કાર પૂરપાટ ઝડપે જઈ રહી હતી. આ દરમિયાન કારચાલકે કાબૂ ગુમાવતા રસ્તા પર જઈ રહેલા ત્રણ લોકોને અડફેટે લીધા હતા.

કારની ટક્કરથી ત્રણ લોકો ઈજાગ્રસ્ત થતાં સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા. દરમિયાન કારચાલક વૈભવરાજસિંહ નરેન્દ્રસિંહ જાડેજા (ઉંમર .૨૬, રહે. શ્રીનાથ સાનિધ્ય, ન્યૂ અલકાપુરી, વડોદરા) નશાની હાલતમાં હોવાનું જણાતા લોકોમાં રોષ ફાટી નીકળ્યો હતો. લોકોએ કારચાલકને કારમાંથી બહાર કાઢી મેથીપાક ચખાડ્યો હતો. બનાવની જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. પોલીસે કારચાલકને કસ્ટડીમાં લઈ તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ દ્વારા કારચાલક નશાની હાલતમાં હતો કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા ત્રણેય લોકોને સારવાર માટે ખસેડવામાં આવ્યા હોવાની માહિતી સામે આવી છે.

આ બનાવને પગલે ફરી એકવાર નશાની હાલતમાં વાહન ચલાવવાના ગંભીર જોખમો સામે આવ્યા છે. પૂરપાટ ઝડપે અને નશાની હાલતમાં વાહન ચલાવવાથી નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂકાય છે.

## અંકલેશ્વરના કોસમડીમાં બંધ મકાનમાં રૂા.૫.૯૧ લાખના માલમતાની ચોરી

અંકલેશ્વર, તા.૧૪

અંકલેશ્વરના કોસમડીના મોરાફળિયામાં ઉમંગ લક્ષ્મી એપાર્ટમેન્ટમાં રહેતા અશ્વિન જગતાપ ગત તા.૧૧ સપ્ટેમ્બરના રોજ મકાનને તાળું મારી પત્નીને લેવા મહારાષ્ટ્ર ગયા હતા. દરમ્યાન તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવી તિજોરી તોડી તેમાંથી રોકડા રૂપિયા ૪ લાખ અને ૧.૯૧ લાખના સોનાના દાગીનાની ચોરી કરી ફરાર થઇ ગયા હતા, પાડોશીએ ચોરી અંગેની જાણ કરતા તેઓ દોડી આવ્યા હતા, ચોરી અંગે જીઆઈડીસી પોલીસે રોકડા રકમ અને સોનાના દાગીના મળી કુલ રૂપિયા ૫ લાખ ૯૧ હજારની ચોરીનો ગુનો નોંધી તસ્કરોનું પગેરૂં મેળવવાની કવાયત્ હાથ ધરી છે.

### પાંચમું સ્થાન મેળવી ભરૂચ જિલ્લાનું ગૌરવ વધાર્યું

## વિશ્વસ્તરીય બોડીબિલ્ડિંગ સ્પર્ધામાં પીરામણનો અમાન કાનુગા ઝળક્યો

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧૪

વર્લ્ડ નેચરલ બોડીબિલ્ડિંગ ફેડરેશન (WNBF) દ્વારા મુંબઈ ખાતે આયોજિત પ્રતિષ્ઠિત ‘ઇન્ટરનેશનલ બોડીબિલ્ડિંગ મેન જુનિયર ફિઝિક્સ કોમ્પિટિશન’માં અંકલેશ્વર તાલુકાના પીરામણ ગામના પ્રતિભાશાળી યુવાન અમાન કાનુગાએ ઝળહળતી સિદ્ધિ હાંસલ કરી છે. આ આંતરરાષ્ટ્રીય સ્તરની કસોટીમાં તેમણે દેશ-વિદેશના સ્પર્ધકો વચ્ચે ઉત્કૃષ્ટ પ્રદર્શન દાખવી સમગ્ર સ્પર્ધામાં પાંચમું સ્થાન પ્રાપ્ત કર્યું છે.કુદરતી ફિટનેસ અને સમર્પણના આધારે મેળવેલી આ સિદ્ધિ બદલ અમાન કાનુગાએ પોતાના ગામ પીરામણ, સમગ્ર અંકલેશ્વર તાલુકા તેમજ ભરૂચ જિલ્લાનું નામ આંતરરાષ્ટ્રીય મંચ પર રોશન કર્યું છે.



તેમની આ ગૌરવપૂર્ણ ઉપલબ્ધિ બદલ સમગ્ર પંથકમાં આનંદ અને ગર્વનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિક અગ્રણીઓ, પરિવારજનો અને રમતપ્રેમીઓ તરફથી અમાન કાનુગાને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે તેમજ તેમની આગામી રમત યાત્રા અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

### નેશનલ લોક અદાલત યોજાઈ

## વીરપુર કોર્ટમાં એક જ દિવસમાં ૧૫૫ સમાધાનપાત્ર કેસોનો નિકાલ

(સંવાદદાતા દ્વારા)

વીરપુર, તા.૧૪

મહીસાગર જિલ્લાના વીરપુર કોર્ટ પરિસરમાં તાલુકા કાનૂની સેવા સમિતિ, વીરપુર દ્વારા નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના આદેશ તેમજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન એમ. એન. ગડકરીના માર્ગદર્શન હેઠળ યોજાયેલી લોક અદાલતમાં મોટી સંખ્યામાં કેસોનો સમાધાનના માધ્યમથી નિકાલ કરવામાં આવ્યો હતો.

તાલુકા કાનૂની સેવા સમિતિ, વીરપુરના ચેરમેન એસ. એલ. રબારી અધ્યક્ષતામાં યોજાયેલી નેશનલ લોક અદાલતમાં વિવિધ પ્રકારના સમાધાનપાત્ર કેસોમાં બંને પક્ષકારોની પરસ્પર સંમતિથી કુલ ૧૫૫ કેસોનો એક જ દિવસમાં નિકાલ કરવામાં આવ્યો હતો.લોક અદાલતમાં ફોજદારી સમાધાનપાત્ર કેસો, ચેક રિટર્નના કેસો, બેંક રિકવરી તથા લોન વસૂલાતના પ્રિ-લિટિગેશન કેસો, દિવાની અને મહેસૂલી વિવાદો ઉપરાંત ભરણપોષણ તથા કૌટુંબિક વિવાદો સહિતના કેસોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે ચેરમેન એસ. એલ. રબારીએ જણાવ્યું હતું કે, લોક અદાલત “નહીં કોઈની હાર, નહીં કોઈની જીત”ના સિદ્ધાંત પર કાર્ય કરે છે. લોક અદાલતના માધ્યમથી પક્ષકારોના સમય અને નાણાંની બચત થાય છે તેમજ લાંબી કાનૂની પ્રક્રિયાથી રાહત મળવા સાથે પરસ્પર સંમતિથી વિવાદોનો સૌહાર્દપૂર્ણ ઉકેલ આવે છે.

## બાયડ નજીક SMCએ રૂા.૧૦.૫૮ લાખનો દારૂ ભરેલી કાર ઝડપી પાડી

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૧૪

SMCની ટીમે વાત્રક નજીક નાકાબંધી કરી ધનસુરા તરફથી આવતા વાહનોનું ચેકિંગ હાથ ધર્યું હતું બાતમી મુજબ એક્સયુવી ગાડી આવતા SMCએ ખાનગી ગાડીથી આડાશ ઊભી કરતા બુટલેગર ગાડી યુ ટર્ન મારી હંકારવા જતા પાછળથી ગાડી મારફતે બ્લોક કરતા ગાડી રોડ પર ઊભી રાખતા અનંત અશોક પટેલ (રહે, મોટી કોટડી-ગોધરા) નામનો ખેપિયો ડ્રાઈવર ઝડપાઈ ગયો હતો તેની સાથે રહેલ અન્ય શખ્સ અંધારામાં ફરાર થઈ ગયો હતો દારૂ ભરેલી ગાડીનું ઈનોવામાં પેટ્રોલિંગ કરનાર અમદાવાદનો અભેસિંગ જાડેજા અને તેના સાગરીતો ગાડી પકડાઈ જતા ફરાર થઈ ગયા હતા પોલીસે ગાડીની અંદર સંતાડેલ રૂા.૧૦.૫૮ લાખનો વિદેશી દારૂ, મોબાઈલ અને ગાડી મળી રૂા.૨૦.૬૯ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

SMCના સમીર ઈકબાલ ખાન નામના પોલીસકર્મીએ બાયડ પોલીસ સ્ટેશનમાં ૧) અનંત અશોક પટેલ, ૨) ગાડીમાં બેઠેલો અજાણ્યો શખ્સ, ૩) અમદાવાદના અભેસિંગ જાડેજા, ૪) રાજસ્થાન ખજૂરીના ઠેકાવાળો પંડિતજી, ૫) ખેડા ચકલાસીનો અજાણ્યો બુટલેગર સહિત દારૂની હેરાફેરીમાં સંડોવાયેલ અજાણ્યા શખ્સો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પહાજ હત્યા કેસમાં પોલીસે આરોપીને સાથે રાખી ઘટનાસ્થળે રિ-કન્સ્ટ્રક્શન કર્યું

(સંવાદદાતા દ્વારા)

વાગરા, તા.૧૪

વાગરાના પહાજ ગામે થયેલ હત્યા કેસમાં આસિફ મહંમદ પટેલને ઘટનાસ્થળે લઈ જઈ પોલીસ દ્વારા રિ-કન્સ્ટ્રક્શન કરાયું હતું. આ તબક્કે કાછિયા ફળિયામાં ગ્રામજનોના ટોળે ટોળા ઊમટી પડ્યા હતા. વાગરા તાલુકાના પહાજ ગામે બનેલા ચકચારી વસીમશા ઈકબાલશા દીવાન હત્યા કેસમાં વાગરા પોલીસે તપાસની ગતિ તેજ કરી છે. કેસના મુખ્ય આરોપી આસિફ મહંમદ પટેલને પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત સાથે પહાજ ગામના કાછિયા ફળિયા ખાતે ઘટનાસ્થળે લઈ જઈ ક્રાઈમ સીનનું રિ-કન્સ્ટ્રક્શન કરાવવામાં આવ્યું હતું. પ્રાપ્ત વિગતો મુજબ રાત્રિના સમયે બનેલી હત્યાની ઘટનામાં આરોપીએ કથિત રીતે બનાવને કેવી રીતે અંજામ આપ્યો હતો તેની સમગ્ર ઘટનાક્રમની કડીઓ પોલીસ સમક્ષ રજૂ કરાવવામાં આવી હતી. રિ-કન્સ્ટ્રક્શન દરમિયાન પોલીસ દ્વારા ઘટનાસ્થળની સ્થિતિ, બનાવની સંભવિત પ્રક્રિયા તેમજ ગુનાને લગતી મહત્ત્વની કડીઓ અંગે ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન કાછિયા ફળિયામાં રિ-કન્સ્ટ્રક્શન જોવા માટે ગ્રામજનોના ટોળે ટોળા ઊમટી પડ્યા હતા. ચકચારી હત્યા કેસને લઈને સ્થાનિકોમાં ભારે કુતૂહલ સાથે રોષનો માહોલ પણ જોવા મળ્યો હતો. વાગરા પોલીસે સમગ્ર મામલે વધુ પુરાવા એકત્ર કરવા તેમજ હત્યા કેસની તપાસને મજબૂત બનાવવા માટે કાયદેસરની કાર્યવાહી આગળ ધપાવી છે.

### ખેડૂતોમાં આનંદની લાગણી

## પાલેજ પંથકમાં મનમૂકીને વરસ્યો વરસાદ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

(સંવાદદાતા દ્વારા)

પાલેજ, તા.૧૪

ભરૂચ જિલ્લામાં પાલેજ સહિત સમગ્ર પંથકમાં સોમવારે વહેલી સવારથી જ ભારે વરસાદ વરસવાનો શરૂ થયો હતો. ખેતીલાયક વરસાદ થતાં ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

સેગવા ગામમાંથી પસાર થતી ભૂખી ખાડીમાં વરસાદી પાણીનો પ્રવાહ વધતાં ખાડી છલકાઈ રહી છે. ઉપરાંત પંથકના તળાવો અને જળાશયોમાં નવા નીર આવતા ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી પાણીનો નજારો જોવા લોકો એકત્રિત થતા જોવા મળ્યા હતા. નીચાણવાળા વિસ્તારો તથા ખેતરોમાં પણ વરસાદી પાણી ભરાઈ જતાં ચોમાસું ફરી સક્રિય થયું હોવાનું જણાઈ રહ્યું છે.

ભારે વરસાદથી કપાસ સહિતના રોકડિયા પાકો તેમજ વાડીઓમાં ભારે ખર્ચે ઉછેરવામાં આવેલી વેલાવાળી શાકભાજીના પાકને જીવતદાન મળ્યું છે. આગામી દિવસોમાં નજીકના ગામડાઓમાંથી શાકભાજીની આવક વધવાની શક્યતા છે. હાલમાં પણ નજીકના ગામોના ખેડૂતો ચોરી, રીંગણા અને કાકડી સહિતની શાકભાજી બજારમાં વેચાણ માટે લાવી રહ્યા છે.

### વાઈસ ચેરમેન તરીકે અનિલ પટેલની વરણી કરાઈ

# હાંસોટની પંડવાઈ સુગર ફેક્ટરીના ચેરમેન તરીકે ૧૧મી વખત મંત્રી ઈશ્વરસિંહ પટેલની સર્વાનુમતે વરણી

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧૪

હાંસોટની પંડવાઈ સુગર ફેક્ટરીના ચેરમેન તરીકે સતત ૧૧ મી વખત રાજ્યના જળ સંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલની વરણી કરવામાં આવી છે તો વાઈસ ચેરમેન તરીકે અનિલ પટેલની ફરી વરણી કરાઈ છે.

હાંસોટની પંડવાઈ સુગર ફેક્ટરીની ચૂંટણીમાં રાજ્યના જળસંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલની સહકાર પેનલે તમામ ૧૬ બેઠકો પર વિજય મેળવ્યો હતો. ત્યારબાદ યોજાયેલી હોદ્દેદારોની ચૂંટણીમાં ઈશ્વરસિંહ પટેલની સતત ૧૧મી વખત ચેરમેન તરીકે વરણી કરવામાં આવી છે. વાઈસ ચેરમેન તરીકે અનિલ પટેલની પણ બિનહરીફ વરણી થઈ છે. પ્રાંત અધિકારી રવિરાજ પરમારની અધ્યક્ષતામાં ચૂંટણી પ્રક્રિયા યોજાઈ હતી. ચૂંટણીમાં સહકાર પેનલનો દબદબો જોવા મળ્યો હતો. તમામ ૧૬ બેઠકો પર વિજય મેળવ્યા બાદ ચેરમેન અને વાઈસ ચેરમેનની પસંદગી કરવામાં આવી હતી. આ પ્રસંગે સભાસદો


(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

અને ખડૂતો અને શુભેચ્છકો દ્વારા રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલ અને વાઈસ ચેરમેન અનિલ પટેલને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ચેરમેન તરીકેની વરણી બાદ ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે આગામી સમયમાં ખેડૂતોને સારા ભાવ આપવા સાથે ચોખા અને મકાઈમાંથી ઈથેનોલ પ્લાન્ટ કાર્યરત કરવાનું લક્ષ્યાંક છે. સુગર ફેક્ટરીના વિકાસ અને ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખીને આગામી સમયમાં કામગીરી કરવામાં આવશે.

# પીએમ શ્રી શાળા નં.૬ અંજારના શિક્ષક તરૂણકુમારને એવોર્ડ અર્પણ

(સંવાદદાતા દ્વારા) અંજાર, તા.૧૪

ભારતીય માનવ સમાજ સેવક સંસ્થા, ઓલઈન્ડિયા દ્વારા પીએમ શ્રી અંજાર નગરપાલિકા પ્રાથમિક શાળા નં. ૬માં ગણિત - વિજ્ઞાન વિષયના મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવતા તરૂણકુમાર પિતામ્બરદાસ શાહને ‘ગુરૂજી એક્સેલન્સી એવોર્ડ’ માટે સમગ્ર ભારત ભરમાંથી આવેલ કુલ ૪૧૩ અરજીઓમાંથી પસંદગી પ્રક્રિયામાં પસંદ કરી આપની સામાજિક સેવા પહેલને બિરદાવતા શિક્ષણ ક્ષેત્રે વર્ષ ૨૦૧૧થી ફરજ બજાવતા તેમને કરેલ કાર્ય વિવિધ નવતર પ્રયોગો દ્વારા વિદ્યાર્થી જીવન ઘડતર અને દીર્ઘકાલીન મૂલ્યલક્ષી શિક્ષણઅંતર્ગત ઈનોવેશન જેવા કે, પ્રવૃતિઓ અને ટેક્નોલોજીના માધ્યમથી ગણિત-વિજ્ઞાન શિક્ષણ, ટેક્નોલોજીના માધ્યમથી શિક્ષણ, સર્વ શિક્ષણ માટે મૂલ્ય શિક્ષણ, વનસ્પતિ અને પ્રાણીઓનું સંરક્ષણ, વનસ્પતઓના વિવિધ ભાગોનો રોજિંદા જીવનમાં ઔષધિય ઉપયોગ, ફ્લોચાર્ટ અને ડાયાગ્રામ દ્વારા વિજ્ઞાન વગેર કચ્છ જિલ્લા કક્ષાના એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલમાં રજૂ કરેલ છે. બાળકોમાં ગણિત અને વિજ્ઞાન


(તસવીર : દિનેશ દૈયા, અંજાર)

વિષયમાં રસ રૂચિ વધે તે માટે ગણિત-વિજ્ઞાન કોયડા સ્પર્ધા, રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી, રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણી, રાષ્ટ્રીય પર્વની ઉજવણી, સ્વચ્છતા પખવાડિયા ઉજવણી, ઊર્જા બચત જેવી ઉજવણી થકી બાળકોમાં અને લોકોમાં જન જાગૃતિ ફેલાવી છે. ભૂજોડી, ભૂજ, કચ્છ મધ્યે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં ‘સ્વયંસિદ્ધા’ સ્વયંથી યશ તરફની યાત્રા અંતર્ગત ‘ગુરૂજી’ શિક્ષક શ્રેષ્ઠતા પરિતોષિક ભારતીય માનવ સમાજ સેવક સંસ્થાના રાષ્ટ્રીય ઉપપ્રમુખ ડૉ. મમતા ભટ્ટ, કચ્છજિલ્લા પ્રમુખ ડૉ. રૂપાલી મોરબિયા, કચ્છ જિલ્લા મહા મંત્રી અર્ચના ગાંધી અને સમગ્ર ટીમ તથા મનીષભાઈ શાહ, કચ્છ જિલ્લા પૂર્વ પ્રમુખ બેન પારૂલબેન કારા, વેલજીભાઈ મહેતા, કચ્છ જિલ્લા ઈન્ચાર્જ શિક્ષણાધિકારી પૃથ્વીરાજસિંહ ઝાલા, કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મહેશદાનભાઈ ગઢવી અને કચ્છ જિલ્લા શિક્ષક સમાજના પ્રમુખ નયનસિહ જાડેજાના હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો. સમગ્ર શાળા પરિવાર અને શિક્ષક સમાજ, શૈક્ષિક મહાસંઘ વતી શુભકામનાઓ સાથે અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### બાયપાસ રોડનું કામ બંધ નહીં થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી

## પાલનપુરના જગાણા-ખેમાણા રોડ રોકવા કલેક્ટર કચેરીએ ઊમટ્યા ખેડૂતો

(સંવાદદાતા દ્વારા)

પાલનપુર, તા.૧૪

પાલનપુર તાલુકાના જગાણા-ખેમાણા વચ્ચે બનનારા નવા બાયપાસ રોડને લઈને ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. બાયપાસના વિરોધમાં આસપાસના ગામોના મોટી સંખ્યામાં ખેડૂતો પાલનપુર જિલ્લા કલેક્ટર કચેરીએ ધસી આવ્યા હતા અને રોડનું કામ તાત્કાલિક બંધ કરવાની ઉગ્ર માંગ સાથે કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.


(તસવીર :- અપ્સર ચૌહાણ, પાલનપુર)

ખેડૂતોનો આક્ષેપ છે કે બાયપાસ રોડ બનવાથી નાના અને સીમાંત ખેડૂતોની કિંમતી ખેતીની જમીન રસ્તામાં આવી જશે. જમીન ગુમાવવાના કારણે અનેક પરિવારોની રોજીરોટી પર સીધી અસર થશે અને ખેડૂતો ખેતીવિહોણા બનવાની ભીતિ વ્યક્ત કરી રહ્યા છે.

કમાલપુરા, વગદા, ફતેપુર, મેરવાડા, ભાગળ, ધનિયાણા અને સદરપુર સહિતના ગામોના ખેડૂતો એકસાથે કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. ખેડૂતોનું સ્પષ્ટ કહેવું છે કે જમીન બચાવો, ખેડૂતો બચાવો અને જ્યાં સુધી તેમની રજૂઆતનો યોગ્ય ઉકેલ નહીં આવે ત્યાં સુધી બાયપાસનું કામ આગળ ન વધારવામાં આવે.ખેડૂતોએ વહીવટીતંત્રને ચીમકી પણ આપી છે કે જો બાયપાસનું કામ બંધ કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન અને મોટાપાયે વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. હવે ખેડૂતોના આ વિરોધ વચ્ચે તંત્ર શું નિર્ણય લે છે અને બાયપાસનું કામ અટકશે કે આગળ વધશે, તેના પર સૌની નજર છે.

# વડોદરાના કપુરાઈ બ્રિજ પાસે થારની અડફેટે યુવકનું કરૂણ મોત

### અન્ય એક બનાવમાં કન્ટેનરની ટક્કરે પ્રેશર પાઈપ ચેક કરતા ક્લીનરનું મોત

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૪

કપુરાઈ બ્રિજ પાસે પૂરપાટઝડપે જતી મહારાષ્ટ્ર પાસિંગની એક થાર ગાડીએ રોડ ક્રોસ કરતા યુવાનને અડફેટમાં લેતા તેનું સ્થળ પર જ કમકમાટીભર્યું મોત નિપજ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ભાવેશ સુખરામ રાઠવા (ઉં.વ.૩૧) વડોદરામાં રહીને ડ્રાઈવિંગનું કામ કરતો હતો. કપુરાઈ બ્રિજ પાસે તે ચાલતા રોડ ક્રોસ કરતો હતો ત્યારે પૂરપાટઝડપે આવતી એક થાર ગાડીએ ભાવેશને જોરદાર ટક્કર મારતા તે રોડ પર ફંગોળાયો હતો. તેને સારવાર મળે તે પહેલાં જ તેનું મોત નિપજ્યું હતું. આ અંગે કપુરાઈ પોલીસે થારના ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.અકસ્માતના અન્ય બનાવમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર વડોદરા નજીક ભાયલી પાસે આજે સવારે એક ટ્રેલરની પ્રેશર પાઈપ ખરાબ થતા ચાલક ખુમાનસિંહ છોગસિંહ રાવતે ટ્રેલર સાઈટ પર પાર્કિંગમાં ઊભું રાખ્યું હતું. બાદમાં ક્લિનર સુરજકુમાર નારાયણલાલ ભાટ (રહે.શેખાવાસ ગામ, તા.ભીમ, જિલ્લો રાજસમલ, રાજસ્થાન) ટ્રેલરમાંથી નીચે ઉતરી પ્રેશર પાઈપ ચેક કરતો હતો ત્યારે પાછળથી પૂરપાટઝડપે આવતા પંજાબ પાસિંગના એક કન્ટેનરે સુરજકુમારને અડફેટમાં લેતા તેનું કરૂણ મોત નિપજ્યું હતું. તાલુકા પોલીસે આ અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વસ્ત્રાલમાં મિલકતનો વિવાદ લોહિયાળ બનતા રિટા. આર્મીમેનને જાંઘમાં ગોળી મારી દીધી !

# અમદાવાદમાં મિલકતના ઝઘડામાં BSFના જવાને કર્યુ ફાયરિંગ : પિતરાઈ ભાઈ ઘાયલ

## સમાધાન માટે ભેગા થયેલા વચ્ચે ઝઘડો ઉગ્ર બન્યો : પોલીસ કાફલો દોડી આવ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૪

વસ્ત્રાલમાં તક્ષશીલા ચાર રસ્તા પાસે મકાનની વહેંચણીના વિવાદ માટે રિટાયર્ડ આર્મીમેન તેનો BSFમાં ફરજ બજાવતો ભાઈ અને અન્ય એક ભાઈ સમાધાન માટે ભેગા થયા હતા. જ્યાં ત્રણેય વચ્ચે ઝઘડો થતાં BSF જવાને હથિયાર કાઢીને પિતરાઈ ભાઈની જાંઘમાં ગોળી મારી દીધી હતી. ઘટનાને લઈને JCP સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને બે આરોપીની અટકાયત કરી લીધી છે. આ અંગે રામોલ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

તક્ષશીલા ક્રોસ રોડ પાસે બપોરે આશરે ૧ વાગ્યાની આસપાસ મકાનના આંતરિક વિવાદમાં સમાધાન કરવા ભેગા થયેલા ભાઈઓ વચ્ચે ઉગ્ર તકરાર થઈ હતી. જેમાં સીમા સુરક્ષા દળ (BSF)માં ફરજ બજાવતા પ્રમોદ રામ પ્રસાદ શિવ દયાલ પ્રજાપતિ (ઉં.વ. ૪૬)એ ઉશ્કેરાઈને પોતાના રિટાયર્ડ આર્મી જવાન પિતરાઈ ભાઈ રાજેશભાઈ હરિશંકરભાઈ પ્રજાપતિ (ઉં.વ. ૫૪) પર ફાયરિંગ કર્યું હતું. ગોળી રાજેશભાઈની જાંઘના ભાગે વાગતા તેઓ લોહી લુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા. બનાવની જાણ થતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ઈજાગ્રસ્તને સારવાર અર્થે ખસેડી, ફાયરિંગ કરનાર આરોપીને હથિયાર સાથે તેમજ બેઠકમાં હાજર અન્ય લોકોને રાઉન્ડઅપ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદમાં સગીર-સગીરાની પ્રેમ-કહાનીનો કરૂણ અંજામ !

# સરખેજમાં ૧૭ વર્ષીય વિદ્યાર્થિનીને પ્રેમીની માતાએ લટકી જવાનું કહેતા ગળેફાંસો ખાઈ લટકી ગઈ !

## "સાચો પ્રેમ કરતી હોય તો લટકી જવાય" જેવા શબ્દોથી હતાશ થઈ કર્યો આપઘાત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૫

અમદાવાદ શહેરના સરખેજ વિસ્તારમાં ધોરણ-૧૨ કોમર્સમાં અભ્યાસ કરતી ૧૭ વર્ષીય સગીરાએ ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લેતાં ભારે ચકચાર મચી ગઈ છે. સગીરાને તેની સાથે જ ભણતા સગીર વયના સહાધ્યાયી સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. આ પ્રેમસંબંધથી નારાજ સગીરની માતાએ સગીરાના ઘરે પહોંચી ભારે હોબાળો મચાવી 'જો સાચો પ્રેમ કરતી હોય તો લટકી જા' કહી માનસિક ત્રાસ ગુજાર્યો હતો. આ સમગ્ર ઘટનાક્રમના ઓડિયો અને સીસીટીવી ફૂટેજ સામે આવ્યા બાદ સરખેજ પોલીસે સગીરની માતા વિરૂદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર, મૃતક સગીરા ધોરણ-૧૨ કોમર્સની વિદ્યાર્થિની હતી અને તેની સાથે અભ્યાસ કરતા સગીર સાથે તેનો પ્રેમસંબંધ હતો. અગાઉ બંને વચ્ચેના મોબાઈલ મેસેજ સગીરાની માતાના ધ્યાને આવતાં સગીરાના માતા-પિતાએ સગીરના ઘરે જઈ બંનેને કારકિર્દી અને અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા સમજાવ્યા હતા તેમ છતાં બંને સ્કૂલના મેદાનમાં સાથે બેઠેલા જોવા મળતાં આચાર્યએ બંને પરિવારોને શાળાએ બોલાવી આ અંગે જાણ કરી હતી.

બંને વચ્ચે સંબંધો યથાવત્ રહેતાં સગીરની માતા નેહા ઉશ્કેરાઈને સગીરાના ઘરે પહોંચી ગઈ હતી. નેહાએ સગીરાને માનસિક રીતે તોડી પાડતાં આકરા શબ્દોમાં કહ્યું હતું કે, 'દવા પડી હોય તો પીને મરી જવાય, કોઈ ઘરે ન હોય ત્યારે લટકી જવાય. જો માં-બાપની આબરૂ રાખવી હોય અને સાચો પ્રેમ કરતી હોય તો લટકી જા, હું બેઠી છું ! તારા મા-બાપને હું જોઈ લઈશ અને કહીશ કે, મેં તારા ઘરે આવીને તને લટકાવી છે.' એટલું જ નહીં, આબરૂના નામે હલકી કક્ષાના મેણાં-ટોણાં મારી 'ધાબા પરથી નીચે ફેંકી દઉં તોય કોઈ ફેર ન પડે' કહી સાંજે ફરી આવી ધમકી આપવાની વાત કરી હતી. દરમિયાન પ્રેમીની માતા દ્વારા જાહેરમાં કરાયેલા આ અપમાન અને મરી જવા માટે વારંવાર અપાયેલા ઉશ્કેરણીજનક દબાણથી હતાશ થઈને સગીરાએ આખરે ઘરમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઘટના બાદ પરિવારજનોએ આ સમગ્ર વાતચીતના ઓડિયો રેકોર્ડિંગ અને સીસીટીવી ફૂટેજ પોલીસ સમક્ષ રજૂ કર્યા હતા. જેના આધારે સરખેજ પોલીસે સગીરની માતા નેહા સામે આપઘાત માટે મજબૂર કરવાનો ગુનો દાખલ કરી આગળની કાનૂની કાર્યવાહી તેજ કરી છે. આ પ્રકારના સગીરાના આપઘાતના બનાવ અને પ્રેમ-પ્રકરણના કરૂણ અંજામને લઈ આસપાસના વિસ્તારમાં ચકચાર મચી જવા સાથે ચર્ચા પણ વ્યાપક બની છે.

પાટણના ઐતિહાસિક દરગાહ વિવાદમાં ગુજરાત હાઈકોર્ટનો મોટો ચુકાદો

# અનાવાડામાં 'મૌલાના યાકુબ સાહેબ દરગાહ અને દાઉદી વહોરા કબ્રસ્તાન' તરીકે માન્ય

## ગુજરાત વકફ ટ્રિબ્યુનલ અને વકફ બોર્ડના આદેશોને યોગ્ય ઠેરવી અપીલ ફગાવાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૪

પાટણના અનાવાડા ગામ સ્થિત ઐતિહાસિક દરગાહ, મસ્જિદ અને કબ્રસ્તાનની કરોડોની જમીન, વહીવટ અને નામકરણના વિવાદમાં ગુજરાત હાઈકોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ આદેશ આપ્યો છે. જસ્ટિસ જે. સી. દોશીની સિંગલ બેંચે વકફ ટ્રિબ્યુનલ અને ગુજરાત રાજ્ય વકફ બોર્ડના આદેશોને યોગ્ય ઠેરવતા અપીલને ફગાવી દીધી છે. આ નિર્ણયથી આ પવિત્ર સ્થળનું નામ 'મૌલાના યાકૂબ સાહેબ દરગાહ અને દાઉદી વહોરા કબ્રસ્તાન' તરીકે માન્ય રાખવામાં આવ્યું છે અને દાઉદી વહોરા સમાજના ૫૩મા દાઈ-ઉલ-મુતલક હિઝ હોલીનેસ સૈયદના મુફદ્દલ સૈફુદ્દીનને આ સંસ્થાના એકમાત્ર ટ્રસ્ટી તરીકે સંપૂર્ણ સંચાલન સોંપવાના વકફ બોર્ડના નિર્ણય પર આખરી મહોર મારી દેવામાં આવી છે.

અનાવાડા ગામના સર્વે નંબર ૯૩૫માં આવેલી આશરે ૧ એકર અને ૨૧ ગુંઠા જમીનમાં ફેલાયેલી આ મિલકત અંગે દાયકાઓથી કાનૂની જંગ ખેલાઈ રહ્યો હતો. અપીલકર્તા ફારૂકી પરિવારે એવો દાવો કર્યો હતો કે આ દરગાહ ૧૪મી સદીની સુન્ની-હનફી-બરેલવી સંપ્રદાયની 'મૌલાના મહેબૂબ દરગાહ મસ્જિદ અને કબ્રસ્તાન' છે અને તેમના પૂર્વજો પેઢી દર પેઢી તેના મુજાવર તથા મુતવલ્લી તરીકે વહીવટ કરતા આવ્યા છે. વર્ષ ૧૯૫૩માં મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ એક્ટ હેઠળ આ જ નામે આ સંસ્થાની નોંધણી પણ કરાવવામાં આવી હતી. બીજી તરફ દાઉદી વહોરા સમાજ તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે આ જગ્યા દાઉદી વહોરા સમાજની છે અને આઝાદી પહેલાના ૧૯૧૬-૧૭ના ગાયકવાડ સરકારના મહેસૂલી રેકોર્ડ તેમજ 'પડાણી પત્રક'માં પણ આ મિલકત સ્પષ્ટપણે 'મૌલાના યાકૂબ સાહેબ દરગાહ અને દાઉદી વહોરા કબ્રસ્તાન' તરીકે જ નોંધાયેલી હતી. ૧૯૫૩ની ટ્રસ્ટ નોંધણી વખતે અપીલકર્તાઓના પૂર્વજ નાનીબીએ વહોરા સમાજની આ ઐતિહાસિક ઓળખ છૂપાવીને માત્ર 'મુજાવર' એટલે કે સંભાળ રાખનાર સેવાભાવી તરીકે નામ નોંધાવ્યું હતું, જે તેમને વહીવટનો કે ટ્રસ્ટીપણાનો કોઈ વંશાનુગત હક્ક આપતું નથી.

લાંબી કાનૂની પ્રક્રિયા અને ભૂતકાળમાં વિવિધ આદેશો બાદ વકફ બોર્ડે ૨૪ એપ્રિલ ૨૦૨૫ના રોજ ઠરાવ ક્રમાંક ૧૧-એ અને ૩૦ એપ્રિલ ૨૦૨૫ના રોજ સીઈઓ દ્વારા સકારણ આદેશ કરીને વકફ રજિસ્ટરમાં સુધારો કર્યો હતો. ત્યારબાદ અપીલકર્તાઓએ વકફ ટ્રિબ્યુનલમાં અપીલ દાખલ કરી હતી, જેને ટ્રિબ્યુનલે ૯ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ફગાવી દઈને વકફ બોર્ડના નિર્ણયને માન્ય રાખ્યો હતો. ટ્રિબ્યુનલ અને બોર્ડના આ ચુકાદાને અપીલકર્તાઓએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો, જ્યાં તેમણે કોરમની ખામી, ૧૯૯૧ના પ્લેસીસ ઓફ વર્શિપ એક્ટના ભંગ અને જૂની નોંધણી બદલવાના અધિકારક્ષેત્ર અંગે દલીલો કરી હતી. ગુજરાત હાઈકોર્ટે તમામ દલીલો, ઐતિહાસિક દસ્તાવેજો અને કાયદાકીય જોગવાઈઓની ગહન સમીક્ષા કરતા ઠેરવ્યું કે વકફ એક્ટની કલમ ૪૦ અને ૪૧ હેઠળ વકફ બોર્ડને રજિસ્ટરમાં રહેલી ઐતિહાસિક ભૂલો અને ગેરરજૂઆતો સુધારવાની સંપૂર્ણ સત્તા છે. કોર્ટે વકફ બોર્ડ અને ટ્રિબ્યુનલના આદેશને માન્ય રાખ્યો હતો કે, આઝાદી પહેલાના સરકારી રેકોર્ડમાં પણ આ દરગાહ દાઉદી વહોરા સમાજના સંત મૌલાના યાકૂબ સાથે જોડાયેલી હોવાના સ્પષ્ટ પુરાવા છે. સેવાપૂજા કરનાર કે દેખરેખ રાખનાર 'મુજાવર' માત્ર એક સેવક ગણાય છે અને તેને વકફ મિલકત પર કાયમી માલિકી કે વંશાનુગત મુતવલ્લીપણાનો અધિકાર મળતો નથી. વકફ બોર્ડ અને ટ્રિબ્યુનલે પુરાવાઓનું યોગ્ય મૂલ્યાંકન કરીને કાયદાનુસાર નિર્ણય લીધો હોવાથી હાઈકોર્ટે તેમાં હસ્તક્ષેપ કરવાનો ઈન્કાર કર્યો છે અને વહોરા સમાજ તથા સૈયદના ટ્રસ્ટની તરફેણમાં આપેલા તમામ આદેશો બહાલ રાખ્યા છે.

# ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે જસ્ટિસ માનસ રંજન પાઠકે શપથગ્રહણ કર્યા

## મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલે હાઈકોર્ટના નવા જસ્ટિસને શપથ લેવડાવ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૪

ગુજરાત હાઈકોર્ટ ખાતે નવા વરાયેલ ન્યાયાધીશ માનસ રંજન પાઠકનો શપથગ્રહણ સમારંભ આજે યોજાયો હતો. જેમાં ગુજરાત હાઈકોર્ટનાં મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલે જસ્ટિસ માનસ રંજન પાઠકને ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ પદના શપથ લેવડાવ્યા હતા.



ભારતના રાષ્ટ્રપતિ દ્વારા ઓડિશા હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ માનસ રંજન પાઠકની ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે બદલી કરવામાં આવી છે. જેને પગલે આજે તેઓ હાઈકોર્ટ ખાતે શપથગ્રહણ કરવા આવી પહોંચ્યા હતા.

આ શપથગ્રહણ સમારંભમાં ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશો, એડવોકેટ જનરલ કમલભાઈ ત્રિવેદી સહિત વરિષ્ઠ વકીલો તથા હાઈકોર્ટના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શેલામાં એકલવ્ય સ્કૂલની બસ પાણીમાં બંધ પડતા વિદ્યાર્થીઓમાં ગભરાટ ફેલાયો

## સ્કૂલ સંચાલકોએ બીજી બસ મોકલી તમામ બાળકોને સહીસલામત ઘરે મોકલ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૪

અમદાવાદ શહેરમાં સોમવારના રોજ મેઘરાજાએ ધોધમાર બેટિંગ કરી હતી. શહેરના પશ્ચિમ વિસ્તારમાં શેલા વિસ્તારમાં પણ ભારે વરસાદને પગલે ઠેર-ઠેર પાણી ભરાઈ જવાના દશ્યો સામે આવ્યા હતા. આ જળબંબાકાર વચ્ચે એકલવ્ય સ્કૂલના વિદ્યાર્થીઓ લઈને જતી બસ પાણીમાં ફસાતાં મોટી આફત સર્જાતા રહી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, વરસાદ દરમિયાન એકલવ્ય સ્કૂલની બસ વિદ્યાર્થીઓને મૂકવા જઈ રહી હતી ત્યારે શેલા વિસ્તારમાં ભરાયેલા ઊંડા વરસાદી પાણીમાંથી પસાર થતી વખતે અચાનક બંધ પડી ગઈ હતી. બસમાં આશરે ૨૦ જેટલા માસૂમ વિદ્યાર્થીઓ સવાર હતા. રસ્તા પર ચો તરફ ભરાયેલા પાણી અને વચોવચ બંધ પડેલી બસના કારણે બાળકો ભારે ગભરાઈ ગયા હતા અને ઘડીભર માટે વિદ્યાર્થીઓ સહિત તેમના વાલીઓના જીવ પણ તાળવે ચોંટી ગયા હતા. ઘટનાની ગંભીરતાને જોઈને બસના ડ્રાઈવર અને સ્ટાફે બિલકુલ સમય ગુમાવ્યા વગર તાત્કાલિક સ્કૂલ મેનેજમેન્ટને આ અંગે જાણ કરી હતી. સ્કૂલ પ્રશાસને પણ પરિસ્થિતિની ગંભીરતા સમજીને તુરંત જ એક અન્ય બસ ઘટનાસ્થળે રવાના કરી હતી. બીજી બસ સ્થળ પર પહોંચતા જ વોટરલોગિંગ વચ્ચે બંધ પડેલી બસમાંથી તમામ ૨૦ બાળકોને સુરક્ષિત રીતે બીજી બસમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તમામ વિદ્યાર્થીઓને સહીસલામત તેમના ઘરે પહોંચાડવામાં આવ્યા હતા. શાળા તંત્રની આ સમયસૂચકતા અને ઝડપી કામગીરીના કારણે એક મોટી દુર્ઘટના ટળી હતી.

# અમદાવાદમાં ભારે વરસાદના પગલે સવાર પાળીની સ્કૂલો વહેલી છોડી દેવાઈ

## બપોર પાળીની મોટાભાગની સ્કૂલોમાં રજા આપી દેવાઈ; સુરક્ષાને ધ્યાને રાખી નિર્ણય

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૪

અમદાવાદ શહેરમાં સોમવારના રોજ સવારથી જ મેઘરાજાએ રમઝટ બોલાવી હતી. સવારથી શરૂ થયેલા ભારે અને અવિરત વરસાદના કારણે શહેરમાં પાણી ભરાઈ ગયા હતા. સોમવારે સવારે ભારે વરસાદની સ્થિતિ વચ્ચે બાળકો સ્કૂલે તો પહોંચી ગયા હતા, પરંતુ રસ્તાઓ પર ભરાયેલા વરસાદી પાણીના કારણે છૂટવાના સમયે બાળકોને ઘરે પહોંચવામાં ભારે મુશ્કેલી પડે તેમ હોવાનું જણાતા શહેરની મોટાભાગની સ્કૂલોએ વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાને રાખી સ્કૂલો વહેલી છોડી મૂકવાનો નિર્ણય લીધો હતો.

સવારની પાળીની સ્કૂલો શરૂ થયા બાદ અચાનક વરસાદનું જોર વધતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. જેને પગલે શાળા મેનેજમેન્ટ દ્વારા તાત્કાલિક ધોરણે વાલીઓને મેસેજ અને કોલ મારફતે જાણ કરવામાં આવી હતી. સ્કૂલો તરફથી વાલીઓને વિનંતી કરવામાં આવી હતી કે તેઓ પોતાના સંતાનોને સ્કૂલેથી વહેલા અને સુરક્ષિત રીતે ઘરે લઈ જાય. વાલીઓ પણ મેસેજ મળતા જ કામકાજ છોડીને બાળકોને લેવા સ્કૂલે દોડી ગયા હતા, જેના કારણે શાળા પરિસરો બહાર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. આ ઉપરાંત, સતત વરસી રહેલા વરસાદ અને પાણી ભરાવાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બપોરની પાળીમાં ચાલતી મોટાભાગની સ્કૂલોએ અગાઉથી જ રજા જાહેર કરી દીધી હતી. વરસાદી આફતને પગલે અમદાવાદ શહેર પૂર્વ અને પશ્ચિમના જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ શહેરની તમામ સ્કૂલોને ખાસ મેસેજ મોકલીને પરિસ્થિતિ મુજબ નિર્ણય લેવાની છૂટ આપી હતી. જિલ્લા શિક્ષણાધિકારીએ મેસેજમાં જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરમાં હાલ ભારે વરસાદની પરિસ્થિતિ તેમજ વિવિધ વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિને ધ્યાનમાં રાખી, વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શાળાના સ્ટાફની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી. દરેક શાળાએ પોતાના વિસ્તારની સ્થાનિક વરસાદી પરિસ્થિતિ, રસ્તાઓની સ્થિતિ, પાણી ભરાવાની સ્થિતિ તથા વિદ્યાર્થીઓને શાળાએ આવવા-જવા દરમિયાન ઊભા થઈ શકે તેવા જોખમનું સ્થાનિક સ્તરે મૂલ્યાંકન કરી, પોતાના વિવેકબુદ્ધિ મુજબ શૈક્ષણિક કામગીરી ચાલુ રાખવા અથવા બંધ રાખવા અંગે યોગ્ય નિર્ણય લેવો.

યુવાનોને ફસાવતા સંગઠિત નેટવર્ક અંગે મુખ્યમંત્રીને રજૂઆત કરાઈ

# બોટાદમાં ઓનલાઈન ગેમિંગ અને તોડકાંડનો મુદ્દો ગાંધીનગર પહોંચ્યો

## નાની વયના યુવાનો ગેરમાર્ગે દોરાઈને નાણાં અને ભવિષ્ય બગાડી રહ્યાની રજૂઆત

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૪

બોટાદ શહેરમાં ચાલતા ઓનલાઈન ગેમિંગના કરોડો રૂપિયાના કારોબાર અને તેના આધારે આચરવામાં આવતા તોડકાંડનો મુદ્દો હવે રાજ્યના પાટનગર ગાંધીનગર સુધી પહોંચ્યો છે.

બોટાદના ધારાસભ્ય ઉમેશ મકવાણા દ્વારા આ સમગ્ર કૌભાંડ અંગે સીધી રાજ્યના મુખ્યમંત્રી સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી છે. બોટાદમાં ઓનલાઈન ગેમિંગનું મોટું કૌભાંડ ચાલી રહ્યું હોવાની ગંભીર ફરિયાદો બાદ રાજકીય અને સામાજિક સ્તરે ભારે ખળભળટ મચી ગયો છે.મુખ્યમંત્રીને કરાયેલી રજૂઆતમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે ૧૮થી ૨૦ વર્ષની નાની વયના યુવકોને ઓનલાઈન ગેમિંગની જાળમાં ફસાવતું એક ખૂબ જ મોટું અને સંગઠિત નેટવર્ક સક્રિય છે. આ ઓનલાઈન ગેમિંગના કારોબાર પાછળ વિદેશી સિન્ડિકેટની સંડોવણી હોવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. નાની વયના યુવાનો ગેરમાર્ગે દોરાઈને પોતાના નાણાં અને ભવિષ્ય બગાડી રહ્યા હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. આપના ધારાસભ્ય ઉમેશ મકવાણાએ આ સમગ્ર કૌભાંડ અને તોડકાંડની તટસ્થ તપાસ માટે ઉચ્ચ સ્તરીય તપાસની કડક માંગ કરી છે.

તેમણે આ કેસની તપાસ ભાવનગર રેન્જ આઈજી અથવા સીઆઈડી ક્રાઈમ જેવી સ્પેશિયલ એજન્સી દ્વારા કરાવવા અપીલ કરી છે, જેથી ગેમિંગ સિન્ડિકેટ અને તેની પાછળ રહેલા મુખ્ય સૂત્રધારો સુધી પહોંચીને કાયદેસરની આકરી કાર્યવાહી કરી શકાય.

વડોદરામાં તંત્રની ગુનાહિત બેદરકારીનો કિસ્સો સામે આવતા લોકોમાં રોષ

# તંત્રની બેદરકારીના પાપે દાદી-પૌત્રી ડ્રેનેજના વિશાળ ખાડામાં ખાબક્યાં !

## સ્થાનિકોએ દોડી આવી બચાવ કામગીરી કરતા બંનેનો જીવ બચ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૪

વડોદરામાં ફરી એકવાર તંત્રની બેદરકારીને કારણે લોકોના જીવ જોખમમાં મુકાય તેવી ઘટના સામે આવી છે. પાદરા-જાસપુર ચોકડી પાસે નવીન ડ્રેનેજ લાઈન નાખવા માટે ખોદવામાં આવેલા ખાડામાં દાદી અને પૌત્રી ખાબકી ગયા હતા. અચાનક બનેલી આ ઘટનાને કારણે આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જો કે, સદનસીબે સ્થાનિક લોકો સમયસર દોડી આવતા બંને મહિલાઓનો જીવ બચાવી લેવામાં આવ્યો હતો. સમગ્ર ઘટનાના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં તંત્ર દ્વારા ખોદવામાં આવેલા ખાડામાં મહિલા ખાબકતી હોવાની ઘટના કેદ થઈ છે.

મળતી માહિતી મુજબ, પાદરા-જાસપુર ચોકડી પાસે નવીન ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી માટે રસ્તા પાસે ખાડો ખોદવામાં આવ્યો હતો. પરંતુ ખાડો ખોદ્યા બાદ તેનું યોગ્ય રીતે પુરાણ કરવામાં આવ્યું ન હોવાનું સામે આવ્યું છે. તંત્ર દ્વારા ખાડાનું યોગ્ય પુરાણ ન કરવામાં આવતા આ સ્થળ લોકો માટે જોખમી બની ગયું હતું. રસ્તા પરથી પસાર થઈ રહેલી દાદી અને પૌત્રીને આ ખાડાનો અંદાજ ન આવતા બંને તેમાં ખાબકી ગયા હતા. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. CCTVમાં કેદ થયેલી સમગ્ર ઘટનામાં રસ્તા પર ચાલતી મહિલા અચાનક તંત્ર દ્વારા ખોદવામાં આવેલા ખાડામાં ખાબકતી જોવા મળે છે. દાદી અને પૌત્રી બંને ખાડામાં પડતાં આસપાસના લોકોમાં પણ ચિંતા ફેલાઈ હતી. જો કે, સ્થાનિકોએ સમય ગુમાવ્યા વગર બંનેને બહાર કાઢવા માટે પ્રયાસ શરૂ કર્યા હતા. સ્થાનિકોની સમયસરની સતર્કતાને કારણે બંને મહિલાઓનો જીવ બચી ગયો હતો. જો આસપાસના લોકો સમયસર મદદ માટે ન પહોંચ્યા હોત તો આ ઘટના વધુ ગંભીર બની શકતી હતી.

આ ઘટના બાદ તંત્રની કામગીરી સામે પણ સવાલો ઉભા થયા છે. નવીન ડ્રેનેજ લાઈન નાખવા માટે રસ્તા પાસે ખાડો ખોદવામાં આવ્યો હોય ત્યારે ત્યાંથી પસાર થતા લોકોની સુરક્ષાનું પણ ધ્યાન રાખવું જરૂરી છે. ખાડો ખોદ્યા બાદ તેનું યોગ્ય પુરાણ કરવામાં ન આવે અથવા સ્થળને સુરક્ષિત કરવામાં ન આવે તો અકસ્માતનો ભય સતત રહે છે. પાદરા-જાસપુર ચોકડી પાસે બનેલી આ ઘટનાએ પણ આવી જ બેદરકારી સામે લાવી છે. સ્થાનિકોનું કહેવું છે કે જાહેર રસ્તા પાસે આ પ્રકારની કામગીરી કરવામાં આવે ત્યારે તંત્ર દ્વારા યોગ્ય તકેદારી રાખવી જોઈએ. ખાડાની આસપાસ જરૂરી સુરક્ષા વ્યવસ્થા કરવી અને કામગીરી પૂર્ણ થયા બાદ ખાડાનું યોગ્ય રીતે પુરાણ કરવું જરૂરી છે. અહીં યોગ્ય રીતે પુરાણ ન કરવામાં આવતા. આ ઘટના બની હતી.

કુતિયાણામાં આકાશી આફતને લઈ ભય

# કાસાબડ ગામે વીજળી પડતાં પશુપાલક અને ભેંસનું મોત

## વીજળીનો આંચકો એટલો તીવ્ર હતો કે, બંનેનું સ્થળ પર જ થયું મોત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૪

પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાના કાસાબડ ગામેથી એક અત્યંત દુઃખદ અને કરૂણ ઘટના સામે આવી છે. વિસ્તારમાં વરસી રહેલા વરસાદ વચ્ચે અચાનક વીજળી ત્રાટકતાં એક પશુપાલક અને તેમની ભેંસનું ઘટનાસ્થળે જ અકાળે મોત નીપજ્યું છે. આ આકાશી આફતના પગલે નાના એવા કાસાબડ ગામમાં ભારે અરેરાટી અને શોકનું મોજું ફરી વળ્યું છે.

મળતી માહિતી મુજબ, કાસાબડ ગામના રહીશ વિનુજી ઓડેદરા નામના પશુપાલક પોતાની ભેંસને લઈને સીમમાંથી ઘરે પરત ફરી રહ્યા હતા. તે જ સમયે અચાનક ભારે ગરજના સાથે તેમની પર વીજળી પડી હતી. વીજળીનો આંચકો એટલો તીવ્ર હતો કે, વિનુજી ઓડેદરા અને તેમની ભેંસ બંનેનું સ્થળ પર જ મોત થઈ ગયું હતું. ઘટનાની જાણ થતાં જ ગ્રામજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ત્યારબાદ ઘટના અંગે સ્થાનિક તંત્ર અને પોલીસને જાણ કરવામાં આવી હતી.

મૃતક પશુપાલક વિનુજી ઓડેદરાના મૃતદેહને પંચનામું કર્યા બાદ પોસ્ટ મોર્ટમ અર્થે કુતિયાણાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. પશુપાલકના અચાનક અવસાનથી તેમના પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

# સઉદી એરબેઝ પર 'સીધો પ્રહાર' કર્યાનો હૌથી બળવાખોરોનો દાવો

## યમનના હૌથી બળવાખોરો મેરિબ અને તાઈઝના સરકારી ગઢ તરફ આગળ વધ્યા; પશ્ચિમ એશિયામાં તણાવ વધતાં ઓમાન ખાતે યોજાનારી ગલ્ફ દેશોની મહત્ત્વપૂર્ણ બેઠક રદ

(એજન્સી) તા.૧૪

યમનના ઈરાન સમર્થિત હૌથી બળવાખોરોએ સઉદી અરેબિયાના ખામીસ મુશાયત સ્થિત કિંગ ખાલેદ એરબેઝ પર બેલિસ્ટિક મિસાઈલો અને ડ્રોન વડે મોટા પાયે હુમલો કરવાનો અને 'સીધા પ્રહાર' કરવાનો દાવો કર્યો છે. આ હુમલા અંગે સઉદી અરેબિયાની સરકાર તરફથી તાત્કાલિક કોઈ અધિકૃત પ્રતિક્રિયા સામે આવી નથી. હૌથી જૂથે વધુમાં જણાવ્યું છે કે તેઓએ દક્ષિણ લાલ સમુદ્રમાં વધુ વ્યૂહાત્મક ટાપુઓ પર કબ્જો કરી લીધો છે, જેનાથી અત્યંત મહત્વપૂર્ણ એવા બાબ અલ-મંદેબ શિપિંગ માર્ગ પર તેમની પકડ વધુ મજબૂત બની છે. આ હુમલાઓના કારણે પશ્ચિમ એશિયામાં આર્થિક અને મુત્સદ્દીગીરીના સ્તરે મોટો આંચકો લાગ્યો છે. હૌથી બળવાખોરો અને ઈરાન સમર્થિત જૂથો દ્વારા વધી રહેલી લશ્કરી હિલચાલને કારણે ઓમાનના સલાલાહ ખાતે સોમવારે પર્શિયન ગલ્ફ દેશો અને ઈરાન વચ્ચે યોજાનારી પ્રાદેશિક બેઠક રદ કરવામાં આવી છે. ગલ્ફ દેશોને આશંકા છે કે ઈરાન એક તરફ શાંતિ વાર્તાની વાત કરી રહ્યું છે અને બીજી તરફ પોતાના પ્રોક્સી જૂથો દ્વારા હુમલા કરાવીને 'બેવડી રમત' રમી રહ્યું છે. નિષ્ણાતોના મતે, હોર્મુઝની સમુદ્રધૂની અને લાલ સમુદ્રમાં બ્લોકેડના કારણે ગલ્ફ દેશોએ મોટા આર્થિક સંકટનો સામનો કરવો પડી રહ્યો છે, કારણ કે તેમની ૯૦ ટકા જેટલી નિકાસ ખોરવાઈ ગઈ છે. બીજી તરફ, પશ્ચિમ કાંઠા (West Bank)ના કબજા હેઠળના વિસ્તારમાં પણ સ્થિતિ ગંભીર બની રહી છે. રામલ્લાહ નજીકના અલ-જીઝી વિસ્તારમાં ગેરકાયદેસર ઈઝરાયેલી સેટલર્સ (વસાહતીઓ) દ્વારા એક યુવાન પેલેસ્ટાઈની નાગરિક પર હિંસક હુમલો કરીને તેને ગંભીર



રીતે ઈજાગ્રસ્ત કરવામાં આવ્યો છે. વેસ્ટ બેંકમાં વધતી વસાહતો અને પેલેસ્ટાઈનીઓ સામે વધી રહેલી હિંસા અંગે ન્યૂઝીલેન્ડના વિદેશ પ્રધાન વિન્સ્ટન પીટર્સે ભારે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે તેમના ઈઝરાયેલી સમકક્ષ ગિબન સાર સાથે વાતચીત દરમિયાન ગેરકાયદેસર ઈઝરાયેલી વસાહતોના વિસ્તરણ અને ગાઝાની વિષમ માનવતાવાદી પરિસ્થિતિ પર સખત વાંધો ઉઠાવ્યો હતો.

# સઉદી અરેબિયાએ મુખ્ય ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈન બંધ કરતા તેલની કિંમતોમાં ભારે ઉછાળો

## રિફાઈનરોએ સપ્ટેમ્બર અને ઓક્ટોબર માટે મોટાભાગની ક્રૂડની જરૂરિયાતો સુરક્ષિત કરી હોવાથી દક્ષિણ કોરિયા ટૂંકા ગાળામાં મર્યાદિત પુરવઠા ખોરવાઈ જવાની અપેક્ષા રાખે છે



(એજન્સી) તા.૧૪

સઉદી અરેબિયા દ્વારા તેની વ્યૂહાત્મક 'ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈન' પર ડ્રોન હુમલા બાદ તેને બંધ કરવામાં આવતા રવિવારે ક્રૂડ તેલની કિંમતોમાં તીવ્ર વધારો નોંધાયો છે. હોર્મુઝની સમુદ્રધૂની (Strait of Hormuz) અને લાલ સમુદ્ર (Red Sea)ની આસપાસ વણસી રહેલી સુરક્ષા સ્થિતિ વચ્ચે ક્રૂડના પુરવઠાને લઈને ચિંતાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. ઈસ્ટર્ન ટાઈમ મુજબ સાંજે ૬.૨૭ વાગ્યા સુધીમાં યુએસ વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ (WTI) ફ્યુચર્સ ૨.૮ ટકા વધીને ૧૦૨.૮૭ ડોલર પ્રતિ બેરલ અને આંતરરાષ્ટ્રીય બેંચમાર્ક બ્રિન્ટ ક્રૂડ ૩.૧ ટકા વધીને ૧૦૭.૮૭ ડોલર પ્રતિ બેરલ પહોંચી ગયું હતું. ઈરાકથી છોડવામાં આવેલા ડ્રોને ગુરુવારે આ પાઈપલાઈનને નુકસાન પહોંચાડ્યું હતું, જેના કારણે સૌદી સત્તાવાળાઓને કામગીરી સ્થગિત કરવાની ફરજ પડી હતી. રિયાધ દ્વારા હજુ સુધી નુકસાનની સંપૂર્ણ માહિતી કે પાઈપલાઈન ક્યારે ફરી શરૂ થશે તે અંગે કોઈ સંકેત આપવામાં આવ્યો નથી. દરરોજ ૭૦ લાખ બેરલ ક્રૂડ તેલનું પરિવહન કરવાની ક્ષમતા ધરાવતી આ પાઈપલાઈન પર્સિયન ગલ્ફ નજીકના સૌદી અરેબિયાના તેલ ઉત્પાદક ક્ષેત્રોને લાલ સમુદ્રના કિનારે આવેલા નિકાસ ટર્મિનલ્સ સાથે જોડે છે. ઈરાન અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચેના સંઘર્ષને કારણે હોર્મુઝની સમુદ્રધૂની દ્વારા થતા શિપિંગમાં વિક્ષેપ પડતા આ પાઈપલાઈન એક મહત્વપૂર્ણ વૈકલ્પિક માર્ગ બની ગઈ હતી. આ પાઈપલાઈન બંધ થવા છતાં દક્ષિણ કોરિયાને નજીકના ભવિષ્યમાં તેના તેલ પુરવઠા પર મર્યાદિત અસર થવાની ધારણા છે. દક્ષિણ કોરિયાના વેપાર, ઉદ્યોગ અને સંસાધન મંત્રાલયે જણાવ્યું હતું કે સ્થાનિક રિફાઈનરોએ વિતેલા વર્ષના સ્તરના આધારે સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિના માટે તેમની ક્રૂડ તેલની ૯૦ ટકાથી વધુ જરૂરિયાતો અગાઉથી જ સુરક્ષિત કરી લીધી છે. મંત્રાલયે તેલ રિફાઈનરો અને અન્ય વ્યવસાયો સાથે બેઠક યોજીને પશ્ચિમ એશિયામાં વધી રહેલા સંઘર્ષની અસરોની સમીક્ષા કરી હતી. વાણિજ્ય ઉપમંત્રી મૂન સિન-હાકે જણાવ્યું હતું કે જો પુરવઠા પર દબાણ વધશે તો સરકાર ખાનગી કંપનીઓ સાથે ક્રૂડ ઓઈલ સ્વેપ જેવા નીતિગત પગલાં લેવા માટે પણ તૈયાર છે. બીજી તરફ, હોર્મુઝની પરિસ્થિતિ અંગે ચર્ચા કરવા સોમવારે ઓમાનમાં યોજાનારી ઈરાન અને ગલ્ફ આરબ દેશો વચ્ચેની રાજદ્વારી બેઠક પાઈપલાઈન હુમલા બાદ મુલતવી રાખવામાં આવી છે. યુકે મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સ સેન્ટરના જણાવ્યા અનુસાર રવિવારે વધુ એક તેલ ટેન્કર પર હુમલો થતાં ભારે આગ લાગી હતી. આ ઉપરાંત, યમનના હુથી બળવાખોરોએ ગત અઠવાડિયે સૌદી અરેબિયાની ઊર્જા સુવિધાઓ પર હુમલા કર્યા હતા જેમાં ૭૦થી વધુ લોકો ઘવાયા હતા. હુથી જૂથે બાબ અલ-મંદેબ સમુદ્રધૂનીમાં આવેલા પેરિમ આઈલેન્ડ પર કબ્જો કરી લીધો છે, જેનાથી લાલ સમુદ્રના દરિયાઈ માર્ગો પર તેમની પકડ વધુ મજબૂત બની છે. આ વૈશ્વિક તણાવ વચ્ચે દક્ષિણ કોરિયા અને અમેરિકા આ અઠવાડિયે બુસાન ખાતે તેમની દ્વિવાર્ષિક સંકલિત સંરક્ષણ વાર્તાલાપ (Integrated Defense Dialogue) યોજશે, જેમાં હોર્મુઝ ક્ષેત્રમાં સૈન્ય જમાવટ અને સંયુક્ત સુરક્ષા મુદ્દાઓ પર ચર્ચા થશે.

# હૌથીઓએ યમનના મુખ્ય ટાપુ પર કબજો કર્યો, અમેરિકાના સૌથી મોટા આફ્રિકા બેઝને તેના 'કિલ ઝોન' (હત્યા ક્ષેત્ર)માં મૂક્યો

(એજન્સી) તા.૧૪

હૌથીઓએ યમનના પશ્ચિમ કિનારા પર કબજો જમાવીને વ્યૂહાત્મક બાબ અલ-મંદેબ સ્ટ્રેટ પર કબજો જમાવ્યો છે. ઈરાન સમર્થિત લશ્કર પાસે હવે આફ્રિકામાં અમેરિકાનો એકમાત્ર લશ્કરી બેઝ છે જે તેની ડ્રોન અને મિસાઈલ હુમલાની રેન્જમાં છે. આ સઉદી અરેબિયા હૌથીઓને નિશાન બનાવીને તેના હવાઈ હુમલાઓને તીવ્ર બનાવી રહ્યું છે ત્યારે પણ. યમનનું યુદ્ધ છવાઈ ગયું છે, સઉદી અરેબિયા સુધી પહોંચી ગયું છે અને વૈશ્વિક શિપિંગના બાબ (પ્રવેશદ્વાર) પર પહોંચી ગયું છે. રાઈફલ્સ અને એઆઈ સાથે સજ્જ, અને ચપ્પલ પહેરીને, હૌથીઓ યમનના લાલ સમુદ્ર કિનારા અને તેનાથી આગળ વ્યૂહાત્મક સ્થાનોમાંથી પસાર થઈ ગયા છે. તેમનો બ્લિટ્ઝક્રેકરી એટલો બધો રહ્યો છે કે ઈરાન સમર્થિત લશ્કરે આફ્રિકામાં એકમાત્ર અમેરિકન લશ્કરી બેઝ, જીબુટીમાં કેમ્પ લેમનિયરને તેના હુમલાના ડ્રોન અને બેલિસ્ટિક મિસાઈલોની રેન્જમાં લાવી દીધું છે. ઈરાન સમર્થિત હુથી લશ્કરે બાબ અલ-મંદેબની મધ્યમાં આવેલા મયૂન ટાપુ પર કબજો જમાવ્યો છે. તેમણે મોચાના વ્યૂહાત્મક બંદર પર કબજો જમાવી લીધો છે અને યમનના પશ્ચિમ કિનારા પર આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકારના સઉદી અરેબિયા સમર્થિત દળો દ્વારા કબજામાં રહેલા સ્થાનો પર કબજો જમાવી લીધો છે. વ્યૂહાત્મક સ્થાનો પર હૌથીઓના કબજાથી આ જૂથને બાબ અલ-મંદેબ સ્ટ્રેટમાં અને તેની આસપાસ કમાન્ડિંગ પોઝિશન મળે છે, જે લાલ સમુદ્રમાં વિશ્વના સૌથી મહત્ત્વપૂર્ણ શિપિંગ અને ઊર્જા-વેપાર માર્ગોમાંનો એક છે. સઉદી સમર્થિત યમનના દળોએ વળતો હુમલો કર્યો અને રિયાધના જેટ્સે ૪૮ કલાકની અંદર સાત પ્રાંતોમાં ૧૨૯ હુમલા કર્યા, ત્યારે પણ હૌથીઓએ બેલિસ્ટિક મિસાઈલો અને ડ્રોનથી સાઉદી લશ્કરી થાણા પર હુમલો કરવાનો દાવો કર્યો. સૌથી ચિંતાજનક વાત એ છે કે, હૌથીઓની પ્રગતિએ ઈરાની લશ્કરને જીબુટીના દરિયાકાંઠેથી લગભગ ૩૦ કિમી દૂર લાવી દીધું છે અને આફ્રિકામાં અમેરિકાના "એકમાત્ર ટકાઉ" લશ્કરી થાણા, કેમ્પ લેમનિયરને તેના ડ્રોન અને બેલિસ્ટિક મિસાઈલોથી "આઘાતજનક અંતર"માં મૂક્યું છે. આ દરમિયાન, સપ્ટેમ્બરની શરૂઆતથી ૮૨,૦૦૦ થી વધુ યેમેનીઓ વિસ્થાપિત થયા છે, જેમાં ૨,૦૦૦થી વધુ લોકો સાંકડા જળમાર્ગને પાર કરીને જીબુટી ગયા છે, એમ સમાચાર એજન્સી એસોસિએટેડ પ્રેસે અહેવાલ આપ્યો છે. વર્ષ ૨૦૨૨માં સંયુક્ત રાષ્ટ્રની મધ્યસ્થીથી થયેલા યુદ્ધવિરામ બાદ યમનમાં મોટા પાયે થતો ગોળીબાર અટકી ગયો હતો અને સ્થિતિ પ્રમાણમાં શાંત અને નિયંત્રણમાં હતી. જોકે, મધ્ય પૂર્વ (પશ્ચિમ એશિયા)માં યુદ્ધ શરૂ થયા પછી, ઈરાન-સમર્થિત હૌથી વિદ્રોહીઓએ યમનની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકાર સામે અનેક મોરચે હુમલા શરૂ કર્યા, જેના કારણે તે શાંતિ ડહોળાઈ ગઈ. હૌથીઓ દ્વારા મોચા અને માયુન પર કબજો મેળવવાથી યમનનું યુદ્ધ તેલ-સમૃદ્ધ ક્ષેત્રના વ્યાપક સંઘર્ષ સાથે જોડાઈ ગયું છે. આ ઘટનાક્રમે સાઉદી અરેબિયાની સુરક્ષા, વૈશ્વિક તેલ પુરવઠો અને ઈરાન તથા અમેરિકા વચ્ચેના ચાલુ સંઘર્ષ અંગે ચિંતાઓ ઊભી કરી છે. માયુન (જેને 'પેરિમ' તરીકે પણ ઓળખવામાં આવે છે) એ બાબ-અલ-મંદેબ સામુદ્રધુનીની મધ્યમાં આવેલો એક નાનો જ્વાળામુખી ટાપુ છે; આ સામુદ્રધુની લાલ સમુદ્રને એડનનો અખાત અને હિંદ મહાસાગર સાથે જોડે છે. એશિયા અને યુરોપ વચ્ચેના વેપાર માટે આ જળમાર્ગ અત્યંત મહત્વપૂર્ણ છે. આ ટાપુ સાંકડા જળમાર્ગને



બે શિપિંગ ચેનલોમાં વિભાજિત કરે છે. રોઈટર્સના અહેવાલ મુજબ, આ સામુદ્રધુની તેના સૌથી સાંકડા બિંદુએ લગભગ ૨૯ કિમી પહોળી છે, જે તેને વિશ્વના સૌથી સંવેદનશીલ દરિયાઈ 'ચોકપોઈન્ટ્સ' (વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ સાંકડા માર્ગો) માંનું એક બનાવે છે. સરખામણી માટે, હોર્મુઝની સામુદ્રધુની તેના સૌથી સાંકડા બિંદુએ લગભગ ૩૩ કિમી પહોળી છે. માયુન ટાપુ તરફ હૌથીઓની આગળ વધવાની કાર્યવાહીને કારણે, ઈરાન-સમર્થિત આ સશસ્ત્ર જૂથ જીબુટીના કિનારાથી લગભગ ૩૨ કિમી અને આફ્રિકામાં આવેલા અમેરિકાના મુખ્ય સૈન્ય મથક 'કેમ્પ લેમોનિયર'થી ૧૩૦ કિમીથી પણ ઓછા અંતરે આવી પહોંચ્યું છે. 'કેમ્બ્રિજ મિડલ ઈસ્ટ એન્ડ નોર્થ આફ્રિકા ફોરમ'ના પ્રકાશન વિભાગ 'મનારા મેગેઝિન'ના જુલાઈ ૨૦૨૫ના વિશ્લેષણમાં જણાવાયું હતું કે કેમ્પ લેમોનિયર "હુથીઓના માનવરહિત હવાઈ વાહનો (ડ્રોન) અને મિસાઈલોની મારક ક્ષમતાની પહોંચમાં" હતું. આફ્રિકામાં અમેરિકાનું એકમાત્ર કાયમી સૈન્ય મથક એવા કેમ્પ લેમોનિયરમાં ૪,૦૦૦થી વધુ સૈન્ય અને નાગરિક કર્મચારીઓ તૈનાત છે અને તે આતંકવાદ-વિરોધી, ડ્રોન અને દરિયાઈ સુરક્ષા કામગીરીમાં સહાય પૂરી પાડે છે. જીબુટીમાં ચીન, ફ્રાન્સ અને જાપાનના સૈન્ય મથકો પણ આવેલા છે. વોશિંગ્ટન સ્થિત પબ્લિક પોલિસી થિંક-ટેન્ક 'ક્રિટિકલ થ્રેટ્સ પ્રોજેક્ટ'ના માર્ચ ૨૦૨૬ના મૂલ્યાંકનમાં ચેતવણી આપવામાં આવી હતી કે હૌથીઓ લાલ સમુદ્રમાં ચાલી રહેલા તેમના વ્યાપક અભિયાનના ભાગરૂપે કેમ્પ લેમોનિયરને પણ નિશાન બનાવી શકે છે. જોકે, તેણે મૂલ્યાંકન કર્યું કે પેલેસ્ટીનને જીબુટીનો ટેકો અને હુથીઓ સામે હુમલા માટે અમેરિકાને તેના પ્રદેશનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો ઈન્કાર કરવાથી જૂથને બેઝ પર હુમલો કરવાની પ્રેરણા ઓછી થઈ ગઈ છે. જો કે, તે મૂલ્યાંકન માર્ચમાં પ્રકાશિત થયું હતું, અને હુથીઓએ તાજેતરમાં સ્થાનો પર કબજો કરવાથી ખતરાના લેન્ડસ્કેપમાં નોંધપાત્ર ફેરફાર થયો છે. અમેરિકન બેઝ જીબુટીના આંતરરાષ્ટ્રીય એરપોર્ટની બાજુમાં આવેલું છે અને મયૂન ટાપુથી વધુ દક્ષિણમાં છે. તેમ છતાં, આ કબજો હુથીઓને બાબ અલ મંડેબમાં નેવિગેટ કરતા જહાજોનું નિરીક્ષણ, ધમકી અથવા સંભવિત દખલ કરવાની સ્થિતિમાં મૂકે છે. જૂથે કહ્યું છે કે તે સઉદી શિપિંગને નિશાન બનાવી રહ્યું છે અને અન્ય દેશોના વાણિજ્યિક જહાજોને ધમકી આપવાનો ઈરાદો નથી. હૌથીઓએ દક્ષિણ લાલ સમુદ્રને નજર રાખતા ઐતિહાસિક બંદર મોચા પર કબજો કર્યાના એક દિવસ પછી મયૂન ટાપુ પર કબજો કરવામાં આવ્યો હતો.

# WHO વીસથી વધુ હોસ્પિટલોને ડીઝલ સપ્લાય બંધ કરશે : ગાઝા આરોગ્ય મંત્રાલય

## ગાઝા હોસ્પિટલોના સંચાલન માટે ગંભીર ઈંધણ અને તેલની અછત વચ્ચે ૧૯ સપ્ટેમ્બરથી અમલમાં આવવાનો નિર્ણય, આરોગ્ય મંત્રાલયના અધિકારીએ જણાવ્યું હતું

(એજન્સી) તા.૧૪

ગાઝા આરોગ્ય મંત્રાલયના ડિરેક્ટર-જનરલ મુનીર અલ-બુર્શે સોમવારે જણાવ્યું હતું કે ભંડોળની અછતને કારણે વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) એ ઘેરાયેલા દરિયાકાંઠાના વિસ્તારની ૨૦થી વધુ હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોને ડીઝલ સપ્લાય બંધ કરવાનો નિર્ણય લીધો છે. "ઈંધણ અને તેલની તીવ્ર અછત અને ગાઝા પટ્ટીમાં હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રો ચલાવવા માટે જરૂરી ન્યૂનતમ ડીઝલ પહોંચાડવામાં નિષ્ફળતાને ધ્યાનમાં રાખીને, WHOએ ભંડોળના અભાવને કારણે ૧૯ સપ્ટેમ્બરથી ૨૦થી વધુ હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોને ડીઝલ સપ્લાય સ્થગિત કરવાની જાહેરાત કરી હતી," બુર્શે એક નિવેદનમાં જણાવ્યું હતું. ગાઝાના આરોગ્ય મંત્રાલય દ્વારા ટાંકવામાં આવેલા નિર્ણય પર WHO તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી, જોકે સંસ્થાએ તાજેતરના મહિનાઓમાં તેની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો માટે ભંડોળ ઘટાડવાની ચેતવણી આપી છે. "પુરવઠો બંધ થવાનો અર્થ ફક્ત જનરેટર અંધારામાં જવાનો નથી, પરંતુ ઓપરેટિંગ રૂમ અને સઘન સંભાળ એકમો બંધ થવાનો, વેન્ટિલેટર અને ઓક્સિજન સ્ટેશનોમાં વિક્ષેપ પડવાનો અને ઈન્ક્યુબેટરમાં બાળકો, ડાયાલિસિસ દર્દીઓ, ઘાયલો અને ક્રોનિક રોગોથી પીડાતા લોકોના જીવન માટે જોખમો," તેમણે ઉમેર્યું. "ઈંધણ કટોકટી હોસ્પિટલોને સંપૂર્ણ બંધ થવા તરફ ધકેલી રહી છે અને દર્દીઓને અટકાવી શકાય તેવા મૃત્યુનો સામનો કરી રહી છે," બુર્શે કહ્યું, હોસ્પિટલોમાંથી ઈંધણ કાપને "દર્દીઓના પથારીમાં મૌન હત્યા" તરીકે વર્ણવતા. તેમણે WHO, દાતાઓ અને આંતરરાષ્ટ્રીય સમુદાયને તેમની તાત્કાલિક જવાબદારીઓ નિભાવવા, પૂરતા પ્રમાણમાં ઈંધણ અને તેલનો પુરવઠો ચાલુ રાખવા અને તમામ આરોગ્ય સુવિધાઓને તેમની સલામત અને ટકાઉ ડિલિવરીની ખાતરી આપવા હાકલ કરી. આ જાહેરાત ગાઝાની હોસ્પિટલોમાં કાર્યરત પાવર જનરેટર માટે તેલ અને સ્પેરપાર્ટ્સની અછત સાથે સુસંગત છે, જેના કારણે તેમાંથી ઘણા કામ કરવાનું બંધ કરી દીધું છે, રવિવારે આરોગ્ય મંત્રાલયના નિવેદન અનુસાર. મંત્રાલયે જણાવ્યું હતું કે, "છેલ્લા કેટલાક દિવસોમાં તેલ, સ્પેરપાર્ટ્સ અને પૂરતા પ્રમાણમાં ઈંધણના અભાવે ઘણા જનરેટર કામ કરવાનું બંધ કરી દે છે." તેમાં વધુમાં જણાવાયું છે કે ગાઝાની હોસ્પિટલોમાં જનરેટર ઓઈલની અછતને કારણે દૈનિક વીજળીની જરૂરિયાતો પૂરી કરવા માટે તેમને ચાલુ રાખવાની મુશ્કેલી વધી રહી છે.



ઓક્ટોબર ૨૦૨૩માં ઈઝરાયેલના નરસંહારક યુદ્ધની શરૂઆત થયા બાદથી ગાઝામાં સતત ત્રીજા વર્ષે સંપૂર્ણ વીજળી કાપની સ્થિતિ વચ્ચે, હોસ્પિટલોના મહત્વપૂર્ણ વિભાગો અને તબીબી સાધનો ચલાવવા માટે પાવર જનરેટર એ વીજળીનો મુખ્ય સ્ત્રોત છે. ઈઝરાયેલ દ્વારા ઓક્ટોબર ૨૦૨૩થી ગાઝા અને ઈઝરાયેલ વચ્ચેના 'કેરેમ શલોમ' ક્રોસિંગને બંધ રાખવા અને મે ૨૦૨૪થી ગાઝા અને ઈજિપ્ત વચ્ચેના 'રફાહ' ક્રોસિંગ પર ઈઝરાયેલી સેનાના કબજા અને નિયંત્રણને કારણે ઈંધણની અછત સર્જાઈ છે, જેના પરિણામે જનરેટર પણ કામ કરવાનું બંધ કરી દે છે. ત્યારથી, આ બંને ક્રોસિંગ માત્ર મર્યાદિત ધોરણે જ ખોલવામાં આવ્યા છે, જેથી ડઝનબંધ દર્દીઓ, ઘાયલ લોકો અને ગાઝા પરત ફરનારાઓની અવરજવર થઈ શકે, તેમજ મર્યાદિત માનવીય, રાહત અને તબીબી સહાયનો પ્રવેશ થઈ શકે. ગાઝા સરકારની મીડિયા ઓફિસે વારંવાર કહ્યું છે કે ઈઝરાયેલ ૧૦ ઓક્ટોબર, ૨૦૨૫થી અમલમાં રહેલા યુદ્ધવિરામ કરાર હેઠળની પોતાની જવાબદારીઓમાંથી પીછેહઠ કરી રહ્યું છે; આ જવાબદારીઓમાં મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો માટે જરૂરી સહાય અને ઈંધણના નિર્ધારિત જથ્થાને આ વિસ્તારમાં પ્રવેશવા દેવાનો સમાવેશ થાય છે. ૮ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ગાઝા પર ઈઝરાયેલના નરસંહારક યુદ્ધની શરૂઆત થઈ ત્યારથી, ૭૩,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે અને ૧,૭૪,૦૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે, જ્યારે આ વિસ્તારના લગભગ ૯૦% માળખાગત સુવિધાઓ (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) નાશ પામ્યા છે.

# ઈઝરાયેલી સંસ્કૃતિ મંત્રી 'NAZA' ફિલ્મના દિગ્દર્શકોની નાગરિકતા રદ કરવા માંગે છે

(એજન્સી) તા.૧૪

ઈઝરાયેલી સંસ્કૃતિ અને રમતગમત મંત્રી મિકી ઝોહરે રવિવારે સાંજે જણાવ્યું હતું કે, તેઓ ઈઝરાયેલી ફિલ્મ 'NAZA' (નાઝા)ના દિગ્દર્શકોની ઈઝરાયેલી નાગરિકતા રદ કરવાની કાર્યવાહી કરશે. આ ફિલ્મે ૮૩મા વેનિસ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં 'જ્યુરી પ્રાઈઝ' જીત્યું હતું. આ ફિલ્મનું નિર્દેશન ઓસ્કાર વિજેતા ઈઝરાયેલી પત્રકાર યુવલ અબ્રાહમ અને રશેલ ઝોર (બ્રિટન) દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રીમિયર બાદ પ્રેક્ષકોએ ૨૫ મિનિટ સુધી ઊભા રહીને તાળીઓના ગડગડાટ સાથે (સ્ટેન્ડિંગ ઓવેશન) આ ફિલ્મને વધાવી લીધી હતી, જેના કારણે કેટલાક વિવેચકોએ તેને શ્રેષ્ઠ ફિલ્મ માટેના 'ગોલ્ડન લાયન' પુરસ્કારની પ્રબળ દાવેદાર ગણાવી હતી. એક નિવેદનમાં ઝોહરે કહ્યું: 'સંસ્કૃતિ મંત્રી તરીકે, હું રાજ્ય સામે દેશદ્રોહ કરવા બદલ આ ઘૃણાસ્પદ સર્જકોની ઈઝરાયેલી નાગરિકતા રદ કરવા માટે તાત્કાલિક પગલાં લઈશ.' ઝોહરે વેનિસ ફિલ્મ ફેસ્ટિવલમાં 'NAZA'ની જીતને 'આઘાતજનક' ગણાવી હતી. તેમણે ઉમેર્યું હતું કે, 'ફિલ્મ નિર્માતાઓનો પોતાના દેશ પ્રત્યેનો તીવ્ર તિરસ્કાર અને વિશ્વભરના યહૂદી-વિરોધીઓ પાસેથી પ્રશંસા મેળવવા માટે પોતાના જ દેશને નુકસાન પહોંચાડવાની તેમની તૈયારી અવિશ્વસનીય છે અને તે રાજ્ય સામે દેશદ્રોહ સમાન છે.' આ ફિલ્મ, જેને ફેસ્ટિવલના કાર્યક્રમમાં અંતિમ તબક્કે સામેલ કરવામાં આવી હતી, તેમાં ગાઝા યુદ્ધ વિશે ઈઝરાયેલી સૈનિકોના નિવેદનો અને તેમના મતે પેલેસ્ટીની નાગરિકોની વ્યવસ્થિત હત્યાની વિગતો દર્શાવવામાં આવી છે. આ ફિલ્મને ૨૫ મિનિટ સુધી ઊભા રહીને તાળીઓથી વધાવવામાં આવી હતી, જે ફેસ્ટિવલના ઈતિહાસમાં સૌથી લાંબો સમય ચાલેલો આવકાર હતો. આ પ્રતિસાદે ગયા વર્ષે પ્રીમિયર બાદ 'ધ વોઈસ ઓફ હિંદ રજબ' (The Voice of Hind Rajab) ફિલ્મને મળેલી ૨૪ મિનિટની તાળીઓના રેકોર્ડને પણ પાછળ છોડી દીધો હતો. ગાઝામાં માર્યા ગયેલી છ વર્ષની બાળકીની વાર્તા કહેતી તે ફિલ્મે ફેસ્ટિવલનો બીજો સર્વોચ્ચ પુરસ્કાર, 'સિલ્વર લાયન', જીત્યો હતો.



ઈટાલીના વેનિસમાં ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ 'સાલા ગ્રાન્ડે' ખાતે યોજાયેલા ૮૩મા વેનિસ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલના સમાપન સમારોહ દરમિયાન યુવલ અબ્રાહમ અને રશેલ ઝોર 'Naza' (નાઝા) ફિલ્મ માટે 'સ્પેશિયલ જ્યુરી પ્રાઈઝ' એવોર્ડ સ્વીકારી રહ્યા છે

# એનિમેટેડ નકશો પેલેસ્ટીનમાં ગેરકાયદેસર ઈઝરાયેલી વસાહતોનો ફેલાવો દર્શાવે છે

(એજન્સી) તા.૧૪

ઈઝરાયેલી નરસંહાર રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યો હોવાથી, લગભગ ૭૫૦,૦૦૦ વસાહતીઓ ૫૦૦થી વધુ ગેરકાયદેસર વસાહતો અને ચોકીઓમાં રહે છે. એક વ્યક્તિ વિવાદાસ્પદ ઈઝરાયલી અલગતા દિવાલ પર પેલેસ્ટીની ધ્વજ મૂકે છે, જેમાં પૃષ્ઠભૂમિમાં ઈઝરાયેલી વસાહતો દેખાય છે. ઈઝરાયલી વસાહતોએ ફક્ત યહૂદીઓ માટે સમુદાયો છે જે કબજા હેઠળના પશ્ચિમ કાંઠા અને પૂર્વ જેરૂસલેમમાં પેલેસ્ટીની જમીન પર ગેરકાયદેસર રીતે બાંધવામાં આવ્યા છે. આ વસાહતો ઘણીવાર સામાન્ય ઉપનગરો જેવી દેખાય છે: સમાન ટાઉનહાઉસ, લાલ ટાઈલવાળી છત અને સુઘડ લૉન, ટેકરીઓ પર સ્થિત છે જે તેમને તેમના માટે જગ્યા બનાવવા માટે કોતરવામાં આવેલા પેલેસ્ટિનિયન નગરો અને ગામડાઓનો કમાન્ડિંગ દશ્ય આપે છે. આ વિઝ્યુઅલ સમજૂતીમાં, અલ જઝીરા ગેરકાયદેસર ઈઝરાયેલી વસાહતો અને ચોકીઓના ફેલાવાનો નકશો બનાવે છે, અને તેમની સાથે વસાહતીઓના સામૂહિક હત્યાકાંડ, હવે રેકોર્ડ પર તેમના ઉચ્ચતમ સ્તરે છે. ૧૯૪૮માં ઈઝરાયેલની રચના પહેલાની વસાહતો હતી, પરંતુ ૧૯૬૭માં ઈઝરાયેલે પશ્ચિમ કાંઠા અને પૂર્વ જેરૂસલેમ પર કબજો કર્યા પછી તેમની સંખ્યા અને વ્યાપ નાટકીય રીતે વિસ્તર્યો. છેલ્લા છ દાયકાઓમાં વસાહત નેટવર્ક છૂટાછવાયા પહાડી ચોકીઓથી વસાહતો, રસ્તાઓ અને ધોરીમાર્ગોની એક વિશાળ વ્યવસ્થામાં વિકસ્યું છે જે તેમને એકબીજા અને ઈઝરાયેલ સાથે જોડે છે. ઈઝરાયેલની વસાહત-વિરોધી દેખરેખ સંસ્થા 'પીસ નાઉ' (Peace Now) અનુસાર, કબજા હેઠળના વેસ્ટ બેંકમાં ઓછામાં ઓછી ૧૪૮ અને કબજા હેઠળના પૂર્વ જેરુસલેમમાં ૧૫ ગેરકાયદેસર વસાહતો આવેલી છે. કુલ ૧૬૩ વસાહતોમાં અત્યારે લગભગ ૭,૫૦,૦૦૦ ઈઝરાયેલીઓ વસે છે, જે દેશની યહૂદી વસ્તીના લગભગ ૧૦ ટકા જેટલા છે. નીચે આપેલું એનિમેશન દરેક વસાહત અને આઉટપોસ્ટ (નાના વસાહતી કેન્દ્ર)ની સ્થાપના તેમજ ત્યાં વધતી જતી વસ્તીની વિગતો દર્શાવે છે. માત્ર ૨૦૨૫માં જ, કબજા હેઠળના વેસ્ટ બેંકમાં અસ્તિત્વમાં રહેલી વસાહતોમાં લગભગ ૨૮,૦૦૦ આવાસોના નિર્માણની પ્રક્રિયા આગળ વધારવામાં આવી હતી; આ વૃદ્ધિ નવી વસાહતો કે આઉટપોસ્ટ્સના ઉમેરા કરતાં ઘણી વધારે હતી. ૨૯ જૂન, ૨૦૨૦ના રોજ કબજા હેઠળના વેસ્ટ બેંકમાં



આવેલી 'માલે અદુમિમ' (Maale Adumim) નામની ગેરકાયદેસર યહૂદી વસાહતનું આકાશમાંથી લેવાયેલું દ્રશ્ય. ૨૦૨૪ સુધીમાં, આ ૧૬૩ ગેરકાયદેસર વસાહતોમાં ૭,૪૪,૭૦૦ ઈઝરાયેલી વસાહતીઓ રહેતા હતા: વેસ્ટ બેંકમાં ૫,૧૧,૧૦૦ અને પૂર્વ જેરુસલેમમાં ૨,૩૩,૬૦૦. આ ઉપરાંત, મોટી સંખ્યામાં ગેરકાયદેસર આઉટપોસ્ટ્સ પણ અસ્તિત્વમાં છે (જેની સંખ્યા હવે ૪૦૦થી વધુ છે); તેમની સત્તાવાર ગણતરી થતી નથી પરંતુ સમય જતાં તેઓ ઘણીવાર માન્ય વસાહતોમાં ભળી જાય છે, જેના કારણે તેમની ચોક્કસ સંખ્યા જાણવી મુશ્કેલ બને છે. આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ આ વસાહતો ગેરકાયદેસર છે કારણ કે તે 'ચોથા જિનીવા કન્વેન્શન'નું ઉલ્લંઘન કરે છે. આ સંધિ કબજો જમાવનાર સત્તાને તેની પોતાની વસ્તીને કબજા હેઠળના વિસ્તારમાં સ્થાનાંતરિત કરતા અટકાવે છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ, આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત (ICJ) અને ઈન્ટરનેશનલ કમિટી ઓફ ધ રેડ ક્રોસ સહિતની સંસ્થાઓએ આ સ્થિતિને સમર્થન આપ્યું છે; તાજેતરમાં જ જુલાઈ ૨૦૨૪માં ICJએ તેના સલાહકારી અભિપ્રાયમાં આ બાબતની પુષ્ટિ કરી હતી.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# 'મિસ્ટર સિંહ' નહીં, આ તો પૂર્વગ્રહનું પોસ્ટર છે

અમેરિકા પોતાને લોકશાહી, માનવ અધિકાર અને સમાનતાના મૂલ્યોનો ધરાર રખેવાળ ગણાવે છે. પરંતુ જ્યારે કોઈ સરકારી વિભાગના સત્તાવાર પ્રચારમાં જ કોઈ ચોક્કસ સમુદાયની ઓળખને નિશાન બનાવવામાં આવે ત્યારે માત્ર અમેરિકાની નહીં, સમગ્ર વિશ્વની ચિંતા વધે છે. અમેરિકાના હોમલેન્ડ સિક્યુરિટી વિભાગ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલું 'મિસ્ટર સિંહ'વાળું પોસ્ટર આ જ કારણસર ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. આ પોસ્ટરમાં AIથી તૈયાર કરાયેલા એક દાઢીવાળા વ્યક્તિને બતાવીને લખવામાં આવ્યું હતું કે, 'અમારી સડકો પરથી ચાલ્યા જાઓ, મિસ્ટર સિંહ, તમને વાહન ચલાવતા આવડતું નથી.' પોસ્ટરનો હેતુ લાઈસન્સ વિના વાહન ચલાવતા કોમર્શિયલ ડ્રાઈવરો સામે કાર્યવાહીનો સંદેશ આપવાનો હતો. કાયદો તોડનાર કોઈ પણ વ્યક્તિ સામે કાર્યવાહી થવી જોઈએ, તેમાં બે મત નથી. પરંતુ કાયદાના અમલ અને કોઈ ચોક્કસ જાતિ, વંશ કે સમુદાયને નિશાન બનાવવા વચ્ચેની રેખા બહુ સ્પષ્ટ હોવી જોઈએ.

અહીં સૌથી મોટો સવાલ એ છે કે આખા અભિયાનમાં 'મિસ્ટર સિંહ' નામનો જ ઉપયોગ કેમ થયો ? 'સિંહ' માત્ર કોઈ એક વ્યક્તિનું નામ નથી. તે લાખો શીખ લોકોની ઓળખ સાથે જોડાયેલી સામાન્ય અટક છે. અમેરિકામાં પણ શીખ સમુદાયના અનેક લોકો દેશના અર્થતંત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે, ખાસ કરીને ટ્રકિંગ અને પરિવહન ક્ષેત્રમાં. એક વ્યક્તિના કથિત ગુનાને આધારે આખા સમુદાયને શંકાની નજરે જોવાનો પ્રયાસ સ્વાભાવિક રીતે વિરોધ પેદા કરે જ.

વધુ ચિંતાજનક બાબત એ છે કે આ કોઈ અજાણ્યા વ્યક્તિનું સોશિયલ મીડિયા પોસ્ટર નહોતું. આ અમેરિકાના એક મહત્ત્વપૂર્ણ સરકારી વિભાગનો સત્તાવાર સંદેશાવ્યવહાર હતો. એટલે આ ઘટનાને માત્ર 'એક ખરાબ પોસ્ટર' કહીને ભૂલી જવું પૂરતું નથી. સરકારી સંસ્થાઓના શબ્દો અને પ્રતીકોમાં જવાબદારીનું પ્રમાણ સામાન્ય નાગરિક કરતાં ઘણું વધારે હોવું જોઈએ.

આ ઘટનામાં AIનો ઉપયોગ પણ ચર્ચાનો વિષય છે. કૃત્રિમ બુદ્ધિમત્તા દ્વારા બનાવેલી તસવીરનો ઉપયોગ કરીને એક ચોક્કસ દેખાવ - દાઢી, પાઘડી કે ભારતીય મૂળની ઓળખ - અને 'ખરાબ ડ્રાઈવર' તથા 'ગેરકાયદે પ્રવાસી' જેવી છબીઓને એકસાથે રજૂ કરવામાં આવી. આવી રજૂઆત સમાજમાં રહેલા પૂર્વગ્રહોને વધુ મજબૂત બનાવી શકે છે. ટેકનોલોજી જેટલી શક્તિશાળી બને છે, તેટલી જ તેના જવાબદાર ઉપયોગની જરૂરિયાત વધી જાય છે.

આ પોસ્ટર સામે શીખ અને ભારતીય-અમેરિકન સંગઠનોએ ભારે વિરોધ નોંધાવ્યો છે. તેને જાતિવાદી અને ભારતીય વિરોધી ગણાવવામાં આવ્યું. અમેરિકન રાજકારણના અલગ-અલગ વર્ગોમાંથી પણ તેની ટીકા થઈ. અંતે DHSએ પોસ્ટર હટાવી દીધું. પરંતુ પોસ્ટર હટાવવાથી પ્રશ્ન પૂરો થતો નથી. પ્રશ્ન એ છે કે આવું પોસ્ટર બનાવવાનો વિચાર આવ્યો ક્યાંથી ? તેને તૈયાર કોણે કર્યું ? તેની મંજૂરી કોણે આપી ? અને પ્રકાશિત કરતાં પહેલાં કોઈએ એ વિચાર્યું કેમ નહીં કે 'સિંહ' નામને એક સમુદાયના અપમાન સાથે જોડવાથી શું સંદેશ જશે ?

આ ઘટનાનો સમય પણ સંવેદનશીલ છે. ૯/૧૧ની ઘટનાને ૨૫ વર્ષ પૂર્ણ થવાના સમયગાળામાં અમેરિકામાં શીખ સમુદાયે ભૂતકાળમાં વંશીય ભેદભાવ અને હિંસાનો સામનો કર્યો છે. તેથી આવી ભાષા અને છબી સ્વાભાવિક રીતે જૂના ઘાવને ફરી તાજા કરે છે.

કોઈપણ દેશમાં ગેરકાયદે વસવાટ કે કાયદો તોડનારા સામે સરકારને કાર્યવાહી કરવાનો સંપૂર્ણ અધિકાર છે. પરંતુ કાયદો વ્યક્તિને આધારે લાગુ થવો જોઈએ, ઓળખને આધારે નહીં. જો કોઈ ડ્રાઈવરે ગુનો કર્યો હોય તો તેની સામે કાર્યવાહી થવી જોઈએ; તેનું નામ સિંહ છે, પટેલ છે કે સ્મિથ છે - તેનો કાયદા સાથે કોઈ સંબંધ ન હોવો જોઈએ.

આ ઘટનામાં 'Transformers'ના પાત્રોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો અને કંપની Hasbroએ સ્પષ્ટ કર્યું કે આ ઉપયોગ તેની મંજૂરી વિના થયો હતો. એટલે આ આખું અભિયાન માત્ર રાજકીય સંદેશના સ્તરે જ નહીં, પરંતુ જાહેર પ્રચારની જવાબદારીના સ્તરે પણ સવાલો ઊભા કરે છે.

બની બેઠેલા જગત જમાદાર અમેરિકા દુનિયાને લોકશાહી અને સ્વતંત્રતાના પાઠ ભણાવતું આવ્યું છે. તેથી તેની પોતાની સરકારી વ્યવસ્થામાંથી જ્યારે કોઈ સમુદાયને નામ, રંગ, દેખાવ અથવા વંશીય ઓળખના આધારે નિશાન બનાવતો સંદેશ બહાર આવે, ત્યારે તેની ટીકા થવી જ જોઈએ. 'મિસ્ટર સિંહ'વાળું પોસ્ટર માત્ર એક પોસ્ટર નહોતું; તે સરકારી સત્તા અને સામાજિક પૂર્વગ્રહ વચ્ચેની ખતરનાક સરહદનું પ્રતિબિંબ હતું. પોસ્ટર હટાવી દેવાયું છે, પરંતુ લોકશાહી માટે સાચી જરૂરિયાત એ છે કે આવી માનસિકતા જ દૂર થાય. કારણ કે રસ્તા પરની સુરક્ષા કાયદાથી આવે છે, કોઈ સમુદાયને અપમાનિત કરવાથી નહીં.

# જ્યારે અંતરાત્મા બોલી ઊઠે : વિશ્વના અંતરાત્માને જગાડતો પ્રશ્ન

# પેલેસ્ટીન માટે વિશ્વની જવાબદારી : બ્રિટિશ વિદેશ મંત્રી એડ મિલિબેન્ડ

અભિગમ

- ઈકબાલ એહમદ મિરઝા

બ્રિટિશ વિદેશ મંત્રી એડ મિલિબેન્ડના હાઉસ ઑફ કોમન્સમાં આપેલા ભાષણમાં તેમણે ઇઝરાયેલી સરકારની નીતિ, પશ્ચિમ કાંઠાની વસાહતો અને પેલેસ્ટીનીઓ સામેની હિંસા અંગે ખૂબ કડક વલણ વ્યક્ત કર્યું હતું. ''અમારો વિરોધ ઈઝરાયેલના લોકો સાથે નથી. ઈઝરાયેલના લોકો સાથે બ્રિટનના સંબંધો અતૂટ છે. અમારો પ્રશ્ન ઈઝરાયેલની સરકારના વર્તન સાથે છે.'' તેમણે આગળ કહ્યું કે તેઓ ગર્વિત બ્રિટિશ યહૂદી છે અને ઈઝરાયેલ સાથે તેમનો વ્યક્તિગત તથા પારિવારિક સંબંધ છે. તેમણે જણાવ્યું કે નાઝીઓ દ્વારા તેમના પરિવારના સભ્યોની હત્યા થયા બાદ ઈઝરાયેલે તેમની દાદીને આશ્રય આપ્યો હતો. તેથી પેલેસ્ટીનમાં બની રહેલી ઘટનાઓ અંગે તેઓ વધુ ગંભીરતાથી બોલી રહ્યા છે. તેમણે કહ્યું કે બ્રિટિશ સરકાર માને છે કે પશ્ચિમ કાંઠાના કેટલાક વિસ્તારોમાં ઈઝરાયેલી વસાહતી ઉગ્રવાદીઓ દ્વારા પેલેસ્ટીનીઓની "Ethnic Cleansing" (વંશીય સફાયો/વસ્તી હટાવવાની કાર્યવાહી) કરવામાં આવી રહી છે. તેમણે આ સંદર્ભમાં જણાવ્યું કે: પેલેસ્ટીનીઓના ઘરો તોડી પાડવામાં આવ્યા છે. રસ્તાઓ અને જાહેર માળખાઓને નષ્ટ કરવામાં આવ્યા છે. પરિવારોને તેમના ઘરોમાંથી વિસ્થાપિત કરવામાં આવ્યા છે. ઈઝરાયેલી વસાહતોનો વિસ્તાર સતત વધારવામાં આવી રહ્યો છે. આ પરિસ્થિતિ પેલેસ્ટીની રાજ્યની સ્થાપનાની શક્યતા અને Two-State Solution માટે ગંભીર ખતરો છે. મિલિબેન્ડે વધુમાં કહ્યું કે બ્રિટન ઈઝરાયેલના કબજાને આંતરરાષ્ટ્રીય કાયદા વિરૂદ્ધ અને ગેરકાયદેસર માને છે અને આ મુદ્દે હવે માત્ર નિવેદનો પૂરતા નથી કાર્યવાહી કરવાનો સમય આવી ગયો છે.

આ ભાષણ સાથે બ્રિટને ઈઝરાયેલી વસાહતો સામે પગલાં જાહેર કર્યા :

૧. પશ્ચિમ કાંઠાની ઈઝરાયેલી વસાહતોમાંથી આવતા માલની આયાત પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત.

૨. વસાહતોને મદદ કરનારી અથવા તેમાંથી નફો મેળવનારી વ્યક્તિઓ/સંસ્થાઓ સામે લક્ષિત પગલાં.

૩. ઈઝરાયેલી વસાહતોને આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ ગેરકાયદેસર ગણાવતી નીતિને વધુ મજબૂત બનાવવી.

બ્રિટને સ્પષ્ટ કર્યું કે આ પગલાં ઈઝરાયેલના સામાન્ય નાગરિકો અથવા યહૂદી ધર્મ વિરૂદ્ધ નથી, પરંતુ ઈઝરાયેલી સરકારની નીતિઓ અને વસાહતી પ્રવૃત્તિઓ વિરૂદ્ધ છે. મિલિબેન્ડે ખાસ કરીને બ્રિટિશ યહૂદીઓને સંબોધીને કહ્યું કે બ્રિટિશ યહૂદીઓને ઈઝરાયેલી સરકારની કાર્યવાહી માટે જવાબદાર ગણવું ''સ્પષ્ટપણે યહૂદીવિરોધી (antisemitism)'' છે. જ્યારે અંતરાત્મા બોલી ઊઠે : પેલેસ્ટીન માટે વિશ્વની જવાબદારી બ્રિટિશ વિદેશ મંત્રીના કડક શબ્દો માત્ર રાજકીય નિવેદન નથી તે વિશ્વના અંતરાત્માને જગાડતો પ્રશ્ન છે પેલેસ્ટીનની ધરતી પર વરસોથી ચાલતી પીડા આજે માત્ર મધ્યપૂર્વનો પ્રશ્ન રહી નથી. તે માનવતા, આંતરરાષ્ટ્રીય કાયદો, ન્યાય અને વિશ્વની સામૂહિક અંતરાત્માની કસોટી બની ગઈ છે.

તાજેતરમાં બ્રિટનના વિદેશ મંત્રી એડ મિલિબેન્ડે ઈઝરાયેલી સરકારની નીતિઓ અને પશ્ચિમ કાંઠામાં પેલેસ્ટીનીઓ સામેની કાર્યવાહી અંગે સંસદમાં જે કડક વલણ વ્યક્ત કર્યું, તે નોંધપાત્ર છે. ખાસ કરીને પેલેસ્ટીનીઓના વિસ્થાપન, ઘરોના વિનાશ અને વસાહતી વિસ્તરણ અંગે તેમણે જે ચિંતા વ્યક્ત કરી તે વિશ્વના રાજકીય નેતાઓ માટે એક ગંભીર સંદેશ છે. આ મુદ્દાને માત્ર ''ઈઝરાયેલ વિરૂદ્ધ'' કે ''યહૂદી વિરૂદ્ધ'' તરીકે જોવો એ મૂળ પ્રશ્નથી નજર ફેરવવા જેવું છે. ન્યાય કોઈ ધર્મ, જાતિ કે રાષ્ટ્રની મિલકત નથી. ન્યાય સૌ માટે સમાન હોવો જોઈએ. પ્રશ્ન ઈઝરાયેલના લોકોનો નથી, નીતિનો છે આ ચર્ચામાં એક મહત્ત્વની બાબત સમજવી જરૂરી છે : કોઈ સરકારની નીતિની ટીકા કરવી અને કોઈ ધર્મ કે સમુદાય પ્રત્યે દ્વેષ રાખવો બંને એક જ બાબત નથી. વિશ્વમાં જ્યાં ક્યાં પણ નાગરિકોના અધિકારોનું ઉલ્લંઘન થાય, ઘરો તોડવામાં આવે, નિર્દોષ લોકો વિસ્થાપિત થાય અથવા બાળકો અને પરિવારો યુદ્ધની કિંમત ચૂકવે, ત્યાં માનવતાવાદી અવાજ ઊઠવો જોઈએ.

મુસ્લિમ સમાજ માટે આ મુદ્દો વધુ સંવેદનશીલ છે, કારણ કે પેલેસ્ટીન માત્ર રાજકીય ભૂમિ નથી. અલ-અક્સા મસ્જિદ, બૈતુલ મુકદ્દસ અને પેલેસ્ટીનનો ઇતિહાસ મુસ્લિમ ઉમ્મતની ચેતનાનો અભિન્ન ભાગ છે. પરંતુ પેલેસ્ટીન માટે આપણો અવાજ માત્ર ધાર્મિક લાગણી સુધી મર્યાદિત ન રહે તે ન્યાય અને માનવતાના સર્વવ્યાપક સિદ્ધાંત પર પણ આધારિત હોવો જોઈએ. દુનિયાને એક પ્રશ્ન જો કોઈ પરિવારને પોતાના ઘરમાંથી કાઢી મૂકવામાં આવે તો શું તેનું દુઃખ તેની ઓળખ જોઈને ઓછું કે વધારે થાય ? જો કોઈ બાળક પોતાના ઘર, શાળા અને સુરક્ષા ગુમાવે તો શું તેની પીડા ધર્મ જોઈને બદલાય ? જો કોઈ માતા પોતાના બાળકને ગુમાવે તો શું તેની આંખના આંસુની કોઈ રાષ્ટ્રીયતા હોય ? ના. માનવ પીડાની કોઈ સરહદ નથી. આ જ કારણ છે કે પેલેસ્ટીનનો પ્રશ્ન આજે વિશ્વના દરેક સંવેદનશીલ મનુષ્યનો પ્રશ્ન બનવો જોઈએ. નિવેદનોથી આગળ કાર્યવાહીની જરૂર.

વિશ્વના અનેક દેશો વર્ષોથી "Two-State Solution", "Peace Process" અને "International Law"ની વાત કરે છે. પરંતુ પ્રશ્ન એ છે કે માત્ર ઠરાવો અને નિવેદનો પૂરતા છે ? જો એક તરફ શાંતિની વાત થાય અને બીજી તરફ જમીન પર સતત વિસ્થાપન, હિંસા અને વસાહતી વિસ્તરણ ચાલુ રહે, તો શાંતિની શક્યતા કેવી રીતે જીવંત રહી શકે ? આથી આંતરરાષ્ટ્રીય સમુદાયની જવાબદારી માત્ર ચિંતા વ્યક્ત કરવાની નથી. જવાબદારી છે, આંતરરાષ્ટ્રીય કાયદાનો સમાન અમલ કરાવવાની, નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાની અને ન્યાયસંગત રાજકીય ઉકેલ માટે ગંભીર પગલાં લેવાની. મુસ્લિમ સમાજે શું કરવું ? પેલેસ્ટીનના પ્રશ્ને મુસ્લિમ સમાજની ભૂમિકા માત્ર સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવા પૂરતી ન હોવી જોઈએ.

**આપણે પાંચ બાબતો પર ધ્યાન આપવું જોઈએ :**

**૧. જાગૃતિ :** પેલેસ્ટીનના ઈતિહાસ અને વર્તમાન પરિસ્થિતિ અંગે તથ્ય આધારિત માહિતી સમાજ સુધી પહોંચાડવી.

**૨. માનવતાવાદી સહાય :** જ્યાં કાયદેસર અને વિશ્વસનીય માધ્યમ ઉપલબ્ધ હોય ત્યાં પીડિતો માટે માનવતાવાદી સહાય પહોંચાડવી.

**૩. લોકશાહી માર્ગે અવાજ :** સરકારો, સંસદસભ્યો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને નાગરિક સમાજ સમક્ષ શાંતિપૂર્ણ અને લોકશાહી રીતે ન્યાયની માંગ ઉઠાવવી.

**૪. સંવાદ અને એકતા :** મુસ્લિમો ઉપરાંત ખ્રિસ્તી, યહૂદી અને અન્ય માનવતાવાદી શક્તિઓ સાથે મળીને એવો વૈશ્વિક અવાજ ઊભો કરવો કે જે કોઈ ધર્મ વિરૂદ્ધ નહીં, પરંતુ અન્યાય વિરૂદ્ધ હોય.

**૫. દ્વેષ નહીં, ન્યાય :** ઈસ્લામ આપણને અન્યાય સામે ઊભા રહેવાનું શીખવે છે, પરંતુ નિર્દોષ વ્યક્તિ પ્રત્યે દ્વેષ રાખવાનું નહીં. આપણો સંઘર્ષ અન્યાય સામે હોવો જોઈએ - કોઈ ધર્મ કે પ્રજાના અસ્તિત્વ સામે નહીં.

અંતે એક અપીલ પેલેસ્ટીન આજે આપણને માત્ર રાજકીય પ્રશ્ન નથી પૂછતું; તે આપણને આપણા અંતરાત્મા વિશે પ્રશ્ન પૂછે છે. શું આપણે અન્યાયને જોઈને મૌન રહીશું ? શું આપણે માત્ર પોતાના સમુદાયની પીડા માટે જ સંવેદનશીલ રહીશું ? કે પછી આપણે એવી દુનિયા માટે અવાજ ઉઠાવીશું જ્યાં દરેક બાળકને સુરક્ષા, દરેક પરિવારને ઘર અને દરેક માનવીને ગૌરવ સાથે જીવવાનો અધિકાર મળે ? બ્રિટિશ વિદેશ મંત્રીના શબ્દો કદાચ આંતરરાષ્ટ્રીય રાજકારણના એક મહત્ત્વપૂર્ણ પરિવર્તનનો સંકેત હોય. પરંતુ સાચું પરિવર્તન ત્યારે આવશે જ્યારે સરકારોના નિવેદનોને વિશ્વના નાગરિકોની જાગૃત અને ન્યાયપ્રિય ચેતનાનો સાથ મળશે. પેલેસ્ટીન માટેનો અવાજ કોઈ એક પ્રજાનો અવાજ ન બને તે માનવતાનો અવાજ બને. કારણ કે અંતે પ્રશ્ન માત્ર પેલેસ્ટીનનો નથી. પ્રશ્ન એ છે કે અન્યાય સામે બોલવાની હિંમત આપણે હજુ જીવંત રાખી છે કે નહીં.

કચ્છ જિલ્લાના ભૂજ ખાતે

## રાષ્ટ્રીય એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય કર્મીઓને અપાઈ તાલીમ


(તસવીર : યુસુફ જત, ભૂજ)

ભૂજ, તા.૧૪

કચ્છ જિલ્લામાં રાષ્ટ્રીય એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ (NACP) અંતર્ગત આરોગ્ય વિભાગની કામગીરી વધુ સુદૃઢ બનાવવા તથા HMISમાં નોંધાતી માહિતીની ગુણવત્તા સુધારવા જિલ્લા કક્ષાએ DQMS અંતર્ગત તાલીમ યોજાઈ હતી. દિશા યુનિટ-કચ્છ દ્વારા આયોજિત આ તાલીમમાં જિલ્લાના તમામ ફિમેલ હેલ્થ સુપરવાઈઝર ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મિતેષ ભંડેરી દ્વારા NACP કાર્યક્રમની કામગીરી તથા આરોગ્ય વિભાગમાં માહિતી વ્યવસ્થાપનની અગત્યતા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાલીમ દરમિયાન જિલ્લા ક્ષય તથા એચઆઈવી અધિકારી ડૉ. મનોજ દવે દ્વારા NACP કાર્યક્રમનું ઓવરવ્યૂ રજૂ કરી કાર્યક્રમ હેઠળની વિવિધ કામગીરી અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. ખાસ કરીને NACP કાર્યક્રમ અંતર્ગત HMISમાં નોંધાતા તમામ ઈન્ડિકેટર્સની એક પછી એક સમીક્ષા કરવામાં આવી હતી. આ પ્રસંગે ડૉ. મનોજ દવે દ્વારા જણાવાયું હતું કે, આરોગ્ય વિભાગના વિવિધ કાર્યક્રમોના મોનિટરિંગ અને આગામી આયોજન માટે HMISમાં નોંધાતી માહિતી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જેથી દરેક સ્તરે સચોટ, સંપૂર્ણ અને સમયસર માહિતીની નોંધણી થાય તે જરૂરી છે. વાસ્તવિક કામગીરી અને HMISના આંકડા વચ્ચે કોઈ તફાવત ન રહે તે માટે નિયમિત રીતે માહિતીની ચકાસણી કરવા પણ સૂચના આપવામાં આવી હતી.

સૈયદ મહંમદઅલી બાવાના માર્ગદર્શન હેઠળ

## ધોળકા ખાતે ઝંડિયા કૂવા વિસ્તારમાં વિનામૂલ્યે મેડિકલ કેમ્પ યોજાયો



(સંવાદદાતા દ્વારા)

ધોળકા, તા.૧૪

ધોળકાના ઝંડિયા કૂવા પાનારાવાડ વિસ્તારમાં વિનામૂલ્યે મેડિકલ કેમ્પનું આયોજન સૈયદ મહંમદઅલી બાવા સાહેબના માર્ગદર્શન હેઠળ ડો.અલ્તાફભાઇ શેઠવાલા (એમ.ડી. ફિઝિશિયન), ડો. ઝરીનાબેન શેઠવાલા (એમ.ડી. ગાયનેક), ડો.મોહંમદ સકલૈન શેઠવાલા (એમ. એસ ઓર્થોપેડીક) તેમજ ડૉ.અફશા શેઠવાલા (આંખોના નિષ્ણાત) દ્વારા ઝંડિયાકૂવાના આગેવાનો અને યુવા મિત્રોના સાથ સહકારથી કરવામાં આવ્યું હતું. જેમાં શરીરની વિવિધ બીમારીઓ, આંખની તકલિફ, ડાયાબિટીસ, હાથ પગના દુખાવા અને સ્ત્રી રોગની સારવાર કરવામાં આવી હતી. સર્વે સમાજના દર્દીઓએ આ મેડિકલ કેમ્પનો લાભ લીધો હતો. આમ, આ મેડિકલ કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## વડોદરાની કિસ્મત કાઠિયાવાડી હોટલની ખીચડીમાં મકોડા નીકળ્યા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૪

વડોદરા શહેરના અમિતનગર સર્કલ પાસે કિસ્મત કાઠિયાવાડી હોટલ વિવાદમાં આવી છે. ગઈકાલે રાત્રે હોટલમાં જમવા ગયેલા ગ્રાહકોને વધારેલી ખીચડી પીરસવામાં આવી હતી. આ દરમિયાન ખીચડીમાંથી મૃત મકોડા નીકળતાં ગ્રાહકમાં ભારે નારાજગી જોવા મળી હતી.મહિલા ગ્રાહકના જણાવ્યા મુજબ, ભોજનમાંથી મકોડા નીકળ્યા બાદ તેમણે આ અંગે હોટલના સંચાલનને રજૂઆત કરી હતી. જોકે, તેમની ફરિયાદને ગંભીરતાથી લેવાને બદલે સંચાલક દ્વારા ઉદ્ધતાઈભર્યું વર્તન કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ ગ્રાહકે કર્યો છે. આ સમગ્ર ઘટનાને પગલે હોટલમાં પીરસાતા ભોજનની ગુણવત્તા તેમજ સ્વચ્છતા અંગે સવાલો ઊભા થયા છે. ભોજનમાંથી જીવાત મળી આવવાના આક્ષેપથી હોટલની ખાદ્યસામગ્રીની જાળવણી અને સ્વચ્છતાની વ્યવસ્થા સામે પણ સવાલો ઉઠ્યા છે. હવે ખોરાક શાખા દ્વારા આ મામલે તપાસ કરવામાં આવે છે કે કેમ અને હોટલ સામે કોઈ કાર્યવાહી થાય છે કે કેમ તે જોવું રહ્યું.

ધરતીપુત્રો ખુશખુશાલ

## ધોળકામાં પાંચ ઈંચ વરસાદ ખાબકતા મુરઝાતી મોલાતને મળ્યું નવજીવન

(સંવાદદાતા દ્વારા)

ધોળકા, તા.૧૪

અમદાવાદ જિલ્લાના ધોળકા નગરમાં અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સોમવારે સવારના પાંચ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા દરમ્યાન સાર્વત્રિક પાંચ ઈંચ જેટલો વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર થઇ ગયા હતા. સતત વરસેલા વરસાદના કારણે જનજીવન ઉપર તેની અસર જોવા મળી હતી. વરસાદના કારણે ધોળકાના બજારોમાં પણ લોકોની ઓછી ચહલ પહલ જોવા મળી હતી. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઇ છે એટલે લોકોને ગરમીથી રાહત મળી છે. આ વરસાદ ખેડૂતો માટે કાચા સોના જેવો સાબિત થયો છે. આ વરસાદ ધોળકા તાલુકામાં ડાંગર, શાકભાજી સહિતના પાકો માટે જીવનદાન બનીને આવ્યો છે. આથી ખેડૂતો રાજીના રેડ થઇ ગયા છે.

અંકલેશ્વર-હાંસોટ રોડ પર

## આમલાખાડી નજીક ડાયવર્ઝન પર સિઝનમાં ચોથી વખત પાણી ફરી વળ્યા, વાહન વ્યવહારને અસર


(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧૪

અંકલેશ્વરમાં સતત વરસી રહેલા વરસાદના પગલે કડકિયા કોલેજ પાસે આમલાખાડી પર બનાવવામાં આવેલા ડાયવર્ઝન પર પાણી ભરાતા માર્ગને વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે. જો કે નાના વાહનો બાજુમાં આવેલ જુના બ્રિજ પરથી પસાર થઇ રહ્યા છે. અંકલેશ્વરમાં ભારે વરસાદના કારણે નદી નાળા છલકાયા છે ત્યારે અંકલેશ્વર-હાંસોટ રોડ પર આવેલી આમલાખાડી ઓવરફ્લો થતાં સિઝનમાં ચોથી વખત ડાયવર્ઝન પર પાણી ફરી વળતા સુરક્ષા માટે આ માર્ગ વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે, જેનાથી વાહનચાલકોને મુશ્કેલી પડી રહી છે.જો કે હાલ જૂના બ્રિજ પરથી માત્ર નાના વાહનો પસાર થઈ રહ્યા છે.સ્થાનિક પોલીસ દ્વારા સુરક્ષાના ભાગરૂપે આમલાખાડી પાસે પોલીસની ટિમ તૈનાત કરી દેવામાં આવી છે અને એશિયાડ નગર પાસે બેરીકેટ મૂકી અંકલેશ્વરથી હાંસોટ તરફ જવા કે ત્યાંથી આવવા માટે વૈકલ્પિક માર્ગ તરીકે મોટા વાહનચાલકોએ આંબોલી – બોરીદ્રા થઈ પુનગામ તરફના માર્ગનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છેઅંકલેશ્વરમાં ભારે વરસાદના કારણે નીચાણવાળી સોસાયટીઓના પ્રવેશ માર્ગો પર પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ છે, જેના લીધે સ્થાનિક રહીશો ,રાહદારીઓ અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

## દહેગામ દરિયામાં લાપતા થયેલા માછીમારનો ચોથા દિવસે મૃતદેહ મળ્યો

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧૪

ચાર દિવસ અગાઉ જંબુસર તાલુકાના સારોદ, માલપુર, વેડચ સહિતના ગામોના કુલ આઠ માછીમારો યાંત્રિક બોટ મારફતે દરિયામાં માછીમારી કરવા ગયા હતા. દરમિયાન દરિયાના ઊંડા પાણીમાં બોટમાં યાંત્રિક ખામી સર્જાતા માછીમારો મુશ્કેલીમાં મુકાયા હતા. બોટમાં સવાર માછીમારોએ સ્થાનિક લોકોનો સંપર્ક કરતાં બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં સાત માછીમારોનો સફળતાપૂર્વક બચાવ થયો હતો, જ્યારે સારોદ ગામના અક્ષય કરશનભાઈ વાઘેલા લાપતા બન્યા હતા.

અક્ષયભાઈની શોધખોળ માટે છેલ્લા ચાર દિવસથી દરિયામાં તેમજ દરિયાકાંઠાના વિસ્તારોમાં સતત શોધખોળ હાથ ધરવામાં આવી હતી. અંતે નેઝા અને ગંગવા ગામના દરિયાકિનારા નજીકથી અક્ષય કરશનભાઈ વાઘેલાનો મૃતદેહ મળી આવ્યો હતો. યુવાનનો મૃતદેહ મળી આવતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. અક્ષયભાઈ પોતાના પાછળ વિધવા માતા, સગર્ભા પત્ની અને ત્રણ બહેનોને વિલાપ કરતા મૂકી ગયા છે. ઘટનાની જાણ થતાં કાવી પોલીસે મૃતદેહનો કબજો મેળવી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી અને મૃતદેહને જંબુસર સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. સમગ્ર મામલે કાવી પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# 'મિસ્ટર સિંહ' નહીં, આ તો પૂર્વગ્રહનું પોસ્ટર છે

અમેરિકા પોતાને લોકશાહી, માનવ અધિકાર અને સમાનતાના મૂલ્યોનો ધરાર રખેવાળ ગણાવે છે. પરંતુ જ્યારે કોઈ સરકારી વિભાગના સત્તાવાર પ્રચારમાં જ કોઈ ચોક્કસ સમુદાયની ઓળખને નિશાન બનાવવામાં આવે ત્યારે માત્ર અમેરિકાની નહીં, સમગ્ર વિશ્વની ચિંતા વધે છે. અમેરિકાના હોમલેન્ડ સિક્યુરિટી વિભાગ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલું 'મિસ્ટર સિંહ'વાળું પોસ્ટર આ જ કારણસર ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. આ પોસ્ટરમાં AIથી તૈયાર કરાયેલા એક દાઢીવાળા વ્યક્તિને બતાવીને લખવામાં આવ્યું હતું કે, 'અમારી સડકો પરથી ચાલ્યા જાઓ, મિસ્ટર સિંહ, તમને વાહન ચલાવતા આવડતું નથી.' પોસ્ટરનો હેતુ લાઈસન્સ વિના વાહન ચલાવતા કોમર્શિયલ ડ્રાઈવરો સામે કાર્યવાહીનો સંદેશ આપવાનો હતો. કાયદો તોડનાર કોઈ પણ વ્યક્તિ સામે કાર્યવાહી થવી જોઈએ, તેમાં બે મત નથી. પરંતુ કાયદાના અમલ અને કોઈ ચોક્કસ જાતિ, વંશ કે સમુદાયને નિશાન બનાવવા વચ્ચેની રેખા બહુ સ્પષ્ટ હોવી જોઈએ.

અહીં સૌથી મોટો સવાલ એ છે કે આખા અભિયાનમાં 'મિસ્ટર સિંહ' નામનો જ ઉપયોગ કેમ થયો ? 'સિંહ' માત્ર કોઈ એક વ્યક્તિનું નામ નથી. તે લાખો શીખ લોકોની ઓળખ સાથે જોડાયેલી સામાન્ય અટક છે. અમેરિકામાં પણ શીખ સમુદાયના અનેક લોકો દેશના અર્થતંત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે, ખાસ કરીને ટ્રકિંગ અને પરિવહન ક્ષેત્રમાં. એક વ્યક્તિના કથિત ગુનાને આધારે આખા સમુદાયને શંકાની નજરે જોવાનો પ્રયાસ સ્વાભાવિક રીતે વિરોધ પેદા કરે જ.

વધુ ચિંતાજનક બાબત એ છે કે આ કોઈ અજાણ્યા વ્યક્તિનું સોશિયલ મીડિયા પોસ્ટર નહોતું. આ અમેરિકાના એક મહત્ત્વપૂર્ણ સરકારી વિભાગનો સત્તાવાર સંદેશાવ્યવહાર હતો. એટલે આ ઘટનાને માત્ર 'એક ખરાબ પોસ્ટર' કહીને ભૂલી જવું પૂરતું નથી. સરકારી સંસ્થાઓના શબ્દો અને પ્રતીકોમાં જવાબદારીનું પ્રમાણ સામાન્ય નાગરિક કરતાં ઘણું વધારે હોવું જોઈએ.

આ ઘટનામાં AIનો ઉપયોગ પણ ચર્ચાનો વિષય છે. કૃત્રિમ બુદ્ધિમત્તા દ્વારા બનાવેલી તસવીરનો ઉપયોગ કરીને એક ચોક્કસ દેખાવ - દાઢી, પાઘડી કે ભારતીય મૂળની ઓળખ - અને 'ખરાબ ડ્રાઈવર' તથા 'ગેરકાયદે પ્રવાસી' જેવી છબીઓને એકસાથે રજૂ કરવામાં આવી. આવી રજૂઆત સમાજમાં રહેલા પૂર્વગ્રહોને વધુ મજબૂત બનાવી શકે છે. ટેકનોલોજી જેટલી શક્તિશાળી બને છે, તેટલી જ તેના જવાબદાર ઉપયોગની જરૂરિયાત વધી જાય છે.

આ પોસ્ટર સામે શીખ અને ભારતીય-અમેરિકન સંગઠનોએ ભારે વિરોધ નોંધાવ્યો છે. તેને જાતિવાદી અને ભારતીય વિરોધી ગણાવવામાં આવ્યું. અમેરિકન રાજકારણના અલગ-અલગ વર્ગોમાંથી પણ તેની ટીકા થઈ. અંતે DHSએ પોસ્ટર હટાવી દીધું. પરંતુ પોસ્ટર હટાવવાથી પ્રશ્ન પૂરો થતો નથી. પ્રશ્ન એ છે કે આવું પોસ્ટર બનાવવાનો વિચાર આવ્યો ક્યાંથી ? તેને તૈયાર કોણે કર્યું ? તેની મંજૂરી કોણે આપી ? અને પ્રકાશિત કરતાં પહેલાં કોઈએ એ વિચાર્યું કેમ નહીં કે 'સિંહ' નામને એક સમુદાયના અપમાન સાથે જોડવાથી શું સંદેશ જશે ?

આ ઘટનાનો સમય પણ સંવેદનશીલ છે. ૯/૧૧ની ઘટનાને ૨૫ વર્ષ પૂર્ણ થવાના સમયગાળામાં અમેરિકામાં શીખ સમુદાયે ભૂતકાળમાં વંશીય ભેદભાવ અને હિંસાનો સામનો કર્યો છે. તેથી આવી ભાષા અને છબી સ્વાભાવિક રીતે જૂના ઘાવને ફરી તાજા કરે છે.

કોઈપણ દેશમાં ગેરકાયદે વસવાટ કે કાયદો તોડનારા સામે સરકારને કાર્યવાહી કરવાનો સંપૂર્ણ અધિકાર છે. પરંતુ કાયદો વ્યક્તિને આધારે લાગુ થવો જોઈએ, ઓળખને આધારે નહીં. જો કોઈ ડ્રાઈવરે ગુનો કર્યો હોય તો તેની સામે કાર્યવાહી થવી જોઈએ; તેનું નામ સિંહ છે, પટેલ છે કે સ્મિથ છે - તેનો કાયદા સાથે કોઈ સંબંધ ન હોવો જોઈએ.

આ ઘટનામાં 'Transformers'ના પાત્રોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો અને કંપની Hasbroએ સ્પષ્ટ કર્યું કે આ ઉપયોગ તેની મંજૂરી વિના થયો હતો. એટલે આ આખું અભિયાન માત્ર રાજકીય સંદેશના સ્તરે જ નહીં, પરંતુ જાહેર પ્રચારની જવાબદારીના સ્તરે પણ સવાલો ઊભા કરે છે.

બની બેઠેલા જગત જમાદાર અમેરિકા દુનિયાને લોકશાહી અને સ્વતંત્રતાના પાઠ ભણાવતું આવ્યું છે. તેથી તેની પોતાની સરકારી વ્યવસ્થામાંથી જ્યારે કોઈ સમુદાયને નામ, રંગ, દેખાવ અથવા વંશીય ઓળખના આધારે નિશાન બનાવતો સંદેશ બહાર આવે, ત્યારે તેની ટીકા થવી જ જોઈએ. 'મિસ્ટર સિંહ'વાળું પોસ્ટર માત્ર એક પોસ્ટર નહોતું; તે સરકારી સત્તા અને સામાજિક પૂર્વગ્રહ વચ્ચેની ખતરનાક સરહદનું પ્રતિબિંબ હતું. પોસ્ટર હટાવી દેવાયું છે, પરંતુ લોકશાહી માટે સાચી જરૂરિયાત એ છે કે આવી માનસિકતા જ દૂર થાય. કારણ કે રસ્તા પરની સુરક્ષા કાયદાથી આવે છે, કોઈ સમુદાયને અપમાનિત કરવાથી નહીં.

# જ્યારે અંતરાત્મા બોલી ઊઠે : વિશ્વના અંતરાત્માને જગાડતો પ્રશ્ન પેલેસ્ટીન માટે વિશ્વની જવાબદારી : બ્રિટિશ વિદેશ મંત્રી એડ મિલિબેન્ડ

અભિગમ

\- ઈકબાલ એહમદ મિરઝા

બ્રિટિશ વિદેશ મંત્રી એડ મિલિબેન્ડના હાઉસ ઑફ કોમન્સમાં આપેલા ભાષણમાં તેમણે ઇઝરાયેલી સરકારની નીતિ, પશ્ચિમ કાંઠાની વસાહતો અને પેલેસ્ટીનીઓ સામેની હિંસા અંગે ખૂબ કડક વલણ વ્યક્ત કર્યું હતું. "અમારો વિરોધ ઇઝરાયેલના લોકો સાથે નથી. ઇઝરાયેલના લોકો સાથે બ્રિટનના સંબંધો અતૂટ છે. અમારો પ્રશ્ન ઇઝરાયેલની સરકારના વર્તન સાથે છે." તેમણે આગળ કહ્યું કે તેઓ ગર્વિત બ્રિટિશ યહૂદી છે અને ઇઝરાયેલ સાથે તેમનો વ્યક્તિગત તથા પારિવારિક સંબંધ છે. તેમણે જણાવ્યું કે નાઝીઓ દ્વારા તેમના પરિવારના સભ્યોની હત્યા થયા બાદ ઇઝરાયેલે તેમની દાદીને આશ્રય આપ્યો હતો. તેથી પેલેસ્ટીનમાં બની રહેલી ઘટનાઓ અંગે તેઓ વધુ ગંભીરતાથી બોલી રહ્યા છે. તેમણે કહ્યું કે બ્રિટિશ સરકાર માને છે કે પશ્ચિમ કાંઠાના કેટલાક વિસ્તારોમાં ઇઝરાયેલી વસાહતી ઉગ્રવાદીઓ દ્વારા પેલેસ્ટીનીઓની "Ethnic Cleansing" (વંશીય સફાયો/વસ્તી હટાવવાની કાર્યવાહી) કરવામાં આવી રહી છે. તેમણે આ સંદર્ભમાં જણાવ્યું કે: પેલેસ્ટીનીઓના ઘરો તોડી પાડવામાં આવ્યા છે. રસ્તાઓ અને જાહેર માળખાઓને નષ્ટ કરવામાં આવ્યા છે. પરિવારોને તેમના ઘરોમાંથી વિસ્થાપિત કરવામાં આવ્યા છે. ઇઝરાયેલી વસાહતોનો વિસ્તાર સતત વધારવામાં આવી રહ્યો છે. આ પરિસ્થિતિ પેલેસ્ટીની રાજ્યની સ્થાપનાની શક્યતા અને Two-State Solution માટે ગંભીર ખતરો છે. મિલિબેન્ડે વધુમાં કહ્યું કે બ્રિટન ઇઝરાયેલના કબજાને આંતરરાષ્ટ્રીય કાયદા વિરૂદ્ધ અને ગેરકાયદેસર માને છે અને આ મુદ્દે હવે માત્ર નિવેદનો પૂરતા નથી કાર્યવાહી કરવાનો સમય આવી ગયો છે.

આ ભાષણ સાથે બ્રિટને ઇઝરાયેલી વસાહતો સામે પગલાં જાહેર કર્યા :

૧. પશ્ચિમ કાંઠાની ઇઝરાયેલી વસાહતોમાંથી આવતા માલની આયાત પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત.

૨. વસાહતોને મદદ કરનારી અથવા તેમાંથી નફો મેળવનારી વ્યક્તિઓ/સંસ્થાઓ સામે લક્ષિત પગલાં.

૩. ઇઝરાયેલી વસાહતોને આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ ગેરકાયદેસર ગણાવતી નીતિને વધુ મજબૂત બનાવવી.

બ્રિટને સ્પષ્ટ કર્યું કે આ પગલાં ઇઝરાયેલના સામાન્ય નાગરિકો અથવા યહૂદી ધર્મ વિરૂદ્ધ નથી, પરંતુ ઇઝરાયેલી સરકારની નીતિઓ અને વસાહતી પ્રવૃત્તિઓ વિરૂદ્ધ છે. મિલિબેન્ડે ખાસ કરીને બ્રિટિશ યહૂદીઓને સંબોધીને કહ્યું કે બ્રિટિશ યહૂદીઓને ઇઝરાયેલી સરકારની કાર્યવાહી માટે જવાબદાર ગણવું "સ્પષ્ટપણે યહૂદીવિરોધી (antisemitism)" છે. જ્યારે અંતરાત્મા બોલી ઊઠે : પેલેસ્ટીન માટે વિશ્વની જવાબદારી બ્રિટિશ વિદેશ મંત્રીના કડક શબ્દો માત્ર રાજકીય નિવેદન નથી તે વિશ્વના અંતરાત્માને જગાડતો પ્રશ્ન છે પેલેસ્ટીનની ધરતી પર વરસોથી ચાલતી પીડા આજે માત્ર મધ્યપૂર્વનો પ્રશ્ન રહી નથી. તે માનવતા, આંતરરાષ્ટ્રીય કાયદો, ન્યાય અને વિશ્વની સામૂહિક અંતરાત્માની કસોટી બની ગઈ છે.

તાજેતરમાં બ્રિટનના વિદેશ મંત્રી એડ મિલિબેન્ડે ઇઝરાયેલી સરકારની નીતિઓ અને પશ્ચિમ કાંઠામાં પેલેસ્ટીનીઓ સામેની કાર્યવાહી અંગે સંસદમાં જે કડક વલણ વ્યક્ત કર્યું, તે નોંધપાત્ર છે. ખાસ કરીને પેલેસ્ટીનીઓના વિસ્થાપન, ઘરોના વિનાશ અને વસાહતી વિસ્તરણ અંગે તેમણે જે ચિંતા વ્યક્ત કરી તે વિશ્વના રાજકીય નેતાઓ માટે એક ગંભીર સંદેશ છે. આ મુદ્દાને માત્ર "ઇઝરાયેલ વિરૂદ્ધ" કે "યહૂદી વિરૂદ્ધ" તરીકે જોવો એ મૂળ પ્રશ્નથી નજર ફેરવવા જેવું છે. ન્યાય કોઈ ધર્મ, જાતિ કે રાષ્ટ્રની મિલકત નથી. ન્યાય સૌ માટે સમાન હોવો જોઈએ. પ્રશ્ન ઇઝરાયેલના લોકોનો નથી, નીતિનો છે આ ચર્ચામાં એક મહત્ત્વની બાબત સમજવી જરૂરી છે : કોઈ સરકારની નીતિની ટીકા કરવી અને કોઈ ધર્મ કે સમુદાય પ્રત્યે દ્વેષ રાખવો બંને એક જ બાબત નથી. વિશ્વમાં જ્યાં ક્યાં પણ નાગરિકોના અધિકારોનું ઉલ્લંઘન થાય, ઘરો તોડવામાં આવે, નિર્દોષ લોકો વિસ્થાપિત થાય અથવા બાળકો અને પરિવારો યુદ્ધની કિંમત ચૂકવે, ત્યાં માનવતાવાદી અવાજ ઊઠવો જોઈએ.

મુસ્લિમ સમાજ માટે આ મુદ્દો વધુ સંવેદનશીલ છે, કારણ કે પેલેસ્ટીન માત્ર રાજકીય ભૂમિ નથી. અલ-અક્સા મસ્જિદ, બૈતુલ મુકદ્દસ અને પેલેસ્ટીનનો ઇતિહાસ મુસ્લિમ ઉમ્મતની ચેતનાનો અભિન્ન ભાગ છે. પરંતુ પેલેસ્ટીન માટે આપણો અવાજ માત્ર ધાર્મિક લાગણી સુધી મર્યાદિત ન રહે તે ન્યાય અને માનવતાના સર્વવ્યાપક સિદ્ધાંત પર પણ આધારિત હોવો જોઈએ. દુનિયાને એક પ્રશ્ન જો કોઈ પરિવારને પોતાના ઘરમાંથી કાઢી મૂકવામાં આવે તો શું તેનું દુઃખ તેની ઓળખ જોઈને ઓછું કે વધારે થાય ? જો કોઈ બાળક પોતાના ઘર, શાળા અને સુરક્ષા ગુમાવે તો શું તેની પીડા ધર્મ જોઈને બદલાય ? જો કોઈ માતા પોતાના બાળકને ગુમાવે તો શું તેની આંખના આંસુની કોઈ રાષ્ટ્રીયતા હોય ? ના. માનવ પીડાની કોઈ સરહદ નથી. આ જ કારણ છે કે પેલેસ્ટીનનો પ્રશ્ન આજે વિશ્વના દરેક સંવેદનશીલ મનુષ્યનો પ્રશ્ન બનવો જોઈએ. નિવેદનોથી આગળ કાર્યવાહીની જરૂર.

વિશ્વના અનેક દેશો વર્ષોથી "Two-State Solution", "Peace Process" અને "International Law"ની વાત કરે છે. પરંતુ પ્રશ્ન એ છે કે માત્ર ઠરાવો અને નિવેદનો પૂરતા છે ? જો એક તરફ શાંતિની વાત થાય અને બીજી તરફ જમીન પર સતત વિસ્થાપન, હિંસા અને વસાહતી વિસ્તરણ ચાલુ રહે, તો શાંતિની શક્યતા કેવી રીતે જીવંત રહી શકે ? આથી આંતરરાષ્ટ્રીય સમુદાયની જવાબદારી માત્ર ચિંતા વ્યક્ત કરવાની નથી. જવાબદારી છે, આંતરરાષ્ટ્રીય કાયદાનો સમાન અમલ કરાવવાની, નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાની અને ન્યાયસંગત રાજકીય ઉકેલ માટે ગંભીર પગલાં લેવાની. મુસ્લિમ સમાજે શું કરવું ? પેલેસ્ટીનના પ્રશ્ને મુસ્લિમ સમાજની ભૂમિકા માત્ર સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવા પૂરતી ન હોવી જોઈએ.

**આપણે પાંચ બાબતો પર ધ્યાન આપવું જોઈએ :**

**૧. જાગૃતિ :** પેલેસ્ટીનના ઇતિહાસ અને વર્તમાન પરિસ્થિતિ અંગે તથ્ય આધારિત માહિતી સમાજ સુધી પહોંચાડવી.

**૨. માનવતાવાદી સહાય :** જ્યાં કાયદેસર અને વિશ્વસનીય માધ્યમ ઉપલબ્ધ હોય ત્યાં પીડિતો માટે માનવતાવાદી સહાય પહોંચાડવી.

**૩. લોકશાહી માર્ગે અવાજ :** સરકારો, સંસદસભ્યો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને નાગરિક સમાજ સમક્ષ શાંતિપૂર્ણ અને લોકશાહી રીતે ન્યાયની માંગ ઉઠાવવી.

**૪. સંવાદ અને એકતા :** મુસ્લિમો ઉપરાંત ખ્રિસ્તી, યહૂદી અને અન્ય માનવતાવાદી શક્તિઓ સાથે મળીને એવો વૈશ્વિક અવાજ ઊભો કરવો કે જે કોઈ ધર્મ વિરૂદ્ધ નહીં, પરંતુ અન્યાય વિરૂદ્ધ હોય.

**૫. દ્વેષ નહીં, ન્યાય :** ઈસ્લામ આપણને અન્યાય સામે ઊભા રહેવાનું શીખવે છે, પરંતુ નિર્દોષ વ્યક્તિ પ્રત્યે દ્વેષ રાખવાનું નહીં. આપણો સંઘર્ષ અન્યાય સામે હોવો જોઈએ - કોઈ ધર્મ કે પ્રજાના અસ્તિત્વ સામે નહીં.

અંતે એક અપીલ પેલેસ્ટીન આજે આપણને માત્ર રાજકીય પ્રશ્ન નથી પૂછતું; તે આપણને આપણા અંતરાત્મા વિશે પ્રશ્ન પૂછે છે. શું આપણે અન્યાયને જોઈને મૌન રહીશું ? શું આપણે માત્ર પોતાના સમુદાયની પીડા માટે જ સંવેદનશીલ રહીશું ? કે પછી આપણે એવી દુનિયા માટે અવાજ ઉઠાવીશું જ્યાં દરેક બાળકને સુરક્ષા, દરેક પરિવારને ઘર અને દરેક માનવીને ગૌરવ સાથે જીવવાનો અધિકાર મળે ? બ્રિટિશ વિદેશ મંત્રીના શબ્દો કદાચ આંતરરાષ્ટ્રીય રાજકારણના એક મહત્ત્વપૂર્ણ પરિવર્તનનો સંકેત હોય. પરંતુ સાચું પરિવર્તન ત્યારે આવશે જ્યારે સરકારોના નિવેદનોને વિશ્વના નાગરિકોની જાગૃત અને ન્યાયપ્રિય ચેતનાનો સાથ મળશે. પેલેસ્ટીન માટેનો અવાજ કોઈ એક પ્રજાનો અવાજ ન બને તે માનવતાનો અવાજ બને. કારણ કે અંતે પ્રશ્ન માત્ર પેલેસ્ટીનનો નથી. પ્રશ્ન એ છે કે અન્યાય સામે બોલવાની હિંમત આપણે હજુ જીવંત રાખી છે કે નહીં.

# એપોલો હોસ્પિટલને બેદરકારીના કેસમાં રૂા.૪૩.૩૭ લાખ ચૂકવવાનો આદેશ

## કમિશને કહ્યું છે કે, દર્દીને એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવાની પ્રક્રિયા દરમિયાન સારવાર માટેનો કિંમતી સમય વેડફાયો હતો

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૩

તેલંગાણા સ્ટેટ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ્સ રિડ્રેસલ કમિશને જુબિલી હિલ્સ સ્થિત એપોલો હોસ્પિટલ એન્ટરપ્રાઈઝિસ લિમિટેડને ૫૩ વર્ષીય વ્યક્તિના પરિવારને રૂા.૪૩ લાખથી વધુની રકમ ચૂકવવાનો આદેશ આપ્યો છે. આ વ્યક્તિનું ૨૦૧૩માં સ્ટ્રોક (મગજનો હુમલો) આવ્યા બાદ અવસાન થયું હતું.

કમિશને દર્દીની સારવારમાં બેદરકારી બદલ હોસ્પિટલને જવાબદાર ઠેરવી હતી અને તેમની પત્ની, પુત્ર અને પુત્રી દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદને આંશિક રીતે સ્વીકારી હતી. પરિવારે રૂા.૧ કરોડના વળતરની માંગણી કરી હતી.

એપોલો હોસ્પિટલને તબીબી બેદરકારી બદલ વળતર તરીકે રૂા.૪૦,૧૧,૮૭૬ ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત અન્ય રકમમાં સંપત્તિના નુકસાન બદલ રૂા.૧ લાખ, મેડિકલ રેકોર્ડ્સની નબળી જાળવણી બદલ રૂા.૧ લાખ, જીવનસાથીનો સાથ અને પિતૃત્વના સ્નેહથી વંચિત રહેવા બદલ રૂા.૧ લાખ અને અન્ય ખર્ચ પેટે રૂા.૨૫,૦૦૦નો સમાવેશ થાય છે. વ્યાજ સિવાય કુલ વળતરની રકમ રૂા.૪૩.૩૭ લાખ થાય છે.

૨૨ માર્ચ, ૨૦૧૩ના રોજ વારાસીગુડા સ્થિત તેમના ઘરે એન. દેવેન્દ્ર રાવને સ્ટ્રોકના લક્ષણો જણાયા હતા. તેમનો પરિવાર તેમને સૌપ્રથમ એપોલો હોસ્પિટલની સિકંદરાબાદ શાખામાં લઈ ગયો હતો. ફરિયાદ મુજબ હોસ્પિટલના સ્ટાફે તેમને જણાવ્યું હતું કે, ન્યુરોલોજિસ્ટ ઉપલબ્ધ નથી અને દર્દીને જુબિલી હિલ્સ શાખામાં લઈ જવાની સલાહ આપી હતી.

કમિશનને જણાયું કે, દર્દીને એક શાખામાંથી બીજી શાખામાં ખસેડવાની પ્રક્રિયા દરમિયાન સારવાર માટેનો કિંમતી સમય વેડફાયો હતો. કમિશને નોંધ્યું હતું કે, 'એક્યુટ ઈસ્કેમિક સ્ટ્રોક'ના કિસ્સામાં, પ્રથમ ૬૦ મિનિટ દરમિયાન સારવાર સૌથી વધુ અસરકારક હોય છે અને સારવાર માટેનો મહત્તમ સમયગાળો ૪.૫ કલાકનો હોય છે. જો કે, હોસ્પિટલના ડ્રગ ચાર્ટ પરથી જાણવા મળ્યું હતું કે, પ્રથમ દવા સાંજે ૭:૧૩ વાગ્યે આપવામાં આવી હતી, જે દર્દીમાં લક્ષણો દેખાયાના ઘણા કલાકો પછીનો સમય હતો. કમિશને તારણ કાઢ્યું હતું કે, એપોલો હોસ્પિટલ શરૂઆતના નિર્ણાયક સમયગાળા દરમિયાન યોગ્ય સારવાર આપવામાં નિષ્ફળ રહી હતી. કમિશને વિવિધ રેકોર્ડ્સમાં દર્શાવવામાં આવેલા સમયમાં રહેલી વિસંગતતાઓ અંગે પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. પરિવારે જણાવ્યું હતું કે, તેઓ બપોરે ૧:૩૦થી ૨:૦૦ વાગ્યાની વચ્ચે સિકંદરાબાદ હોસ્પિટલ પહોંચ્યા હતા, જ્યારે એપોલોના લેખિત નિવેદનમાં બપોરે ૩:૧૫ વાગ્યાનો ઉલ્લેખ હતો. હોસ્પિટલના બિલો દર્શાવે છે કે, સાંજે ૪ વાગ્યા સુધીમાં સિકંદરાબાદ શાખામાં તપાસ (ટેસ્ટ) કરવામાં આવી હતી. જો કે, જ્યુબિલી હિલ્સ શાખાના રેકોર્ડ્સ દર્શાવે છે કે, દર્દીને સાંજે ૬:૪૨ વાગ્યે દાખલ કરવામાં આવ્યા હતા.

કમિશનને સત્તાવાર રીતે દાખલ કરવાના સમય પહેલાંની નર્સિંગ નોંધો પણ જોવા મળી હતી. કમિશન સમક્ષ એક મુખ્ય મુદ્દો સંપૂર્ણ તબીબી રેકોર્ડ્સનો અભાવ હતો. ઘણી ક્લિનિકલ નોંધોમાં 'માસ્ટર ચાર્ટ'નો ઉલ્લેખ હતો, પરંતુ હોસ્પિટલે તે રજૂ કર્યો ન હતો. કમિશને નોંધ્યું હતું કે, આ મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ ક્યારેય રજૂ કરવામાં આવ્યો ન હતો.

એપોલો દર્દીના હોસ્પિટલમાં રોકાણના સમગ્ર સમયગાળાના - એટલે કે માર્ચમાં દાખલ થયા ત્યારથી લઈને લગભગ સાત મહિના પછી તેમના મૃત્યુ સુધીના - મૂળ રેકોર્ડ્સ પૂરા પાડવામાં પણ નિષ્ફળ રહ્યું હતું. તપાસ, સીટી સ્કેન અને બ્લડ ટેસ્ટ સંબંધિત રિપોર્ટ્સ પણ ઉપલબ્ધ ન હતા.

એપોલોએ દલીલ કરી હતી કે, લોહીના ક્લોટ ઓગાળવાની સારવાર આપવામાં આવી ન હતી કારણ કે, દેવેન્દ્ર રાવને કિડનીની બીમારી, ડાયાબિટીસ અને અગાઉ સ્ટ્રોક આવ્યાનો ઇતિહાસ હતો. કમિશને આ સ્પષ્ટતાને ફગાવી દીધી અને નોંધ્યું કે સારવાર સમયે કેસ શીટમાં આ કારણો નોંધવામાં આવ્યા ન હતા. તેના બદલે સારવારમાં વિલંબ અંગે પરિવારે પ્રશ્ન ઉઠાવ્યા પછી જ આ સ્પષ્ટતા આપવામાં આવી હતી. કમિશને તેને 'પછીથી વિચારીને ઘડાયેલી વાત' ગણાવી હતી.

કાર્યવાહી દરમિયાન એપોલોના એક ડોક્ટરે કથિત રીતે સ્વીકાર્યું હતું કે, તેમણે પરિવારને દેવેન્દ્ર રાવને ઘરે લઈ જવાની અને ખાનગી નર્સિંગ સંભાળની વ્યવસ્થા કરવાની સલાહ આપી હતી. કમિશને કહ્યું કે, એકવાર દર્દીને સરકારી સ્વાસ્થ્ય યોજના હેઠળ સારવાર માટે દાખલ કરવામાં આવે પછી જરૂરી સંભાળ પૂરી પાડવાની જવાબદારી હોસ્પિટલની હોય છે. તેણે કહ્યું કે, આ જવાબદારી માત્ર દર્દીના પરિવાર પર નાખી શકાય નહીં.

એપોલો હોસ્પિટલને આદેશ મળ્યાની તારીખથી ૩૦ દિવસની અંદર ચૂકવણી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. જો આ સમયગાળામાં રકમ ચૂકવવામાં નહીં આવે તો પરિવારને વળતર મળે ત્યાં સુધી વાર્ષિક ૯ ટકાના દરે વ્યાજ લાગુ થશે.

## ૬૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાશે

# આજે ૨૨ રાજ્યોમાં ભારે વરસાદની આગાહી

## દિલ્હી, હરિયાણા, પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન અને પહાડી રાજ્યોમાં પણ એલર્ટ જારી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪

દેશના અનેક વિસ્તારોમાં ચોમાસું ફરી સક્રિય થતાં હવામાનમાં મોટો પલટો આવ્યો છે. હવામાન વિભાગ (IMD) દ્વારા ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ માટે દેશના ૨૨થી વધુ રાજ્યોમાં ભારે વરસાદ, ગાજવીજ, વીજળી પડવા અને તેજ પવનની ચેતવણી આપવામાં આવી છે. દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન અને ઉત્તર ગુજરાતની આસપાસ સક્રિય લો-પ્રેશર સિસ્ટમના કારણે પશ્ચિમ ભારતમાં વરસાદની સ્થિતિ વધુ ગંભીર બની છે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદની શક્યતા છે. બીજી તરફ, બંગાળની ખાડીમાં બનેલી સિસ્ટમ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી ઉત્તર ભારતથી લઈને પૂર્વોત્તર ભારત સુધી વરસાદનું જોર યથાવત રહેવાની આગાહી છે.

ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં લો-પ્રેશર સિસ્ટમની અસર સૌથી વધુ જોવા મળી શકે છે. હવામાન વિભાગે સૌરાષ્ટ્ર અને કચ્છના અનેક વિસ્તારોમાં અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં પણ ભારેથી અતિભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની તેમજ કેટલાક સ્થળોએ પૂર જેવી સ્થિતિ સર્જાવાની શક્યતા છે. તોફાની પવન અને ગાજવીજ સાથે વીજળી પડવાની શક્યતાને ધ્યાનમાં રાખીને લોકોને ખુલ્લા વિસ્તારમાં જવાનું ટાળવાની સલાહ આપવામાં આવી છે. દિલ્હી-NCR સહિત હરિયાણા અને પંજાબમાં ૧૫થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. આ દરમિયાન ૪૦થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવનના ઝાપટા આવવાની શક્યતા છે. ભારે વરસાદને કારણે રસ્તાઓ પર વિઝિબિલિટી ઘટી શકે છે અને સવાર-સાંજના સમયે ટ્રાફિકની સમસ્યા સર્જાઈ શકે છે. ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે વરસાદનું પ્રમાણ વધુ વ્યાપક રહેવાની આગાહી છે. ઉત્તર પ્રદેશમાં ૧૪ અને ૧૫ સપ્ટેમ્બરે ગાજવીજ સાથે વરસાદ અને વીજળી પડવાની શક્યતા છે. ખાસ કરીને પશ્ચિમ અને પૂર્વી ઉત્તર પ્રદેશમાં લોકોને સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે. બિહારમાં ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે વ્યાપક વરસાદ સાથે ભારે વરસાદનું જોર વધવાની શક્યતા છે. ૧૫ સપ્ટેમ્બરે કેટલાક વિસ્તારોમાં ૩૦થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે વરસાદ અને ગાજવીજ થઈ શકે છે. પૂર્વી રાજસ્થાનમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભારે વરસાદ નોંધાયા બાદ ૧૪ અને ૧૫ સપ્ટેમ્બરે પણ વરસાદનું જોર યથાવત રહેવાની આગાહી છે. પૂર્વી રાજસ્થાનમાં ૧૭ સપ્ટેમ્બર સુધી અને પશ્ચિમ રાજસ્થાનમાં ૧૬ સપ્ટેમ્બર સુધી ગાજવીજ અને વીજળી સાથે વરસાદની શક્યતા છે. મધ્યપ્રદેશમાં પશ્ચિમ વિસ્તારમાં ભારે વરસાદ બાદ ૧૫ સપ્ટેમ્બરથી વરસાદની તીવ્રતામાં થોડો ઘટાડો થઈ શકે છે.

જોકે, છત્તીસગઢ, પૂર્વી મધ્યપ્રદેશ અને વિદર્ભમાં ૧૮ સપ્ટેમ્બર સુધી ગાજવીજ સાથે વરસાદની સ્થિતિ રહેવાની શક્યતા છે.

જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદમાં ૧૫થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન વ્યાપક વરસાદની શક્યતા છે. આ દરમિયાન ૪૦થી ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

ઉત્તરાખંડમાં ૧૫ અને ૧૬ સપ્ટેમ્બરે ભારે ગાજવીજ સાથે વરસાદની આગાહી છે. પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલન અને પથ્થરો ધસી પડવાનું જોખમ હોવાથી મુસાફરોને સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે.

અરૂણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં ૧૫થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ તોફાન અને ગાજવીજની ચેતવણી આપવામાં આવી છે. દક્ષિણ ભારતમાં કેરળ, માહે, લક્ષદ્વીપ અને તેલંગાણામાં ચોમાસું સક્રિય રહેશે. તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ૧૪થી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન ભારે વરસાદની શક્યતા છે. દક્ષિણ આંતરિક કર્ણાટકમાં ૧૫ સપ્ટેમ્બરે ભારે વરસાદની આગાહી છે.

ભારે વરસાદ વચ્ચે હવામાન વિભાગે ચોમાસાની વિદાય અંગે પણ મહત્ત્વની માહિતી આપી છે. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ની આસપાસ પશ્ચિમ રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાંથી દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની વિદાય માટે સ્થિતિ અનુકૂળ બની રહી છે. આ પછી ચોમાસાની વિદાય ધીમે ધીમે ઉત્તર-પશ્ચિમ ભારતના અન્ય વિસ્તારો તરફ આગળ વધી શકે છે. ગુજરાતના દરિયાકાંઠા અને ઉત્તર-પૂર્વ અરબી સમુદ્રમાં હવામાનની સ્થિતિને ધ્યાનમાં રાખીને માછીમારોને ૧૬ સપ્ટેમ્બર સુધી દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે. બંગાળની ખાડી અને આંદામાન સમુદ્રમાં પણ ૧૫થી ૧૯ સપ્ટેમ્બર દરમિયાન ઊંચા મોજાં અને ૬૦ કિમી પ્રતિ કલાક સુધીની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં તંત્રને સતર્ક રહેવા અને જરૂર પડે ત્યારે બચાવ કામગીરી માટે તૈયાર રહેવા સૂચના આપવામાં આવી છે.

## ઓમાનમાં ૧૩ ભારતીયોના રેસ્ક્યુ

# નાવિકો પર હુમલો સાંખી નહીં લેવાય : વિદેશ મંત્રાલય

## ઓમાનના દરિયાકાંઠે MT El Gaia જહાજ પર હુમલો થતા ૧૪ ભારતીય ક્રૂ મેમ્બર્સમાંથી ૧૩ સુરક્ષિત જ્યારે ૧ લાપતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪

પશ્ચિમ એશિયાના અત્યંત સંવેદનશીલ દરિયાઈ વિસ્તારમાં વેપારી જહાજો પર વધી રહેલા હુમલાઓએ વૈશ્વિક સ્તરે સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. તાજેતરમાં ઓમાનના દરિયાકાંઠે એક વેપારી જહાજ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલા બાદ ભારત સરકારના વિદેશ મંત્રાલયે વિરોધ નોંધાવ્યો છે અને દરિયાઈ ક્ષેત્રમાં વધતા તણાવ સામે ચિંતા વ્યક્ત કરી છે. આ જહાજ પર ઉપસ્થિત મોટાભાગના ક્રૂ મેમ્બર્સ ભારતીય નાગરિકો હતા, જેના કારણે સમગ્ર મામલો ભારત માટે પણ સંવેદનશીલ બની ગયો છે. ઓમાન તટ નજીક કમર્શિયલ જહાજ MT El Gaia પર હુમલો થયો હતો. આ જહાજ પર કુલ ૧૪ ભારતીય ક્રૂ સભ્યો સવાર હતા. હુમલા બાદ તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં ૧૩ ભારતીય ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે ૧ ભારતીય નાવિક હજુ પણ લાપતા છે. અમે ઓમાન તટ નજીક કોમર્શિયલ જહાજ MT El Gaia પર થયેલા હુમલાની સખત નિંદા કરીએ છીએ. જહાજ પર સવાર ૧૪ ભારતીય ક્રૂ મેમ્બર્સમાંથી અત્યાર સુધીમાં ૧૩ ભારતીયોને બચાવી લેવાયા છે. લાપતા ભારતીય નાગરિક માટે સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશન આગળ વધારવામાં આવી રહ્યું છે. ઓમાનમાં સ્થિત અમારૂં દૂતાવાસ સ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને ઓમાન પ્રશાસન સાથે સંકલન સાધી રહ્યું છે. ભારતીય વિદેશ મંત્રાલયે મુશ્કેલ પરિસ્થિતિમાં ભારતીય નાગરિકોને બચાવવા માટે ઓમાન દ્વારા આપવામાં આવેલા સહયોગ બદલ તેમનો આભાર પણ માન્યો હતો. ભારતે સમગ્ર પ્રદેશમાં હિંસા ઘટાડવા અને સમસ્યાનું નિરાકરણ કૂટનીતિ દ્વારા લાવવા પર ભાર મૂક્યો છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ જણાવ્યું કે દરિયાઈ વેપાર, નાવિકો અને સામાન્ય નાગરિક માળખાને નિશાન બનાવવું કોઈ પણ રીતે ચલાવી શકાય નહીં.

## ગવર્નર એબોટ અને સેનેટરે ફટકાર લગાવી

# અમેરિકામાં રિપબ્લિકન નેતાની ભારતીય વિદ્યાર્થીઓ સામે વાંધાજનક ટિપ્પણી

## ફૂટબોલ મેચમાં એશિયન અમેરિકન વિદ્યાર્થીઓના ફોટા પર રિપબ્લિકન ઉમેદવાર બો ફ્રેન્ચે ઝેનોફોબિક પોસ્ટ કરી હતી

(એજન્સી) ટેક્સાસ, તા.૧૪

યુનિવર્સિટી ઓફ ટેક્સાસની ફૂટબોલ મેચ દરમિયાન એશિયન અમેરિકન વિદ્યાર્થીઓના એક જૂથને જોઈને ઝેનોફોબિક (વિદેશીઓ કે અન્ય જાતિ પ્રત્યે અણગમો દર્શાવતી) પોસ્ટ કરનારા રિપબ્લિકન ઉમેદવાર બો ફ્રેન્ચ સામે તેમની પોતાની જ પાર્ટીના ટોચના નેતાઓ મેદાનમાં આવ્યા છે. બો ફ્રેન્ચ સ્ટેટ રેલરોડ કમિશનમાં જોડાવા માટે રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર છે. તેમણે સોશિયલ મીડિયા પર એશિયન અમેરિકન વિદ્યાર્થીઓનો ફોટો શેર કરીને વિવાદ ઊભો કર્યો છે, જેની હવે ભારે ટીકા થઈ રહી છે. બો ફ્રેન્ચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર સ્ટેડિયમમાં ઉજવણી કરી રહેલા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની એક તસવીર શેર કરી હતી. આ તસવીર સાથે તેમણે કેપ્શનમાં લખ્યું હતું કે, 'મેં સાંભળ્યું હતું કે આ વર્ષે UTનો પદવીદાન સમારોહ (ગ્રેજ્યુએશન) આવો દેખાતો હતો. મને વિશ્વાસ નહોતો થતો, પરંતુ આ સમસ્યા હવે કોઈએ કલ્પના કરી હતી તેના કરતાં પણ વધુ ગંભીર બની ગઈ છે.' આ પોસ્ટ સામે આવ્યા બાદ તરત જ વિરોધનો સૂર ઊઠ્યો હતો. સિનેટર જોન કોર્નિને આ પોસ્ટને જાતિવાદી ગણાવીને તુરંત જ તેની સખત શબ્દોમાં નિંદા કરી હતી. તેમણે અન્ય રિપબ્લિકન અધિકારીઓને પણ આ સામે અવાજ ઉઠાવવા આહ્વાન કર્યું હતું. કોર્નિને લખ્યું કે, 'આ રાજ્ય સ્તરના હોદ્દા માટેના રિપબ્લિકન ઉમેદવાર છે.

**હદીસ બોધ**

એકબીજા સાથે ભલાઈથી વર્તો, એથી ભાઈચારો પેદા થશે.

(હદીસ બોધ)

**બોધ વચન**

અહિંસાનો અર્થ છે ઈશ્વર પર ભરોસો રાખવો.

-ગાંધીજી

**આજની આરસી**

૧૫ સપ્ટેમ્બર મંગળવાર ૨૦૨૬
૨ રબીઉલ આખર હિજરી ૧૪૪૮
ભાદરવા સુદ ચોથ સંવત ૨૦૮૨
સુબ્હ સાદિક ૫-૦૭
ખત્મે ઝવાલ ૧૨-૩૫
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૨૬
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૪૪

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

- વ્યવસ્થાપક

# UP : રાજ્યના રાજકારણમાં દલિત ચહેરાનું આગમન; રોહિણી ઘાવરીની નજર ચંદ્રશેખરની વોટ બેંક પર

(એજન્સી) તા.૧૪

ઉત્તર પ્રદેશના રાજકારણમાં એક નવા દલિત ચહેરાનું આગમન થઈ રહ્યું છે. સ્વિટ્ઝર્લેન્ડથી પરત ફર્યા બાદ, રોહિણી ઘાવરી રાજ્યના રાજકારણમાં સક્રિય થવાની તૈયારી કરી રહી છે. વર્ષ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલાં યુપીના દલિત રાજકારણમાં એક નવું રાજકીય જૂથ ઉભરી રહ્યું હોય તેવું જણાય છે. સ્વિટ્ઝર્લેન્ડથી પરત ફર્યા બાદ, રોહિણી ઘાવરી રાજ્યના રાજકારણમાં સક્રિય થવાની તૈયારી કરી રહી છે. તેમનું મુખ્ય ધ્યાન વાલ્મીકિ સમુદાયને એક કરવા અને પશ્ચિમ ઉત્તર પ્રદેશની એવી ૨૧ વિધાનસભા બેઠકો પર છે જ્યાં વાલ્મીકિ મતદારો નિર્ણાયક માનવામાં આવે છે. આ વિસ્તારોમાં આઝાદ સમાજ પાર્ટીના પ્રમુખ અને નગીનાના સાંસદ ચંદ્રશેખર પણ પ્રભાવશાળી માનવામાં આવે છે. રોહિણી વાલ્મીકિ સમુદાય માટે રાજકીય પ્રતિનિધિત્વનો મુદ્દો ઉઠાવીને આ વિસ્તારોમાં પ્રચાર કરવાની તૈયારી કરી રહી છે. તેમનું કહેવું છે કે લાંબા સમયથી વાલ્મીકિ સમુદાયને મુખ્યત્વે સફાઈ કામદારો તરીકે જોવામાં આવે છે, જ્યારે રાજકીય પ્રતિનિધિત્વમાં તેમનો હિસ્સો પ્રમાણમાં ઓછો રહ્યો છે. તેઓ આગામી પાંચ વર્ષમાં કોઈ રાજ્યમાં વાલ્મીકિ સમુદાયમાંથી મુખ્યમંત્રી બને તેવું લક્ષ્ય પણ ધરાવે છે. તેમની નજર ૨૧ મતવિસ્તારો પર છે, જેમાં આગ્રા કેન્ટ, એતમાદપુર, જસરાના,



ફિરોઝાબાદ, મેરઠ કેન્ટ, મેરઠ સિટી, ગાઝિયાબાદ, લોની, લખનૌની સેન્ટ્રલ, નોર્થ અને વેસ્ટ વિધાનસભા બેઠકો તેમજ સિસામાઉ, આર્યાનગર, કિદવાઈ નગર, અલીગઢ અને ખૈરનો સમાવેશ થાય છે. તેઓ આ મતવિસ્તારોમાં જાટવ અને વાલ્મીકિ સમુદાયોના રાજકીય પ્રતિનિધિત્વનો મુદ્દો ઉઠાવવાની તૈયારી કરી રહી છે. રોહિણી ૧૩ સપ્ટેમ્બરે મેરઠ પહોંચશે. ત્યારબાદ તેઓ ૧૪ અને ૧૫ સપ્ટેમ્બરે લખનૌમાં વાલ્મીકિ સમુદાયના સભ્યોને મળશે. આ સમયગાળા દરમિયાન તેઓ એસપી (સમાજવાદી પાર્ટી)ના વડા અખિલેશ યાદવને પણ મળે તેવી શક્યતા છે. રોહિણીનો દાવો છે કે અખિલેશે ચંદ્રશેખર સામેની તેમની લડાઈમાં સમર્થનનું આશ્વાસન આપ્યું છે. જો એસપી સાથે તેમની નિકટતા વધે અને પાર્ટી તેમને ચૂંટણીમાં મેદાનમાં ઉતારે, તો પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં દલિત મતોનું નવું સમીકરણ રચાઈ શકે છે. રોહિણીએ ચંદ્રશેખર પર લગ્નનું વચન આપીને તેમનું શોષણ કરવાનો આરોપ મૂક્યો છે. તેમનો દાવો છે કે આર્થિક સહાય પૂરી પાડવા છતાં, સાંસદ બન્યા બાદ ચંદ્રશેખરે તેમની સાથેના સંબંધો તોડી નાખ્યા હતા. તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે વાલ્મીકિ સમુદાયના હોવાને કારણે તેમની ફરિયાદ પર ફ્રૈંઈ નોંધવામાં આવી ન હતી. જોકે, આ આરોપો અંગે સંબંધિત પક્ષોના મંતવ્યોનો આ અહેવાલમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. દલિત રાજકારણમાં જાટવ મતદારોનો પ્રભાવ હંમેશાં નોંધપાત્ર રહ્યો છે. તેથી, વાલ્મીકિ સમુદાયને એક અલગ રાજકીય શક્તિ તરીકે સંગઠિત કરવાના પ્રયાસો ૨૦૨૭ની ચૂંટણીમાં પશ્ચિમ ઉત્તર પ્રદેશની અનેક બેઠકો પર નવી રાજકીય સ્થિતિ સર્જી શકે છે. રોહિણી સમગ્ર સમુદાયને સાથે લઈને આગળ વધવાની વાત પણ કરે છે.

# ભારત-અફઘાનિસ્તાન વચ્ચે T20 ક્રિકેટ મેચ પહેલાં દિલ્હી સ્ટેડિયમમાં પ્રથમ વખત ‘વંદે માતરમ્’ ગાવામાં આવ્યું

## આ ઘટનાક્રમ સંસદ દ્વારા તાજેતરમાં પસાર કરવામાં આવેલા એક બિલ બાદ બન્યો છે જેમાં રાષ્ટ્રગાન (‘વંદે માતરમ્’)ના અપમાનને સજાપાત્ર ગુનો બનાવવામાં આવ્યો છે

તા.૧૪

નવી દિલ્હીમાં અફઘાનિસ્તાન સામેની ભારતની પ્રથમ મેચની શરૂઆત પહેલાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં પ્રથમ વખત રાષ્ટ્રીય ગીત ‘વંદે માતરમ્’ ગાવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય ગીતની રજૂઆત બાદ રાષ્ટ્રગાન ‘જન ગણ મન’ વગાડવામાં આવ્યું હતું. આ ઘટનાક્રમ સંસદ દ્વારા તાજેતરમાં પસાર કરવામાં આવેલા તે બિલ બાદ બન્યો છે જેમાં રાષ્ટ્રીય ગીત (વંદે માતરમ્)ના અપમાનને સજાપાત્ર ગુનો બનાવવામાં આવ્યો છે. ‘વંદે માતરમ્’ના સંપૂર્ણ અધિકૃત સંસ્કરણમાં છ પદોનો સમાવેશ થાય છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે નિર્દેશ આપ્યો હતો કે, જ્યારે ‘વંદે માતરમ્’ અને ‘જન ગણ મન’ બંને સાથે વગાડવામાં આવે ત્યારે ‘વંદે માતરમ્’ના તમામ છ પદો ગાવા જોઈએ. કેન્દ્ર સરકાર દ્વારા ‘વંદે માતરમ્’ની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે



આ નિર્દેશ જારી કરવામાં આવ્યો હતો. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાઈ રહેલી પ્રથમ T20 આંતરરાષ્ટ્રીય મેચમાં ભારતીય કેપ્ટન શ્રેયસ અય્યરે ટોસ જીતીને અફઘાનિસ્તાન સામે બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભારતે બેટિંગના પ્રતિભાશાળી ખેલાડી વૈભવ સૂર્યવંશીને બદલે સંજુ સેમસનના અનુભવને પ્રાધાન્ય આપ્યું હતું, જ્યારે ઝડપી બોલર જસપ્રીત બુમરાહ પ્લેઈંગ ઈલેવનમાં હતો. ડાબા ઘૂંટણની ઈજાને કારણે તે ઈંગ્લેન્ડમાં એક વન-ડે (ODI) અને શ્રીલંકામાં બે ટેસ્ટ મેચમાંથી બહાર થઈ ગયો હતો અને ભારતની તાજેતરની શ્રેણીઓમાં રમી શક્યો ન હતો. ભારતે સીમર યશ ઠાકુરને બદલે સ્પેશિયાલિસ્ટ સ્પિનર વરૂણ ચક્રવર્તીની પસંદગી પણ કરી હતી. તેમણે કહ્યું કે, અમે અહીં ઘણી મેચો રમી છે અને પરિસ્થિતિને જોતા, અમે પહેલા બોલિંગ કરવાનું પસંદ કરી શકીએ છીએ. ઝિમ્બાબ્વે શ્રેણીમાંથી અમને ઘણી સકારાત્મક બાબતો જાણવા મળી છે અને અમે એ જ અભિગમ સાથે આગળ વધીશું. ટીમમાં બુમરાહની વાપસી અંગે અય્યરે કહ્યું કે, તે ભારત માટે ખૂબ જ મોટો ફાયદો છે. ટીમમાં બુમરાહનું હોવું એ એક મોટી વાત છે. તે મેચ જીતવાની બાબતમાં તેઓ ખૂબ જ સકારાત્મક અભિગમ ધરાવે છે. વૈભવ સૂર્યવંશી રમી રહ્યા નથી, તેમજ વોશિંગ્ટન અને અન્ય બે ખેલાડીઓ પણ રમી રહ્યા નથી.

ટીમ : ભારત : સંજુ સેમસન (વિકેટકીપર), અભિષેક શર્મા, ઈશાન કિશન, શ્રેયસ અય્યર (કેપ્ટન), તિલક વર્મા, નીતિશ કુમાર રેડ્ડી, શિવમ દુબે, અક્ષર પટેલ, અર્શદીપ સિંહ, જસપ્રીત બુમરાહ, વરૂણ ચક્રવર્તી. અફઘાનિસ્તાન : ઈબ્રાહિમ ઝદરાન (કેપ્ટન), રહેમાનુલ્લાહ ગુરબાઝ (વિકેટકીપર), સેદિકુલ્લાહ અટલ, દરવેશ રસૂલી, અઝમતુલ્લાહ ઓમરઝાઈ, ગુલબદીન નાઈબ, મોહમ્મદ નબી, રાશિદ ખાન, મુજીબ ઉર રહેમાન, નૂર અહેમદ, ફઝલહક ફારૂકી.

# એશિયા કપ જીતવા છતાં ટીમ ઈન્ડિયાએ ફરી ટ્રોફી ન સ્વીકારી

## મોહસિન નકવી માત્ર ઉપવિજેતા શ્રીલંકન ટીમને રનર-અપનો ચેક આપીને સ્ટેજ પરથી જતા રહ્યા

દુબઈ, તા.૧૪

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે દુબઈમાં રમાયેલી ફાઈનલ મેચમાં શ્રીલંકાને 72 રને માત આપીને મહિલા એશિયા કપનો ખિતાબ પોતાના નામે કરી લીધો છે. પરંતુ મેચ બાદ રજૂઆત સમારોહ (પ્રેઝન્ટેશન સેરેમની) માં એક મોટો વિવાદ સામે આવ્યો હતો. એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC) ના અધ્યક્ષ અને પાકિસ્તાન સરકારના મંત્રી મોહસિન નકવીના હાથે ભારતીય ટીમે ટ્રોફી સ્વીકારવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો.મેચ જીત્યા બાદ ભારતના કડક વલણને કારણે મોહસિન નકવી માત્ર ઉપવિજેતા શ્રીલંકન ટીમને રનર-અપનો ચેક આપીને સ્ટેજ પરથી જતા રહ્યા હતા. પરિણામે, પ્રેઝન્ટેશન સેરેમની ભારતીય ટીમને ટ્રોફી આપ્યા વગર જ પૂરી કરવામાં આવી હતી. આ અંગે ભારતીય ટીમના મુખ્ય કોચ અમોલ મજુમદારે જણાવ્યું કે, ટીમ સંપૂર્ણપણે BCCI ના નિર્ણય સાથે છે અને ચેમ્પિયન બનવું જ અમારા માટે સૌથી મહત્ત્વનું છે.BCCI ના સચિવ દેવાજીત સૈકિયાના જણાવ્યા અનુસાર, ભારત શરૂઆતથી જ નકવી પાસેથી ટ્રોફી લેવાના વિરોધમાં હતું. આ વિવાદ ટાળવા માટે નકવીને બે વિકલ્પ આપવામાં આવ્યા હતા:પરંતુ નકવીએ આ બંને પ્રસ્તાવ ફગાવી દીધા હતા અને પોતે જ ટ્રોફી આપવાની જિદ્દ પકડી રાખી હતી, જેના કારણે આ ગતિરોધ સર્જાયો હતો.અગાઉ પણ બની ચૂકી છે આવી ઘટનાબંને દેશો વચ્ચેના વણસેલા રાજકીય સંબંધોને કારણે અગાઉ સપ્ટેમ્બર 2025માં પુરુષ એશિયા કપ ફાઈનલ દરમિયાન પણ ભારતીય ટીમે મોહસિન નકવી પાસેથી ટ્રોફી લેવાનો ઈનકાર કર્યો હતો. તે સમયે પણ નકવી પોતાની વાત પર અડેલા રહ્યા હતા અને ટ્રોફી આપ્યા વગર જ જતા રહ્યા હતા. એશિયા કપના ઈતિહાસમાં સતત બીજી વાર ભારત સાથે આ પ્રકારનો વિવાદ સામે આવ્યો છે.

# કાર વડે બે દલિત મહિલાઓને કચડી નાખવા અને યુવતીના અપહરણના પ્રયાસ બદલ શખ્સને આજીવન કેદની સજા

(એજનસી) બુલંદશહેર, તા.૧૪

ઉત્તર પ્રદેશના બુલંદશહેરમાં આવેલી વિશેષ SC/ST અદાલતે એક વ્યક્તિને આજીવન કેદની સજા ફટકારી છે. આ વ્યક્તિ પર ૨૦૧૯માં એક લગ્ન સમારંભ દરમિયાન ૫૦ની વયની આસપાસની બે દલિત મહિલાઓ પર જાણીજોઈને કાર ચઢાવીને તેમની હત્યા કરવાનો આરોપ હતો. અદાલતે દોષિત પર ૫૧,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. સરકારી પક્ષ (પ્રોસિક્યુશન) અનુસાર, આ ઘટના ૨૫ જૂનના રોજ બની હતી જ્યારે લગ્ન સમારંભ ચાલી રહ્યો હતો અને કન્યાના સંબંધીઓ રસ્તાની બાજુમાં ઊભા હતા. આરોપી નકુલ ઠાકુર તેના સહ-આરોપી ઓમેન્દ્ર ઉર્ફે ઓગા સાથે કારમાં ત્યાં પહોંચ્યો હતો. ઠાકુરે પહેલાં એક દલિત યુવતીનું અપહરણ કરવાનો પ્રયાસ કર્યો અને જ્યારે યુવતીએ તેનો વિરોધ કર્યો ત્યારે તેણે અપશબ્દો અને જાતિસૂચક ટિપ્પણીઓ કરી. જ્યારે યુવતીના સંબંધીઓએ વાંધો ઉઠાવ્યો ત્યારે આરોપીએ તેમને પણ ધમકી આપી હતી. ત્યારબાદ તે ત્યાંથી જતો રહ્યો હતો, પરંતુ થોડીવારમાં જ તે ખૂબ જ ઝડપે વાહન લઈને પાછો ફર્યો. તેમણે બહાર રાહ જોઈ રહેલા જાનૈયાઓ પર કાર ચઢાવી દીધી, જેના પરિણામે બે મહિલાઓ કચડાઈને મૃત્યુ પામી. આ ઘટનામાં બે પુરૂષો પણ ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ ઘટનાને પગલે વિસ્તારમાં ભારે રોષ ફેલાયો હતો અને લોકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું, ત્યારબાદ પોલીસે ઠાકુર અને ઓમેન્દ્ર વિરૂદ્ધ FIR નોંધી હતી. વિશેષ સરકારી વકીલ વિપુલ રાઘવે અદાલતને જણાવ્યું હતું કે આ કેસ ૨૫ જૂન, ૨૦૧૯ના રોજ ચાંદપુર ગામના ધર્મેન્દ્ર સિંહની ફરિયાદના આધારે નોંધવામાં આવ્યો હતો. પોલીસે આરોપીઓની ધરપકડ કરી હતી અને તપાસ પૂર્ણ કર્યા બાદ તે જ વર્ષે ૨૮ ઓગસ્ટે ચાર્જશીટ દાખલ કરી હતી. આ કેસની સુનાવણી વિશેષ SC/ST એક્ટ કોર્ટમાં થઈ હતી. કાર્યવાહી દરમિયાન, સરકારી પક્ષે આ ભયાનક ગુનાને સાબિત કરવા માટે પુરાવા અને સાક્ષીઓ રજૂ કર્યા હતા. મુખ્ય આરોપી ઠાકુરનું ટ્રાયલ દરમિયાન ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ અવસાન થયું હતું. ગુરૂવારે, વિશેષ ન્યાયાધીશ ઓમ પ્રકાશ વર્માએ સહ-આરોપી ઓમેન્દ્રને દોષિત ઠેરવ્યો અને તેને આજીવન કેદની સજા સંભળાવી.

# ૨૫ વર્ષ પછી અફઘાનિસ્તાનમાં અલ-કાયદા તાલીમ શિબિરો ફરી ખૂલ્યા : વોશિંગ્ટન પોસ્ટનો અહેવાલ; ભારતની ચિંતા વધી

**વોશિંગ્ટન પોસ્ટના અહેવાલ મુજબ ૯/૧૧ના ૨૫ વર્ષ પછી છેલ્લા ત્રણ વર્ષમાં અફઘાનિસ્તાનમાં ઓછામાં ઓછા આઠ અલ-કાયદા આતંકવાદી તાલીમ કેન્દ્રો સ્થાપિત થયા છે, અલ-કાયદા અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોને કારણે ભારતની મુશ્કેલીઓ વધવાની શક્યતા છે**

(એજન્સી) તા.૧૪

આતંકવાદી સંગઠન અલ-કાયદા, ૯/૧૧ના ૨૫ વર્ષ પછી અફઘાનિસ્તાનમાં પોતાનો પ્રભાવ વધારી રહ્યું છે. વોશિંગ્ટન પોસ્ટના એક સનસનાટીભર્યા અહેવાલ મુજબ, અલ-કાયદા અને તેના સહયોગીઓએ છેલ્લા ત્રણ વર્ષમાં અફઘાનિસ્તાનમાં ઓછામાં ઓછા આઠ તાલીમ કેન્દ્રો સ્થાપિત કર્યા છે. આ શિબિરો, શસ્ત્રો, વિસ્ફોટકો અને ગેરિલા યુદ્ધની તાલીમ સાથે, હવે એન્ક્રિપ્શન, ડ્રોન અને કૃત્રિમ બુદ્ધિમત્તા જેવી તકનીકોનો ઉપયોગ પણ શીખવી રહ્યા છે. પાકિસ્તાન અને તેની કુખ્યાત ગુપ્તચર એજન્સી, ISI સાથે અલ-કાયદાના સંબંધો ખુલ્લા પડી ગયા છે, અને અફઘાનિસ્તાનમાં તેનો વિસ્તરણ પણ ભારત માટે એક મોટી ચિંતાનો વિષય છે. ભારત માટે આ પડકારની તીવ્રતા સમજતા પહેલા, ચાલો સમજીએ કે અલ-કાયદા પરના આ અહેવાલમાં ખરેખર શું સમાયેલું છે. વોશિંગ્ટન પોસ્ટના અહેવાલ મુજબ, આતંકવાદી સંગઠનો ઓગસ્ટ ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાંથી યુએસ સૈનિકોની પાછી ખેંચી લેવા અને તાલિબાનના સત્તામાં પાછા ફરવાથી સર્જાયેલા સુરક્ષા શૂન્યાવકાશનો લાભ લઈ રહ્યા છે. યુએન મોનિટર અને પશ્ચિમી ગુપ્તચર અધિકારીઓને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે કે અલ-કાયદા અને તેના સહયોગીઓએ છેલ્લા ત્રણ વર્ષમાં અફઘાનિસ્તાનમાં ઓછામાં ઓછા આઠ તાલીમ સ્થળો સ્થાપિત કર્યા છે. આ સ્થળોએ, આતંકવાદીઓને પરંપરાગત શસ્ત્રો અને વિસ્ફોટકો તેમજ ગેરિલા યુદ્ધના ઉપયોગની તાલીમ આપવામાં આવી રહી છે. ચિંતાજનક રીતે, આ તાલીમ હવે આધુનિક ટેક્નોલોજીને પણ એકીકૃત કરી રહી છે, જેમાં એન્ક્રિપ્ટેડ કોમ્યુનિકેશન, ડ્રોન અને કૃત્રિમ બુદ્ધિમત્તાનો ઉપયોગ શામેલ છે. આનો અર્થ એ છે કે ૨૫ વર્ષ પહેલાં વિશ્વ માટે ખતરો ઉભો કરનાર આતંકવાદી નેટવર્ક હવે વધુ તકનિકી રીતે સક્ષમ બનવાનો પ્રયાસ કરી રહ્યું છે. અહેવાલો અનુસાર, અલ-કાયદાના મુખ્ય સંગઠનમાં હાલમાં લગભગ ૧૦૦ લડવૈયાઓ હોવાનો અંદાજ છે. આનો અર્થ એ છે કે સંગઠન હવે હજારો લડવૈયાઓ સાથે એક મોટી લશ્કરી દળ નથી જે પહેલા હતું. જોકે, આનો અર્થ એ નથી કે તેનો પ્રભાવ ઓછો થયો છે. અહેવાલો સૂચવે છે કે મોટા પાયે લશ્કરી કાર્યવાહીનું સીધું નેતૃત્વ કરવાને બદલે, અલ-કાયદા હવે અન્ય આતંકવાદી સંગઠનો માટે એક પ્રકારની "કન્સલ્ટિંગ સર્વિસ" તરીકે કાર્ય કરી રહ્યું છે. આનો અર્થ એ છે કે તે અન્ય આતંકવાદી સંગઠનોને તાલીમ, વ્યૂહરચના, તકનીકી માહિતી અને અન્ય સંસાધનોમાં મદદ કરી શકે છે. આતંકવાદી સંગઠનોની રણનીતિમાં આ પરિવર્તન સુરક્ષા એજન્સીઓ માટે મોટી ચિંતાનું કારણ છે. ઓછી સંખ્યામાં લડવૈયાઓ હોવા છતાં, જો કોઈ સંગઠન અન્ય જૂથોની ક્ષમતાઓ વધારવાનું શરૂ કરે છે, તો તેની અસર તેના પોતાના સભ્યપદ કરતા ઘણી વધારે હોઈ શકે છે. વોશિંગ્ટન પોસ્ટના અહેવાલમાં જણાવાયું છે કે અલ-કાયદા અફઘાનિસ્તાનમાં સક્રિય એકમાત્ર સંગઠન નથી. અન્ય આતંકવાદી સંગઠનો પણ ત્યાં પાયા અને તાલીમ સ્થળો સ્થાપિત કરી રહ્યા છે, જેમાં ઈસ્લામિક સ્ટેટ સાથે સંકળાયેલ સંગઠનનો સમાવેશ થાય છે. અલ-કાયદા અને ઈસ્લામિક સ્ટેટને મુખ્ય હરીફ માનવામાં આવે છે, પરંતુ તેમની હાજરી અફઘાનિસ્તાનને આતંકવાદી પ્રવૃત્તિઓનું મુખ્ય કેન્દ્ર બનાવી રહી છે. અહેવાલ મુજબ, વિવિધ "આતંકવાદી ઈસ્લામિક" સંગઠનોની હાજરી હવે અફઘાનિસ્તાનના ૩૪ પ્રાંતોમાંથી ઓછામાં ઓછા ૧૪ પ્રાંતોમાં ફેલાઈ ગઈ છે. આ પ્રશ્ન ઉભો કરે છે : શું તાલિબાનના સત્તામાં આવવાથી ખરેખર અફઘાનિસ્તાનને આતંકવાદી સંગઠનો માટે સલામત આશ્રયસ્થાન બનતા અટકાવ્યું છે ? અફઘાનિસ્તાનમાં અલ-કાયદાની પ્રવૃત્તિઓ અંગેના અહેવાલો ભારત માટે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે કારણ કે આ સમગ્ર આતંકવાદી નેટવર્કનો પાકિસ્તાન સાથે ગાઢ સંબંધોનો ઈતિહાસ છે. ભારત માટે ચિંતાની વાત એ છે કે અફઘાનિસ્તાન અને પાકિસ્તાન લાંબા સમયથી સંબંધો ધરાવે છે, જેમાં આતંકવાદી નેટવર્કનો પણ સમાવેશ થાય છે. અફઘાનિસ્તાન પાકિસ્તાન, ઈરાન, તુર્કમેનિસ્તાન, ઉઝબેકિસ્તાન, તાજિકિસ્તાન અને ચીનની સરહદ ધરાવે છે. જોકે અફઘાનિસ્તાન ભૂમિગત દેશ નથી, પરંતુ પાકિસ્તાન લાંબા સમયથી દક્ષિણ પ્રવેશદ્વાર તરીકે અફઘાનિસ્તાન માટે મહત્વપૂર્ણ રહ્યું છે. પેશાવર, કરાચી અને પાકિસ્તાનના આદિવાસી વિસ્તારોનો ઉપયોગ પહેલા અફઘાન જેહાદ માટે અને પછી આંતરરાષ્ટ્રીય આતંકવાદી નેટવર્કની પ્રવૃત્તિઓ માટે કરવામાં આવ્યો છે. ભારતના દૃષ્ટિકોણથી, અલ-કાયદાના અફઘાનિસ્તાનમાં પાછા ફરવાના સમાચાર ફક્ત અફઘાનિસ્તાન પૂરતા મર્યાદિત નથી. જો કે, આ નેટવર્ક્સ પાકિસ્તાન અને દક્ષિણ એશિયાના અન્ય ભાગો સાથે કેવા પ્રકારના જોડાણો વિકસાવે છે તેના પર ઘણું નિર્ભર રહેશે. અલ-કાયદાના ઈતિહાસને ધ્યાનમાં લેતા, સંગઠનના ઘણા ટોચના નેતાઓના પાકિસ્તાન સાથે સંબંધો રહ્યા છે. ૧૯૯૩ના વર્લ્ડ ટ્રેડ સેન્ટર બોમ્બ વિસ્ફોટના માસ્ટરમાઈન્ડ રમઝી યુસુફ પાકિસ્તાનમાં એક આતંકવાદી ખાલિદ શેખ મોહમ્મદને મળ્યા હતા. ૯/૧૧ હુમલાની તપાસ કરી રહેલા યુએસ કમિશન અનુસાર, ખાલિદ શેખ મોહમ્મદ બાદમાં અફઘાનિસ્તાનમાં ઓસામા બિન લાદેન સાથે મળ્યા હતા અને ૯/૧૧ હુમલા પાછળનો વિચાર શેર કર્યો હતો. ખાલિદ શેખ મોહમ્મદની ૨૦૦૩માં પાકિસ્તાનના રાવલપિંડીમાં ધરપકડ કરવામાં આવી હતી. તે હાલમાં ગુઆન્ટાનામો ખાડીમાં કેદ છે. અલ-કાયદાના અન્ય એક અગ્રણી આતંકવાદી અબુ ઝુબૈદાહની પણ ૨૦૦૨માં પાકિસ્તાનમાં ધરપકડ કરવામાં આવી હતી. રમઝી બિન અલ-શિભને પણ પાકિસ્તાનમાં પકડવામાં આવ્યો હતો. સૌથી આકર્ષક ઉદાહરણ ઓસામા બિન લાદેન પોતે છે. ૯/૧૧ પછી, અમેરિકા અને વિશ્વનું ધ્યાન લાંબા સમય સુધી અફઘાનિસ્તાન પર કેન્દ્રિત રહ્યું. પરંતુ મે ૨૦૧૧માં, ઓસામા બિન લાદેનને પાકિસ્તાનના એબોટાબાદમાં યુએસ દળો દ્વારા મારવામાં આવ્યો. તે કોઈ દૂરસ્થ અફઘાન ગુફામાં છુપાયેલો નહોતો. તેનું છુપાવાનું સ્થાન પાકિસ્તાનની મુખ્ય લશ્કરી એકેડેમીથી બે માઈલથી ઓછા અંતરે હતું. આ હકીકત ભારત માટે મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે પ્રશ્નો ઉભા કરે છે કે આતંકવાદ સામે આંતરરાષ્ટ્રીય ચર્ચાઓમાં અફઘાનિસ્તાન પર ધ્યાન આપવામાં આવ્યું હોવા છતાં, પાકિસ્તાનમાં નેટવર્ક અને માળખાગત સુવિધાઓ પર સતત દેખરેખનો અભાવ કેમ છે. આતંકવાદના આ સમગ્ર પ્રાદેશિક નેટવર્કમાં પાકિસ્તાનની ભૂમિકાને અવગણવી મુશ્કેલ છે. ૧૯૯૦ અને ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં ભારતમાં આતંકવાદી હિંસાનો ગંભીર સમય જોવા મળ્યો. ૧૯૯૩ના મુંબઈ બોમ્બ વિસ્ફોટ, ૨૦૦૧ના સંસદ હુમલો અને ૨૦૦૮ના મુંબઈ આતંકવાદી હુમલા દક્ષિણ એશિયામાં આતંકવાદના લાંબા ઈતિહાસનો ભાગ છે. ૨૬/૧૧ના મુંબઈ હુમલામાં સામેલ આતંકવાદીઓ સમુદ્ર માર્ગે મુંબઈ પહોંચ્યા હતા. હુમલાખોરો કરાચીથી રવાના થયા, એક ભારતીય માછીમારી બોટનું અપહરણ કર્યું અને પછી મુંબઈ પહોંચ્યા. અમેરિકી અધિકારીઓએ મુંબઈ હુમલા માટે લશ્કર-એ-તૈયબાને દોષી ઠેરવ્યો છે. ભારત લાંબા સમયથી માંગ કરી રહ્યું છે કે હુમલાના ગુનેગારો અને માસ્ટરમાઈન્ડ્સને ન્યાયના કઠેડામાં લાવવામાં આવે. રિપોર્ટમાં એ પણ ભાર મૂકવામાં આવ્યો છે કે દક્ષિણ એશિયામાં વિવિધ આતંકવાદી સંગઠનોના નેટવર્ક ઘણીવાર એકબીજા સાથે જોડાયેલા છે. લશ્કર-એ-તૈયબાની રચના ૧૯૮૬માં અફઘાનિસ્તાનના કુનાર પ્રાંતમાં થઈ હતી. આ સંગઠને પાછળથી ભારતને તેના મુખ્ય લક્ષ્યોમાંના એક તરીકે સામેલ કર્યું. પાકિસ્તાનના ફૈસલાબાદમાં એક સેફહાઉસમાંથી અલ-કાયદાના અગ્રણી સભ્ય અબુ ઝુબૈદાહની ધરપકડ, જે લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલી હતી, તે વિવિધ આતંકવાદી સંગઠનો વચ્ચે ઓછામાં ઓછા કેટલાક સ્તરના સંપર્ક સૂચવે છે.

૯/૧૧ પછી, અમેરિકાએ આતંકવાદ સામે વૈશ્વિક યુદ્ધ શરૂ કર્યું. અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારને ઉથલાવી દેવામાં આવી અને અલ-કાયદાના નેટવર્કને તોડી પાડવા માટે એક વિશાળ લશ્કરી કાર્યવાહી શરૂ કરવામાં આવી. પરંતુ ૨૦૨૧માં પ્રકાશિત થયેલો આ અહેવાલ, યુએસ સૈનિકોની પાછી ખેંચી લેવા અને તાલિબાનના સત્તામાં પાછા ફર્યાના પાંચ વર્ષ પછી, દર્શાવે છે કે આતંકવાદી સંગઠનો દ્વારા ઉભો થયેલો ખતરો સંપૂર્ણપણે અદશ્ય થયો નથી. તેના બદલે, ખતરાની પ્રકૃતિ બદલાઈ રહી છે. વોશિંગ્ટન પોસ્ટનો અહેવાલ ભારત માટે ઘણા મહત્ત્વપૂર્ણ પ્રશ્નો ઉભા કરે છે. અફઘાનિસ્તાનમાં કાર્યરત અલ-કાયદા અને અન્ય આતંકવાદી સંગઠનોના પાકિસ્તાન સ્થિત નેટવર્ક સાથે ક્યાં સુધી જોડાણ છે? શું આ તાલીમ શિબિરોમાં તાલીમ પામેલા આતંકવાદીઓને ભવિષ્યમાં દક્ષિણ એશિયાના અન્ય દેશોમાં મોકલી શકાય છે? તાલિબાન સરકાર ખરેખર આ સંગઠનો સામે કાર્યવાહી કેટલી અસરકારક છે ? ડ્રોન, AI અને એન્ક્રિપ્ટેડ કોમ્યુનિકેશન જેવી ટેકનોલોજીના વધતા ઉપયોગથી ભારત માટે આતંકવાદનો નવો ખતરો કેટલો ગંભીર બની શકે છે ?

# દલિત મંડળ પ્રમુખને માર મારનાર ભાજપના ધારાસભ્ય સામે FIR નોંધવા પોલીસ તૈયાર નથી : કુલદીપ કુમાર

(એજન્સી)

નવી દિલ્હી, તા.૧૪

આમ આદમી પાર્ટી (AAP)એ ભાજપના ધારાસભ્ય ગજેન્દ્ર દ્રાલ સામે FIR ન નોંધવા બદલ દિલ્હી પોલીસની આકરી ટીકા કરી છે. આ ઘટનામાં ભાજપના જ દલિત મંડળ પ્રમુખ સુનીલ કુમાર પર હુમલો કરવામાં આવ્યો હતો. AAPના ધારાસભ્ય કુલદીપ કુમારે જણાવ્યું હતું કે પીડિત દલિત પરિવાર છેલ્લા ત્રણ દિવસથી ફરિયાદ નોંધાવવા માટે પોલીસ સ્ટેશનના ધક્કા ખાઈ રહ્યો છે, પરંતુ પોલીસે કાર્યવાહી કરવાનો ઈનકાર કર્યો છે. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે જ્યારે ભાજપમાં હોદ્દો ધરાવતા દલિત નેતા જ સુરક્ષિત નથી, ત્યારે સામાન્ય દલિત કાર્યકરો કેવી રીતે સુરક્ષિત અનુભવી શકે ? તેમણે માંગ કરી હતી કે દિલ્હી પોલીસ SC/ST એક્ટ હેઠળ FIR નોંધે અને ભાજપ પોતાના ધારાસભ્યને સસ્પેન્ડ કરે. રવિવારે પત્રકાર પરિષદને સંબોધતા AAPના ધારાસભ્ય કુલદીપ કુમારે કહ્યું, "રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં, ભાજપની દલિત-વિરોધી સરકારે દલિતો માટે અત્યંત પ્રતિકૂળ વાતાવરણ ઊભું કર્યું છે. મુંડકા વિધાનસભા મતવિસ્તારના ભાજપના ધારાસભ્ય ગજેન્દ્ર દ્રાલે દલિત અને વાલ્મીકિ સમુદાયના સુનીલ કુમારનું રાત્રે અપહરણ કર્યું, તેમને પોતાના ઘરે લઈ ગયા, આખી રાત બંધક બનાવી રાખ્યા અને નિર્દયતાથી માર માર્યો. સુનીલ કુમાર હાલમાં ભાજપના જ મંડળ પ્રમુખ છે, પરંતુ માત્ર વાલ્મીકિ



સમુદાયના હોવાને કારણે તેમને માર મારવામાં આવ્યો." કુલદીપ કુમારે વધુમાં જણાવ્યું હતું કે, "દેશના અંતરિયાળ ગામડાઓમાં પણ કોઈ વ્યક્તિ સાથે આટલી નિર્દયતાથી વર્તવામાં આવતું નથી, છતાં રાષ્ટ્રીય રાજધાનીમાં ભાજપ સરકાર હેઠળ આ ઘટના બની છે. છેલ્લા બે-ત્રણ દિવસથી આ પરિવાર ન્યાય મેળવવા અને FIR નોંધાવવા માટે ઠેર-ઠેર ફરી રહ્યો છે, પરંતુ મામલો પ્રકાશમાં આવવા છતાં કાંઝાવાલા પોલીસ સ્ટેશન અને પોલીસ વહીવટીતંત્ર FIR નોંધવા તૈયાર નથી." તેમણે કહ્યું કે તેમણે DCPને ફોન કર્યા અને સેંકડો ટ્વીટ્સ કર્યા, પરંતુ DCPએ તેમના ફોનનો જવાબ પણ આપ્યો નહીં. તેમણે કહ્યું કે ભાજપના ધારાસભ્ય સત્તાના નશામાં એટલા અહંકારી બની ગયા છે કે તેમણે વાલ્મીકિ સમુદાયની વ્યક્તિને આ રીતે માર માર્યો. કુલદીપ કુમારે ઉમેર્યું, "અમે ભાજપ સરકારને પૂછવા માંગીએ છીએ કે તેણે પોતાના ધારાસભ્ય સામે શું કાર્યવાહી કરી છે. દિલ્હી પોલીસે મુંડકાના ધારાસભ્ય ગજેન્દ્ર દ્રાલ સામે તાત્કાલિક FIR નોંધવી જોઈએ અને ભાજપે આ ગુંડા ધારાસભ્યને પક્ષમાંથી તાત્કાલિક હાંકી કાઢવા જોઈએ. જો આમ નહીં થાય, તો એવું માનવામાં આવશે કે આ ધારાસભ્યે રાષ્ટ્રીય રાજધાનીમાં ભાજપના જ સંરક્ષણ હેઠળ આવું કૃત્ય કર્યું છે." આપ (AAP)ના ધારાસભ્યે કહ્યું કે દિલ્હીમાં ભાજપ સરકાર સત્તામાં આવી ત્યારથી દલિતો અને વાલ્મીકિ સમુદાયનું સતત શોષણ થઈ રહ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તાજેતરમાં જ એક સફાઈ કામદારની હત્યા કરવામાં આવી હતી, વાલ્મીકિ યુવકને માર મારીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો અને ત્રિલોકપુરીમાં પણ ભાજપના ભૂતપૂર્વ મંડળ પ્રમુખે વાલ્મીકિ સમુદાયના એક વ્યક્તિને તેના ઘરેથી લઈ જઈને માર માર્યો હતો. તેમણે ઉમેર્યું, "અમે તે મામલે SC/ST એક્ટ હેઠળ કેસ નોંધાવ્યો હતો અને તેમની ધરપકડ કરાવી હતી. દિલ્હી પોલીસે ગજેન્દ્ર દ્રાલની તાત્કાલિક ધરપકડ કરીને તેમને જેલમાં મોકલવા જોઈએ અને ભાજપે સ્પષ્ટ કરવું જોઈએ કે તે દલિતોની સાથે છે કે નહીં. જો તે દલિતોની સાથે હોય, તો તેણે પોતાના ધારાસભ્યની તાત્કાલિક ધરપકડ કરાવવી જોઈએ અને તેમને પક્ષમાંથી સસ્પેન્ડ કરવા જોઈએ." કુલદીપ કુમારે સવાલ ઉઠાવ્યો, "જ્યારે ભાજપના પોતાના દલિત પદાધિકારીઓ જ પક્ષની અંદર સુરક્ષિત નથી, ત્યારે સામાન્ય લોકો કેવી રીતે સુરક્ષિત રહી શકે?" તેમણે નોંધ્યું કે આ હુમલા પાછળનો સમગ્ર વિવાદ માત્ર એ વાતનો છે કે વાલ્મીકિ સમુદાયની વ્યક્તિ મંડળ પ્રમુખ કેવી રીતે બની. તેમણે ભારપૂર્વક કહ્યું, "ભાજપ માત્ર દેખાડા પૂરતા લોકોને હોદ્દા આપે છે અને તેમની નિમણૂક કરે છે, પરંતુ પોતાના ધારાસભ્યોના મનમાંથી જાતિવાદ દૂર કરતું નથી." તેમણે આગળ કહ્યું, "તેમને શરૂઆતથી જ RSSની શાખાઓમાં એ શીખવવામાં આવ્યું છે કે દલિતો અને પછાત સમુદાયો સાથે ભેદભાવ કેવી રીતે કરવો, અને તેમના મનમાં ઠસાવવામાં આવેલો જાતિવાદ એટલી જલ્દી દૂર થશે નહીં." કુલદીપ કુમારે જણાવ્યું હતું કે તેઓ વાલ્મીકિ સમુદાયના પીડિત સુનીલ કુમારને મળવા RML હોસ્પિટલ ગયા હતા, પરંતુ તેમને પીડિતને મળતા રોકવા માટે સમગ્ર પોલીસ અને સુરક્ષા તંત્ર તૈનાત કરવામાં આવ્યું હતું. "શું હવે પીડિતને મળવું પણ ગુનો બની ગયો છે ? અહેવાલ મુજબ, સુનીલ કુમારને ભાજપના ધારાસભ્ય ગજેન્દ્ર દ્રાલ દ્વારા નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો, જાતિસૂચક અપશબ્દો કહેવામાં આવ્યા હતા અને આખી રાત બંધક બનાવી રાખવામાં આવ્યા હતા," તેમણે કહ્યું. કુલદીપ કુમારે ઉમેર્યું, "ત્રણ દિવસ વીતી ગયા હોવા છતાં પોલીસે હજુ સુધી FIR નોંધી નથી. આ બધું દેશની રાજધાનીમાં થઈ રહ્યું છે અને સમગ્ર ભાજપ સરકાર પોતાના ધારાસભ્યને બચાવવામાં વ્યસ્ત છે. સૌથી દુઃખદ બાબત એ છે કે સુનીલ કુમારની સારવાર પણ યોગ્ય રીતે શરૂ કરવામાં આવી નથી અને તેમને હોસ્પિટલની ગેલેરીમાં અલગ રાખવામાં આવ્યા છે." તેમણે ભારપૂર્વક કહ્યું કે ભાજપ સરકારે પોતાના ધારાસભ્યને બચાવવાને બદલે પીડિતને ન્યાય અપાવવો જોઈએ, તાત્કાલિક FIR નોંધવી જોઈએ અને જવાબદારો સામે કાર્યવાહી કરવી જોઈએ.

**હદીસ બોધ**

એકબીજા સાથે ભલાઈથી વર્તો, એથી ભાઈચારો પેદા થશે.

(હદીસ બોધ)

**બોધ વચન**

અહિંસાનો અર્થ છે ઈશ્વર પર ભરોસો રાખવો.

-ગાંધીજી

**આજની આરસી**

૧૫ સપ્ટેમ્બર મંગળવાર ૨૦૨૬
૨ રબીઉલ આખર હિજરી ૧૪૪૮
ભાદરવા સુદ ચોથ સંવત ૨૦૮૨

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૦૭ |
| ખત્મે ઝવાલ | ૧૨-૩૫ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૨૬ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૪૪ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

- વ્યવસ્થાપક

# ભારત-અફઘાનિસ્તાન વચ્ચે T20 ક્રિકેટ મેચ પહેલાં દિલ્હી સ્ટેડિયમમાં પ્રથમ વખત 'વંદે માતરમ્' ગાવામાં આવ્યું

## આ ઘટનાક્રમ સંસદ દ્વારા તાજેતરમાં પસાર કરવામાં આવેલા એક બિલ બાદ બન્યો છે જેમાં રાષ્ટ્રગાન ('વંદે માતરમ્')ના અપમાનને સજાપાત્ર ગુનો બનાવવામાં આવ્યો છે

તા.૧૪

નવી દિલ્હીમાં અફઘાનિસ્તાન સામેની ભારતની પ્રથમ મેચની શરૂઆત પહેલાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં પ્રથમ વખત રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ્' ગાવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય ગીતની રજૂઆત બાદ રાષ્ટ્રગાન 'જન ગણ મન' વગાડવામાં આવ્યું હતું. આ ઘટનાક્રમ સંસદ દ્વારા તાજેતરમાં પસાર કરવામાં આવેલા તે બિલ બાદ બન્યો છે જેમાં રાષ્ટ્રીય ગીત (વંદે માતરમ્)ના અપમાનને સજાપાત્ર ગુનો બનાવવામાં આવ્યો છે. 'વંદે માતરમ્'ના સંપૂર્ણ અધિકૃત સંસ્કરણમાં છ પદોનો સમાવેશ થાય છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે નિર્દેશ આપ્યો હતો કે, જ્યારે 'વંદે માતરમ્' અને 'જન ગણ મન' બંને સાથે વગાડવામાં આવે ત્યારે 'વંદે માતરમ્'ના તમામ છ પદો ગાવા જોઈએ. કેન્દ્ર સરકાર દ્વારા 'વંદે માતરમ્'ની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે



આ નિર્દેશ જારી કરવામાં આવ્યો હતો. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાઈ રહેલી પ્રથમ T20 આંતરરાષ્ટ્રીય મેચમાં ભારતીય કેપ્ટન શ્રેયસ અય્યરે ટોસ જીતીને અફઘાનિસ્તાન સામે બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભારતે બેટિંગના પ્રતિભાશાળી ખેલાડી વૈભવ સૂર્યવંશીને બદલે સંજુ સેમસનના અનુભવને પ્રાધાન્ય આપ્યું હતું, જ્યારે ઝડપી બોલર જસપ્રીત બુમરાહ પ્લેઈંગ ઈલેવનમાં હતો. ડાબા ઘૂંટણની ઈજાને કારણે તે ઈંગ્લેન્ડમાં એક વન-ડે (ODI) અને શ્રીલંકામાં બે ટેસ્ટ મેચમાંથી બહાર થઈ ગયો હતો અને ભારતની તાજેતરની શ્રેણીઓમાં રમી શક્યો ન હતો. ભારતે સીમર યશ ઠાકુરને બદલે સ્પેશિયાલિસ્ટ સ્પિનર વરૂણ ચક્રવર્તીની પસંદગી પણ કરી હતી. તેમણે કહ્યું કે, અમે અહીં ઘણી મેચો રમી છે અને પરિસ્થિતિને જોતા, અમે પહેલા બોલિંગ કરવાનું પસંદ કરી શકીએ છીએ. ઝિમ્બાબ્વે શ્રેણીમાંથી અમને ઘણી સકારાત્મક બાબતો જાણવા મળી છે અને અમે એ જ અભિગમ સાથે આગળ વધીશું. ટીમમાં બુમરાહની વાપસી અંગે અય્યરે કહ્યું કે, તે ભારત માટે ખૂબ જ મોટો ફાયદો છે. ટીમમાં બુમરાહનું હોવું એ એક મોટી વાત છે. તે મેચ જીતવાની બાબતમાં તેઓ ખૂબ જ સકારાત્મક અભિગમ ધરાવે છે. વૈભવ સૂર્યવંશી રમી રહ્યા નથી, તેમજ વોશિંગ્ટન અને અન્ય બે ખેલાડીઓ પણ રમી રહ્યા નથી.

ટીમ : ભારત : સંજુ સેમસન (વિકેટકીપર), અભિષેક શર્મા, ઈશાન કિશન, શ્રેયસ અય્યર (કેપ્ટન), તિલક વર્મા, નીતિશ કુમાર રેડ્ડી, શિવમ દુબે, અક્ષર પટેલ, અર્શદીપ સિંહ, જસપ્રીત બુમરાહ, વરૂણ ચક્રવર્થી. અફઘાનિસ્તાન : ઈબ્રાહિમ ઝદરાન (કેપ્ટન), રહેમાનુલ્લાહ ગુરબાઝ (વિકેટકીપર), સેદિકુલ્લાહ અટલ, દરવેશ રસૂલી, અઝમતુલ્લાહ ઓમરઝાઈ, ગુલબદીન નાઈબ, મોહમ્મદ નબી, રાશિદ ખાન, મુજીબ ઉર રહેમાન, નૂર અહેમદ, ફઝલહક ફારૂકી.

# UP : રાજ્યના રાજકારણમાં દલિત ચહેરાનું આગમન; રોહિણી ઘાવરીની નજર ચંદ્રશેખરની વોટ બેંક પર

(એજન્સી) તા.૧૪

ઉત્તર પ્રદેશના રાજકારણમાં એક નવા દલિત ચહેરાનું આગમન થઈ રહ્યું છે. સ્વિટ્ઝર્લેન્ડથી પરત ફર્યા બાદ, રોહિણી ઘાવરી રાજ્યના રાજકારણમાં સક્રિય થવાની તૈયારી કરી રહી છે. વર્ષ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલાં યુપીના દલિત રાજકારણમાં એક નવું રાજકીય જૂથ ઉભરી રહ્યું હોય તેવું જણાય છે. સ્વિટ્ઝર્લેન્ડથી પરત ફર્યા બાદ, રોહિણી ઘાવરી રાજ્યના રાજકારણમાં સક્રિય થવાની તૈયારી કરી રહી છે. તેમનું મુખ્ય ધ્યાન વાલ્મીકિ સમુદાયને એક કરવા અને પશ્ચિમ ઉત્તર પ્રદેશની એવી ૨૧ વિધાનસભા બેઠકો પર છે જ્યાં વાલ્મીકિ મતદારો નિર્ણાયક માનવામાં આવે છે. આ વિસ્તારોમાં આઝાદ સમાજ પાર્ટીના પ્રમુખ અને નગીનાના સાંસદ ચંદ્રશેખર પણ પ્રભાવશાળી માનવામાં આવે છે. રોહિણી વાલ્મીકિ સમુદાય માટે રાજકીય પ્રતિનિધિત્વનો મુદ્દો ઉઠાવીને આ વિસ્તારોમાં પ્રચાર કરવાની તૈયારી કરી રહી છે. તેમનું કહેવું છે કે લાંબા સમયથી વાલ્મીકિ સમુદાયને મુખ્યત્વે સફાઈ કામદારો તરીકે જોવામાં આવે છે, જ્યારે રાજકીય પ્રતિનિધિત્વમાં તેમનો હિસ્સો પ્રમાણમાં ઓછો રહ્યો છે. તેઓ આગામી પાંચ વર્ષમાં કોઈ રાજ્યમાં વાલ્મીકિ સમુદાયમાંથી મુખ્યમંત્રી બને તેવું લક્ષ્ય પણ ધરાવે છે. તેમની નજર ૨૧ મતવિસ્તારો પર છે, જેમાં આગ્રા કેન્ટ, એતમાદપુર, જસરાના,



ફિરોઝાબાદ, મેરઠ કેન્ટ, મેરઠ સિટી, ગાઝિયાબાદ, લોની, લખનૌની સેન્ટ્રલ, નોર્થ અને વેસ્ટ વિધાનસભા બેઠકો તેમજ સિસામાઉ, આર્યાનગર, કિદવાઈ નગર, અલીગઢ અને ખૈરનો સમાવેશ થાય છે. તેઓ આ મતવિસ્તારોમાં જાટવ અને વાલ્મીકિ સમુદાયોના રાજકીય પ્રતિનિધિત્વનો મુદ્દો ઉઠાવવાની તૈયારી કરી રહી છે. રોહિણી ૧૩ સપ્ટેમ્બરે મેરઠ પહોંચશે. ત્યારબાદ તેઓ ૧૪ અને ૧૫ સપ્ટેમ્બરે લખનૌમાં વાલ્મીકિ સમુદાયના સભ્યોને મળશે. આ સમયગાળા દરમિયાન તેઓ એસપી (સમાજવાદી પાર્ટી)ના વડા અખિલેશ યાદવને પણ મળે તેવી શક્યતા છે. રોહિણીનો દાવો છે કે અખિલેશે ચંદ્રશેખર સામેની તેમની લડાઈમાં સમર્થનનું આશ્વાસન આપ્યું છે. જો એસપી સાથે તેમની નિકટતા વધે અને પાર્ટી તેમને ચૂંટણીમાં મેદાનમાં ઉતારે, તો પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં દલિત મતોનું નવું સમીકરણ રચાઈ શકે છે. રોહિણીએ ચંદ્રશેખર પર લગ્નનું વચન આપીને તેમનું શોષણ કરવાનો આરોપ મૂક્યો છે. તેમનો દાવો છે કે આર્થિક સહાય પૂરી પાડવા છતાં, સાંસદ બન્યા બાદ ચંદ્રશેખરે તેમની સાથેના સંબંધો તોડી નાખ્યા હતા. તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે વાલ્મીકિ સમુદાયના હોવાને કારણે તેમની ફરિયાદ પર એફઆઈઆર નોંધવામાં આવી ન હતી. જોકે, આ આરોપો અંગે સંબંધિત પક્ષોના મંતવ્યોનો આ અહેવાલમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. દલિત રાજકારણમાં જાટવ મતદારોનો પ્રભાવ હંમેશાં નોંધપાત્ર રહ્યો છે. તેથી, વાલ્મીકિ સમુદાયને એક અલગ રાજકીય શક્તિ તરીકે સંગઠિત કરવાના પ્રયાસો ૨૦૨૭ની ચૂંટણીમાં પશ્ચિમ ઉત્તર પ્રદેશની અનેક બેઠકો પર નવી રાજકીય સ્થિતિ સર્જી શકે છે. રોહિણી સમગ્ર સમુદાયને સાથે લઈને આગળ વધવાની વાત પણ કરે છે.

# એશિયા કપ જીતવા છતાં ટીમ ઈન્ડિયાએ ફરી ટ્રોફી ન સ્વીકારી

## મોહસિન નકવી માત્ર ઉપવિજેતા શ્રીલંકન ટીમને રનર-અપનો ચેક આપીને સ્ટેજ પરથી જતા રહ્યા

દુબઈ, તા.૧૪

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે દુબઈમાં રમાયેલી ફાઈનલ મેચમાં શ્રીલંકાને 72 રને માત આપીને મહિલા એશિયા કપનો ખિતાબ પોતાના નામે કરી લીધો છે. પરંતુ મેચ બાદ રજૂઆત સમારોહ (પ્રેઝન્ટેશન સેરેમની) માં એક મોટો વિવાદ સામે આવ્યો હતો. એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC) ના અધ્યક્ષ અને પાકિસ્તાન સરકારના મંત્રી મોહસિન નકવીના હાથે ભારતીય ટીમે ટ્રોફી સ્વીકારવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો.મેચ જીત્યા બાદ ભારતના કડક વલણને કારણે મોહસિન નકવી માત્ર ઉપવિજેતા શ્રીલંકન ટીમને રનર-અપનો ચેક આપીને સ્ટેજ પરથી જતા રહ્યા હતા. પરિણામે, પ્રેઝન્ટેશન સેરેમની ભારતીય ટીમને ટ્રોફી આપ્યા વગર જ પૂરી કરવામાં આવી હતી. આ અંગે ભારતીય ટીમના મુખ્ય કોચ અમોલ મજુમદારે જણાવ્યું કે, ટીમ સંપૂર્ણપણે BCCI ના નિર્ણય સાથે છે અને ચેમ્પિયન બનવું જ અમારા માટે સૌથી મહત્ત્વનું છે.BCCI ના સચિવ દેવાજીત સૈકિયાના જણાવ્યા અનુસાર, ભારત શરૂઆતથી જ નકવી પાસેથી ટ્રોફી લેવાના વિરોધમાં હતું. આ વિવાદ ટાળવા માટે નકવીને બે વિકલ્પ આપવામાં આવ્યા હતા:પરંતુ નકવીએ આ બંને પ્રસ્તાવ ફગાવી દીધા હતા અને પોતે જ ટ્રોફી આપવાની જિદ્દ પકડી રાખી હતી, જેના કારણે આ ગતિરોધ સર્જાયો હતો.અગાઉ પણ બની ચૂકી છે આવી ઘટનાબંને દેશો વચ્ચેના વણસેલા રાજકીય સંબંધોને કારણે અગાઉ સપ્ટેમ્બર 2025માં પુરુષ એશિયા કપ ફાઈનલ દરમિયાન પણ ભારતીય ટીમે મોહસિન નકવી પાસેથી ટ્રોફી લેવાનો ઈનકાર કર્યો હતો. તે સમયે પણ નકવી પોતાની વાત પર અડેલા રહ્યા હતા અને ટ્રોફી આપ્યા વગર જ જતા રહ્યા હતા. એશિયા કપના ઈતિહાસમાં સતત બીજી વાર ભારત સાથે આ પ્રકારનો વિવાદ સામે આવ્યો છે.

# કાર વડે બે દલિત મહિલાઓને કચડી નાખવા અને યુવતીના અપહરણના પ્રયાસ બદલ શખ્સને આજીવન કેદની સજા

(એજન્સી) બુલંદશહેર, તા.૧૪

ઉત્તર પ્રદેશના બુલંદશહેરમાં આવેલી વિશેષ SC/ST અદાલતે એક વ્યક્તિને આજીવન કેદની સજા ફટકારી છે. આ વ્યક્તિ પર ૨૦૧૯માં એક લગ્ન સમારંભ દરમિયાન ૫૦ની વયની આસપાસની બે દલિત મહિલાઓ પર જાણીજોઈને કાર ચઢાવીને તેમની હત્યા કરવાનો આરોપ હતો. અદાલતે દોષિત પર ૫૧,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. સરકારી પક્ષ (પ્રોસિક્યુશન) અનુસાર, આ ઘટના ૨૫ જૂનના રોજ બની હતી જ્યારે લગ્ન સમારંભ ચાલી રહ્યો હતો અને કન્યાના સંબંધીઓ રસ્તાની બાજુમાં ઊભા હતા. આરોપી નકુલ ઠાકુર તેના સહ-આરોપી ઓમેન્દ્ર ઉર્ફે ઓગા સાથે કારમાં ત્યાં પહોંચ્યો હતો. ઠાકુરે પહેલાં એક દલિત યુવતીનું અપહરણ કરવાનો પ્રયાસ કર્યો અને જ્યારે યુવતીએ તેનો વિરોધ કર્યો ત્યારે તેણે અપશબ્દો અને જાતિસૂચક ટિપ્પણીઓ કરી. જ્યારે યુવતીના સંબંધીઓએ વાંધો ઉઠાવ્યો ત્યારે આરોપીએ તેમને પણ ધમકી આપી હતી. ત્યારબાદ તે ત્યાંથી જતો રહ્યો હતો, પરંતુ થોડીવારમાં જ તે ખૂબ જ ઝડપે વાહન લઈને પાછો ફર્યો. તેમણે બહાર રાહ જોઈ રહેલા જાનૈયાઓ પર કાર ચઢાવી દીધી, જેના પરિણામે બે મહિલાઓ કચડાઈને મૃત્યુ પામી. આ ઘટનામાં બે પુરૂષો પણ ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ ઘટનાને પગલે વિસ્તારમાં ભારે રોષ ફેલાયો હતો અને લોકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું, ત્યારબાદ પોલીસે ઠાકુર અને ઓમેન્દ્ર વિરૂદ્ધ FIR નોંધી હતી. વિશેષ સરકારી વકીલ વિપુલ રાઘવે અદાલતને જણાવ્યું હતું કે આ કેસ ૨૫ જૂન, ૨૦૧૯ના રોજ ચાંદપુર ગામના ધર્મેન્દ્ર સિંહની ફરિયાદના આધારે નોંધવામાં આવ્યો હતો. પોલીસે આરોપીઓની ધરપકડ કરી હતી અને તપાસ પૂર્ણ કર્યા બાદ તે જ વર્ષે ૨૮ ઓગસ્ટે ચાર્જશીટ દાખલ કરી હતી. આ કેસની સુનાવણી વિશેષ SC/ST એક્ટ કોર્ટમાં થઈ હતી. કાર્યવાહી દરમિયાન, સરકારી પક્ષે આ ભયાનક ગુનાને સાબિત કરવા માટે પુરાવા અને સાક્ષીઓ રજૂ કર્યા હતા. મુખ્ય આરોપી ઠાકુરનું ટ્રાયલ દરમિયાન ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ અવસાન થયું હતું. ગુરૂવારે, વિશેષ ન્યાયાધીશ ઓમ પ્રકાશ વર્માએ સહ-આરોપી ઓમેન્દ્રને દોષિત ઠેરવ્યો અને તેને આજીવન કેદની સજા સંભળાવી.

શેડ્યૂલ આવ્યું સામે

# ભારત આવશે પાકિસ્તાનની ટીમ, એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં થશે ટક્કર

## પાકિસ્તાન સહિત કુલ છ ટીમો આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહી છે : પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને માહિતી આપી

(એજન્સી) ચંદીગઢ, તા.૧૪

ભારત આવતા મહિને હોકી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન કરશે. આ ટુર્નામેન્ટ ૨૭ ઓક્ટોબરથી ૫ નવેમ્બર દરમિયાન યોજાશે. પાકિસ્તાન સહિત કુલ છ ટીમો આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહી છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને આ માહિતી આપી હતી. ભગવંત માને કેન્દ્ર સરકારની તે નીતિનો ઉલ્લેખ કર્યો જે મલ્ટી નેશનલ ટુર્નામેન્ટ દરમિયાન બંને દેશોને ભારતીય ધરતી પર રમવાની મંજૂરી આપે છે. એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત, પાકિસ્તાન, ચીન, જાપાન, મલેશિયા અને કોરિયાની ટીમો ભાગ લેશે. જો કોઈ ટીમ ટુર્નામેન્ટમાંથી ખસી જાય, તો ઓમાન અથવા બાંગ્લાદેશ તેનું સ્થાન લેશે. લીગ તબક્કાની મેચો જલંધરમાં રમાશે, જ્યારે સેમીફાઈનલ અને ફાઈનલ મોહાલીના હોકી સ્ટેડિયમમાં યોજાશે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની હાઈ-પ્રોફાઈલ મેચ ૧લી નવેમ્બરે જલંધરમાં રમાશે. પાકિસ્તાનની સહભાગિતા અને જરૂરી મંજૂરીઓ અંગેના પ્રશ્નોના જવાબમાં ભગવંત માને જણાવ્યું હતું કે, મલ્ટી નેશનલ ટુર્નામેન્ટમાં બંને દેશોની સ્પર્ધા બાબતે કોઈ સમસ્યા નથી. જોકે, ભારત અને પાકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય શ્રેણીનું આયોજન કરવું એ અલગ બાબત છે. કેન્દ્ર સરકારની વર્તમાન નીતિ પાકિસ્તાન સાથે દ્વિપક્ષીય રમતગમતની સ્પર્ધાઓ યોજવાની મંજૂરી આપતી નથી. તેમ છતાં બંને દેશોના ખેલાડીઓને મલ્ટી નેશનલ ટુર્નામેન્ટમાં એકબીજા સામે રમવાની છૂટ છે. આ જ કારણ છે કે પાકિસ્તાનની ટીમ એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારત આવી શકશે. ગયા વર્ષે તમિલનાડુમાં યોજાયેલ જુનિયર હોકી વર્લ્ડ કપમાંથી પાકિસ્તાન ખસી ગયું હતું. તેણે ઓપરેશન સિંદૂર બાદ બંને દેશો વચ્ચે વધતા તણાવનું કારણ જણાવ્યું હતું. ભારતે ૨૦૨૩માં એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન કર્યું હતું, જેમાં ફાઈનલમાં પાકિસ્તાનને ૪-૦થી હરાવીને ભારતે ખિતાબ જીત્યો હતો. પાકિસ્તાનને ભારત સામે હોકીમાં છેલ્લે જીત મેળવ્યે એક દાયકાથી વધુ સમય વીતી ગયો છે. ભારત એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં સૌથી સફળ દેશ છે અને તેણે પાંચ વખત આ ખિતાબ જીત્યો છે. આ ટૂર્નામેન્ટની શરૂઆત ૨૦૧૧માં થઈ હતી અને ભારત પાસે કુલ પાંચ ટ્રોફી છે, જ્યારે પાકિસ્તાને ત્રણ વખત આ ખિતાબ જીત્યો છે. ૨૦૧૮માં ભારત અને પાકિસ્તાનને સંયુક્ત વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

# દલિત મંડળ પ્રમુખને માર મારનાર ભાજપના ધારાસભ્ય સામે FIR નોંધવા પોલીસ તૈયાર નથી : કુલદીપ કુમાર

(એજન્સી)

નવી દિલ્હી, તા.૧૪

આમ આદમી પાર્ટી (AAP)એ ભાજપના ધારાસભ્ય ગજેન્દ્ર દ્રાલ સામે FIR ન નોંધવા બદલ દિલ્હી પોલીસની આકરી ટીકા કરી છે. આ ઘટનામાં ભાજપના જ દલિત મંડળ પ્રમુખ સુનીલ કુમાર પર હુમલો કરવામાં આવ્યો હતો. AAPના ધારાસભ્ય કુલદીપ કુમારે જણાવ્યું હતું કે પીડિત દલિત પરિવાર છેલ્લા ત્રણ દિવસથી ફરિયાદ નોંધાવવા માટે પોલીસ સ્ટેશનના ધક્કા ખાઈ રહ્યો છે, પરંતુ પોલીસે કાર્યવાહી કરવાનો ઈનકાર કર્યો છે. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે જ્યારે ભાજપમાં હોદ્દો ધરાવતા દલિત નેતા જ સુરક્ષિત નથી, ત્યારે સામાન્ય દલિત કાર્યકરો કેવી રીતે સુરક્ષિત અનુભવી શકે ? તેમણે માંગ કરી હતી કે દિલ્હી પોલીસ SC/ST એક્ટ હેઠળ FIR નોંધે અને ભાજપ પોતાના ધારાસભ્યને સસ્પેન્ડ કરે. રવિવારે પત્રકાર પરિષદને સંબોધતા AAPના ધારાસભ્ય કુલદીપ કુમારે કહ્યું, "રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં, ભાજપની દલિત-વિરોધી સરકારે દલિતો માટે અત્યંત પ્રતિકૂળ વાતાવરણ ઊભું કર્યું છે. મુંડકા વિધાનસભા મતવિસ્તારના ભાજપના ધારાસભ્ય ગજેન્દ્ર દ્રાલે દલિત અને વાલ્મીકિ સમુદાયના સુનીલ કુમારનું રાત્રે અપહરણ કર્યું, તેમને પોતાના ઘરે લઈ ગયા, આખી રાત બંધક બનાવી રાખ્યા અને નિર્દયતાથી માર માર્યો. સુનીલ કુમાર હાલમાં ભાજપના જ મંડળ પ્રમુખ છે, પરંતુ માત્ર વાલ્મીકિ



સમુદાયના હોવાને કારણે તેમને માર મારવામાં આવ્યો." કુલદીપ કુમારે વધુમાં જણાવ્યું હતું કે, "દેશના અંતરિયાળ ગામડાઓમાં પણ કોઈ વ્યક્તિ સાથે આટલી નિર્દયતાથી વર્તવામાં આવતું નથી, છતાં રાષ્ટ્રીય રાજધાનીમાં ભાજપ સરકાર હેઠળ આ ઘટના બની છે. છેલ્લા બે-ત્રણ દિવસથી આ પરિવાર ન્યાય મેળવવા અને FIR નોંધાવવા માટે ઠેર-ઠેર ફરી રહ્યો છે, પરંતુ મામલો પ્રકાશમાં આવવા છતાં કાંઝાવાલા પોલીસ સ્ટેશન અને પોલીસ વહીવટીતંત્ર FIR નોંધવા તૈયાર નથી." તેમણે કહ્યું કે તેમણે DCPને ફોન કર્યા અને સેંકડો ટ્વીટ્સ કર્યા, પરંતુ DCPએ તેમના ફોનનો જવાબ પણ આપ્યો નહીં. તેમણે કહ્યું કે ભાજપના ધારાસભ્ય સત્તાના નશામાં એટલા અહંકારી બની ગયા છે કે તેમણે વાલ્મીકિ સમુદાયની વ્યક્તિને આ રીતે માર માર્યો. કુલદીપ કુમારે ઉમેર્યું, "અમે ભાજપ સરકારને પૂછવા માંગીએ છીએ કે તેણે પોતાના ધારાસભ્ય સામે શું કાર્યવાહી કરી છે. દિલ્હી પોલીસે મુંડકાના ધારાસભ્ય ગજેન્દ્ર દ્રાલ સામે તાત્કાલિક FIR નોંધવી જોઈએ અને ભાજપે આ ગુંડા ધારાસભ્યને પક્ષમાંથી તાત્કાલિક હાંકી કાઢવા જોઈએ. જો આમ નહીં થાય, તો એવું માનવામાં આવશે કે આ ધારાસભ્યે રાષ્ટ્રીય રાજધાનીમાં ભાજપના જ સંરક્ષણ હેઠળ આવું કૃત્ય કર્યું છે." આપ (AAP)ના ધારાસભ્યે કહ્યું કે દિલ્હીમાં ભાજપ સરકાર સત્તામાં આવી ત્યારથી દલિતો અને વાલ્મીકિ સમુદાયનું સતત શોષણ થઈ રહ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તાજેતરમાં જ એક સફાઈ કામદારની હત્યા કરવામાં આવી હતી, વાલ્મીકિ યુવકને માર મારીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો અને ત્રિલોકપુરીમાં પણ ભાજપના ભૂતપૂર્વ મંડળ પ્રમુખે વાલ્મીકિ સમુદાયના એક વ્યક્તિને તેના ઘરેથી લઈ જઈને માર માર્યો હતો. તેમણે ઉમેર્યું, "અમે તે મામલે SC/ST એક્ટ હેઠળ કેસ નોંધાવ્યો હતો અને તેમની ધરપકડ કરાવી હતી. દિલ્હી પોલીસે ગજેન્દ્ર દ્રાલની તાત્કાલિક ધરપકડ કરીને તેમને જેલમાં મોકલવા જોઈએ અને ભાજપે સ્પષ્ટ કરવું જોઈએ કે તે દલિતોની સાથે છે કે નહીં. જો તે દલિતોની સાથે હોય, તો તેણે પોતાના ધારાસભ્યની તાત્કાલિક ધરપકડ કરાવવી જોઈએ અને તેમને પક્ષમાંથી સસ્પેન્ડ કરવા જોઈએ." કુલદીપ કુમારે સવાલ ઉઠાવ્યો, "જ્યારે ભાજપના પોતાના દલિત પદાધિકારીઓ જ પક્ષની અંદર સુરક્ષિત નથી, ત્યારે સામાન્ય લોકો કેવી રીતે સુરક્ષિત રહી શકે?" તેમણે નોંધ્યું કે આ હુમલા પાછળનો સમગ્ર વિવાદ માત્ર એ વાતનો છે કે વાલ્મીકિ સમુદાયની વ્યક્તિ મંડળ પ્રમુખ કેવી રીતે બની. તેમણે ભારપૂર્વક કહ્યું, "ભાજપ માત્ર દેખાડા પૂરતા લોકોને હોદ્દા આપે છે અને તેમની નિમણૂક કરે છે, પરંતુ પોતાના ધારાસભ્યોના મનમાંથી જાતિવાદ દૂર કરતું નથી." તેમણે આગળ કહ્યું, "તેમને શરૂઆતથી જ RSSની શાખાઓમાં એ શીખવવામાં આવ્યું છે કે દલિતો અને પછાત સમુદાયો સાથે ભેદભાવ કેવી રીતે કરવો, અને તેમના મનમાં ઠસાવવામાં આવેલો જાતિવાદ એટલી જલ્દી દૂર થશે નહીં." કુલદીપ કુમારે જણાવ્યું હતું કે તેઓ વાલ્મીકિ સમુદાયના પીડિત સુનીલ કુમારને મળવા RML હોસ્પિટલ ગયા હતા, પરંતુ તેમને પીડિતને મળતા રોકવા માટે સમગ્ર પોલીસ અને સુરક્ષા તંત્ર તૈનાત કરવામાં આવ્યું હતું. "શું હવે પીડિતને મળવું પણ ગુનો બની ગયો છે ? અહેવાલ મુજબ, સુનીલ કુમારને ભાજપના ધારાસભ્ય ગજેન્દ્ર દ્રાલ દ્વારા નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો, જાતિસૂચક અપશબ્દો કહેવામાં આવ્યા હતા અને આખી રાત બંધક બનાવી રાખવામાં આવ્યા હતા," તેમણે કહ્યું. કુલદીપ કુમારે ઉમેર્યું, "ત્રણ દિવસ વીતી ગયા હોવા છતાં પોલીસે હજુ સુધી FIR નોંધી નથી. આ બધું દેશની રાજધાનીમાં થઈ રહ્યું છે અને સમગ્ર ભાજપ સરકાર પોતાના ધારાસભ્યને બચાવવામાં વ્યસ્ત છે. સૌથી દુઃખદ બાબત એ છે કે સુનીલ કુમારની સારવાર પણ યોગ્ય રીતે શરૂ કરવામાં આવી નથી અને તેમને હોસ્પિટલની ગેલેરીમાં અલગ રાખવામાં આવ્યા છે." તેમણે ભારપૂર્વક કહ્યું કે ભાજપ સરકારે પોતાના ધારાસભ્યને બચાવવાને બદલે પીડિતને ન્યાય અપાવવો જોઈએ, તાત્કાલિક FIR નોંધવી જોઈએ અને જવાબદારો સામે કાર્યવાહી કરવી જોઈએ.

# ૨૫ વર્ષ પછી અફઘાનિસ્તાનમાં અલ-કાયદા તાલીમ શિબિરો ફરી ખૂલ્યા : વોશિંગ્ટન પોસ્ટનો અહેવાલ; ભારતની ચિંતા વધી

**વોશિંગ્ટન પોસ્ટના અહેવાલ મુજબ ૯/૧૧ના ૨૫ વર્ષ પછી છેલ્લા ત્રણ વર્ષમાં અફઘાનિસ્તાનમાં ઓછામાં ઓછા આઠ અલ-કાયદા આતંકવાદી તાલીમ કેન્દ્રો સ્થાપિત થયા છે, અલ-કાયદા અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોને કારણે ભારતની મુશ્કેલીઓ વધવાની શક્યતા છે**

(એજન્સી) તા.૧૪

આતંકવાદી સંગઠન અલ-કાયદા, ૯/૧૧ના ૨૫ વર્ષ પછી અફઘાનિસ્તાનમાં પોતાનો પ્રભાવ વધારી રહ્યું છે. વોશિંગ્ટન પોસ્ટના એક સનસનાટીભર્યા અહેવાલ મુજબ, અલ-કાયદા અને તેના સહયોગીઓએ છેલ્લા ત્રણ વર્ષમાં અફઘાનિસ્તાનમાં ઓછામાં ઓછા આઠ તાલીમ કેન્દ્રો સ્થાપિત કર્યા છે. આ શિબિરો, શસ્ત્રો, વિસ્ફોટકો અને ગેરિલા યુદ્ધની તાલીમ સાથે, હવે એન્ક્રિપ્શન, ડ્રોન અને કૃત્રિમ બુદ્ધિમત્તા જેવી તકનીકોનો ઉપયોગ પણ શીખવી રહ્યા છે. પાકિસ્તાન અને તેની કુખ્યાત ગુપ્તચર એજન્સી, ISI સાથે અલ-કાયદાના સંબંધો ખુલ્લા પડી ગયા છે, અને અફઘાનિસ્તાનમાં તેનો વિસ્તરણ પણ ભારત માટે એક મોટી ચિંતાનો વિષય છે. ભારત માટે આ પડકારની તીવ્રતા સમજતા પહેલા, ચાલો સમજીએ કે અલ-કાયદા પરના આ અહેવાલમાં ખરેખર શું સમાયેલું છે. વોશિંગ્ટન પોસ્ટના અહેવાલ મુજબ, આતંકવાદી સંગઠનો ઓગસ્ટ ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાંથી યુએસ સૈનિકોની પાછી ખેંચી લેવા અને તાલિબાનના સત્તામાં પાછા ફરવાથી સર્જાયેલા સુરક્ષા શૂન્યાવકાશનો લાભ લઈ રહ્યા છે. યુએન મોનિટર અને પશ્ચિમી ગુપ્તચર અધિકારીઓને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે કે અલ-કાયદા અને તેના સહયોગીઓએ છેલ્લા ત્રણ વર્ષમાં અફઘાનિસ્તાનમાં ઓછામાં ઓછા આઠ તાલીમ સ્થળો સ્થાપિત કર્યા છે. આ સ્થળોએ, આતંકવાદીઓને પરંપરાગત શસ્ત્રો અને વિસ્ફોટકો તેમજ ગેરિલા યુદ્ધના ઉપયોગની તાલીમ આપવામાં આવી રહી છે. ચિંતાજનક રીતે, આ તાલીમ હવે આધુનિક ટેક્નોલોજીને પણ એકીકૃત કરી રહી છે, જેમાં એન્ક્રિપ્ટેડ કોમ્યુનિકેશન, ડ્રોન અને કૃત્રિમ બુદ્ધિમત્તાનો ઉપયોગ શામેલ છે. આનો અર્થ એ છે કે ૨૫ વર્ષ પહેલાં વિશ્વ માટે ખતરો ઉભો કરનાર આતંકવાદી નેટવર્ક હવે વધુ તકનિકી રીતે સક્ષમ બનવાનો પ્રયાસ કરી રહ્યું છે. અહેવાલો અનુસાર, અલ-કાયદાના મુખ્ય સંગઠનમાં હાલમાં લગભગ ૧૦૦ લડવૈયાઓ હોવાનો અંદાજ છે. આનો અર્થ એ છે કે સંગઠન હવે હજારો લડવૈયાઓ સાથે એક મોટી લશ્કરી દળ નથી જે પહેલા હતું. જોકે, આનો અર્થ એ નથી કે તેનો પ્રભાવ ઓછો થયો છે. અહેવાલો સૂચવે છે કે મોટા પાયે લશ્કરી કાર્યવાહીનું સીધું નેતૃત્વ કરવાને બદલે, અલ-કાયદા હવે અન્ય આતંકવાદી સંગઠનો માટે એક પ્રકારની "કન્સલ્ટિંગ સર્વિસ" તરીકે કાર્ય કરી રહ્યું છે. આનો અર્થ એ છે કે તે અન્ય આતંકવાદી સંગઠનોને તાલીમ, વ્યૂહરચના, તકનીકી માહિતી અને અન્ય સંસાધનોમાં મદદ કરી શકે છે. આતંકવાદી સંગઠનોની રણનીતિમાં આ પરિવર્તન સુરક્ષા એજન્સીઓ માટે મોટી ચિંતાનું કારણ છે. ઓછી સંખ્યામાં લડવૈયાઓ હોવા છતાં, જો કોઈ સંગઠન અન્ય જૂથોની ક્ષમતાઓ વધારવાનું શરૂ કરે છે, તો તેની અસર તેના પોતાના સભ્યપદ કરતા ઘણી વધારે હોઈ શકે છે. વોશિંગ્ટન પોસ્ટના અહેવાલમાં જણાવાયુંછે કે અલ-કાયદા અફઘાનિસ્તાનમાં સક્રિય એકમાત્ર સંગઠન નથી. અન્ય આતંકવાદી સંગઠનો પણ ત્યાં પાયા અને તાલીમ સ્થળો સ્થાપિત કરી રહ્યા છે, જેમાં ઈસ્લામિક સ્ટેટ સાથે સંકળાયેલ સંગઠનનો સમાવેશ થાય છે. અલ-કાયદા અને ઈસ્લામિક સ્ટેટને મુખ્ય હરીફ માનવામાં આવે છે, પરંતુ તેમની હાજરી અફઘાનિસ્તાનને આતંકવાદી પ્રવૃત્તિઓનું મુખ્ય કેન્દ્ર બનાવી રહી છે. અહેવાલ મુજબ, વિવિધ "આતંકવાદી ઈસ્લામિક" સંગઠનોની હાજરી હવે અફઘાનિસ્તાનના ૩૪ પ્રાંતોમાંથી ઓછામાં ઓછા ૧૪ પ્રાંતોમાં ફેલાઈ ગઈ છે. આ પ્રશ્ન ઉભો કરે છે : શું તાલિબાનના સત્તામાં આવવાથી ખરેખર અફઘાનિસ્તાનને આતંકવાદી સંગઠનો માટે સલામત આશ્રયસ્થાન બનતા અટકાવ્યું છે ? અફઘાનિસ્તાનમાં અલ-કાયદાની પ્રવૃત્તિઓ અંગેના અહેવાલો ભારત માટે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે કારણ કે આ સમગ્ર આતંકવાદી નેટવર્કનો પાકિસ્તાન સાથે ગાઢ સંબંધોનો ઈતિહાસ છે. ભારત માટે ચિંતાની વાત એ છે કે અફઘાનિસ્તાન અને પાકિસ્તાન લાંબા સમયથી સંબંધો ધરાવે છે, જેમાં આતંકવાદી નેટવર્કનો પણ સમાવેશ થાય છે. અફઘાનિસ્તાન પાકિસ્તાન, ઈરાન, તુર્કમેનિસ્તાન, ઉઝબેકિસ્તાન, તાજિકિસ્તાન અને ચીનની સરહદ ધરાવે છે. જો કે અફઘાનિસ્તાન ભૂમિગત દેશ નથી, પરંતુ પાકિસ્તાન લાંબા સમયથી દક્ષિણ પ્રવેશદ્વાર તરીકે અફઘાનિસ્તાન માટે મહત્ત્વપૂર્ણ રહ્યું છે. પેશાવર, કરાચી અને પાકિસ્તાનના આદિવાસી વિસ્તારોનો ઉપયોગ પહેલા અફઘાન જેહાદ માટે અને પછી આંતરરાષ્ટ્રીય આતંકવાદી નેટવર્કની પ્રવૃત્તિઓ માટે કરવામાં આવ્યો છે. ભારતના દૃષ્ટિકોણથી, અલ-કાયદાના અફઘાનિસ્તાનમાં પાછા ફરવાના સમાચાર ફક્ત અફઘાનિસ્તાન પૂરતા મર્યાદિત નથી. જો કે, આ નેટવર્ક્સ પાકિસ્તાન અને દક્ષિણ એશિયાના અન્ય ભાગો સાથે કેવા પ્રકારના જોડાણો વિકસાવે છે તેના પર ઘણું નિર્ભર રહેશે. અલ-કાયદાના ઈતિહાસને ધ્યાનમાં લેતા, સંગઠનના ઘણા ટોચના નેતાઓના પાકિસ્તાન સાથે સંબંધો રહ્યા છે. ૧૯૯૩ના વર્લ્ડ ટ્રેડ સેન્ટર બોમ્બ વિસ્ફોટના માસ્ટરમાઈન્ડ રમઝી યુસુફ પાકિસ્તાનમાં એક આતંકવાદી ખાલિદ શેખ મોહમ્મદને મળ્યા હતા. ૯/૧૧ હુમલાની તપાસ કરી રહેલા યુએસ કમિશન અનુસાર, ખાલિદ શેખ મોહમ્મદ બાદમાં અફઘાનિસ્તાનમાં ઓસામા બિન લાદેન સાથે મળ્યા હતા અને ૯/૧૧ હુમલા પાછળનો વિચાર શેર કર્યો હતો. ખાલિદ શેખ મોહમ્મદની ૨૦૦૩માં પાકિસ્તાનના રાવલપિંડીમાં ધરપકડ કરવામાં આવી હતી. તે હાલમાં ગુઆન્ટાનામો ખાડીમાં કેદ છે. અલ-કાયદાના અન્ય એક અગ્રણી આતંકવાદી અબુ ઝુબૈદાહની પણ ૨૦૦૨માં પાકિસ્તાનમાં ધરપકડ કરવામાં આવી હતી. રમઝી બિન અલ-શિભને પણ પાકિસ્તાનમાં પકડવામાં આવ્યો હતો. સૌથી આકર્ષક ઉદાહરણ ઓસામા બિન લાદેન પોતે છે. ૯/૧૧ પછી, અમેરિકા અને વિશ્વનું ધ્યાન લાંબા સમય સુધી અફઘાનિસ્તાન પર કેન્દ્રિત રહ્યું. પરંતુ મે ૨૦૧૧માં, ઓસામા બિન લાદેનને પાકિસ્તાનના એબોટાબાદમાં યુએસ દળો દ્વારા મારવામાં આવ્યો. તે કોઈ દૂરસ્થ અફઘાન ગુફામાં છુપાયેલો નહોતો. તેનું છુપાવાનું સ્થાન પાકિસ્તાનની મુખ્ય લશ્કરી એકેડેમીથી બે માઈલથી ઓછા અંતરે હતું. આ હકીકત ભારત માટે મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે પ્રશ્નો ઉભા કરે છે કે આતંકવાદ સામે આંતરરાષ્ટ્રીય ચર્ચાઓમાં અફઘાનિસ્તાન પર ધ્યાન આપવામાં આવ્યું હોવા છતાં, પાકિસ્તાનમાં નેટવર્ક અને માળખાગત સુવિધાઓ પર સતત દેખરેખનો અભાવ કેમ છે.

# લઘુમતી અધિકારોની ચિંતાઓના ઉકેલ માટે કર્ણાટકના મુસ્લિમ અને ખ્રિસ્તી નેતાઓની સંયુક્ત મંચની યોજના

(એજન્સી) તા.૧૪

કર્ણાટકના મુસ્લિમ અને ખ્રિસ્તી નેતાઓ લઘુમતી સમુદાયોને લગતા મુદ્દાઓ પર સાથે મળીને કામ કરવા અને બંધારણીય અધિકારો અને સાંપ્રદાયિક સંવાદિતાની હિમાયત કરવા માટે એક સામાન્ય પ્લેટફોર્મ બનાવવા સંમત થયા છે. શુક્રવારે બેંગ્લુરૂમાં આર્કબિશપ હાઉસ ખાતે કર્ણાટક પ્રદેશ મુસ્લિમ ઓક્કુટા (KRMO)ના પદાધિકારીઓ અને બેંગ્લુરૂના આર્કબિશપ પીટર માચાડો, અન્ય ખ્રિસ્તી પ્રતિનિધિઓ વચ્ચે મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં બંને સમુદાયો વચ્ચે સહયોગ મજબૂત કરવા અને રાજયમાં લઘુમતીઓને અસર કરતા મુદ્દાઓ પર સંકલિત અભિગમ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ ચર્ચા દરમિયાન સહભાગીઓએ ધર્માંતરણ વિરોધી કાયદાના કથિત દુરૂપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે દાવો કર્યો હતો કે, લઘુમતી સમુદાયોના સભ્યોને કાયદાની જોગવાઈઓનો ઉપયોગ કરીને નાના જૂથો દ્વારા ઉત્પીડન, હુમલા અને ખોટા કેસોનો સામનો કરવો પડ્યો છે. આ નેતાઓએ દ્વેષપૂર્ણ ભાષણમાં વધારો અને લઘુમતી સમુદાયોના જાહેર અપમાન અંગે પણ ચિંતા વ્યક્ત કરી. તેમણે કાયદાના માળખામાં આવી ચિંતાઓને સંબોધવા માટે વધુ જાગૃતિ, સંવાદ અને સંસ્થાકીય પદ્ધતિઓ માટે હાકલ કરી છે.



સહભાગીઓના મતે આ પરિસ્થિતિમાં લઘુમતી સમુદાયો વચ્ચે વધુ સહકાર મહત્ત્વપૂર્ણ છે ખાસ કરીને સમાનતા, ધાર્મિક સ્વતંત્રાતા અને લઘુમતી અધિકારોના રક્ષણ સંબંધિત બંધારણીય ગેરંટીઓનું સમર્થન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. આ બેઠકમાં મુસ્લિમ અને ખ્રિસ્તી સમુદાયો માટે સામાન્ય ચિંતાના મુદ્દાઓ ઉઠાવવા માટે એક સામાન્ય મંચ સ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રસ્તાવિત પ્લેટફોર્મ સંવાદને સરળ બનાવવા ચિંતાઓનું દસ્તાવેજીકરણ કરવા અને સરકારી અધિકારીઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે સંવાદ માટે છે. નેતાઓએ તેમની ચિંતાઓ રજૂ કરવા માટે કર્ણાટકના મુખ્યમંત્રી સાથે બેઠક કરવાનો પણ નિર્ણય લીધો. તેમણે તેમના સંબંધિત સમુદાયોના વિધાનસભાના સભ્યો અને સંસદના સભ્યોનો સંપર્ક કરવાનો અને કાયદાકીય અને અન્ય બંધારણીય મંચ દ્વારા સંબંધિત મુદ્દાઓ ઉઠાવવામાં તેમના હસ્તક્ષેપનો નિર્ણય લેવાનો નિર્ણય કર્યો છે.

પ્રસ્તાવિત પહેલોની દેખરેખ માટે ચાર સંયોજકોની નિમણૂક કરવામાં આવી હતી. તનવીર અહેમદ અને સુહેલ અહેમદ કર્ણાટક ક્ષેત્ર મુસ્લિમ ઓક્કુટાનું પ્રતિનિધિત્વ કરશે, જ્યારે ફાધર વિનય કુમાર અને સહાયક બિશપ સુનીલ વી. જેકબ ખ્રિસ્તી સમુદાયનું પ્રતિનિધિત્વ કરશે. કર્ણાટકમાં ધાર્મિક પરિવર્તન કાયદા, સાંપ્રદાયિક સંબંધો અને લઘુમતી અધિકારોના રક્ષણ સામે આ પહેલ કરવામાં આવી છે. તેમાં ભાગ લેનારા નેતાઓએ કથિત ઉત્પીડન અને કાયદાના દુરૂપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી છે.

મુસ્લિમ-ખ્રિસ્તી સહયોગને મજબૂત બનાવવા અને લોકશાહી અને બંધારણીય માધ્યમો દ્વારા તેમની ચિંતાઓને આગળ વધારવાની પ્રતિબદ્ધતા સાથે બેઠકનું સમાપન થયું હતું. સહભાગીઓએ જણાવ્યું હતું કે, તેમના પ્રસ્તાવિત સંયુક્ત પ્રયાસો શાંતિ, ન્યાય, સાંપ્રદાયિક સંવાદિતા અને ભારતના બંધારણ દ્વારા બાંયધરીકૃત અધિકારોના રક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# દિલ્હી પોલીસ દ્વારા બંધારણનું 'ઉલ્લંઘન' : પૂર્વ અધિકારીઓએ તેમના સાથીદાર આશિષ જોશીને સમર્થન આપ્યું

(એજન્સી) તા.૧૪

અખિલ ભારતીય અને કેન્દ્રીય સેવાઓના નિવૃત્ત અધિકારીઓના સંગઠન, બંધારણીય આચાર જૂથ (CCG)એ નિવૃત્ત વરિષ્ઠ સિવિલ સેવક આશિષ જોશી સાથે એકતા વ્યક્ત કરતા અને દિલ્હી પોલીસ પર કથિત સોશિયલ મીડિયા પોસ્ટના સંદર્ભમાં તેમની અટકાયત અને પૂછપરછ દરમિયાન બંધારણીય સુરક્ષાનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો છે અને કડક શબ્દોમાં એક નિવેદન બહાર પાડ્યું છે.



૧૦૮ નિવૃત્ત સિવિલ સેવકો, રાજદ્વારીઓ, પોલીસ અધિકારીઓ અને વરિષ્ઠ સરકારી અધિકારીઓએ આ નિવેદનમાં ૨ સપ્ટેમ્બરના રોજ જોશીની અટકાયતને 'અસંવૈધાનિક સત્તાનું પ્રદર્શન' ગણાવવામાં આવ્યું છે અને કહ્યું છે કે, તે યોગ્ય પ્રક્રિયા, પારદર્શિતા અને મૂળભૂત અધિકારોના રક્ષણ અંગે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. ટેલિકોમ્યુનિકેશન વિભાગમાં કોમ્યુનિકેશન એકાઉન્ટ્સના પૂર્વ પ્રિન્સિપલ કંટ્રોલર અને જૂથના સભ્ય જોશી, ૨ સપ્ટેમ્બરના રોજ મોર્નિંગ વોક પર હતા ત્યારે દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલના હોવાનો દાવો કરતા બે વ્યક્તિઓએ તેમને રોક્યા હતા. આ જૂથનો આરોપ છે કે, જોશીને અધિકારીઓ સાથે નવી દિલ્હીના ન્યૂ ફ્રેન્ડ્સ કોલોની ખાતેના સ્પેશિયલ સેલ પોલીસ સ્ટેશન જવાની ફરજ પાડવામાં આવી હતી, જ્યાં તેમને જાણ કરવામાં આવી હતી કે તેમના X (ટ્વિટર) એકાઉન્ટ પર એક કથિત પોસ્ટ સંબંધિત પ્રથમ માહિતી અહેવાલ (FIR)માં તેમનું નામ આરોપી તરીકે રાખવામાં આવ્યું છે. જોશી કસ્ટડીમાં રહ્યા અને તે દિવસે સવારે લગભગ ૯ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી તેમની પૂછપરછ કરવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન તેમને કથિત રીતે FIRની નકલ આપવામાં આવી ન હતી કે તેમના પરિવારને તેમના સ્થાન વિશે જાણ કરવામાં આવી ન હતી. નિવૃત્ત અધિકારીઓના જૂથે જણાવ્યું હતું કે, માહિતીના અભાવે તેમના પરિવારને 'ચિંતા અને ભારે માનસિક વેદના' થઈ હતી. જોશીને સાંજે ૭:૩૦ વાગ્યાની આસપાસ ઘરે પાછા ફરવાની મંજૂરી આપવામાં આવી હતી.

નિવેદનમાં દાવો કરવામાં આવ્યો છે કે, જોશી દ્વારા FIRની નકલ માટે વારંવાર મૌખિક અને લેખિત વિનંતીઓને અવગણવામાં આવી હતી. CCGના જણાવ્યા અનુસાર ૩ સપ્ટેમ્બરના રોજ દિલ્હી પોલીસ કમિશનર અને ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ, સ્પેશિયલ સેલને તેમણે રજૂ કરેલી રજૂઆતોનો કોઈ જવાબ મળ્યો ન હતો. પરિણામે તેમણે ૬ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હી જિલ્લાના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટનો સંપર્ક કરીને પોલીસને FIRની નકલ આપવાનો નિર્દેશ માંગ્યો હતો. જૂથનું કહેવું છે કે, ન્યાયિક હસ્તક્ષેપ પછી જ જોશીને ૭ સપ્ટેમ્બરના રોજ સાંજે ૬ વાગ્યે દિલ્હી પોલીસ હેડક્વાર્ટર ખાતેના સ્પેશિયલ સેલ તરફથી FIRની નકલ મળી હતી.

બંધારણીય આચાર જૂથે પોતાના નિવેદનમાં દલીલ કરી હતી કે કેસનું સંચાલન મૂળભૂત બંધારણીય મુદ્દાઓ ઊભા કરે છે. જૂથે બંધારણની કલમ ૨૧નો ઉલ્લેખ કર્યો છે, જે જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારની ખાતરી આપે છે અને જણાવ્યું હતું કે, જોગવાઈમાં આરોપી વ્યક્તિને અટકાયતના કારણો વિશે જાણ કરવાનો અને પ્રારંભિક તબક્કે FIRની નકલ મેળવવાનો અધિકાર છે.

CCGએ સુપ્રીમ કોર્ટ અને દિલ્હી હાઈકોર્ટના ચુકાદાઓનો ઉલ્લેખ કર્યો, જેમાં યુથ બાર એસોસિએશન ઓફ ઈન્ડિયા વિરૂદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા (૨૦૧૬) અને કોર્ટ ઓન ઈટ્સ ઓન મોશન થ્રુ શ્રી અજય ચૌધરી વિરૂદ્ધ સ્ટેટ (૨૦૧૦)નો સમાવેશ થાય છે, જેમાં એવું કહેવામાં આવ્યું છે કે, આરોપી વ્યક્તિ અથવા એવી વ્યક્તિ જે માને છે કે, તેમનું નામ FIRમાં છે, તે વિનંતીના ૨૪ કલાકની અંદર FIRની નકલ મેળવવાનો હકદાર છે. જૂથનો દાવો છે કે, દસ્તાવેજ રોકવો કાનૂની સિદ્ધાંતો અને ન્યાયિક દિશાનિર્દેશોની વિરૂદ્ધ છે. નિવેદનમાં નોંધવામાં આવ્યું છે કે, સ્પેશિયલ સેલ સામાન્ય રીતે સંગઠિત ગુના, આતંકવાદ અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત બાબતોની તપાસ સાથે સંકળાયેલું હોય છે. કથિત સોશિયલ મીડિયા પોસ્ટ પર નિવૃત્ત સિવિલ સેવકની પૂછપરછ કરવા માટે આવા યુનિટનો ઉપયોગ અપ્રમાણસર છે અને CCGએ ચેતવણી આપી હતી કે આવી કાર્યવાહી વાણી સ્વાતંત્ર્ય અને લોકશાહી પર અસર કરી શકે છે. આ નિવેદનમાં જોશીના પરિવારને જાણ કરવામાં નિષ્ફળતાની ટીકા પણ કરવામાં આવી હતી અને તેને ન્યાયીતા, પારદર્શિતા અને માનવીય ગૌરવના મૂળભૂત ધોરણોનું ઉલ્લંઘન ગણાવ્યું હતું.

બંધારણીય આચાર જૂથે જણાવ્યું હતું કે, પૂર્વ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિકારીઓ સહિત તેના ઘણા સભ્યો બંધારણીય રક્ષણનું ઘોર ઉલ્લંઘન અને ન્યાયિક ચુકાદાઓની અવગણનાથી 'આઘાત' અનુભવે છે. સંગઠને જણાવ્યું હતું કે, કોઈપણ નાગરિક ખાસ કરીને ત્રણ દાયકાથી વધુ સેવા આપનાર પૂર્વ જાહેર સેવકને યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના મનસ્વી રીતે અટકાયત અથવા પૂછપરછ થવી જોઈએ નહીં. CCGએ દિલ્હી પોલીસને ખાતરી કરવા હાકલ કરી હતી કે અટકાયતમાં લેવાયેલા અથવા પૂછપરછ કરાયેલા વ્યક્તિઓના પરિવારોને તેમના ઠેકાણા વિશે તાત્કાલિક જાણ કરવામાં આવે અને બંધારણ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS), ૨૦૨૩ અને બંધનકર્તા ન્યાયિક નિર્દેશો અનુસાર તપાસ કડક રીતે હાથ ધરવામાં આવે. સંગઠને જોશીના બંધારણીય અધિકારો તરીકે વર્ણવવામાં આવેલા પ્રયાસોને સંપૂર્ણ સમર્થન આપવાનું પણ વચન આપ્યું હતું. આ કરાર કેન્દ્રીય ગૃહમંત્રી, કેન્દ્રીય ગૃહ સચિવ, રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર અને દિલ્હીના પોલીસ કમિશનરને મોકલવામાં આવ્યા છે. ૧૦૮ હસ્તાક્ષરકર્તાઓમાં પૂર્વ ચૂંટણી કમિશનર અશોક લવાસા, પૂર્વ વિદેશ સચિવ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શિવશંકર મેનન, પૂર્વ કેન્દ્રીય ગૃહ સચિવ જી.કે. પિલ્લઈ, દિલ્હીના પૂર્વ લેફ્ટનન્ટ ગવર્નર નજીબ જંગ, પૂર્વ વિદેશ સચિવ સુજાતા સિંહ, પંજાબના પૂર્વ પોલીસ મહાનિર્દેશક જુલિયો રિબેરો, બ્યુરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટના પૂર્વ મહાનિર્દેશક મીરાં બોરવણકર, પૂર્વ આઈએએસ અધિકારી હર્ષ મંડેર, સામાજિક કાર્યકર અને પૂર્વ આઈએએસ અધિકારી અરૂણા રોય, પૂર્વ આરબીઆઈ ડેપ્યુટી ગવર્નર રવિ વીરા ગુપ્તા અને પૂર્વ કૃષિ સચિવ સિરાજ હુસૈન સહિત અનેક પ્રતિષ્ઠિત પૂર્વ જાહેર અધિકારીઓનો સમાવેશ થાય છે.

બંધારણીય આચાર જૂથ પોતાને ભારતના બંધારણને જાળવી રાખવા અને નાગરિકો અને સંસ્થાઓ દ્વારા બંધારણીય આચારને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ નિવૃત્ત સિવિલ સેવકોના એક બિન-પક્ષપાતી સમૂહ ગણાવે છે. તેઓએ નાગરિક સ્વતંત્રતા, યોગ્ય પ્રક્રિયા રક્ષણ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર અભિવ્યક્તિને લગતા કેસોમાં કાયદા અમલીકરણ એજન્સીઓના વર્તન અંગે ચિંતા વ્યક્ત કરી છે.

# બંગાળ પેટાચૂંટણી : TMCએ ૨ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કર્યા, મમતા બેનરજી ચૂંટણી લડશે નહીં

**TMCએ નંદીગ્રામ માટે સંચિતા પ્રધાન (ડે) અને રેજીનગર માટે રબિઉલ આલમ ચૌધરીના નામ જાહેર કર્યા છે અને મમતા બેનરજીના નંદીગ્રામથી ચૂંટણી લડવાની શક્યતા નકારી કાઢવામાં આવી છે**

(એજન્સી) તા.૧૪

પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના સુપ્રીમો મમતા બેનરજી નંદીગ્રામની પેટાચૂંટણી લડશે નહીં. રવિવારે એક સત્તાવાર નિવેદનમાં તૃણમૂલ કોંગ્રેસે આગામી નંદીગ્રામ અને રેજીનગર વિધાનસભા પેટાચૂંટણી માટે પોતાના ઉમેદવારોના નામ જાહેર કર્યા, જેમાં નંદીગ્રામ માટે સંચિતા પ્રધાન (ડે) અને રેજીનગર માટે રબિઉલ આલમ ચૌધરીની પસંદગી કરવામાં આવી છે. આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે તેના એક દિવસ પહેલા જ સ્ક્રુના બળવાખોર જૂથે કહ્યું હતું કે, જો મમતા બેનરજી નંદીગ્રામ બેઠક પરથી ચૂંટણી લડવાનો નિર્ણય લેશે તો તેઓ ત્યાંથી કોઈ ઉમેદવાર ઉતારશે નહીં. બળવાખોરોએ પૂર્વ મુખ્યમંત્રીને નંદીગ્રામથી ચૂંટણી લડવા અને વિધાનસભામાં પાછા ફરવા માટે જાહેરમાં આગ્રહ કર્યો હતો. છેલ્લા ૧૫ વર્ષમાં આ પ્રથમ વખત છે જ્યારે મમતા બેનરજી પશ્ચિમ બંગાળ વિધાનસભાની બહાર રહી શકે છે. મુખ્યમંત્રી બન્યા બાદ તેઓ ૨૦૧૧માં ભવાનીપુર પેટાચૂંટણી દ્વારા વિધાનસભામાં આવ્યા હતા અને ત્યારબાદ ૨૦૧૬ તેમજ ૨૦૨૧ની પેટાચૂંટણીમાં પણ તે બેઠક જીત્યા હતા. બેનરજી ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં ભવાનીપુર બેઠક પરથી ભાજપના સુવેન્દુ અધિકારી સામે ૧૫,૧૦૫ મતોથી હારી ગયા હતા. અધિકારીએ તેમને ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં નંદીગ્રામમાં પણ હરાવ્યા હતા.



અધિકારીએ ૨૦૨૬માં નંદીગ્રામ અને ભવાનીપુર બંને બેઠકો જીતી હતી, તેમણે ભવાનીપુર બેઠક જાળવી રાખવાનું પસંદ કર્યું અને નંદીગ્રામ બેઠક પરથી રાજીનામું આપ્યું, જેના કારણે નંદીગ્રામ બેઠક ખાલી પડી હતી. ચૂંટણી પંચે પેટાચૂંટણી માટે ૬ ઓક્ટોબરની તારીખ નક્કી કરી છે અને મતગણતરી ૯ ઓક્ટોબરે થશે. TMCની આ જાહેરાત પાર્ટીની અંદર ચાલી રહેલા વિવાદ વચ્ચે આવી છે. મમતા બેનરજીના નેતૃત્વવાળા જૂથ અને રિતબ્રત બેનરજીના નેતૃત્વ હેઠળના બળવાખોર જૂથે ચૂંટણી પંચનો સંપર્ક કર્યો છે; બંને જૂથો પક્ષ પર પોતાનો અધિકાર હોવાનો દાવો કરી રહ્યા છે અને પક્ષના નામ તથા 'બે ફૂલ' (ટ્વિન-ફ્લાવર)વાળા ચૂંટણી ચિહ્નન માટે માન્યતા માંગી રહ્યા છે. ચૂંટણી પંચે ૧૨ સપ્ટેમ્બરે બંને જૂથોની રજૂઆતો સાંભળી હતી અને બળવાખોર જૂથ પાસેથી વધારાના દસ્તાવેજો માંગ્યા હતા. ૧૬ સપ્ટેમ્બરે ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ મુદત નજીક હોવા છતાં આ વિવાદ હજુ ઉકેલાયો નથી.

# ૧૭૪ એકર સરકારી જમીન હસ્તાંતરણના ૬૦ વર્ષ બાદ મહારાષ્ટ્ર સરકારે સોદાની તપાસ માટે SITની રચના કરી

**મહારાષ્ટ્ર સરકારે કલ્યાણ ખાતે આવેલી ૧૭૪ એકર સરકારી ગોચર (પશુ ચરાણ) જમીન 'પ્રીમિયર ઓટોમોબાઈલ્સ'ને હસ્તાંતરિત કરવાના મામલા અને ત્યારબાદ ડેવલપર્સ તથા જાહેર સંસ્થાઓ સાથે થયેલા સોદાઓની તપાસ કરવા માટે એક વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરી છે, આ તપાસમાં છ દાયકાના જમીન રેકોર્ડ્સ, માલિકી હક્કમાં થયેલા ફેરફારો અને વેચાણના વ્યવહારોની ચકાસણી કરવામાં આવશે અને ૩૦ દિવસમાં અહેવાલ રજૂ કરવામાં આવશે**

(એજન્સી) તા.૧૪

મહારાષ્ટ્રના મહેસૂલ વિભાગે ૧૯૬૦ના દાયકામાં થાણેના કલ્યાણ વિસ્તારમાં આવેલી ૧૭૪ એકર સરકારી ગોચર જમીન 'પ્રીમિયર ઓટોમોબાઈલ્સ લિમિટેડ'ને હસ્તાંતરિત કરવાના અને ત્યારબાદ વિવિધ ડેવલપર્સ તથા અન્ય સંસ્થાઓ સાથે થયેલા વ્યવહારોની તપાસ કરવા માટે SITની રચના કરી છે.

કોંકણ વિભાગીય કમિશનરના નેતૃત્વ હેઠળની આ SIT તપાસ કરશે કે મૂળભૂત રીતે આ જમીન પ્રીમિયરને કેવી રીતે હસ્તાંતરિત કરવામાં આવી હતી અને ત્યારબાદ તેના અમુક હિસ્સાઓ રૂનવાલ, લોઢા ડેવલપર્સ, સુંદરનિવાસ પ્રોપર્ટીઝ, અનંત ડેવલપર્સ, આઉટ એન આઉટ ઈન્ફોટેક અને જ્યુપિટર લાઈફ લાઈન જેવી સંસ્થાઓને કેવી રીતે ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ જમીન ભારતીય રેલવે અને મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી બોર્ડ જેવી જાહેર સંસ્થાઓ અને સંસ્થાનોને પણ હસ્તાંતરિત કરવામાં આવી હતી. આ આદેશ ૧૯ ઓગસ્ટના રોજ મહારાષ્ટ્રના મહેસૂલ મંત્રી ચંદ્રશેખર બાવનકુલેની અધ્યક્ષતામાં મળેલી બેઠક બાદ આપવામાં આવ્યો હતો, જેમાં સમિતિએ કલ્યાણ તાલુકાના વિવિધ ગામોમાં સરકારી ગોચર જમીન અંગેની ફરિયાદોની સમીક્ષા કરી હતી.

નવ સભ્યોની આ SITમાં થાણે જિલ્લા કલેક્ટર, કલ્યાણ-ડોમ્બિવલી મ્યુનિસિપલ કમિશનર, થાણે જિલ્લા પરિષદના CEO અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ



ઓથોરિટી (MMRDA)ના પ્રતિનિધિ સહિતના અધિકારીઓનો સમાવેશ થાય છે.

આ ટીમને પાંચ મુખ્ય પાસાઓની તપાસ કરવા માટે ૩૦ દિવસનો સમય આપવામાં આવ્યો છે : જમીનની મૂળ સ્થિતિ અને હસ્તાંતરણ; જમીનના ટુકડાઓનું 'ક્લાસ-૨' (Class II)માંથી 'ક્લાસ-૧' (Class I)માં રૂપાંતર; ૭/૧૨ના ઉતારા અને મ્યુટેશન એન્ટ્રીઓની કાયદેસરતા; ત્રીજા પક્ષકારોને કરવામાં આવેલા વેચાણના વ્યવહારો; અને જવાબદાર જણાતી વ્યક્તિઓ સામે કાર્યવાહી કરવાની ભલામણ કરવી કે કેમ.

૧૯૬૦ના દાયકાની શરૂઆતમાં જ્યારે પ્રીમિયર ઓટોમોબાઈલ્સ કંપની - જેનો કુર્લામાં પહેલેથી જ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ હતો - તેના કામકાજનો વિસ્તાર કરવા માંગતી હતી, ત્યારે તેને આ જમીન ફાળવવામાં આવી હતી. તેની કલ્યાણ સ્થિત સુવિધાનો ઉપયોગ શીટ-મેટલ સ્ટેમ્પિંગ અને કુર્લા પ્લાન્ટ માટે ફીડર યુનિટ તરીકે કરવામાં આવતો હતો.

ત્યારબાદ પ્રીમિયર ઓટોમોબાઈલ્સને નાણાકીય અને કામદારોને લગતી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ૧૯૯૭માં પ્રખ્યાત 'પ્રીમિયર પદ્મિની'નું ઉત્પાદન બંધ થયા બાદ કંપનીએ 'રિયો' (Rio) મોડેલ રજૂ કર્યું હતું, પરંતુ તે કંપનીની આર્થિક સ્થિતિ સુધારવામાં નિષ્ફળ રહ્યું. આખરે ૨૦૧૮માં પ્રીમિયરે નાદારી નોંધાવી અને ત્યારબાદ પોતાની જમીનનું વેચાણ કે મુદ્રીકરણ કરવાની પ્રક્રિયા શરૂ કરી.

સમય જતાં, ૧૭૪ એકર જમીનના વિવિધ હિસ્સાઓ અલગ-અલગ ડેવલપર્સ અને અન્ય સંસ્થાઓ દ્વારા હસ્તગત કરવામાં આવ્યા. રૂનવાલના 'હોરાઈઝન પ્રોજેક્ટ્સ' પાસે ૫૮ એકર, લોઢા પાસે ૫૨ એકર અને સુંદરનિવાસ ડેવલપર્સ પાસે ૪૧ એકર જમીન છે. ભારતીય રેલવે અને મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી બોર્ડ પાસે છ-છ એકર જમીન છે. બાકીના હિસ્સાઓ પર જિલ્લા પરિષદની શાળા, જાહેર સ્મશાનગૃહ, રાજ્યનો જળ પુરવઠા વિભાગ, સખારામ શેઠ વિદ્યાલય, જ્યુપિટર હોસ્પિટલ અને 'આઉટ એન આઉટ ઈન્ફોટેક' જેવી સંસ્થાઓ અને સુવિધાઓ આવેલી છે.

સરકારી જમીનના મૂળ હસ્તાંતરણના છ દાયકાથી પણ વધુ સમય બાદ SIT (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ) દ્વારા આ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આદેશમાં જણાવાયું છે કે ટીમ દસ્તાવેજો અને જમીનના અધિકારોના રેકોર્ડની ઊંડાણપૂર્વક તપાસ કરશે અને ૩૦ દિવસની અંદર પોતાના તારણો તથા ભલામણો સાથેનો વિગતવાર અહેવાલ રજૂ કરશે.

# બ્રિક્સના ઘોષણાપત્રના નિશાન પર ટ્રમ્પનું અમેરિકા ? ટેરિફ પ્રતિબંધ, ઈઝરાયેલ-પેલેસ્ટીન પર શું સંદેશ આપ્યો ?

**બ્રિક્સ ઘોષણાપત્રમાં ડોનાલ્ડ ટ્રમ્પ અથવા યુનાઈટેડ સ્ટેટ્સનું નામ નથી પરંતુ તેમાં આર્થિક પ્રતિબંધો, એકપક્ષીય ટેરિફ, IAEA-નિરીક્ષણ હેઠળના પરમાણુ સ્થળો પર હુમલા અને પેલેસ્ટીનને સમર્થનનો ઉલ્લેખ છે, પહેલગામ હુમલા, આતંકવાદ અને વંશીય અને ધાર્મિક ભેદભાવની નિંદા કરવામાં આવી છે**

(એજન્સી) તા.૧૪

નવી દિલ્હીમાં બ્રિક્સ ઘોષણાપત્રમાં ડોનાલ્ડ ટ્રમ્પ અથવા યુનાઈટેડ સ્ટેટ્સનું નામ નથી, છતાં તે અમેરિકાને ડંખશે તેવી શક્યતા છે! આર્થિક પ્રતિબંધો, એકપક્ષીય ટેરિફ, IAEA-નિરીક્ષણ હેઠળના પરમાણુ સ્થળો પર હુમલા અને પેલેસ્ટીનને સમર્થનની નિંદા કરતું નિવેદન ચોક્કસપણે અમેરિકાના પક્ષમાં માનવામાં આવશે નહીં. એકપક્ષીય ટેરિફ, આર્થિક પ્રતિબંધો અને ગૌણ પ્રતિબંધો, યુદ્ધ દરમિયાન પરમાણુ સ્થળોની સુરક્ષા, ગાઝા અને લેબેનોનમાં ઈઝરાયેલી લશ્કરી કાર્યવાહી, પેલેસ્ટીનીઓનો સ્વ-નિર્ણય અને પરત ફરવાનો અધિકાર અને વંશીય અને ધાર્મિક ભેદભાવ જેવા મુદ્દાઓ પર બ્રિક્સ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી ભાષા, વૈશ્વિક શક્તિ સંતુલન વિશે જૂથના વિચારને દર્શાવે છે. જોકે ઘોષણામાં કોઈ દેશનું નામ લેવામાં આવ્યું નથી અને આરોપ મૂકવામાં આવ્યો નથી, તેના ઘણા ભાગો યુએસ ટેરિફ નીતિ, ઈરાન અને રશિયા પર લાદવામાં આવેલા પ્રતિબંધો અને પશ્ચિમ એશિયામાં યુએસના નજીકના સાથી ઈઝરાયેલ દ્વારા લશ્કરી કાર્યવાહીના સંદર્ભમાં વાંચી શકાય છે. બ્રિક્સ ઘોષણા એકપક્ષીય ટેરિફ અને નોન-ટેરિફ પગલાં અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરે છે. ઘોષણા અનુસાર, આવા પગલાં આંતરરાષ્ટ્રીય વેપારને વિકૃત કરે છે અને જો તે વિશ્વ વેપાર સંગઠનના નિયમો અનુસાર ન હોય, તો વૈશ્વિક વેપાર વ્યવસ્થા માટે સમસ્યા ઊભી કરે છે. આ વિભાગ મહત્વપૂર્ણ છે કારણ કે યુએસની વર્તમાન વેપાર નીતિમાં ટેરિફનો ઉપયોગ મુખ્ય આર્થિક અને રાજદ્વારી હથિયાર તરીકે કરવામાં આવ્યો છે. જોકે બ્રિક્સે યુએસનું નામ લીધું નથી, ઘોષણાનો સંદેશ એ છે કે વૈશ્વિક વેપારમાં કોઈપણ એક દેશ દ્વારા એકપક્ષીય ટેરિફ અથવા આર્થિક દબાણનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય વેપાર વ્યવસ્થાને નુકસાન પહોંચાડી શકે છે. ઘોષણાપત્રમાં નિયમો-આધારિત અને બહુપક્ષીય પ્રણાલી હેઠળ વેપાર હાથ ધરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. ઘોષણાપત્રમાં જણાવાયું છે કે આંતરરાષ્ટ્રીય કાયદાના ઉલ્લંઘનમાં લાદવામાં આવેલા એકપક્ષીય બળજબરીભર્યા પગલાં સામાન્ય લોકોના માનવ અધિકારો પર વ્યાપક નકારાત્મક અસર કરી શકે છે, જેમાં વિકાસ, આરોગ્ય અને ખાદ્ય સુરક્ષાના અધિકારોનો સમાવેશ થાય છે. BRICSએ જણાવ્યું હતું કે આવા પ્રતિબંધો ગરીબો અને સંવેદનશીલ લોકોને અપ્રમાણસર અસર કરી શકે છે. તે ડિજિટલ અસમાનતા અને પર્યાવરણીય સમસ્યાઓને પણ વધારી શકે છે. BRICS દેશોએ આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી (IAEA)ની નજીકની દેખરેખ હેઠળ નાગરિક માળખાગત સુવિધાઓ અને શાંતિપૂર્ણ પરમાણુ સુવિધાઓને લક્ષ્ય બનાવતા હુમલાઓ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. ઘોષણાપત્રમાં જણાવાયું છે કે આવા હુમલાઓ, જે આંતરરાષ્ટ્રીય કાયદા અને IAEA ઠરાવોનું ઉલ્લંઘન કરે છે, તે ગંભીર ચિંતાનો વિષય છે. યુદ્ધ દરમિયાન પણ પરમાણુ સલામતી, સુરક્ષા અને દેખરેખ પ્રણાલીઓ ચાલુ રાખવી જોઈએ જેથી લોકો અને પર્યાવરણને નુકસાન ન થાય. ઘોષણામાં ઈરાનનું નામ નથી. જોકે, આ ભાષા મહત્વ ધરાવે છે કારણ કે તાજેતરના પશ્ચિમ એશિયાઈ સંઘર્ષ દરમિયાન, IAEA દ્વારા દેખરેખ હેઠળની સુવિધાઓ સહિત ઈરાની પરમાણુ સુવિધાઓ પરના હુમલાઓએ આંતરરાષ્ટ્રીય વિવાદ ઊભો કર્યો હતો. તેથી, પશ્ચિમ એશિયામાં તાજેતરના લશ્કરી વિકાસના સંદર્ભમાં આ BRICS નિવેદન મહત્વપૂર્ણ છે. રસપ્રદ વાત એ છે કે, ઘોષણામાં યુએસ-ઈરાન યુદ્ધનો સીધો ઉલ્લેખ નથી. તેના બદલે, BRICSએ વ્યાપક સિદ્ધાંતોની ભાષાનો ઉપયોગ કર્યો છે - આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન, પરમાણુ સુવિધાઓનું રક્ષણ, એકપક્ષીય લશ્કરી કાર્યવાહીનો વિરોધ અને વિવાદોનું શાંતિપૂર્ણ નિરાકરણ. BRICSમાં વ્યક્તિગત દેશોના વિવિધ દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખીને આ વ્યૂહરચના પણ મહત્વપૂર્ણ છે. જૂથમાં રશિયા, ચીન, ભારત, બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા અને અન્ય સભ્યોનો સમાવેશ થાય છે અને યુનાઈટેડ સ્ટેટ્સ અને પશ્ચિમી દેશો સાથેના તેમના સંબંધો અલગ અલગ હોય છે. તેથી, કોઈપણ એક દેશને સીધો લક્ષ્ય બનાવવાને બદલે, ઘોષણા એવા સિદ્ધાંતો પર ભાર મૂકે છે જેને વ્યાપક સમર્થન મળી શકે. આ ઘોષણાપત્રમાં પેલેસ્ટીની મુદ્દાને સંબંધિત વિગતવાર સંબોધવામાં આવ્યો છે. ચાર ફકરા પેલેસ્ટીની મુદ્દાને સમર્પિત છે. બ્રિક્સ ઈઝરાયેલ-પેલેસ્ટીન સંઘર્ષના ન્યાયી



અને સ્થાયી ઉકેલ માટે શાંતિપૂર્ણ માર્ગની જરૂરિયાત પર ભાર મૂકે છે અને પેલેસ્ટાઈનના સ્વ-નિર્ણયના અધિકાર અને તેમના વતન પાછા ફરવાના અધિકારને સમર્થન આપે છે. બ્રિક્સે જણાવ્યું હતું કે ધ્યેય બે-રાજ્ય ઉકેલ હોવો જોઈએ જેમાં બંને દેશો શાંતિ અને સલામતીમાં સાથે રહી શકે. આ ભાષા સ્પષ્ટ કરે છે કે બ્રિક્સ પેલેસ્ટીની પ્રશ્નને માત્ર માનવતાવાદી કટોકટી તરીકે જ નહીં, પરંતુ રાજકીય અને અધિકારોના મુદ્દા તરીકે પણ જુએ છે. આ ઘોષણાપત્ર ગાઝા અને લેબનોનમાં ઈઝરાયેલની લશ્કરી કાર્યવાહી અંગે પણ તીવ્ર ચિંતા અને ટીકા વ્યક્ત કરે છે. યુનાઈટેડ સ્ટેટ્સ લાંબા સમયથી ઈઝરાયેલનું મુખ્ય વ્યૂહાત્મક અને લશ્કરી સાથી રહ્યું છે. આ સંદર્ભમાં, પશ્ચિમ એશિયામાં વર્તમાન સત્તા રાજકારણના સંદર્ભમાં ઈઝરાયેલી લશ્કરી કાર્યવાહી અને પેલેસ્ટીની રાજકીય અધિકારો માટે બ્રિક્સની ટીકા મહત્વપૂર્ણ છે. બ્રિક્સ ઘોષણાપત્ર પેલેસ્ટિનિયનોના સ્વ-નિર્ણય અને પરત ફરવાના અધિકારને સ્પષ્ટપણે સમર્થન આપે છે. આ પરિભાષા મહત્વપૂર્ણ છે કારણ કે "વાપસીનો અધિકાર" લાંબા સમયથી પેલેસ્ટીની મુદ્દામાં સૌથી વિવાદાસ્પદ મુદ્દાઓમાંનો એક રહ્યો છે. બ્રિક્સે એમ પણ જણાવ્યું હતું કે પેલેસ્ટીનને સંબંધિત આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને બહુપક્ષીય નાણાકીય સંસ્થાઓમાં પર્યાપ્ત પ્રતિનિધિત્વ અને તેમના સંસાધનોની ઍક્સેસ હોવી જોઈએ. આ બ્રિક્સનો સંદેશ આપે છે કે પેલેસ્ટીનનું ભવિષ્ય ફક્ત લશ્કરી શક્તિ અથવા કોઈપણ એક પક્ષની શરતો દ્વારા નક્કી ન થવું જોઈએ. આ ઘોષણાપત્ર પશ્ચિમ એશિયાના મુદ્દાઓ સુધી મર્યાદિત નથી. તે ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાની પણ સખત નિંદા કરે છે. ઘોષણાપત્રમાં જણાવાયું છે કે આ હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. બ્રિક્સે જણાવ્યું હતું કે આતંકવાદ સામે વૈશ્વિક પ્રયાસો આંતરરાષ્ટ્રીય કાયદા, માનવ અધિકાર કાયદા, શરણાર્થી કાયદા અને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદા અનુસાર હોવા જોઈએ. ઘોષણાપત્રમાં જાતિવાદ, વંશીય ભેદભાવ, ઝેનોફોબિયા અને ધાર્મિક ભેદભાવ સામે પણ વાત કરવામાં આવી છે. બ્રિક્સ દેશોએ વિશ્વમાં નફરતભર્યા ભાષણ, ખોટી માહિતી અને ખોટી માહિતીના વધતા વલણ પર ચિંતા વ્યક્ત કરી છે. વર્તમાન વૈશ્વિક રાજકારણના સંદર્ભમાં પણ આ વિભાગ મહત્વપૂર્ણ છે. વિશ્વભરના ઘણા દેશોમાં ઈમિગ્રન્ટ્સ, ધાર્મિક સમુદાયો અને વંશીય લઘુમતીઓ સામે રાજકીય રેટરિક વકતૃત્વ વધ્યું છે. બ્રિક્સે જાતિ, ધર્મ, શ્રદ્ધા અથવા માન્યતાના આધારે ભેદભાવ અને સતાવણીનો સામનો કરવાની જરૂરિયાત જણાવી છે. હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું નવી દિલ્હી ઘોષણાપત્રને ટ્રમ્પના અમેરિકા વિરુદ્ધ બ્રિક્સ તરફથી એક સામાન્ય રાજકીય સંદેશ માનવો જોઈએ ? આવું સીધું કહેવું મુશ્કેલ છે. ઘોષણાપત્રમાં ડોનાલ્ડ ટ્રમ્પ કે યુનાઈટેડ સ્ટેટ્સનું નામ લેવામાં આવ્યું નથી. તે વેપાર, પ્રતિબંધો અથવા યુદ્ધના મુદ્દાઓ પર કોઈ પણ દેશને સીધો દોષી ઠેરવતું નથી. જો કે, ઘોષણાપત્રમાં ટીકા કરાયેલી ઘણી નીતિઓ - એકપક્ષીય ટેરિફ, એકપક્ષીય આર્થિક પ્રતિબંધો, ગૌણ પ્રતિબંધો, લશ્કરી કાર્યવાહી, પરમાણુ સ્થાપનો પર હુમલા અને પશ્ચિમ એશિયામાં ઈઝરાયેલી કાર્યવાહી - સીધી રીતે વર્તમાન યુએસ વિદેશ અને વેપાર નીતિ સાથે જોડાયેલી છે. ઘોષણાપત્રમાં વારંવાર બહુપક્ષીયતા, આંતરરાષ્ટ્રીય કાયદો, રાજદ્વારી અને સંયુક્ત રાષ્ટ્ર પ્રણાલી પર ભાર મૂકવામાં આવ્યો છે.

# સુરત શહેરમાં મેઘમહેર, સહારા દરવાજાથી ઉધના-નવસારી રોડ સુધી પાણી ભરાયા

## ઉકાઈ ડેમ ૩૪૦ ફૂટના રૂલ લેવલ સામે સપાટી ૩૩૬.૫૫ ફૂટ પર પહોંચી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૪

સુરત શહેરમાં સવારથી અવિરત વરસાદ વરસતાં જનજીવન પર તેની સીધી અસર જોવા મળી હતી. નોકરી-ધંધા માટે વહેલી સવારથી ઘરેથી નીકળેલા વાહનચાલકો અને રાહદારીઓને વરસાદી પાણી અને ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. પીક અવર્સ દરમિયાન શહેરના કેટલાક મુખ્ય માર્ગો પર વાહનોની લાંબી કતારો લાગી હતી. સહારા દરવાજાથી ઉધના-નવસારી રોડ સુધી પાણી ભરાયા હતા. વાતાવરણમાં ઠંડક પ્રસરતાં ગરમીથી રાહત મળી હતી.રાજ્યમાં એકસાથે ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય થતાં સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદી માહોલ જામ્યો છે.

હવામાન વિભાગ પાસેથી મળતી માહિતી મુજબ સવારે ૮થી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં સેન્ટ્રલ ઝોનમાં ૧૫ મીમી, રાંદેરમાં ૩ મીમી, કતારગામમાં ૮ મીમી, વરાછા ઝોન-એમાં ૧૭ મીમી, વરાછા ઝોન-બીમાં ૧૩ મીમી, લિંબાયતમાં ૧૨ મીમી, અઠવામાં ૧૨ મીમી અને ઉધના ઝોનમાં ૧૦ મીમી વરસાદ નોંધાયો હતો. આ સિવાય જિલ્લાના બારડોલી તાલુકામાં ચાર મીમી, ચોર્યાસીમાં સાત મીમી, કામરેજમાં ૩મીમી, મહુવામાં ૨૨ મીમી, ઓલપાડમાં ૧૯ મીમી, પલસાણામાં પાંચમીમી ઉમરપાડામાં પાંચ મીમી, અંબિકામાં ૨૮ મીમી અને અરેઠમાં એક મીમી વરસાદ નોંધાયો છે. સવારથી ધીમી ધારે શરૂ થયેલા વરસાદે સમય જતાં કેટલાક વિસ્તારોમાં જોર પકડતાં શહેરના નીચાણવાળા અને વાહનવ્યવહારના માર્ગો પર પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. સહારા દરવાજા ગરનાળાથી લઈને ઉધના-નવસારી રોડ સુધી વરસાદી પાણીના કારણે વાહનચાલકોને ખાસ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. કેટલાક માર્ગો પર પાણી ભરાતા વાહનચાલકોએ ધીમી ગતિએ પસાર થવું પડ્યું હતું. દરમિયાન પીક અવર્સમાં વરસાદ અને માર્ગો પર વધેલા વાહન વ્યવહારના કારણે રિંગરોડ પર પણ એક તબક્કે ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી. નોકરી-ધંધા અને અન્ય કામ માટે નીકળેલા લોકો ટ્રાફિકમાં અટવાતા તેમની મુશ્કેલીમાં વધારો થયો હતો. વરસાદી માહોલને કારણે શહેરના વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. બીજી તરફ ઉકાઈ ડેમના ઉપરવાસમાં વરસાદનું જોર ઘટતાં ઈનફ્લો ૩૨ હજાર ક્યુસેક પર પહોંચ્યું છે. હાલમાં ઉકાઈ ડેમ ૩૪૦ ફુટના રૂલ લેવલ સામે સપાટી ૩૩૬.૫૫ ફુટ પર પહોંચી છે. જો કે, તાપી નદીમાં વરસાદી પાણીને કારણે કોઝવેની સપાટીમાં પણ નોંધપાત્ર વધારો થવાને કારણે ત્રણ દિવસ પૂર્વે વાહન વ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવેલ કોઝવેને વધુ એક વખત તંત્ર દ્વારા બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગમાં સાર્વત્રિક વરસાદથી ખેડૂતોમાં ખુશીની લહેર

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૪

દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન મેઘરાજાએ વિવિધ વિસ્તારોમાં હેત વરસાવ્યો છે. ખાસ કરીને વલસાડ જિલ્લામાં નોંધપાત્ર વરસાદ પડ્યો છે. કપરાડામાં સૌથી વધુ ૧૧૩ મિ.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે નાના પૌઢામાં ૯૦, ધરમપુરમાં ૮૭ અને વાપીમાં ૭૯ મિ.મી. વરસાદ નોંધાતા ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની આવક વધી છે.વલસાડ જિલ્લામાં વલસાડમાં ૩૦ મિ.મી., પારડીમાં ૪૭, ઉમરગામમાં ૬૭ અને બોપીમાં ૩૭ મિ.મી. વરસાદ નોંધાયો હતો. નવસારી જિલ્લામાં પણ મેઘમહેર યથાવત રહી હતી. વાસદામાં ૮૩ મિ.મી., નવસારીમાં ૭૦ અને જલાલપુરમાં ૬૦ મિ.મી. વરસાદ નોંધાયો છે. ખેરગામમાં ૪૨, ચીખલીમાં ૨૩ અને ગણદેવીમાં ૭ મિ.મી. વરસાદ પડ્યો હતો. ડાંગ જિલ્લામાં આહવા અને સાપુતારામાં ૪૭-૪૭ મિ.મી., વઘાઈમાં ૩૩ અને સુબીરમાં ૨૮ મિ.મી. વરસાદ નોંધાયો હતો.તાપી જિલ્લામાં વરસાદનું પ્રમાણ પ્રમાણમાં ઓછું રહ્યું હતું. ડોલવણમાં ૩૬ મિ.મી. વરસાદ નોંધાયો હતો. જ્યારે કુકરમુંડામાં ૨૧, વાલોડમાં ૧૬, ઉકાઈમાં ૧૩, નિઝર અને સોનગઢમાં ૧૧-૧૧, વ્યારામાં ૯ અને ઉચ્છલમાં ૭ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

સુરત જિલ્લાના વિવિધ તાલુકાઓમાં પણ હળવાથી મધ્યમ વરસાદની હાજરી જોવા મળી હતી. ઉમરપાડામાં ૭૭ મિ.મી. વરસાદ સાથે સૌથી વધુ નોંધાયો હતો. સુરત શહેરમાં ૪૬, ઓલપાડમાં ૧૮, માંગરોળ અને બારડોલીમાં ૧૭-૧૭, મહુવામાં ૧૬, ચોર્યાસીમાં ૧૫, પલસાણામાં ૧૪, કામરેજમાં ૧૨, માંડવીમાં ૮ અને અરેઠમાં ૬ મિ.મી. વરસાદ નોંધાયો હતો. અંબિકા વિસ્તારમાં ૬૬ મિ.મી. વરસાદ નોંધાયો છે.

# સુરતમાં નવી સિવિલ હોસ્પિટલની સુરક્ષા વ્યવસ્થા અદ્યતન ટેક્નોલોજીથી સજ્જ કરાઈ

## સુરક્ષા કર્મીઓને ૫ કિ.મી.ની રેન્જવાળી ૧૫ નવી વોકી-ટોકી અપાઈ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૪

નવી સિવિલ હોસ્પિટલની સુરક્ષા અને આંતરિક સંકલન વ્યવસ્થાને વધુ સઘન અને ઝડપી બનાવવા તેમજ હોસ્પિટલની સુરક્ષા વ્યવસ્થાને અદ્યતન ટેક્નોલોજીથી સજ્જ કરવાના ભાગરૂપે સિવિલના સુરક્ષા કર્મીઓને સિક્યોરિટી એજન્સી દ્વારા મોટોરોલા કંપનીની ૧૫ નવી વોકી-ટોકી ફાળવવામાં આવી છે. તબીબી અધિક્ષક ડૉ. પારૂલ વડગામાના માર્ગદર્શન તેમજ આરએઓ ડૉ. કેતન નાયકના સંકલનામાં આ વ્યવસ્થા કરાઈ છે.

નવી સિવિલ હોસ્પિટલ જેવી મોટી જાહેર આરોગ્ય સંસ્થામાં ત્રણ મોટી અને અલગ-અલગ ઈમારતો આવેલી છે અને ઘણીવાર ટેલિફોન કનેક્ટિવિટીમાં મર્યાદાઓ સર્જાતી હોય છે, ત્યારે આ વોકી-ટોકી સિસ્ટમથી ૨૪ કલાક અવિરત અને ત્વરિત સંપર્ક સાધવો અત્યંત સરળ બનશે. સિવિલના સિક્યોરિટી ઈન્ચાર્જ આર.કે. સિંહે જણાવ્યું હતું કે, આ સુવિધાથી હોસ્પિટલના દરેક ફ્લોર પર અને મહત્ત્વના વિભાગો વચ્ચે ત્વરિત વાતચીત થઈ શકશે. આ વોકી-ટોકીની રેન્જ ૫ કિલોમીટર સુધીની છે, જેના દ્વારા હોસ્પિટલના ટેરેસથી લઈને બેઝમેન્ટ સુધી તેમજ સ્ટેમ સેલ બિલ્ડિંગથી લઈને મજુરા ગેટ સુધીનો સમગ્ર વિસ્તાર સરળતાથી કવર કરી શકાશે. આ વોકી-ટોકીઓ હોસ્પિટલના વ્યૂહાત્મક સ્થળો પર ગોઠવવામાં આવી છે, જેથી કટોકટીની સ્થિતિમાં કે તાત્કાલિક જરૂરિયાત વખતે તેમજ દર્દીઓ, તેમના પરિવારજનો વચ્ચે ઘર્ષણની સ્થિતિમાં સેકન્ડોમાં મેસેજ પાસ કરી શકાય. આર.કે. સિંહે વધુમાં કહ્યું કે, ઈમરજન્સી વિભાગ અને ઓપરેશન થિયેટર, ઈમરજન્સી ગેટ અને હોસ્પિટલના મેઈન ગેટ પર સજ્જ ઉપરાંત સ્ટેમ સેલ જેવા મહત્ત્વના સ્થળો પર તૈનાત સુરક્ષાકર્મીઓ પાસે તેમજ સિક્યોરિટી ઈન્ચાર્જ પાસે આ વોકી-ટોકી ઉપલબ્ધ રહેશે. ઘણીવાર હોસ્પિટલ પરિસરમાં ક્યારેક કોઈ બોલાચાલી, ઝઘડો કે અન્ય કોઈ અવ્યવસ્થા ઊભી થતી હોય છે, જેને પહોંચી વળવા અથવા કોઈ અન્ય તાત્કાલિક માહિતી આપવાની હોય ત્યારે ફોન પર વ્યસ્તતાના કારણે થતો વિલંબ હવે નિવારી શકાશે. વોકી-ટોકીના માધ્યમથી ગેટ પર રહેલા કર્મચારીઓ તરત જ સિક્યોરિટી ઈન્ચાર્જને મેસેજ પાસ કરી શકશે કે કયા ફ્લોર પર કે કયા વિસ્તારમાં મદદની જરૂર છે. આ અત્યાધુનિક સંચાર વ્યવસ્થા શરૂ થવાથી નવી સિવિલ હોસ્પિટલની સુરક્ષા વ્યવસ્થા વધુ સચોટ બનશે અને દર્દીઓ તથા સ્ટાફ માટે સુરક્ષિત વાતાવરણ પૂરૂં પાડવામાં મદદ મળશે.

### પીપી સવાણી કેમ્પસમાં ફૂડ પોઈઝનિંગની ઘટના બાદ

# સફાળા જાગેલા તંત્ર દ્વારા સિવિલ-સ્મીમેર અને એસવીએનઆઈટીની મેસમાં ચેકિંગ

## સિવિલ અને સ્મીમેરની મેસના કર્મચારીઓમાં સાફ-સફાઈનો અભાવ જોવા મળ્યો, મસાલાના ખુલ્લા ડબ્બા બંધ રાખવા માટે ટકોર કરવામાં આવી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૪

પીપી સવાણી હોસ્ટેલમાં ગત રોજ ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓને પોઈઝનિંગની અસર થતાં સમગ્ર શહેરમાં ભારે ચકચાર મચી જવા પામી છે. ઘટનાને પગલે સફાળા જાગેલા વહીવટી તંત્ર દ્વારા આજે સવારથી જ શહેરની અલગ - અલગ હોસ્પિટલો અને કેમ્પસમાં ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે આરોગ્ય વિભાગની ત્રણ ટીમો દ્વારા એસવીએનઆઈટી, સિવિલ હોસ્પિટલ અને સ્મીમેર હોસ્પિટલનાં કેમ્પસમાં આવેલ મેસમાં ભોજન સામગ્રી અને વ્યવસ્થા સહિત સાફ સફાઈ અંગે ચેકિંગ - કરવામાં આવ્યું હતું .કોસંબા ખાતેઆવેલ પીપી સવાણી યુનિવર્સિટીની હોસ્ટેલમાં ગત રાત્રિનાં સમયે ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓને મેસમાં જમ્યા બાદ એકાએક ઝાડા - ઊલ્ટી થતાં તેઓને તાત્કાલિકસારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાને પગલે વાલીઓમાં ભારો રોષ ફાટી નીકળ્યો હતો. જ્યારે બીજી તરફ સમગ્ર ઘટનાની ગંભીરતાને ધ્યાનેરાખીને આજે સવારથી સુરત મહાનગર પાલિકાનાં આરોગ્ય વિભાગ દ્વારા અલગ -અલગ ટીમો મોકલીને એસવીએનઆઈટી અને સિવિલ સહિત સ્મીમેર હોસ્પિટલમાં આવેલ મેસનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે દરમિયાન સ્મીમેર હોસ્પિટલની મેસમાં કારીગરો દ્વારા હાથમાં ગ્લોવઝ ન પહેરાવાને કારણે તેઓને તાત્કાલિક ટકોર કરીને આ અંગે ધ્યાન દોર્યું હતું. આ સિવાય મેસના સ્થળે નિયમિત સાફ સફાઈ રાખવાની સાથે રાંધેલ ખોરાકને ઢાંકીને રાખવા માટે પણ સૂચના આપવામાં આવી હતી. આ સિવાય સિવિલ હોસ્પિટલની મેસમાં પણ સાફ સફાઈનો અભાવ જોવા મળતાં આરોગ્ય વિભાગની ટીમ પણ ચોંકી ઉઠી હતી. ટીમ દ્વારા તાત્કાલિક મેસનાં સ્થળે અને જ્યાં જમવાનું બનાવવામાં આવી રહ્યું હતું ત્યાં સાફ સફાઈ કરવા માટે કર્મચારીઓને તાકિદ કરી હતી. આ સિવાય મસાલાનાં ડબ્બા ખુલ્લા રહેવાને કારણે ડબ્બાઓને બંધ રાખવા માટે ટકોર કરવામાં આવી હતી.

# સુરત : સુમન સેલ અને સ્કૂલ બોર્ડના ઈન્ચાર્જ શાસનાધિકારી ધર્મેશ પટેલનું નિધન

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૪

સુરત મહાનગરપાલિકાના સુમન સેલ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ઈન્ચાર્જ શાસનાધિકારી તરીકે ફરજ બજાવતા ધર્મેશ પટેલનું આજે વહેલી સવારે ટુંકી માંદગી બાદ નિધન થતાં સમગ્ર વહીવટી તંત્રમાં આઘાતની લાગણી પ્રસરી જવા પામી છે. છેલ્લા બે દિવસથી તબિયત ના દુરસ્ત હોવાને કારણે તેઓને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં આજે વહેલી સવારે તેઓએ અંતિમ શ્વાસ લીધા હતા. બારડોલી ખાતે રહેતા ધર્મેશ પટેલના અંગત મિત્રવર્તુળો દ્વારા જણાવ્યા મુજબ તેઓએ અંગદાન કરેલ હોવાને કારણે તેઓની અંતિમ સંસ્કાર વિધિ થનાર નથી.સુરત મહાનગરપાલિકાના સુમન સેલનો વહીવટ સંભાળતા નિષ્ઠાવાન ધર્મેશ પટેલની થોડા સમય પૂર્વે જ નગરપ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી તરીકે પણ વરણી કરવામાં આવી હતી. ગત શુક્રવારના રોજ તેઓ સરકારી કામ અર્થે ગાંધીનગર રવાના થયા હતા અને જ્યાંથી પરત ફરતી વખતે તેઓને તબિયત નાદુરસ્ત થતાં સારવાર અર્થે તેઓને ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આજે સવારે તેઓએ અંતિમ શ્વાસ લેતાં પરિવારજનોમાં ભારે આક્રંદ અને દુ:ખની લાગણી પ્રસરી જવા પામી હતી. સુરત મહાનગરપાલિકામાં અત્યંત સૌમ્ય અને સજ્જન વ્યક્તિ તરીકેની છાપ ધરાવતાં ધર્મેશ પટેલના નિધનના સમાચાર સાંભળીને વહીવટી તંત્રમાં પણ આઘાતની લાગણી પ્રસરી જવા પામી છે.

### પોલીસની પ્રશંસનીય કામગીરી

# ભરૂચમાં વરસાદી પાણીમાં ફસાયેલી વિદ્યાર્થિનીઓની વહારે આવી પોલીસ



(તસવીર : વાહીદ મશ્હદી, ભરૂચ)

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧૪

ભરૂચ શહેરમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા ભારે વરસાદને પગલે કસક સહિતના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા જનજીવન પ્રભાવિત થયું હતું. દરમિયાન ઝાડેશ્વરની નર્મદા કોલેજમાં પરીક્ષા આપવા જતી કેટલીક વિદ્યાર્થિનીઓ કસક વિસ્તારમાં વરસાદી પાણી વચ્ચે ફસાઈ ગઈ હતી. વિદ્યાર્થિનીઓ પરીક્ષાથી વંચિત ન રહી જાય તે માટે સી-ડિવિઝન પોલીસના પીઆઈ એન.આર. ચૌધરીએ તાત્કાલિક સંવેદનશીલતા દાખવી પોલીસ વાહનની વ્યવસ્થા કરાવી હતી. પોલીસકર્મીઓએ વિદ્યાર્થિનીઓને સુરક્ષિત રીતે વાહનમાં બેસાડી નર્મદા કોલેજ ખાતે પહોંચાડી હતી. ભારે વરસાદ વચ્ચે માત્ર કાયદો-વ્યવસ્થા જ નહીં, પરંતુ જરૂરિયાતમંદ નાગરિકોની મદદ માટે પણ પોલીસ તત્પર રહે છે તેનું ઉત્તમ ઉદાહરણ સી-ડિવિઝન પોલીસની આ કામગીરીથી જોવા મળ્યું હતું. સમયસર મદદ મળતા વિદ્યાર્થિનીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

# ભરૂચ જિલ્લાના ભોલાવ ગામમાં રક્તદાન કેમ્પ યોજાયો



(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૧૪

ભોલાવ ગામ ખાતે ફૈઝ ચેરિટેબલ ટ્રસ્ટ અને ફૈઝ યંગ સર્કલના સંયુક્ત ઉપક્રમે રક્તદાન કેમ્પ યોજાયો હતો. વરસાદી માહોલને પગલે કેમ્પનું આયોજન મસ્જિદ ખાતે કરવામાં આવ્યું હતું.

જેમાં વિવિધ સમાજના લોકોએ ઉત્સાહભેર રક્તદાન કરી માનવસેવાનો સંદેશ આપ્યો હતો. કેમ્પ દરમિયાન કુલ ૧૨૬ યુનિટ રક્ત એકત્રિત થયું હતું.

કેમ્પમાં કલ્લા શરીફના હઝરત સૈયદ ક્લીમ બાવા, ભોલાવના ડેપ્યુટી સરપંચ યુવરાજસિંહ પરમાર, ભરૂચ નગરપાલિકા કાઉન્સિલર સમશાદઅલી સૈયદ, પંકજ આહીર, માસુમ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન હિન્દૂ-મુસ્લિમ એકતાની સુંદર ઝલક જોવા મળી હતી.

આ પ્રસંગે સૈયદ ક્લીમ બાવાએ જણાવ્યું હતું કે, મસ્જિદમાં રક્તદાન જેવા સેવાકીય કાર્યક્રમનું આયોજન સમાજ માટે પ્રેરણાદાયી છે. રક્તદાનથી જરૂરિયાતમંદ દર્દીઓના જીવન બચાવવામાં મદદ મળે છે. કેમ્પને સફળ બનાવવા સલીમ રાઠોડ, ઈમ્તિયાઝ રાજ, ઈરફાન રાઠોડ, સમીર રાજ સહિતના યુવાનો અને આગેવાનોએ મહેનત કરી હતી.

# ભરૂચમાં વરસાદી કાંસનું ધોવાણ થતાં એપાર્ટમેન્ટનું પાર્કિંગ ધસી પડ્યું, ૮ કાર કાંસમાં ખાબકી

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૧૪

ભરૂચ શહેરમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા ભારે વરસાદે જનજીવનને પ્રભાવિત કર્યું છે. દરમિયાન કસક વિસ્તારમાં વરસાદી કાંસ પાસે આવેલી આંગણ એપાર્ટમેન્ટમાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. વરસાદી પાણીના તેજ પ્રવાહને કારણે કાંસના કિનારે ધોવાણ થતાં એપાર્ટમેન્ટના પાર્કિંગની દીવાલ અને જમીનનો મોટો હિસ્સો અચાનક ધસી પડ્યો હતો. પરિણામે પાર્કિંગમાં ઉભેલી ૭થી ૮ જેટલી કાર કાંસમાં ખાબકી હતી. ઘટનાને પગલે એપાર્ટમેન્ટના રહીશોમાં ભારે દોડધામ મચી ગઈ હતી. સદનસીબે ઘટનામાં જાનહાનિ થઈ હોવાનું સામે આવ્યું નથી, પરંતુ વાહનોને લાખો રૂપિયાનું નુકસાન થયું છે.

રહીશોએ આ ઘટનાને તંત્રની બેદરકારી ગણાવી રોષ વ્યક્ત કર્યો હતો. તેમણે માંગ કરી છે કે વરસાદી કાંસનું તાત્કાલિક મજબૂતીકરણ કરી કાયમી રિપેરિંગ કરવામાં આવે તેમજ નુકસાનગ્રસ્ત વાહનોના માલિકોને યોગ્ય વળતર આપવામાં આવે.

# કચ્છમાં વરસાદે હાજરી પૂરાવી લખપત અને અબડાસા હજી કોરા

ભૂજ, તા.૧૪

આજે કચ્છમાં વરસાદે હાજરી પૂરાવી છે પરંતુ ચાતક નજરે વરસાદની રાહ જોઇ રહેલા લખપત અને તેને અડીને આવેલા અબડાસા તાલુકામાં કોઇ વરસાદ થયો નથી.

આજે બપોરના બે વાગ્યા સુધી જિલ્લા મથક ભૂજમાં ૨૮ મી.મી., માંડવીમાં ૧૩ મી.મી., મુંદ્રા અને ભચાઉમાં ૪ મી.મી., ગાંધીધામમાં ૩ મી.મી. વરસાદ નોંધાયો છે. રાપર તથા અંજાર તાલુકામાં કોઇ વરસાદ થયો નથી.

લખપત તાલુકામાંથી હિજરતનો દોર ચાલુ છે. માલધારી અગ્રણીઓ આરબ સાધક જત, લુકમાન આયલ જત, શરફુ મુરીદ જતે કચ્છ કલેક્ટર કચેરીએ લખપત મામલતદાર કચેરીએ રજૂઆત કરી છે કે, પશુઓ સાથે હિજરત કરતા માલધારીઓને પોલીસ કે અન્યો દ્વારા માર્ગમાં કનડગત ન કરવામાં આવે અને ટોલ ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવે. હિજરત કરતા માલધારીઓને માર્ગમાં કનડગત કરવામાં ન આવે તેવી રજૂઆત કરાઇ હતી.

# વડોદરાના વેપારી પાસે ૧૦ કરોડની ખંડણી માંગનાર રોહિત ગોદરા ગેંગનો સાગરીત દિલ્હીથી ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૪

વડોદરા ક્રાઇમ બ્રાન્ચ અને ન્યુ દિલ્હી સ્પેશિયલ સેલની ટીમે આંતરરાજ્ય સંયુક્ત ઓપરેશન પાર પાડીને કુખ્યાત રોહિત ગોદારા ગેંગના એક સાગરીતને દિલ્હી ખાતેથી ઝડપી પાડ્યો છે. પકડાયેલા આરોપી પાસેથી રૂા. ૪ કરોડની કિંમતનું ૨.૦૭૫ કિલોગ્રામ હેરોઇન અને એક કાર કબજે કરવામાં આવી છે. આ અંગેની મળતી માહિતી મુજબ, તાજેતરમાં વડોદરાના કેમિકલના એક વેપારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી રૂા. ૧૦ કરોડની ખંડણી માંગવાના ગુનામાં રોહિત ગોદારા ગેંગના મહેન્દ્ર ડેલાણા સામે ક્રાઇમ બ્રાન્ચ ખાતે ગુનો નોંધાયો હતો. પોલીસ કમિશનરની સૂચના મુજબ ક્રાઇમ બ્રાન્ચે અત્યંત ગુપ્તતા જાળવી સમગ્ર ઓપરેશન હાથ ધર્યુ હતું. તપાસ દરમિયાન ટેકનિકલ સોર્સ અને બાતમીદારોના આધારે પી.એસ.આઇ. કે.ડી. રાઠોડની ટીમ દિલ્હી પહોંચી હતી. ભોગ બનનાર વેપારી સાથે આ ગેંગે હવાલા મારફતે રૂા. ૧૦ લાખની રકમ સ્વીકારવાનું નક્કી કર્યું હતું. તા. ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સાંજે દિલ્હીના ચાંદની ચોક ખાતે ખંડણીની રકમ લેવા આવેલા આરોપી કુલદીપ ગણેશદાસ સ્વામી (રહે. કલ્યાણપુરા, જિ. ચુરૂ, રાજસ્થાન)ને વડોદરા ક્રાઇમ બ્રાન્ચ અને દિલ્હી સ્પેશિયલ સેલે દબોચી લીધો હતો. પોલીસને આરોપી પાસેથી હેરોઇનનો જથ્થો મળી આવતા તેની સામે દિલ્હી સ્પેશ્યલ સેલ ખાતે ગુનો નોંધવામાં આવ્યો છે. હાલમાં આરોપી દિલ્હી પોલીસની કસ્ટડીમાં છે. ત્યાં તપાસ પૂરી થયા પછી ટ્રાન્સફર વોરંટથી તેને વડોદરા લાવવામાં આવશે.

### કસક વિસ્તારમાં પાણી ભરાતાં અનેક વાહનો ખોટકાયા

# ભરૂચ શહેર સહિત જિલ્લાભરમાં ધોધમાર વરસાદ : જનજીવન પ્રભાવિત

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૧૪

ભરૂચ જિલ્લામાં સતત ૨૪ કલાકથી વરસી રહેલા ધોધમાર વરસાદને પગલે જળબંબાકારની પરિસ્થિતિનું નિર્માણ થયું છે. શહેરના પ્રવેશદ્વાર કસક સર્કલ પાસે પાણી ભરાતા અનેક વાહનો ફસાતા શહેરનો વાહન વ્યવહાર બંધ કરતા શહેરના તમામ પ્રવેશ કરનારા રસ્તા ઉપર ભારે ટ્રાફિકજામના દશ્ય સર્જાયા હતા. શહેરના નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારને લઈ જનજીવનને અસર થવા પામી હતી. ભાદરવા મહિનાના શરૂઆતના પ્રથમ દિવસેથી જ ભરૂચ જિલ્લામાં ધોધમાર સાંબેલાધાર વરસાદને પગલે ભરૂચ જિલ્લાના નવ તાલુકાઓમાં જળબંબાકારની પરિસ્થિતિનું નિર્માણ થયું છે. જિલ્લાના શહેરી વિસ્તારોમાં પાણી ભરાવાને લઈ વાહન વ્યવહારને અસર થવા પામી છે. ભરૂચ શહેરમાં ધોધમાર વરસાદને પગલે સૌથી વધુ અસર શહેરના પ્રવેશદ્વાર એવા કસક



(તસવીર : વાહિદ મશ્હદી ભરૂચ)

ગરનાળા અને કસક ઢોળાવ પાસે પાણી ભરાતા હાલ ત્યાં મુખ્ય રસ્તા ઉપર ૩થી ૪ ફૂટ પાણી ભરાતા અનેક વાહનો બસ-ટુ વ્હીલર ફસાતા અને આર્ગનનું એપાર્ટમેન્ટનું પાર્કિંગ તૂટી પડવાને પગલે પાણી નિકાલ બંધ થતા કસકમાંથી નદી કિનારે જતું પાણી બંધ થતાં પાણીનો ભરાવો થતા અને વાહનો ફસાતા વાહન વ્યવહાર બંધ કરવાની ફરજ પડી હતી. જેને લઈને મુખ્ય રસ્તો જ બંધ થતા ભરૂચ શહેરમાં પ્રવેશ કરવાના તમામ રસ્તાઓ ઉપર ટ્રાફિકજામ થયો હતો. જયારે ભરૂચ શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પણ જળબંબાકારની સ્થિતિનું નિર્માણ થતા અનેકો સોસાયટીઓમાં પાણીનો ભરાવો થયો હતો. ભરૂચ પાલિકાની પ્રિમોન્સુન કામગીરીની પોલ ખૂલી હતી. જ્યારે ભરૂચ શહેરના ફુરજા ચાર રસ્તા ઉપર ફરી ગટરો નદીઓ બનીને વહેતી થઈ હતી. આમ ભરૂચ જિલ્લામાં ધોધમાર સાંબેલાધાર વરસાદે જળબંબાકારની સ્થિતિનું નિર્માણ કર્યું હતું. ભરૂચ જિલ્લાના નવ તાલુકાઓમાં પણ એકથી દોઢ ઈંચ વરસાદ ખાબકી ગયો છે.

# ચુડામાં પાણીના ધસમસતા પ્રવાહમાં કાર તણાઈ : ડ્રાઈવર લાપતા

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૧૪

સુરેન્દ્રનગર જિલ્લાના ગ્રામીણ પંથકમાં વરસેલા ભારે વરસાદના કારણે માર્ગો પર ભયાનક પરિસ્થિતિ સર્જાઈ છે. તાજેતરમાં નોંધાયેલી દુર્ઘટનામાં સોનઠા અને કંથારિયા ગામ વચ્ચે આવેલા નાળા પરથી પસાર થતી કાર અચાનક ધસમસતા પાણીના પ્રવાહમાં તણાઈ ગઈ હતી. કારમાં સવાર ૨ મુસાફરોનો સ્થાનિકોની મદદથી આબાદ બચાવ થયો છે, જ્યારે કાર ચાલક પાણીના વહેણમાં લાપતા થતાં ચકચાર મચી છે. સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન થયેલા મૂશળધાર વરસાદથી સ્થાનિક નદી-નાળાઓ બંને કાંઠે વહેતા થયા છે. ઉપરવાસમાંથી પાણીની ભારે આવક થવાને લીધે ગ્રામીણ માર્ગો પર આવેલા કોઝવે અને નાળાઓ પર પાણી ફરી વળ્યા છે.આ અણધારી જળબંબાકાર સ્થિતિ વચ્ચે માર્ગો પરથી જોખમી રીતે વાહન હંકારવું અત્યંત જોખમી સાબિત થઈ રહ્યું છે. સોનઠા-કંથારિયા લિંક રોડ પર પાણીનો પ્રવાહ એટલો ઝડપી હતો કે ડામરનો રસ્તો અદૃશ્ય થઈ ગયો હતો.દુર્ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને સ્થાનિક સરપંચ તેમજ ચુડા તાલુકા મામલતદાર સહિતની વહીવટી અને ડિઝાસ્ટર ટીમ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. તંત્ર દ્વારા સ્થાનિક તરવૈયાઓ અને બોટની મદદથી લાપતા કાર ચાલકની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# આંતરરાષ્ટ્રીય બોડી બિલ્ડિંગ સ્પર્ધામાં ભરૂચના ત્રણ યુવાનોનું ગૌરવપૂર્ણ પ્રતિનિધિત્વ

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૧૪

મુંબઈના નરીમન પોઈન્ટ ખાતે WNBF (વર્લ્ડ નેચરલ બોડી બિલ્ડિંગ ફેડરેશન) દ્વારા આંતરરાષ્ટ્રીય બોડી બિલ્ડિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સહિત વિવિધ દેશોમાંથી ૩૫૦થી વધુ બોડી બિલ્ડરોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

ભરૂચ માટે ગર્વની વાત છે કે આ પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભરૂચના ત્રણ યુવાન બોડી બિલ્ડરોએ પણ ભાગ લઈને શહેરનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ભરૂચના અમન કાનુંગાએ પોતાની કેટેગરીમાં પાંચમું સ્થાન મેળવી મેડલ જીત્યો હતો.

ભરૂચના હાઉસ ઓફ બ્રોડઝિલ્લા જીમના હેડ કોચ ધવલ મહિડાના માર્ગદર્શન હેઠળ અમન કાનુંગા અને ફહાદ પટેલે જુનિયર મેન્સ ફિઝિક્સ કેટેગરીમાં ભાગ લીધો હતો. જ્યારે દિપક રાજપૂતે સિનિયર ઓપન બોડી બિલ્ડિંગ કેટેગરીમાં પોતાની કળા અને શારીરિક ક્ષમતાનું પ્રદર્શન કર્યું હતું.

કોચ ધવલ મહિડાએ જણાવ્યું હતું કે, છેલ્લા છ મહિનાથી ત્રણેય ખેલાડીઓએ સખત મહેનત, નિયમિત ટ્રેનિંગ અને કડક ડાયટનું પાલન કર્યું હતું. આ મહેનતના પરિણામે તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લેવા માટે ક્વોલિફાય થઈ શક્યા હતા.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ત્રણેય બોડી બિલ્ડરોએ સ્પર્ધામાં પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું હતું. તેમના માટે માત્ર જીત કે હાર મહત્વની નહોતી, પરંતુ ભરૂચનું આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ થાય અને શહેરના યુવાનોની પ્રતિભા વિશ્વસ્તરે પહોંચે તે મુખ્ય ઉદ્દેશ હતો.

અમન કાનુંગા દ્વારા મેળવવામાં આવેલ પાંચમું સ્થાન અને મેડલ ભરૂચના બોડી બિલ્ડિંગ ક્ષેત્ર માટે એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ છે. ત્રણેય યુવાનોના આ આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રદર્શનથી ભરૂચના રમતપ્રેમીઓ અને યુવા ખેલાડીઓમાં ગૌરવની લાગણી જોવા મળી રહી છે.

# સતલાસણા થરાદી મેમણ જમાતનો ઈનામ વિતરણ સમારોહ યોજાયો

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૧૪

સતલાસણા થરાદી મેમણ જમાતનો ઈનામ વિતરણ સમારોહ એપોલો સોસાયટી ખાતે યોજાયો હતો. જેમાં કેજીથી કોલેજ તથા ગ્રેજ્યુશન સુધીના ૧૫૭ બાળકોને ઈનામ તથા સિલ્ડ આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ પ્રસંગે પધારેલ મહેમાનોમાં હઝરત મુફ્તી અબ્દુલ રહેમાન (રતનપુર), ડૉ. એ.એ. મેમણ (હિંમતનગર), જાફર ભાઈ સાચોરા (પાલનપુર), ઈલ્યાસ ભાઈ પ્રોફેસર (હિંમતનગર), રફીકભાઈ (જૂના ડીસા), રફીક ભાઈ (છાપી), વારિસ ભાઈ (દાતા), યુનુસ ભાઈ માસ્ટર (જૂના ડીસા), યાકુબભાઈ (હારીજ), ફજલ ભાઈ, માસ્ટર(ખેરાલુ) અબ્દુલરઝાક ભાઈ પ્રમુખ સતલાસણા) અયુબ ભાઈ (ડીસા), તોસીફભાઈ (ડીસા), ડૉ. અબ્દુલ કાદર હિરવાણી, બસિર ભાઈ પીપરાણી (જૂના ડીસા), સલીમ ભાઈ વકીલ (ખેરાલુ), બાબુ ભાઈ (ખેરાલુ), હાજી હનીફભાઈ (ડીસા), ઈકબાલભાઈ જીતપુરવાળા સહિત મોટી સંખ્યામાં મહેમાનો પધાર્યા હતા.



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

આ પ્રસંગે પધારેલ દરેક મહેમાનોનું સ્વાગત શાલ તથા ગિફ્ટ આપીને કરવામાં આવ્યું હતું. જયારે તમામનું શાબ્દિક સ્વાગત ડૉ. ઈકબાલ ભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમની શરૂઆત મોલાના સાહીલ દ્વારા તિલાવતથી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુફ્તી અબ્દુલ રહેમાને બાળકોના ફરજિયાત દુનિયાની સાથે-સાથે દિની તાલીમ આપવા પર ભાર વ્યક્ત કર્યો હતો. જયારે પ્રોફેસર હિદાયત ભાઈએ જણાવ્યું કે, આજના કોમ્પુટર યુગમાં શિક્ષણ જરૂરી છે દરેક વાલીઓ પોતાના બાળકોને ઉચ્ચ શિક્ષણ આપી ડૉક્ટર એન્જનિયર બનાવવા અનુરોધ કર્યો હતો. જયારે ડૉ. અબ્દુલ કાદર હીરવાણીએ જણાવ્યું ને બાળકોને આઇ.પી.એસ.આઇ.એસ બનાવવા અનુરોધ વ્યક્ત કર્યો હતો જયારે પ્રોફેસર ઈલ્યાસ ભાઈએ જણાવ્યું કે, મેમણ સમાજના બાળકો ઉચ્ચ અભ્યાસ કરતા નથી ફરજિયાત શિક્ષણનું જ્ઞાન પ્રાપ્ત કરી કલેક્ટર બનવા અનુરોધ વ્યક્ત કર્યો હતો. જયારે ડૉ. એ.એ. મેમણે જણાવ્યું કે, શિક્ષણ વગર બાળકની જીંદગી અધૂરી છે. આ પ્રસંગે કાઉન્સિલના માંજી પ્રમુખ હાજી હનીફભાઈ જણાવ્યું કે, સમાજમાંથી કોઈ પણ બાળક આઇ.એસ.આઇ.પી.એસ બનવા માંગતો હોય તો તેને હું દત્તક લઈને તમામ ખર્ચ ઉપાડવાની વાત કરી હતી આ પ્રસંગે સમાજવાડીની સંગે બુનિયાદ હઝરત મુફ્તી અબ્દુલ રહેમાનના હસ્તે કરવામાં આવી હતી આ કાર્યકમનું સંચાલન હનીફભાઈ માસ્ટર તથા દિલાવર ભાઈ માસ્ટર દ્વારા કરવામાં આવ્યું હતું. આભાર વિધિ અબ્દુલ રઝાકભાઈ મેમણ ટ્રેડિંગ વાળાએ કરી હતી.

# ડીસા-પાલનપુર હાઈવે પર ટ્રકની અડફેટે એક્ટિવાચાલક ઘાયલ

ડીસા, તા.૧૪

ડીસાની વેદાંત સોસાયટીમાં રહેતા રામાભાઈ પાનાચંદ સોલંકી (રહે. ડીસા) તા.૧૩/૯/૨૬ના રોજ સાંજના સુમારે એક્ટિવા લઇને હાઇવે સર્વિસ રોડ પરથી પસાર થઇ રહ્યા હતા. હીંગળાજ હોટલ સામે આઇશર ગાડી નંબર જીજે ૦૨ ઝેડ ૨૩૭૮ના ચાલકે એક્ટિવાને ટક્કર મારી હતી.આ અકસ્માતમાં રામાભાઈ સોલંકીને માથામાં તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં તેઓ બેભાન થઇ ગયા હતા. અકસ્માત સર્જી આઇશર ગાડીનો ચાલક પોતાનું વાહન ઘટનાસ્થળે મૂકીને નાસી છૂટ્યો હતો.

ઈજાગ્રસ્ત વૃદ્ધને સારવાર અર્થે ડીસા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જયાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેમની સ્થિતિ ગંભીર જણાતા અને માથામાં હેમરેજ થયું હોવાથી વધુ સારવાર અર્થે ડીસાની ઈસ્કોન આઇ.સી.યુ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.આ બનાવ અંગે ઈજાગ્રસ્તના પુત્રએ ડીસા પોલીસ સ્ટેશનમાં આઈશર ગાડીનાચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ હાથ ધરી છે.

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ પઠાણ નઈમખા નઝીરખાન હતુ જે બદલીને નવું નામ **પઠાણ નઈમ ખાન નઝીર ખાન** કરેલ છે જેની સર્વેએ નોંધ લેવી.

સરનામું : એ-૬૫, બહારની ઉંડાઈ, સ્વામીનારાયણ મંદિર પાસે, ભરૂચ-૩૯૨૦૦૧.

# જુહાપુરા-સરખેજ વિસ્તારમાં વરસાદને લઇ સર્જાઇ કફોડી સ્થિતિ !








અમદાવાદ સહિત રાજ્યભરમાં વરસાદના લાંબા વિરામ બાદ નવો રાઉન્ડ શરૂ થતાં ઠેર-ઠેર પાણી જ પાણી થઇ જવા સાથે ઠંડક પ્રસરવા પામી છે. શહેરના મોટા ભાગના, તમામ વિસ્તારને આવરી લેતા ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં, માર્ગો પર ઘરો-દુકાનો અને ગોડાઉનો વગેરેમાં પાણી ભરાઇ જવા પામ્યા છે. જેને કારણે જન જીવનને અસર થવા પામી છે. જેમાં વાહન-વ્યવહાર પણ બાકી ના રહેતાં લોકો અટવાઇ જવા પામ્યા હતા. શહેરના બોપલ, આંબલી રોડ, શેલા, સિંધુભવન રોડ, એસ.જી.હાઇવે, સરખેજ-જુહાપુરા કોટ વિસ્તાર, પૂર્વ વિસ્તાર વગેરેમાં સર્વત્ર પાણી ભરાવાના તથા ઠેર-ઠેર ભૂવા પડવાના, રોડ બિસ્માર થવાના બનાવો બનાવ પામ્યા છે. ઠેર-ઠેર પાણી જ પાણી થવાને લઇને મ્યુનિ. તંત્રની વિકાસની પોલ ખોલતા દશ્યો ઊભા થવા સાથે લોકોમાં રોષની લાગણી પણ ફેલાવવા પામી છે. જેમાં ખાસ કરીને જુહાપુરા વિસ્તારમાં ફ્લાયઓવર બ્રિજ બનાવવાની કામગીરી ચાલી રહી હોઇ તેને કારણે વરસાદમાં સ્થિતિ વધુ કફોડી બનાવ પામી છે. બ્રિજના બંને તરફના મુખ્ય માર્ગ પરની આજુબાજુની જમીન ઊંડા ખાડાઓ ખોદવાને લઇ કાચી-પોચી થઇ જતાં તેમાં પાણી ભરાતાં બેસી જવા પામી છે અને ઠેર-ઠેર ભૂવા પડી રહ્યા હોઇ, વાહન-ચાલકો, રાહદારીઓને હાલાકી સાથે જોખમ પણ ઊભું થવા પામેલ છે. ઉપરોક્ત તસવીરો જુહાપુરા વિસ્તારની, વરસાદને કારણે સર્જાયેલી સ્થિતિ દર્શાવે છે.

### શહેરના પોશ વિસ્તારોમાં પણ ઢીંચણથી લઈ કેડ સમા પાણી ભરાઇ જતાં તંત્ર સામે ઉઠતા સવાલો

# અમદાવાદમાં મેઘરાજાની તોફાની બેટિંગથી જળબંબાકારની સ્થિતિ

## ● વટવા-લાંભામાં આઠ કલાકમાં પાંચ ઈંચ જેટલો વરસાદ ખાબકતાં ઠેર-ઠેર પાણી ભરાઈ જવા પામ્યા ● એસ.જી.હાઈવે, સરખેજ, જુહાપુરા, વેજલપુર, મકરબા, નિકોલ, બોપલ, બોડકદેવ, પૂર્વ સહિતના તમામ વિસ્તારોમાં પાણી જ પાણી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૪

અમદાવાદના વાતાવરણમાં ૧૨મી સપ્ટેમ્બરથી પલટો આવ્યો છે. એક દિવસ વાદળછાયું વાતાવરણ રહ્યા બાદ છેલ્લા ૨૪ કલાકથી અવિરત વરસાદ વરસી રહ્યો છે. આજે (૧૪મી સપ્ટેમ્બર) પણ વહેલી સવારથી શહેરમાં વરસાદ વરસી રહ્યો છે. જેને લીધે સ્કૂલે જતા વિદ્યાર્થીઓ અને નોકરી-ધંધે જતા લોકો મુશ્કેલીમાં મૂકાયા હતા. આજે સવારે ૬થી બપોરે ૨ વાગ્યા સુધી મેઘરાજાએ મન મૂકીને વરસી રહ્યા છે. જેમાં સૌથી વધુ વટવામાં ૫.૬૧ ઈંચ અને લાંભામાં ૫.૫૩ ઈંચ વરસાદ ખાબક્યો છે.

વહેલી સવારથી જ વરસી રહેલા ભારે વરસાદને પગલે અમદાવાદ શહેરના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થયા છે. શેલા, બોપલ, આંબલી, રોડ સિંધુભવન રોડ, એસજી હાઈવે સહિતના વિસ્તારોમાં ભારે વરસાદને લઈ પાણી ભરાયા છે. શેલાના અનેક વિસ્તારોમાં કમર સુધી પાણી ભરાયા છે. અમદાવાદના પોશ વિસ્તારમાં હોડીઓ ચાલે તેવી સ્થિતિ સર્જાઈ છે. શહેરની શાન ગણાતો સિંધુભવન રોડ પણ પાણીમાં ગરકાવ થયો છે. શહેરના રાજપથ-રંગોલી જેવા આધુનિક રોડ પણ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. બોડકદેવ વોર્ડમાં ૨.૫ ઈંચ વરસાદ અને સિંધુભવન રોડ પાણીમાં ગરકાવ થઈ ગયો છે. અમદાવાદમાં જ્યાં જુઓ ત્યાં નદી વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. બે ઈંચથી વધુ વરસાદમાં અમદાવાદમાં અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. અમદાવાદ મહાપાલિકાની પોલ દરેક વરસાદમાં ખુલે છે. મનપાના કોર્પોરેટરોમાં જરા પણ શરમ બચી હોય તો રસ્તા પર ઉતરવું જોઈએ. આનન-ફાનનમાં બેઠકો યોજી આયોજન કરનારા અધિકારીઓના દાવાઓનું શું થયું? દરેક વરસાદમાં અમદાવાદના નાગરિકો હેરાન થાય છે. દરેક વખતે અમદાવાદ મનપાના પ્રી મોનસૂન પ્લાન પાણીમાં ગરકાવ થઈ જાય છે. મણિનગર જેવા પોશ ગણાતા વિસ્તારોમાં પણ પાણી ભરાયા છે. મીઠાખળી અંડરપાસ બંધ કરવામાં આવ્યો છે. મણિનગર અંડરપાસ પણ ભારે વરસાદને લઈ બંધ છે. અનેક ઠેકાણે વર્ષોથી જળભરાવ થાય છે તો કાયમી નિકાલ કેમ નહીં ? અમદાવાદમાં નવા વિકસેલા વિસ્તારોમાં પાણી નિકાલનું કેમ આયોજન નહીં?

અમદાવાદના શેલા વિસ્તારમાં ભરાયેલા ઘૂંટણસમા પાણીમાંથી પસાર થઈ રહેલી એકલવ્ય સ્કૂલની બસ અચાનક બંધ પડી ગઈ હતી. બસમાં ૨૦થી વધુ માસૂમ વિદ્યાર્થીઓ સવાર હોવાથી ભારે અફરાતફરી સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં જ શાળાની બીજી બસ સ્થળ પર મોકલવામાં આવી હતી અને પાણી વચ્ચે જ તમામ બાળકોને સલામત રીતે બીજી બસમાં શિફ્ટ કરી રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા. અમદાવાદ શહેરમાં સતત પડી રહેલા ભારે વરસાદ અને વિવિધ વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિને ધ્યાને રાખી શિક્ષણ વિભાગે મહત્વપૂર્ણ નિર્દેશ આપ્યા છે. અમદાવાદ પૂર્વ અને પશ્ચિમની તમામ શાળાઓના સંચાલકોને સ્થાનિક સ્થિતિનું મૂલ્યાંકન કરી શૈક્ષણિક કામગીરી ચાલુ રાખવી કે બંધ રાખવી તે અંગે સ્વેચ્છાએ યોગ્ય નિર્ણય લેવા જણાવાયું છે. વિદ્યાર્થીઓ અને સ્ટાફની સલામતી જાળવી વાલીઓને સમયસર જાણ કરવા તાકીદ કરાઈ છે.

અમદાવાદ શહેરમાં સવારે ૬થી બપોરે ૧૨ વાગ્યા સુધીના ૬ કલાકમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી છે. જેમાં સૌથી વધુ વટવામાં ૪.૩૭ઈંચ અને લંભામાં ૪.૨૧ ઈંચ વરસાદ ખાબક્યો હતો. નારોલથી સરખેજ હાઈવે પર બ્રિજ બનાવવાની કામગીરી ચાલુ છે. આ કામગીરી હેઠળ નેશનલ હાઈવે નો રોડ ઓછો થઈ ગયો છે અને તેની આજુબાજુમાં આવેલી સોસાયટીઓના રોડ નીચે થઈ ગયા છે જેના કારણે પાણીનું વહેણ સોસાયટીઓ તરફ થતા ત્યાં પાણી ભરાયા છે.

ભારે વરસાદના કારણે નેહરૂનગર ST પિકઅપ સ્ટેન્ડ પણ પાણીમાં ગરકાવ થઈ ગયો છે. જેના કારણે મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. નેહરૂનગર ST પિકઅપ સ્ટેન્ડ પર વરસાદી પાણી ભરાઈ જતાં મુસાફરો અટવાયા હોવાની સ્થિતિ સર્જાઈ છે. ભારે વરસાદ અને પાણી ભરાવાના કારણે ST બસોના સંચાલન પર પણ અસર પડી છે અને બસ મોડી પડતા થતાં મુસાફરોને પોતાના ગંતવ્યસ્થળે પહોંચવામાં મુશ્કેલી પડી રહી છે. બીજી તરફ, નેહરૂનગરથી કેશવબાગ સુધીના માર્ગ પર પણ પાણી ભરાતા ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ છે. કેટલાક વિસ્તારોમાં ઘૂંટણ સુધી પાણી ભરાઈ જતા રાહદારીઓ તેમજ વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. શહેરમાં સતત વરસી રહેલા વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા વધુ ગંભીર બની છે. વાહનચાલકોને પાણી ભરાયેલા રસ્તાઓ પર સાવચેતીપૂર્વક વાહન ચલાવવાની ફરજ પડી રહી છે. ભાઈપુરા-હાટકેશ્વર વોર્ડ અને ખોખરા વોર્ડના અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાતા સ્થાનિકો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ભાઈપુરા-હાટકેશ્વર વોર્ડમાં આવેલા ઉદ્ગમ અર્ચના હાઈસ્કૂલના સંકુલમાં પણ વરસાદી પાણી ભરાઈ જતા શાળા સંકુલમાં મુશ્કેલી સર્જાઈ હતી. હાટકેશ્વરના ૧૩૨ ફૂટ રિંગ રોડથી ગુરુજી બ્રિજ સુધીના માર્ગ પર અનેક સ્થળોએ પાણી ભરાઈ ગયું હતું. સાથે જ ખારીકટ કેનાલ નજીકના નીચાણવાળા સોસાયટી વિસ્તારોમાં પણ વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. શહેરના એસ.જી. હાઈવે પર ભારે વરસાદને પગલે ઈસ્કોન બ્રિજથી કર્ણાવતી ક્લબ તરફ જતાં વાહનો ધીમે ધીમે પસાર થઈ રહ્યા છે. તાજેતરમાં શરૂ કરાયેલા નવા રેમ્પને કારણે પાણી ભરાવાની સ્થિતિમાં પણ ટ્રાફિક વ્યવસ્થિત રીતે સુચારૂ રહ્યો છે. બીજી તરફ, ભારે વરસાદ અને પાણી ભરાવાના કારણે વાહનચાલકોની સુરક્ષા અર્થે મીઠાખળી અંડરપાસ વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે. જ્યારે વાસણા બેરેજના ગેટ નંબર ૨૫, ૨૬, ૨૭ ખોલ્યા છે. ભારે વરસાદને પગલે પાણી ભરાતા અનેક અંડરબ્રિજમાંથી વાહનોનું પસાર થવું મુશ્કેલ થઈ રહ્યું છે ત્યારે સરદાર પટેલ રિંગ રોડ પર આવેલા મોહમ્મદપુરા ખાતેના અંડર બ્રિજમાં પાણી ભરાઈ જવાને કારણે તેને વાહનવ્યવહાર માટે બંધ કરવાની જાહેરાત કરાઇ છે. અમદાવાદ શહેરમાં અત્યાર સુધીમાં સિઝનનો કુલ સરેરાશ વરસાદ ૨૭.૪૬ ઈંચ થયો છે. જે છેલ્લા ૫ વર્ષની સિઝન સરેરાશના ૭૬.૨૮ ટકા જેટલો થાય છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન શહેરમાં સરેરાશ ૧.૭૪ ઈંચ વરસાદ થયો હતો. રિપોર્ટ મુજબ વાસણા બેરેજની પાણીની સપાટી ૧૨૯.૦૦ ફૂટ પર છે. નદીમાં ૩૫૮ ક્યુસેક પાણીનો આઉટફ્લો થઈ રહ્યો છે અને બેરેજનો ૧ ગેટ ૦.૫ ફૂટ ખુલ્લો રાખવામાં આવ્યો છે.

### સેક્ટર-A અને Bમાં સ્થિતિ ગંભીર

# ડ્રેનેજનું કામ થયું છતાં સ્ટર્લિંગ સિટીના રસ્તાઓ પાણીમાં ગરકાવ

## અગાઉના વરસાદમાં આ વિસ્તારમાં પાણી ઘૂસ્યા બાદ ડ્રેનેજનું કામ કરવામાં આવ્યું હતું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૪

અમદાવાદના બોપલના સ્ટર્લિંગ સિટી વિસ્તારમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા ફરી ગંભીર બની છે. પોણા કલાક જેટલા વરસાદમાં સ્ટર્લિંગ સિટીના સેક્ટર-A અને Bના રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. અનેક જગ્યાએ પાણી મકાનોના ઓટલા સુધી પહોંચી જતાં રહીશોમાં ઘરોમાં પાણી ઘૂસી જવાની ભીતિ ઊભી થઈ હતી. ખાસ વાત એ છે કે અગાઉના વરસાદમાં પણ આ જ વિસ્તારમાં પાણી ઘૂસ્યા બાદ ડ્રેનેજનું કામ કરવામાં આવ્યું હતું, છતાં વરસાદ પડતાં ફરી એ જ સ્થિતિ સર્જાતાં કામગીરીની અસરકારકતા સામે સવાલો ઊભા થયા છે.

અગાઉ સ્ટર્લિંગ સિટી સેક્ટર-A અને Bમાં વરસાદ દરમિયાન પાણી ભરાવાની સાથે કેટલાક ઘરોમાં પણ પાણી પ્રવેશ્યું હતું. ત્યારબાદ થલતેજ વૉર્ડમાં ડ્રેનેજનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન બોડકદેવ વૉર્ડના સ્ટર્લિંગ સિટી સેક્ટર-Aમાં ખોદકામ કરી ગટરની પાઈપો નાખવામાં આવી હતી અને તેનું જોડાણ મુખ્ય ગટર લાઈન સાથે કરવામાં આવ્યું હતું. પરંતુ રહીશોના જણાવ્યા મુજબ, આ કામગીરી દરમિયાન વરસાદી પાણીના નિકાલ માટેની કેટલીક ગટરો બંધ થઈ ગઈ હતી. કામ દરમિયાન કોન્ટ્રાક્ટરના કર્મચારીઓને આ અંગે વારંવાર જાણ કરવામાં આવી હતી કે વરસાદી પાણીની ગટર બંધ થશે તો રસ્તા પર ભરાયેલું પાણી બહાર કેવી રીતે જશે. તેમ છતાં યોગ્ય પગલાં લેવામાં આવ્યા ન હોવાનો રહીશોનો આક્ષેપ છે. રહીશોનું કહેવું છે કે, વરસાદી પાણીના નિકાલનો માર્ગ અસરગ્રસ્ત થતાં પાણી રસ્તા પર વધુ પ્રમાણમાં ભરાઈ રહ્યું છે. ગઈકાલે પણ સામાન્ય વરસાદ દરમિયાન પાણી ભરાયા બાદ ગટરનું ઢાંકણું ખોલવા માટે રજૂઆત કરવામાં આવી હતી. જો કે, માત્ર થોડું ઢાંકણું ઊંચું કરીને કામગીરી કરવામાં આવી હોવાનો રહીશોનો આક્ષેપ છે. હવે ફરી વરસાદમાં રસ્તાઓ પર પાણી ભરાતાં સ્થાનિકોમાં એવો સવાલ ઊભો થયો છે કે, ડ્રેનેજની કામગીરી બાદ પણ પાણીનો નિકાલ કેમ થઈ રહ્યો નથી અને વરસાદી પાણી ક્યાં સુધી ભરાઈ રહેશે ? સ્ટર્લિંગ સિટી સેક્ટર-A અને Bની વચ્ચેનો રોડ થલતેજ અને બોડકદેવ વૉર્ડની હદને અલગ કરે છે. જેના કારણે પાણી ભરાવાની સ્થિતિમાં કયા વૉર્ડ દ્વારા કામગીરી કરવી તે મુદ્દે પણ સ્થાનિકોમાં સવાલો ઊભા થાય છે. રહીશોનું કહેવું છે કે, વૉર્ડની હદનો પ્રશ્ન ઊભો થાય ત્યારે જવાબદારી એકબીજા પર ઢોળાય તેના બદલે બંને વૉર્ડના જવાબદાર અધિકારીઓ અને ચૂંટાયેલા કોર્પોરેટરોએ સ્થળ પર પહોંચી સમસ્યાનું નિરીક્ષણ કરવું જોઈએ. શ્યામ બંગલો તથા સ્ટર્લિંગ સિટી સેક્ટર-A અને B વિસ્તારમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા લાંબા સમયથી હોવાનો રહીશોનો દાવો છે. અગાઉની ઘટનાઓ બાદ ડ્રેનેજની કામગીરી કરવામાં આવી હોવા છતાં ફરી પાણી ભરાતાં હવે કાયમી ઉકેલની માગ ઉઠી છે. રહીશોનું કહેવું છે કે, બંને વૉર્ડના કોર્પોરેટરો અને તંત્રના અધિકારીઓ સ્થળની મુલાકાત લઈ વાસ્તવિક સમસ્યા સમજે અને પાણીના નિકાલ માટે કાયમી વ્યવસ્થા કરે. માત્ર વરસાદ સમયે ઢાંકણું ખોલવા કે તાત્કાલિક કામગીરી કરવાથી સમસ્યાનો ઉકેલ નહીં આવે, પરંતુ પાણી કયા માર્ગે અને કેટલી ઝડપથી બહાર નીકળે તેની યોગ્ય વ્યવસ્થા કરવી જરૂરી છે.

## એસએસ રિટેલ લિમિટેડનો આઈપીઓ આવતીકાલે ખુલશે

અમદાવાદ, તા.૧૪

એસએસ રિટેલ લિમિટેડે તેના ઈક્વિટી શેરના આઈપીઓની જાહેરાત કરી હતી. ઓફરની વિગતો આ મુજબ છે : આ ઓફરમાં [.] ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂનો સમાવેશ થાય છે, જેની કુલ કિંમત રૂા.૩,૬૦૦.૦૦ મિલિયન સુધીની છે. આ ઉપરાંત, પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ સિદ્ધાર્થ ગુણવંત શાહ, દીપા સિદ્ધાર્થ શાહ, હર્ષલ કિશોર પારેખ અને ભાવિની હર્ષલ પારેખ તેમજ અન્ય શેર વેચનારા હિસ્સેદાર રાખી નરેન્દ્ર ફિરોદિયા દ્વારા [.] ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ સામેલ છે, જેની કુલ કિંમત રૂા.૧,૪૦૦.૦૦ મિલિયન સુધીની છે. રૂા.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેર (Equity Share) માટે રૂા.૪૦૩થી રૂા.૪૨૪ની પ્રાઈઝ બેન્ડ નક્કી કરવામાં આવ્યો છે. બિડ/ઓફર શરૂ થવાની તારીખ - બુધવાર, ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ અને બિડ/ઓફર બંધ થવાની તારીખ - શુક્રવાર, ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬

## સિનિયર સિટીઝન એસોસિએશન દ્વારા 'કુર્આનના સંદર્ભમાં મુસ્લિમ સમાજનો આર્થિક વિકાસ' અંગે સેમિનાર



અમદાવાદ, તા.૧૪

સિનિયર સિટીઝન એસોસિએશન, કાગદીવાડ, પાલડી દ્વારા ગતરોજ એસ.એલ. યુ. કોલેજ, કાગદીવાડ ખાતે 'મુસ્લિમ સમાજનો આર્થિક વિકાસ'. વિષય પર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના સભ્યો, સિનિયર સિટીઝન વેલ્ફેર એસોસિએશન, જુહાપુરાને સભ્યો તથા આમંત્રિત મહેમાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સંસ્થાના પ્રમુખ સિરાજુદ્દીન સૈયદે સંસ્થાના સૌસભ્યો અને મહેમાનોને આવકાર્યા હતા. સેમિનારના મુખ્ય વક્તા ઉવેસ સરેશવાલા કે જેઓ લેખક અને મેન્ટર છે. ચાર દાયકાના બિઝનેસ અનુભવ અને કુરાન, સુન્નત અને સીરતના ઊંડા અભ્યાસ સાથે સૌને માર્ગદર્શન આપી રહ્યા છે. તેમની સિદ્ધિઓને બિરદાવવા તેમને 'એવોર્ડ ઓફ ઓનર' અને 'સર્ટિફિકેટ ઓફ ઓનર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉવેસ સરેશવાલાએ જણાવ્યું કે, મુસ્લિમોના આર્થિક વિકાસના ઘણા મુદ્દાઓ છે પરંતુ સમયની પાબંદીને લીધે દરેક મુદ્દા પર વિગતવાર ચર્ચા કરવી શક્ય નથી. કુર્આનનું આપણે વાંચન કરીએ છીએ પરંતુ તેને સમજતા નથી કે તેનો અમલ કરતા નથી. આપણે કહીએ છીએ કે મુસ્લિમમાં કોઈ યોગ્ય લીડર નથી. આજથી ૧૪૦૦ વર્ષ પહેલા અલ્લાહ તઆલાએ પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ જેવા લીડર આપણને આપેલ છે પરંતુ આપણે તેમણે દર્શાવિલ માર્ગ ઉપર ચાલતા નથી. તેમણે કહ્યું કે, કુરાનની એક આયાતમાં લોકો સાથેના વ્યવહાર અને દેવાના લખાણ વિશે વિગતવાર રજૂઆત કરેલ છે.

## ચાંદખેડા ખાતે નવનિર્મિત ઉદ્યાનનું નામ 'સમ્રાટ અશોક ઉદ્યાન' રાખવા માંગ

અમદાવાદ, તા.૧૪

ચાંદખેડામાં કડી નાગરિક બેન્ક ચાર રસ્તા, સરજું અરેણાની સામે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક સુંદર ઉદ્યાનનું નિર્માણ કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય બૌદ્ધ મહાસભા, પંચશીલ ગ્રુપ, બોધીસત્વ બુદ્ધ વિહાર, બુદ્ધા ધસાયન્ટિસ્ટ સંગઠન જેવા સામાજિક સંગઠન આરાધ્યહોમ્સ, સરજુંગ્રીન, આસ્થા પ્રાઈમ, સમૃદ્ધમ નેસ્ટ, અષ્ટકએલીગન્સ, આવકાર બંગલો, શ્રેયાંશ રેસીડેન્સી, સોમેશ્વર પાર્ક ડાયમંડ ૬૪, ડાયમંડ ૨૭ તેમજ અન્ય સોસાયટીના ચેરમેન, સેક્રેટરી તેમજ ચાંદખેડાની સ્થાનિક જનતા દ્વારા મુખ્યમંત્રી, શહેરીવિકાસ મંત્રી, ધારાસભ્ય, મેયર, દંડક તેમજ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તથા સ્થાનિક કોર્પોરેટરોને રૂબરૂ મળીને તેમજ લેખિતમાં રજૂઆત કરીને આ નવનિર્મિત ઉદ્યાનનુંનામ 'સમ્રાટ અશોક ઉદ્યાન' આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. એમ એક અખબારી યાદીમાં રાષ્ટ્રીય બૌદ્ધ મહાસભાના ગુજરાત પ્રદેશ પ્રમુખ ધીરજ મૌર્ય, પંચશીલ ગ્રુપ અગ્રણી મોહનભાઈ મકવાણા અને ધવલભાઈ પરમાર દ્વારા જણાવાયું છે.


## જાહેર નોટીસ

આથી જાહેર જનતા/વીમા કંપની/ફાયનાન્સ કંપની નાઓને જણાવવાનું કે અત્રેના ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે મુદ્દામાલ નિકાલ ઝુંબેશ દરમ્યાન એમ.વી.એક્ટ-૨૦૭ તથા જાણવાજોગના કામે કબજે કરવામાં આવેલ વાહનો ઘણા સમયથી અત્રેના પોસ્ટે ખાતે પડી રહેલ છે તથા બી.એન.એસ.એસ-૧૭૯ મુજબની નોટીસ બજવણીની કાર્યવાહી કરેલ હોય પરંતુ સદર વાહન છોડાવવા સારૂં કોઈ કાર્યવાહી થયેલ ન હોય તથા અમુક વાહનોમાં માલિકની માહિતી મળેલ ન હોય જેથી નીચે જણાવેલ યાદી મુજબના વાહનના માલિકે જાહેરાત મળ્યેથી દિન-૦૫ માં અત્રેના પોસ્ટે. ક્રાઈમ રાઈટર હેડનાઓનો સંપર્ક કરી વાહન છોડાવવા સારુ યોગ્ય કાર્યવાહી કરવી.

### જાણવાજોગમાં જમા વાહનો

| | | |
|---|---|---|
| (૧) PASSION-GJ01DH9838 | (2) SPLENDOR-GJ01CR0343 | (3) CD DOWN-GJ01DJ2264 |
| (૪) SPLENDOR- GJ01CS2605 | (5) PLETINA-GJ01EN3313 | (6) ACTIVA-GJ01DN8420 |
| (૭) BAJAJ SCOOTER-GJ01CK1029 | | |

### એમ.વી.એક્ટ-૨૦૭માં જમા વાહનો

| | | |
|---|---|---|
| (1) BURGSMAN-એ.નં.-AF212148126, | (2) ACCESS-એ.નં.-AF211726754 MB8DP11AGJ8927930 | (3) PASSION-GJ01EL9859 |
| (4) ACTIVA- GJ01NL1719 | (5) ACTIVA-GJ01DG8078 | (6) ACTIVA-એ.નં.-JF50EU5512845 |
| (7) CD DOWN-GJ01DP9147 | (8) TVS-એ.નં.-DF5BG1247488, ચે.નં.-MD634CE69RF24310 | (9) SPLENDOR-એ.નં.-HA10ER6HG47470 |

(બી.એસ.જાડેજા)
પોલીસ ઈન્સ્પેક્ટર, ઈસનપુર પોલીસ સ્ટેશન, અમદાવાદશહેર

# RSS-BJP યુનિવર્સિટીઓને ઉધઈની જેમ ખાઈ ગયા છે, શૈક્ષણિક સ્વતંત્રતાનો અંત લાવ્યા છે !

## અપૂર્વાનંદની “વક્ત - બેવક્ત” કોલમમાં યુનિવર્સિટીઓની દુર્દશા, RSS-BJPનો પ્રભાવ, કુલપતિઓની નિમણૂકમાં ભ્રષ્ટાચાર અને શૈક્ષણિક સ્વતંત્રતાની સ્થિતિ વિશે વાંચો

(એજન્સી) તા.૧૪

પ્રોફેસર ગણેશ દેવી ઈચ્છે છે કે હું એક નોંધ તૈયાર કરૂં જેમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને ભારતીય જનતા પાર્ટી દ્વારા છેલ્લા ૧૩ વર્ષોમાં થયેલા વિનાશ પછી ભારતની યુનિવર્સિટીઓ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને તેમની મૂળ સ્થિતિમાં પુનઃસ્થાપિત કરવા માટે શું કરવાની જરૂર છે તે દર્શાવવામાં આવે. પ્રથમ, મારે સમજવાની જરૂર છે કે આ કેવા પ્રકારનો વિનાશ છે. એક રૂપક નેપાળમાં તાજેતરના પૂર છે, જેણે આખા ગામડાઓને નષ્ટ કરી દીધા હતા. અથવા, ભૂકંપને કારણે થયેલ વિનાશ. આવી વિનાશ તેના પોતાના ઉપર છલ્લા ડાઘ છોડી જાય છે. પરંતુ એક પ્રકારનો વિનાશ દુષ્કાળ અથવા રોગચાળાને કારણે થાય છે, જેમાં ઈમારતો, ગામડાઓ અને શહેરો પહેલાની જેમ જ રહે છે, પરંતુ તેમની અંદર જીવનનો સ્ત્રોત સુકાઈ જાય છે. ખેતરોને તેમની ફળદ્રુપ સ્થિતિમાં પાછા લાવવા માટે પ્રયત્નો કરવા જોઈએ. એ કહેવું મહત્વપૂર્ણ છે કે આજે યુનિવર્સિટીઓના વિનાશની ચર્ચા કરવી એ આ દેશની સેંકડો યુનિવર્સિટીઓ અને કોલેજો માટે અર્થહીન લાગશે, જે છેલ્લા ઘણા દાયકાઓથી ફક્ત નામની કોલેજો રહી ગઈ છે. ઘણીવાર કોઈ શિક્ષકો નથી, વર્ગો ફક્ત નામના જ હોય છે અને પરીક્ષાઓ યોજાય છે, પરંતુ તેમને પરીક્ષાઓ કહેવું મજાક હશે. વિદ્યાર્થીઓ ડિગ્રી મેળવે છે પરંતુ ભાગ્યે જ વર્ગખંડ જોયો છે. અમે એવા વિદ્યાર્થીઓને મળ્યા છીએ જેઓ સ્વીકારે છે કે તેઓ તેમના ગ્રેજ્યુએશનના ત્રણ વર્ષમાં ક્યારેય વર્ગખંડમાં બેઠા નથી. ઘણા રાજ્યોમાં, શિક્ષકોને દર થોડા મહિને એકમ પગાર મળે છે. તમે સેમેસ્ટર અને આંતરિક મૂલ્યાંકન જેવા શબ્દો સાંભળશો, પરંતુ જો તમે પ્રમાણિક છો, તો તમને ખ્યાલ આવશે કે શિક્ષણ ફક્ત નામનું છે. કોચિંગ સંસ્થાઓ પાણીની કચરાની જેમ ફેલાઈ ગઈ છે. આ ફક્ત એક રાજ્યની વાર્તા નથી. કુલપતિઓની નિમણૂકમાં જાતિ અને પૈસા નિર્ણાયક પરિબળો છે. શિક્ષક નિમણૂકો જટિલ છે. ઉદાહરણ તરીકે, બિહારમાં, જ્યાં કુલપતિઓની નિમણૂકમાં ભ્રષ્ટાચારની વાર્તાઓ સામાન્ય છે, તાજેતરના વર્ષોમાં, દરેક વ્યક્તિ દાવો કરે છે કે શિક્ષકોની નિમણૂકો પ્રામાણિકપણે કરવામાં આવી છે અને પ્રતિભાશાળી વિદ્વાનો બિહારમાં આવ્યા છે. પરંતુ મહારાષ્ટ્રના એક શિક્ષકે ગયા વર્ષે મને કહ્યું હતું તેમ, ત્યાં ખાનગી કોલેજના શિક્ષકોના પગારનો એક ભાગ એવા લોકોને જાય છે જેઓ તેમની નિમણૂકની તરફેણ કરતા હતા. આ રાજ્યોના શિક્ષકો માટે શૈક્ષણિક સ્વતંત્રતા એક વિદેશી શબ્દ છે કારણ કે અભ્યાસક્રમ અને અભ્યાસક્રમના વિકાસમાં તેમની ભૂમિકા નજીવી છે. તેમના નિર્ણયો શૈક્ષણિક જીવનના કોઈપણ પાસાને અસર કરતા નથી. મેં તાજેતરમાં મારી પટના કોલેજની મુલાકાત લીધી અને તેની દયનીય સ્થિતિ જોઈને નિરાશ થયો. ઘાસના મેદાનો જંગલમાં ફેરવાઈ ગયા છે, દરવાજા સદીઓથી ધૂળથી ભરેલા લાગે છે અને ભવ્ય વહીવટી ઈમારતની લાકડાની સીડી પર કાંટાથી બાંધેલી કાર્પેટ ફાટી ગઈ છે અને રંગીન થઈ ગઈ છે. વિદ્યાર્થીઓ કુપોષિત દેખાતા હતા. મને આશ્ચર્ય થયું કે તેઓ સેમિનારમાં બે કલાક સુધી બેઠા રહ્યા. આ ફક્ત યુવાનોમાં રહેલી તરસ અને મક્કમતા દર્શાવે છે. આ ઘણા લાંબા સમયથી



ચાલી રહ્યું છે કે હવે તે રાજ્યોમાં ચર્ચાનો વિષય પણ નથી. એ કહેવું મહત્વપૂર્ણ છે કે આ લાંબા સમયથી ચાલી રહેલા વિનાશ માટે RSS કે BJPને જવાબદાર ઠેરવી શકાય નહીં. પછી ભલે તે પશ્ચિમ બંગાળમાં ડાબેરી મોરચો હોય, કોંગ્રેસ હોય કે રાષ્ટ્રીય જનતા દળ હોય કે બિહાર અને અન્યત્ર સમાજવાદી પાર્ટી હોય, અથવા દ્રવિડિયન પક્ષો હોય કે વિવિધ સમાજવાદી પક્ષો હોય, બધા જ દોષિત છે. કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ આ વિનાશમાંથી અમુક અંશે બચી ગઈ. ભારતની કેન્દ્રીય યુનિવર્સિટીઓ અને IITsને તેમાં ગણી શકાય. તેમની નાણાકીય સ્થિતિ રાજ્ય સંસ્થાઓ કરતા સારી હતી. શિક્ષકોની નિમણૂકમાં વ્યક્તિગત પક્ષપાતના ઘણા અહેવાલો છે, પરંતુ સક્ષમ વિદ્યાર્થીઓ શિક્ષણની નોકરીઓ મેળવવાની અપેક્ષા રાખી શકે છે. અભ્યાસક્રમ અને અભ્યાસક્રમ અંગેના નિર્ણયો સંબંધિત વિભાગો અને શિક્ષકો દ્વારા લેવામાં આવતા હતા. પ્રવેશ પરીક્ષા પ્રક્રિયા પણ શૈક્ષણિક સંસ્થાના હાથમાં હતી. તમે કેમ્પસમાં વિવિધ પ્રકારની બૌદ્ધિક પ્રવૃત્તિ જોઈ શકો છો, અને વિવિધ મંતવ્યો સાંભળી શકો છો. વિદ્યાર્થી રાજકારણ પણ પ્રચલિત હતું. કેમ્પસનું વાતાવરણ આ બૌદ્ધિક અને રાજકીય વિવિધતા દ્વારા આકાર અને સમૃદ્ધ બન્યું હતું.

શિક્ષકો કોઈપણ શૈક્ષણિક સંસ્થાનો આધાર છે. વાઈસ ચાન્સેલર અથવા ડિરેક્ટર ૫ કે ૧૦ વર્ષ સુધી સેવા આપશે, જ્યારે કેમ્પસમાં શિક્ષકનો સરેરાશ કાર્યકાળ ૩૦ વર્ષ છે. જો તેમના કેસ સાથે ચેડા થાય છે, તો સંસ્થાનું ધીમે-ધીમે મૃત્યુ નિશ્ચિત છે.

શૈક્ષણિક સંસ્થાઓમાં RSS હિન્દુત્વ અને ભારતીયતા સિવાય અન્ય કોઈ વિચારધારા માટે કોઈ સ્થાન નથી. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સંસ્થા દ્વારા સુરક્ષિત છે. અન્ય વિદ્યાર્થી સંગઠનોને ગુનેગાર ગણવામાં આવે છે. કેમ્પસમાં ફક્ત એક જ રંગ છે : ભગવો. કેમ્પસ હિન્દુત્વ રાષ્ટ્રવાદના પ્રચાર માટે પ્લેટફોર્મ બની ગયા છે.

જો ભાજપ શાસન ક્યારેય સમાપ્ત થાય, તો આ કેમ્પસને તેમના સાચા કાર્ય અને જવાબદારીની યાદ અપાવવા માટે શું કરવામાં આવશે ? આ કોના દ્વારા કરવામાં આવશે ? આ પ્રશ્નનો જવાબ કેવી રીતે આપવો જોઈએ? શું પ્રોફેસર દેવી પોતે આ પ્રશ્નો સાથે ઝઝૂમી રહ્યા નથી જ્યારે તેમની સયાજીરાવ યુનિવર્સિટી ભાજપ અને RSS દ્વારા નાશ પામી હતી ?

# દુર્ગા પૂજા પહેલાં કે પછી NCPIના ૧૭ સાંસદો ભાજપમાં જોડાશે : બળવાખોર TMC સાંસદનો દાવો

## અગાઉ, ૧૪ જૂનના રોજ, ૨૦ બળવાખોર TMC સાંસદોએ 'નેશનાલિસ્ટ સિટીઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા' (NCPI) - જે બહુ જાણીતી નથી - તેમાં વિલીનીકરણની જાહેરાત કરી હતી અને સત્તાધારી NDAને સમર્થન આપ્યું હતું

(એજન્સી) તા.૧૪

તૃણમૂલ કોંગ્રેસના પૂર્વ નેતા અને કૂચ બિહારના સાંસદ જગદીશ ચંદ્ર બર્મા બસુનિયાએ સોમવારે દાવો કર્યો હતો કે ‘નેશનાલિસ્ટ સિટીઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા’ (NCPI)ના ૨૦માંથી ૧૭ સાંસદો ઓક્ટોબરમાં આવતી દુર્ગા પૂજા પહેલાં કે પછી ભાજપમાં જોડાવાની તૈયારી કરી રહ્યા છે.

બસુનિયાના જણાવ્યા અનુસાર, ૧૭ સાંસદોએ સાથે મળીને પક્ષ બદલવાની યોજનાને આખરી ઓપ આપ્યો છે; તેમનો દાવો છે કે આ પગલાથી તેઓ પક્ષપલટા વિરોધી કાયદા (anti-defection law)ની જોગવાઈઓ હેઠળ આવશે નહીં.

‘અમે ૧૭ સાંસદો સાથે મળીને ભાજપમાં જઈ રહ્યા છીએ. ૨૦ સભ્યોમાંથી બે-તૃતીયાંશથી વધુ સભ્યો પક્ષ બદલી રહ્યા હોવાથી, અમારા પર પક્ષપલટા વિરોધી કાયદો લાગુ પડશે નહીં,’ તેમ બસુનિયાએ PTI સમાચાર એજન્સીને જણાવ્યું હતું.

અગાઉ, ૧૪ જૂનના રોજ, ૨૦ બળવાખોર TMC સાંસદોએ ‘નેશનાલિસ્ટ સિટીઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા’ (NCPI)માં વિલીનીકરણની જાહેરાત કરી હતી અને સત્તાધારી NDAને સમર્થન આપ્યું હતું. ગેરલાયક ઠરવાથી બચવા માટે, ૨૦ બળવાખોર સાંસદોમાંથી ઓછામાં ઓછા ૧૪ સાંસદોનું સમર્થન હોવું જરૂરી છે જેથી બે-તૃતીયાંશ બહુમતીનો આંકડો પ્રાપ્ત કરી શકાય. બસુનિયાએ એવો પણ દાવો કર્યો હતો કે લઘુમતી સમુદાયના ત્રણ NCPI સાંસદો તેમના મતવિસ્તારોની રાજકીય અને વહીવટી પરિસ્થિતિઓને કારણે ઔપચારિક રીતે ભાજપમાં જોડાશે નહીં. તેમણે દાવો કર્યો હતો કે અબુ તાહેર ખાન, ખલીલુર રહેમાન અને યુસુફ પઠાણની ત્રિપુટી બહારથી NDAને સમર્થન આપશે. ‘તેઓ NDAને સમર્થન આપશે અને કદાચ તેમને મહત્વપૂર્ણ જવાબદારીઓ અથવા



મંત્રીપદ (પોર્ટફોલિયો) સોંપવામાં આવી શકે છે,’ તેમ બસુનિયાએ કહ્યું.

દરમિયાન, પશ્ચિમ બંગાળ ભાજપના પ્રમુખ સમિક ભટ્ટાચાર્યએ કોલકાતા અને હાવડામાં આગામી નાગરિક ચૂંટણીઓ માટે NCPI સાથે ગઠબંધન કરવાની શક્યતાને નકારી કાઢી છે. આ પણ વાંચો NCPIના સાંસદોએ TMCની અરજી અંગે વધુ સમય માંગ્યો; જવાબ આપવા માટે ૩ અઠવાડિયાની મુદત લંબાવવાની વિનંતી કરી ‘NCPIએ NDAનો સહયોગી પક્ષ છે. પશ્ચિમ બંગાળમાં ભાજપ એકલા હાથે ચૂંટણી લડશે. અમે અમારા પોતાના દમ પર હાવડા અને કોલકાતાની સ્થાનિક સંસ્થાઓમાં બે-તૃતીયાંશ બહુમતી મેળવીશું,’ તેમ ભટ્ટાચાર્યએ પત્રકારોને જણાવ્યું હતું. જો કે, NCPIના સાંસદ સુદીપ બંદ્યોપાધ્યાયે કહ્યું હતું કે તેમનો પક્ષ આગામી કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી NDAના ઘટક પક્ષ તરીકે લડશે. ‘અમે NDAના પક્ષ તરીકે ચૂંટણી લડીશું અને આ અંગે ભાજપના વરિષ્ઠ નેતાઓ સાથે વાતચીત કરી છે, જેમણે આ વાતની પુષ્ટિ કરી છે,’ તેમ બંદ્યોપાધ્યાયે પત્રકારોને જણાવ્યું હતું.

# શું ટ્રમ્પ નકલ કરી રહ્યા છે ? ડી.કે. શિવકુમારનો દાવો : ૫૦૦૦ ડૉલરનું વચન કોંગ્રેસના મોડેલ પર આધારિત છે

(એજન્સી) તા.૧૪

કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે દાવો કર્યો છે કે, રાજ્યમાં કોંગ્રેસ સરકારની ગેરંટી યોજનાઓની નકલ માત્ર ભારતના અન્ય રાજ્યો જ નહીં પરંતુ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પણ કરી રહ્યા છે. શિવકુમારે કહ્યું કે, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને બિહારે કર્ણાટકની કલ્યાણકારી યોજનાઓની નકલ કરી છે અને દાવો કર્યો કે અમેરિકનોને ૫૦૦૦ ડૉલર (રૂા.૪.૭૯ લાખ) આપવાનો ટ્રમ્પનો પ્રસ્તાવ પણ કોંગ્રેસ સરકારના ગેરંટી મોડેલ જેવો જ છે.

‘તેમણે મહારાષ્ટ્રમાં અમારી નકલ કરી, મધ્યપ્રદેશમાં અમારી નકલ કરી, રાજસ્થાનમાં અમારી નકલ કરી અને બિહારમાં અમારી નકલ કરી. હવે ટ્રમ્પ પણ અમારી નકલ કરી રહ્યા છે,’ શિવકુમારે કહ્યું.

તેમની આ ટિપ્પણી ટ્રમ્પના તે વાયદાના સંદર્ભમાં હતી જેમાં તેમણે



## ડી.કે. શિવકુમારે કહ્યું કે, ડોનાલ્ડ ટ્રમ્પની પ્રસ્તાવિત ૫૦૦૦ ડૉલરની રકમ (ડિવિડન્ડ) કર્ણાટકની ગેરંટી યોજનાઓ જેવી જ છે, તેમણે કહ્યું કે, આ સરખામણી દર્શાવે છે કે, કોંગ્રેસ સરકારના કલ્યાણકારી વિચારો ભારતની બહાર પણ ધ્યાન ખેંચી રહ્યા છે

કહ્યું હતું કે, જો નવેમ્બરની ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટી યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટ બંને પર નિયંત્રણ જાળવી રાખશે, તો દરેક પુખ્ત અમેરિકનને ૫૦૦૦ ડૉલર આપવામાં આવશે. ટ્રમ્પે ડલ્લાસમાં રિપબ્લિકન સંમેલનમાં આ પ્રસ્તાવની જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે, આ રકમ રિપબ્લિકન નેતૃત્વ હેઠળની આર્થિક સફળતાને પ્રતિબિંબિત કરશે. તેમણે એમ પણ કહ્યું કે, આ રકમ યુનાઈટેડ સ્ટેટ્સની અંદર જ ખર્ચવી પડશે. તે સમયે પ્રસ્તાવ વિશે વધુ વિગતો આપવામાં આવી ન હતી. ટ્રમ્પની જાહેરાતનો ઉલ્લેખ કરતા શિવકુમારે કહ્યું, ‘ટ્રમ્પને જુઓ. તેઓ ૫૦૦૦ ડૉલર, ૫૦,૦૦૦ ડૉલર કે ૫૦૦૦ ડૉલરની વાત કરી રહ્યા છે. હવે તેઓ કહી રહ્યા છે કે, ‘ટ્રમ્પને મત આપો અને હું તમને આટલા ડૉલર આપીશ.’ શિવકુમારે કહ્યું કે, આ સરખામણી દર્શાવે છે કે, કર્ણાટકમાં કોંગ્રેસ સરકારની કલ્યાણકારી ગેરંટી સાથે સંકળાયેલા વિચારો ભારતની બહાર પણ માન્યતા મેળવી રહ્યા છે. ‘આનો અર્થ એ છે કે, આપણા વિચારો માત્ર ભારતભરમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં જાણીતા બની રહ્યા છે. આ કોંગ્રેસ પક્ષની તાકાત છે,’ તેમણે કહ્યું. તેમણે વધુમાં કહ્યું કે, વિશ્વ કોંગ્રેસ પક્ષ દ્વારા અનુસરવામાં આવતા બંધારણ અને સિદ્ધાંતોની નોંધ લઈ રહ્યું છે. ‘આખું વિશ્વ હવે આપણા બંધારણ અને આપણે જે સિદ્ધાંતોનું પાલન કરી રહ્યા છીએ તેની નોંધ લઈ રહ્યું છે,’ શિવકુમારે કહ્યું. કર્ણાટકમાં કોંગ્રેસ સરકારે ૨૦૨૩માં સત્તામાં આવ્યા બાદ તેના મુખ્ય ‘ગેરંટી કાર્યક્રમો’ (વચન-આધારિત યોજનાઓ) અમલમાં મૂક્યા.

આ યોજનાઓમાં રાજ્ય સંચાલિત બસોમાં મહિલાઓ માટે મફત મુસાફરી, પરિવારની મહિલા વડાઓ માટે માસિક આર્થિક સહાય, પાત્ર પરિવારો માટે નિર્ધારિત મર્યાદા સુધી મફત વીજળી, અનાજ સહાય તેમજ બેરોજગાર સ્નાતકો અને ડિપ્લોમા ધારકો માટે આર્થિક સહાયનો સમાવેશ થાય છે. શિવકુમારે વારંવાર કર્ણાટકના ‘ગેરંટી મોડલ’ને કોંગ્રેસના કલ્યાણ-કેન્દ્રિત અભિગમના ઉદાહરણ તરીકે રજૂ કર્યું છે.

### અમદાવાદ હાલાઈ મેમણ મોટી જમાતના સતત આઠ ટર્મથી વિના વિરોધે પ્રમુખ તરીકે રેકોર્ડ ભણી આગળ વધતા શરીફભાઈ મેમણ

# કોઈપણ વ્યક્તિ ગરીબ કે ઝકાત લેવાવાળો ન રહે અને પગભર-સક્ષમ બને તે જ મુખ્ય ધ્યેય

## મુખ્ય ફોકસ હાઉસિંગ અને શિક્ષણ ક્ષેત્રે સતત આગળ વધી રહ્યા છીએ કે જેથી કોઈ મકાન વિના અને શિક્ષણ વિના ના રહે : શરીફભાઈ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૪

સમગ્ર મેમણ જમાતના સભ્યોમાંથી કોઈપણ વ્યક્તિ ગરીબ કે ઝકાત લેનાર ન રહે એટલે કે તે પગભર અને સક્ષમ બની અન્યને ઝકાત આપનાર બને તેવા ધ્યેય સાથે કાર્યરત મેમણ જમાતના યુવા પ્રમુખ શરીફભાઈ મેમણે જણાવ્યું હતું કે અમારી જમાતનો મુખ્ય ફોકસ હાઉસિંગ અને એજ્યુકેશન ઉપર છે અને તે દિશામાં અમે સતત કામગીરી કરતા રહીએ છીએ.

અમદાવાદ હાલાઈ મેમણ મોટી જમાતના યુવા પ્રમુખ અને વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝેશન (WMO)ના ઈન્ટરનેશનલ ટ્રસ્ટી શરીફભાઈ મેમણની WMOના ઈન્ડિયા ચેપ્ટરના જનરલ સેક્રેટરી તરીકેની ટર્મ પણ તાજેતરમાં જ પૂર્ણ થઈ છે. દીપ બિલ્ડર્સના નામની જાણીતી રિયલ એસ્ટેટ કંપની થકી છેલ્લા ૪૫ વર્ષથી આ ક્ષેત્રે કાર્યરત શરીફભાઈ મેમણ ધંધાકીય ક્ષેત્રે પણ મિસાલરૂપ ભાગીદારીનો રેકોર્ડ ધરાવે છે. શરીફભાઈ મેમણ અમદાવાદની મેમણ




## વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝેશન (WMO) થકી પણ હાઉસિંગ-શિક્ષણના પ્રોજેક્ટ અમલમાં, માઈક્રો ફાઈનાન્સ હેઠળ લોન પણ અપાય છે

જમાતમાં પ્રમુખ તરીકેની આઠમી ટર્મમાં કાર્યરત છે. તેઓ આ ટર્મ પૂર્ણ થવા સુધીમાં સમગ્ર દેશમાં કોઈપણ વિરોધ વિના સતત આઠ ટર્મ પૂર્ણ કરનાર યુવા પ્રસિડેન્ટનો રેકોર્ડ બનાવી રહ્યા છે. તેઓ સૌપ્રથમ જમાતના વડીલ સાથીઓના કહેવાથી ૧૯૯૧માં જમાતના હાઉસિંગ કોલોની બનાવવાના કામમાં જોડાયા ત્યારથી સતત કાર્યરત થઈ ગયા છે.

જમાતની કામગીરી પર પ્રકાશ પાડતાં તેમણે જણાવ્યું હતું કે, અમોએ ઝકાત લેનારા ૧૦૪ લોકોને મકાનો બનાવી આપ્યા છે. વર્લ્ડ મેમણ જમાત કે અન્ય કોઈ પણ જમાતની સહાય વિકા માત્ર અમારી જમાતના ભંડોળ થકી આ શકય બનેલ છે. અમારી જમાતના ૪૦-૫૦ ઓફિસ બેરર્સ અને કારોબારીની ટીમ સાથે મળીને કામ કરે છે. જેના કારણે આજથી ૨૦ વર્ષ અગાઉ સમાજનું જે સ્તર હતું તેમાં

### સમાજના વિકાસ માટે તટસ્થ અખબાર આવશ્યક; ‘ગુજરાત ટુડે’ સારી ભૂમિકા નિભાવી રહ્યું છે

ઘણો સુધારો થયો છે. ઘણો વિકાસ થયો છે. તેમ જણાવતાં શરીફભાઈએ વધુમાં ઉમેર્યું કે જમાતનું મુખ્ય ફોકસ હાઉસિંગ અને શિક્ષણનું હોઈ તેમાં કોઈ વંચિત ના રહે તેવા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ અનુસંધાને જ અમે કોલોનીઓ બનાવી રહ્યા છીએ તથા બાળકોને શિક્ષણ ફી પૂરી પાડવા ઉપરાંત સ્કૂલો વગેરે કાર્યરત કરવા ભણી આગળ વધી રહ્યા છીએ. આ ઉપરાંત ગરીબોને રાશન આપવામાં આવે છે અને રમઝાન માસમાં ખાસ રાશન તથા ઈદનો સામાન પણ આપવામાં આવે છે.

શરીફભાઈ મેમણે વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝેશન (WMO) અંગે જણાવતા કહ્યું કે તેના સમગ્ર વિશ્વમાં આઠ ચેપ્ટર છે તેમાં ઈન્ડિયા ચેપ્ટર સૌથી મોટું છે. WMOનું મુખ્ય ફોકસ એજ્યુકેશન, હાઉસિંગ અને માઈક્રો ફાઈનાન્સ પર છે. શિક્ષણ ક્ષેત્રે WMO દ્વારા NEST થકી સમગ્ર એક્ટિવિટી કરવામાં આવે છે. તેમાં ઝકાત ફંડમાંથી બાળકો ઉચ્ચ અભ્યાસથી ફીના અભાવે વંચિત ના રહી જાય તે માટે ફી આપવામાં આવે છે. આ ઉપરાંત “WMO આશિયાના” હેઠળ વિવિધ શહેરોમાં હાઉસિંગ કોલોનીઓ બનાવી મકાન વિહોણાને મકાનો આપવામાં આવે છે. ગુજરાતમાં સાવરકુંડલા, ગઢડા, જામનગર, જસદણ, ધોરાજી વગેરેમાં હાઉસિંગ કોલોનીઓ બની રહી છે. સ્થાનિક લોકલ જમાત વગેરે જમીન આપે છે. તેના પર અમો કન્સ્ટ્રકશન કરી મકાન બનાવી આપીએ છીએ. દરેકને મકાન તદ્દન મફતમાં આપવમાં આવે છે. ગુજરાતમાં અમરેલી, ભાવનગરમાં નવી કોલોની બનાવવામાં આવનાર છે. આ ઉપરાંત મહારાષ્ટ્રના ચિપ્લુરમાં સ્કૂલ બનાવાઈ છે, માલેગાંવમાં જુનિયર કોલેજ, મુંબઈમાં બે શાળા દત્તક લેવા ઉપરાંત ધોરાજીમાં બે સ્કૂલ-કોલેજ છે. મુંબઈ પાસે પાલઘરમાં મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ લગભગ તૈયાર થઈ ગઈ છે. જેનું આગામી માસમાં ઉદ્‌ઘાટન થશે. તેમણે માઈક્રો ફાઈનાન્સ ક્ષેત્રે અંગે જણાવ્યું કે જમાતના નવા મેમ્બર પાસેથી લેવાતી ફી અને પેટર્નની ફી વગેરે સદકએ જારિયા થકી આ માઈક્રો ફાઈનાન્સ આપવામાં આવે છે. રિક્ષા, ટેક્સી, દુકાન-શોપ વગેરે જે કોઈ ધંધા-રોજગાર માટે ૩૦ મહિનામાં રિટર્ન આપવાની શરતે લોન આપવામાં આવે છે. ટૂંકમાં જમાતની કોઈ વ્યક્તિ ગરીબ ના રહે, માંગવાવાળો ન રહે અને પગભર બને તેવા ધ્યેય સાથે જમાત સતત કામગીરી કરી રહેલ છે. આ ઉપરાંત કોઈને પોતાનું મકાન બનાવવું હોય તો તે માટે પણ રૂા. દોઢ લાખ સુધીની સહાય આપવામાં આવે છે. આ સાથે તેમણે સમાજના સક્ષમ લોકોને અપીલ કરી છે કે તેઓ સમાજના વિકાસ માટે આ ધ્યેયને પૂર્ણ કરવા આગળ આવે, સાથ-સહકાર આપે. સાથ-સહકારથી બધા મળીને કામ કરીશું તો પ્રગતિ ચોક્કસ થશે અને ધ્યેય પણ પૂર્ણ થશે માટે જ દરેક આર્થિક રીતે સક્ષમ લોકો સમાજ સાથે ઊભા રહે અને દિલથી ખર્ચ કરે તેમ તેમણે ઉમેર્યું હતું.

શરીફભાઈ મેમણે સમાજમાં એક તટસ્થ અખબારની આવશ્યકતા પર ભાર મૂકતા જણાવ્યું હતું કે સમાજના વિકાસમાં અખબારની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ હોય છે. “ગુજરાત ટુડે” દૈનિક તટસ્થ રીતે સમાચારો પ્રસિદ્ધ કરવા સહિતની ભૂમિકા સારી રીતે અદા કરી રહેલ છે. ગુજરાત ટુડે દરરોજ પાનાં ન. ૩ ઉપર યુવાનને શિક્ષણ તેમજ વેપાર ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા અલગ અલગ સમાચાર શોધીને લોકો સમક્ષ પ્રકાશિત કરે છે ત્યારે “ગુજરાત ટુડે” દૈનિકને મજબૂત અને સક્ષમ બનાવવા સૌ લોકોએ સાથ-સહકાર આપવો જોઈએ.

# હાલાર મેમણ જમાત અહેમદાબાદ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો




અમદાવાદ, તા.૧૪

હાલાર મેમણ જમાતના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ઈનામ વિતરણનો કાર્યક્રમ તારીખ ૧૩/૦૯, રવિવાર, ટાગોર હોલ, પાલડી ખાતે રાખવામા આવ્યો હતો.

આ પ્રોગ્રામમાં જમાતના આશરે ૨૦૦થી વધુ હોનહાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા, જેમા હાફીઝ, ડોક્ટર, સી. એ., એન્જિનિયર, વકીલ, તેમજ સ્પેશિયલ પરફોર્મન્સવાળા બાળકો પણ હતા. સાથોસાથ હાલાર મેમણ જમાતના સભ્યો માટેની નામાવલી સાથેની ડિરેક્ટરીનું પણ વિમોચન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ખાસ મહેમાન તરીકે ઉપસ્થિત રહેલાઓમા હાલાઈ મેમણ મોટી જમાત અહેમદાબાદના પ્રમુખ મોહમ્મદ શરીફ મેમણ, કાલુપુર હાલાઈ મેમણ જમાતના પ્રમુખ અબ્દુલજબ્બાર મેમણ સી.એ., મોરબી ટંકારા મેમણ જમાતના પ્રમુખ યુસુફભાઈ ચશ્માવાલા, અહેમદાબાદ થરાદી જમાતના પ્રમુખ ડો.અબ્દુલઅઝીઝ મેમણ, ગુજરાત ટુડે દૈનિકને પ્રકાશિત કરનાર ટ્રસ્ટના પ્રમુખ એડવોકેટ સુહેલ તીરમીજી, મેમણ ક્રેડિટ સોસાયટીના પ્રમુખ અબ્દુલરજાક મેમણ, સાહીન ફાઉન્ડેશનના ફાઉન્ડર અબ્દુલહમીદ મેમણ તેમજ જમાતના વિદ્યાર્થીઓને પ્રોત્સાહક માહિતીથી વાકેફ કરવા કરીમ લાખાણી સી.એ. હાજરી આપેલ, કરીમ લાખાણીએ જમાતના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપી વર્તમાન પરિસ્થિતિ અને ઉજ્જવલ ભવિષ્ય અંગે માર્ગદર્શન આપ્યું તેમજ વિદ્યાર્થીઓને વધુ સારી તકો મળે અને તેમને પોતાની પસંદગીના ક્ષેત્રમા કારકીર્દી બનાવવા અપીલ કરી હતી.

અહેમદાબાદ હાલાર મેમણ જમાતના પ્રમુખ અબ્દુલકાદીર જોડીયાવાલાએ વ્યવસાયીક મેમણ સમાજને સંગઠિત થઈ વિદ્યાર્થીઓના ઉજ્જવલ ભવિષ્ય માટે આગળ આવવા હાકલ કરી હતી. ગુજરાત ટુડે દૈનિક અંગે માહિતી આપતા જણાવ્યું કે આ અખબાર નીડર બની સમગ્ર દેશ અને દુનિયાના સમાચારો તટસ્થ રીતે પ્રકાશિત કરી રહ્યા હોઈ સમગ્ર સમાજે ગુજરાત ટુડે દૈનિકને મજબૂત બનાવવા માટે વધુમાં વધુ સાથ સહકાર આપવા અનુરોધ કરેલ. સમગ્ર કાર્યક્રમને હાલાર મેમણ જમાત તરફથી યુવા ટીમ યુથ એલાયશ હાલાર મેમણ અહેમદાબાદ YAHMA દ્વારા સફળ રીતે સંચાલન કરવામાં આવેલ આવ્યું હતું. અહેમદાબાદ હાલાર મેમણ જમાતના પ્રમુખ અબ્દુલકાદીર જોડીયાવાલાએ ઉપસ્થિત તમામ મહેમાનો, વિદ્યાર્થીઓ તથા વાલીઓનો તેમજ સ્પોન્સરોનો અને યૂથ કમિટીનો આભાર માન્યો હતો.

# નડિયાદ અને માતરમાં સાડા ત્રણ ઈંચ વરસાદ જ્યારે અન્ય તાલુકામાં એકથી બે ઈંચ વરસાદ નોંધાયો

## નડિયાદના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા અવરજવર મુશ્કેલ

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૧૪

ખેડા જિલ્લામાં મેઘરાજાની મહેર ત્રીજા દિવસે પણ યથાવત્ રહી છે. એક તરફ વરસાદથી ધરતીપુત્રોમાં ખુશીની લહેર ફરી વળી છે અને ખેતી માટે આશાસ્પદ વાતાવરણ સર્જાયું છે, તો બીજી તરફ નડિયાદ શહેરમાં સામાન્ય વરસાદ પણ અનેક વિસ્તારોના રહેવાસીઓ માટે મુશ્કેલીનું કારણ બની રહ્યો છે. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યાથી લોકોની અવરજવર મુશ્કેલ બની છે.

જિલ્લામાં તા.૧૪ સપ્ટેમ્બરના રોજ સરેરાશ ૪૯.૬૪ મી.મી. વરસાદ નોંધાયો હતો. તાલુકાવાર જોતા નડિયાદમાં સૌથી વધુ ૮૭ મી.મી., માતરમાં ૮૨ મી.મી., મહેમદાબાદમાં ૬૯ મી.મી., ખેડામાં ૫૮ મી.મી., કઠલાલ અને મહુધામાં ૪૮-૪૮ મી.મી., વાસોમાં ૪૭ મી.મી., ગળતેશ્વરમાં ૩૭ મી.મી., કપડવંજમાં ૨૫ મી.મી., ઠાસરામાં ૨૪ મી.મી. અને ફાગવેલમાં ૨૧ મી.મી. વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં અત્યાર સુધીનો કુલ વરસાદ સરેરાશ ૯૨૯.૦૯ મી.મી. નોંધાયો છે.નડિયાદમાં વરસાદનું પાણી લોકો માટે રાહત કરતા વધુ પરેશાનીનું કારણ બની રહ્યું છે. સામાન્ય વરસાદ પડતા જ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જાય છે. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતા સ્થાનિકો અને વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે.દરમિયાન ગોરધનરામ ત્રિપાઠી માર્ગથી નગરપાલિકા તરફનો કાસ ખોલવામાં આવ્યો છે પરંતુ કામગીરી અધૂરી હોવાના કારણે વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા સામે પ્રશ્નો ઊભા થયા છે. વરસાદી પાણીના ભરાવાથી માર્ગ પરથી પસાર થતાં લોકોને મુશ્કેલી


(તસવીર : આરીફ મલેક, નડિયાદ)

પડી રહી છે. નડિયાદના અન્ય નીચાણવાળા વિસ્તારોમાં પણ પાણી ભરાતા સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.બીજી તરફ જિલ્લામાં વરસેલા સારા વરસાદથી ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. ખેતી માટે જરૂરી વરસાદ મળતા પાકને ફાયદો થવાની આશા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

# ધાનેરામાં લાંબા વિરામ બાદ વરસાદી માહોલ જામ્યો, ખેડૂતોમાં ખુશી

## યોગ્ય નિકાલના અભાવે શહેરમાં અનેક સ્થળોએ પાણી ભરાયા, લોકોમાં રોષ


(તસવીર : નઝીર શેખ, ધાનેરા)

(સંવાદદાતા દ્વારા) ધાનેરા, તા.૧૪

બનાસકાંઠા જિલ્લામાં લાંબા વિરામ બાદ આજે ફરી વરસાદી માહોલ જામ્યો હતો. એક મહિના અગાઉ ધાનેરા પંથકમાં સામાન્ય વરસાદ નોંધાતા ખેડૂતોએ વાવેતર પૂર્ણ કરી લીધું હતું. ત્યારબાદ વરસાદ ખેંચાતા પાકને લઈને ખેડૂતોમાં ચિંતા વ્યાપી હતી. દરમિયાન આજે ધીમીધારે વરસાદ વરસતાં ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી હતી અને ખેતીના પાકને રાહત મળવાની આશા જાગી છે.જોકે, માત્ર ૨૭ મીમી જેટલા વરસાદમાં જ ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં પાણીના યોગ્ય નિકાલના અભાવે અનેક સ્થળોએ વરસાદી પાણી ભરાઈ ગયાં હતાં. જાહેર માર્ગો તેમજ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ખાસ કરીને હાઈવે પર રેલવે પુલના છેડે વરસાદી પાણી ભરાઈ જતા વાહનચાલકોને અવરજવરમાં હાલાકી ભોગવવી પડી હતી. સામાન્ય વરસાદમાં પણ શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાતા નગરપાલિકાની વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા અંગે સવાલો ઉઠ્યા છે. સ્થાનિકો દ્વારા પાણી ભરાવાની સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા તંત્ર સમક્ષ માંગ કરવામાં આવી રહી છે.

# અરવલ્લી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ, મોડાસા શહેરમાં એક કલાકમાં બે ઈંચ વરસાદ પડતા જળબંબાકાર

(સંવાદદાતા દ્વારા) મોડાસા, તા.૧૪

અરવલ્લી જિલ્લામાં સર્વત્ર મેઘરાજાની તોફાની બેટિંગ જોવા મળી હતી ભારે વરસાદના કારણે અનેક નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી જિલ્લાના આકાશે કાળા ડિબાંગ વાતાવરણને પગલે અંધારપટ છવાયો હોય તેવી સ્થિતિ પેદા થઈ હતી ધોધમાર વરસાદના કારણે વિઝિબિલિટી ઘટતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો જિલ્લામાં સાર્વત્રિક વરસાદના પગલે પાકને જીવતદાન મળતા ખેડૂતોએ હાશકારો અનુભવ્યો હતો જિલ્લામાં શીત લહેર પ્રસરી હતી.

અરવલ્લી જિલ્લામાં રવિવાર રાત્રીએ અનેક વિસ્તારોમાં મેઘ મહેર થયા બાદ સોમવારે સવારે આકાશે વાદળોની ઘેરાબંધી પછી પવન સાથે ભારે વરસાદ વરસતા રોડ રસ્તા પર પાણી ફરી વળ્યા હતા છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ મેઘરજ તાલુકામાં ૭૧ મીમી, બાયડ તાલુકામાં ૬૮ મીમી, મોડાસા તાલુકામાં ૬૦ મીમી, ધનસુરા તાલુકામાં ૫૮ મીમી, ભીલીડા તાલુકામાં ૩૫ મીમી, શામળાજી તાલુકામાં ૨૬મીમી, સાઠંબા તાલુકામાં ૨૪ મીમી અને સૌથી ઓછો માલપુર તાલુકામાં ૧૫મીમી વરસાદ નોંધાયો હતો મેઘરજ પંથકમાં ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદના પગલે જળબંબાકાર સ્થિતિનું નિર્માણ થયું હતું.

તેમજ મોડાસાના ડુગરવાડા રોડ ઉપર આવેલી નવી માર્કેટ તરફથી આવતા વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા ન હોવાને કારણે સમગ્ર પાણી લઘુમતી સોસાયટીઓ, ટ્રાન્સપોર્ટ નગર, મખદૂમ સોસાયટી હુસૈની સોસાયટીમાં ભરાઈ ગયા હતા.

મોડાસા શહેરમાં સોમવારે સવારે એક કલાકમાં બે ઈંચથી વધુ વરસાદ ખાબકતા ચાર રસ્તા, આઈકોનિક બસ પોર્ટ પાછળ,મેઘરજ રોડ પર પાણી ફરી વળતા તળાવ જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા રોડ


(તસવીર : યુસુફ જમાદાર, મોડાસા)

રસ્તા પર ઢીંચણ સમા પાણી ભરાતા વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો ગણપતિ પંડાલો પાણીમાં તળબોળ બન્યા હતા ભારે વરસાદના પગલે સ્કૂલે જતા વિદ્યાર્થીઓ તેમજ નોકરી-ધંધે જતા લોકો મુશ્કેલીમાં મૂકાયા હતા. શહેરની અનેક સોસાયટીઓમાં પાણી ફરતા લોકો ઘરમાં પૂરાઈ રહેવા મજબૂર બન્યા હતા.

## એક જ સપ્તાહમાં ૪ અકસ્માત સર્જાયા

# ડભોઈ શિનોર ચોકડી પર રખડતા ઢોરોનો ભારે ત્રાસ, તંત્ર ઘોર નિંદ્રામાં

(સંવાદદાતા દ્વારા) ડભોઈ, તા.૧૪

ડભોઈ-શિનોર ચોકડી વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી રખડતા ઢોરનો ત્રાસ ચિંતાજનક સ્તરે પહોંચી ગયો છે. મુખ્ય માર્ગો અને ચોકડીની વચ્ચે જ અડીંગો જમાવીને બેસતી ગાયો અને અન્ય પશુઓને કારણે ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ રહી છે તેમજ ગંભીર અકસ્માતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. વાહનચાલકો ભયના ઓથાર હેઠળ સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, શિનોર ચોકડી પર છેલ્લા એક જ અઠવાડિયામાં ૪ નાના-મોટા અકસ્માતો સર્જાઈ ચૂક્યા છે. રાત્રિના સમયે તેમજ વહેલી સવારે રસ્તાની વચ્ચે અચાનક આવી ચડતા પશુઓને કારણે દ્વિચક્રી અને ચાર પૈડાંવાળા વાહનચાલકો સ્લિપ થઈને ઈજાગ્રસ્ત થઈ રહ્યા છેતંત્ર કોઈ મોટી જાનહાનિની રાહ જુએ છે વારંવાર રજૂઆતો કરવા છતાં ડભોઈ નગરપાલિકા અને સ્ટેટ હાઈવે ઓથોરિટીના અધિકારીઓ આ ગંભીર સમસ્યા તરફ આંખ આડા કાન કરી



રહ્યા છે. લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે કે શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના કે જાનહાનિ થશે તે પછી જ કાર્યવાહી કરશેસ્થાનિકો અને નગરજનોની તાકીદની માંગ છે. ડભોઈ નગરપાલિકા દ્વારા તાત્કાલિક ધોરણે સ્પેશિયલ ડ્રાઈવ ચલાવી રખડતા પશુઓને પાંજરે પૂરવામાં આવે. માર્ગ પર પશુઓને ખુલ્લા મૂકી દેતા પશુપાલકો સામે કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે તથા સ્ટેટ હાઈવે ઓથોરિટી દ્વારા શિનોર ચોકડી પર પૂરતી લાઈટિંગ અને ટ્રાફિક સુરક્ષાના ચોક્કસ પગલાં લેવામાં આવે.

## ઓમાન જોર્ડન ખાતે

# સાબરકાંઠાના કરાટે કોચ જુજારસિંહ રેફરી/જજની પરીક્ષામાં ઉત્તીર્ણ

(સંવાદદાતા દ્વારા) હિંમતનગર, તા.૧૪

સાબરકાંઠાના કરાટે કોચ જુજારસિંહ કે. વાઘેલાએ મોટી સિદ્ધિ મેળવી છે. તેમણે અમાન, જોર્ડનમાં એશિયન કરાટે ફેડરેશન (AKF) દ્વારા આયોજિત એશિયન રેફરી/જજ પરીક્ષા-૨૦૨૬ પાસ કરી છે. જુજારસિંહે લેખિત અને પ્રેક્ટિકલ પરીક્ષામાં સારૂં પ્રદર્શન કરીને કુમિતે જજ 'A'ની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી.

આ એશિયન લેવલની પરીક્ષામાં સફળતા મેળવીને જુજારસિંહ વાઘેલાએ ગુજરાત અને ભારતનું નામ રોશન કર્યું છે. તેમની આ સિદ્ધિ પાછળ 'કરાટે ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન' (KIO)ના પ્રમુખ હાનશી ભરત શર્મા, જનરલ સેક્રેટરી ક્યોશી સંજીવ જાંગરા અને RC સભ્ય શિહાન શાહીન અખ્તરનું માર્ગદર્શન મળ્યું હતું.આ ઉપરાંત, 'કરાટે-ડો ફેડરેશન ગુજરાત'ના પ્રમુખ અને KIOના ઉપપ્રમુખ હાનશી કલ્પેશ



ખત્રીનું પણ તેમને સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન મળ્યું હતું. જુજારસિંહ વાઘેલાની આ સિદ્ધિ બદલ સાબરકાંઠા જિલ્લા કરાટે એસોસિએશને તેમને અભિનંદન આપ્યા હતા. તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પણ પાઠવી હતી. એશિયન સ્તરે મળેલી આ સિદ્ધિ સાબરકાંઠા જિલ્લા, ગુજરાત અને ભારતીય કરાટે જગત માટે ગર્વની વાત છે.

## નગરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

# પ્રાંતિજ સહિત તાલુકામાં મેઘમહેર, ચાર કલાકમાં અઢી ઈંચ જેટલો વરસાદ : ખેડૂતોમાં ખુશી

(સંવાદદાતા દ્વારા) પ્રાંતિજ, તા.૧૪

પ્રાંતિજ સહિત તાલુકામાં લાંબા વિરામ બાદ મેઘમહેર થતાં ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. સોમવારે સવારથી જ આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયા બાદ ગાજવીજ સાથે સવારથી બપોર સુધી સતત વરસાદ વરસતા પ્રાંતિજ પંથકમાં અંદાજે અઢી ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો

વરસાદના અભાવે મુઝાતા ડાંગર સહિતના પાકને મેઘમહેરથી નવુ જીવનદાન મળતા ડાંગર પકવતા ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. ખેતરોમાં પાણી પહોંચતા પાકને જરૂરી ભેજ મળતાં ખેડૂતોમાં હવે સારા પાકની આશા જાગી છે.બીજી તરફ સવારથી વરસેલા વરસાદના કારણે પ્રાંતિજ નગરના નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા. એસ. ટી. બસ ડેપો રોડ તથા ભાખરીયા


(તસવીર : એમ. ઉમર મુન્શી, પ્રાંતિજ)

હનુમાન મંદિર વિસ્તારમાં પણ વરસાદી પાણી ભરાતા સ્થાનિકોમાં પાલિકાની કામગીરી સામે સવાલો ઉઠ્યા હતા. ભાજપ શાસિત પાલિકાના શાસકો વરસાદી પાણીના નિકાલની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે. તેવી લોકમાગ ઉઠી છે. ધાર્મિક સ્થળોની સ્વચ્છતા અને વ્યવસ્થાની વાત કરતી પાલિકા હનુમાન મંદિર આસપાસ પાણી ભરાવાની સમસ્યા દૂર કરવામાં કેમ નિષ્ફળ રહી છે? વરસાદના કારણે રસ્તાઓ પર પણ પાણી ફરી વળતા વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલી પડી હતી અને સવારથી વરસાદી માહોલ રહેતા જનજીવન પણ પ્રભાવિત થયું હતું. સવારે ચાર કલાકમાં ૬૪ મી. મી. જયારે સિઝનનો કુલ વરસાદ ૫૯૯ મી. મી. નોધાયો છે. લાંબા વિરામ બાદ મેઘમહેર થતાં ખેડૂતો તેમજ સામાન્ય નાગરિકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

# બોરસદ પંથકમાં ૫.૫ ઈંચ વરસાદને લઈને વ્હેરા ગામ જળબંબાકાર, લોકોના ઘરોમાં પાણી ઘૂસ્યા

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૧૪

આણંદ જિલ્લાના બોરસદ પંથકમાં માત્ર ચાર કલાકમાં સાડા ચાર ઈંચ વરસાદ ખાબકતા વિવિધ નિચાણવાળા વિસ્તારો જળબંબાકાર થઈ ગયા છે, જ્યારે વરસાદની સૌથી વધુ અસર વ્હેરા ગામમાં જોવા મળી હતી. વ્હેરા ગામના રામ તળાવ અને સલુણ તળાવડી ઓવરફલો થવાનાં કારણે વ્હેરા દેદરડા અને વ્હેરા પેટલાદ માર્ગ પર તળાવના પાણી ફરી વળ્યા છે, ઈન્દીરા નગરીમાં ૨૦થી વધુ મકાનોમાં તળાવના પાણી ફરી વળતા ઘરવખરી અને અનાજને નુકશાન થતા લોકોમાં તંત્ર વિરૂદ્ધ ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

ભારે વરસાદ અને કાંસમાં ઉપરવારના વરસાદના પાણીની આવક થતા વ્હેરા ગામનું રામ તળાવ અને સલુણ તળાવડી ઓવરફલો થતા તળાવના પાણી ગામમાં પ્રવેસી ગયા છે, જેને લઈને ગામના મુખ્ય પ્રવેશદ્વારમાં પાણી ભરાયેલા છે, જ્યારે ડેરી ચોકમાં ઢીંચણ સમાણા પાણી ભરાતા લોકોને ઢીંચણ સમાણા પાણીમાં રહીને અવર જવર કરવી પડી રહી છે. ડેરી ચોકમાં પાંચથી વધુ દુકાનોમાં વરસાદી પાણી પ્રવેસી ગયા છે. જેને લઈને આર્થિક નુકસાન થયું છે. જયારે તળાવ અને કાંસ ઓવરફલો થવાના કારણે વ્હેરાથી દેદરડા તરફ જવાના માર્ગ પર કાંસ અને તળાવના પાણી ફરી વળી આવતા આ માર્ગ અવર જવર માટે બંધ થઈ ગયો છે, જ્યારે વ્હેરા પેટલાદ


(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

માર્ગ પર ઢીંચણ સમાણા પાણી ફરી વળતા કેટલાક વાહનચાલકો સાહસ કરીને ભરાયેલા પાણીમાં રહીને અવર જવર કરતા વાહનો પણ બંધ થઈ જતા લોકોને વાહનોને ધક્કા મારીને લઈ જવા પડતા હતા, જ્યારે હાઈસ્કૂલના કંપાઉન્ડમાં પણ જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી, જો કે આ ગણેશ ચતુર્થીની રજા હોવાથી વિદ્યાર્થીઓને કોઈ અસર થવા પામી નથી, હાઈસ્કૂલની બહાર મુખ્ય માર્ગ પર પણ ઢીંચણ સમાણા પાણી ભરાયેલા જોવા મળી હતી.વ્હેરા ગામની ઈન્દીરાનગરીમાં પ્રવેશવાનાં માર્ગ પર જળબંબાકારની સ્થિતી જોવા મળી હતી,લોકોનાં ધરોમાં પાણી પ્રવેસી જતા લોકોએ ઘરવખરી અને અનાજ પાણીથી બચાવવા માટે ખાટલા અને પલંગ પર મુકી દીધા હતા, આજે સવારથી ઈન્દીરાનગરીમાં કોઈ મકાનમાં ચૂલો સળગ્યો નથી, કેમ કે રસોઈ કરવા માટે બેસવા માટે પણ ઘરમાં જગ્યા નથી. સ્થાનિક અજયભાઈ દરજીના માલસામાન ખાટલાઓ ઉપર મૂકેલો હતો અને તેમની દિકરી ખાટલા પર બેસીને અભ્યાસ કરવા મજબૂર બની હતી, તેણીએ કહ્યું હતું કે ચોપડા અને પુસ્તકો પલળી ગયા છે, ઘરમાં રસોઈ પણ બની શકે તેમ નથી, પરિક્ષા પણ નજીક આવી છે,ત્યારે તૈયારી કેવી રીતે કરવી, સ્થાનિક લોકોએ આક્રોસ વ્યક્ત કરતા કહ્યું હતું કે ઈન્દીરા નગરીમાં ૨૦થી વધુ મકાનોમાં પાણી પ્રવેસી ગયા છે, તેમ છતાં તંત્ર હજુ અહીયાં જોવા પણ આવ્યું નથી, પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા નહી હોવાનાં કારણે દર વર્ષે ચોમાસામાં તળાવ ઓવરફલો થતા પાણી ભરાઈ જતા નુકશાન થાય છે,ત્યારે તેઓએ પાણીના નિકાલની કાયમી વ્યવસ્થા કરવાની માંગ કરી હતી.

## જિલ્લા પોલીસવડાનો સપાટો

# મહેસાણા જિલ્લામાં ત્રણ પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરાયા

મહેસાણા, તા.૧૪

મહેસાણા જિલ્લના પોલીસ વડા એ કડક વલણ રાખી ફરજમાં ગંભીર બેદરકારી દાખવવા બદલ ત્રણ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે.મેહસાણા શહેરના ચર્ચિત હત્યાંનો બનાવ મોઢેરા ચાર રસ્તા પર બનેલ તેની યોગ્ય તપાસ ન કરતા અને ગંભીર બેદરકારી દાખવતા પોલીસ ઈન્સ્પેક્ટર એ.આર. પટેલને જિલ્લા પોલીસવડા દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.બીજી તરફ ખેરાલુ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં એસ.એમ.સી દ્વારા જુગારધામ ઉપર રેડ પડતા ખેરાલુ પોલીસની બેદરકારી સામે આવી હતી. ત્યારબાદ એસ.એમ.સી.ની કાર્યવાહી બાદ ખેરાલુના પોલીસ ઈન્સ્પેક્ટર પી.આર.કરેણ અને પી.એસ.આઈ એ.આર.ચૌધરીને તાત્કાલિક સસ્પેન્ડ કરતા પોલીસ બેડામાં સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો કે ફરજમાં બેદરકારી ચલાવી લેવામાં આવશે નહી.


પાલીતાણા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારમાં લાંબા વિરામ બાદ સારો એવો વરસાદ આવતા ખેડૂતોમાં ખુશીની લાગણી છવાઈ ગઈ છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. (તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

# વાસદમાં મસ્જિદ અને દરગાહ શહીદ કરાતા મુસ્લિમ પ્રતિનિધિ મંડળે પોલીસ અધિક્ષકને કરી રજૂઆત

(સંવાદદાતા દ્વારા) આણંદ,તા.૧૪

આણંદ તાલુકાના વાસદમાં ૨૦૦ વર્ષ જૂની પીર કમરૂદ્દીન સરકારની દરગાહ અને દાયકાઓ જૂની મસ્જિદ શહીદ કરવાની ઘટનાને લઈને મુસ્લિમ પ્રતિનિધી મંડળએ આજે પોલીસ અધિક્ષકને મળી રજૂઆત કરી હતી અને ત્યારબાદ વાસદ પોલીસ મથકમાં જઈ રજૂઆત કરી હતી. વાસદ ગામમાં ગોધરાકાંડ બાદ વર્ષ ૨૦૦૨માં તોફાની તત્ત્વોએ મસ્જિદ અને દરગાહની દિવાલો તોડી, તોડફોડ કરી નુકસાન કર્યું હતું, ત્યારબાદ ગત તા.૩ સપ્ટેમ્બરના રોજ ગ્રામપંચાયત દ્વારા મસ્જિદની બાકીની દિવાલો અને દરગાહની દિવાલો તેમજ હઝરત પીર કમરૂદ્દીન સરકારની કબ્ર મુબારક પર બુલડોઝર ફેરવી શહીદ કરી જમીન દોસ્ત કરી દેવામાં આવી હતી. જે અંગે સ્થાનિક નિશારશા દીવાન સહિતનાઓએ વાસદ પોલીસ મથકે લેખીત ફરીયાદ આપી હતી.આ ઘટનાને લઈને


(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

વડોદરાનાં મુસ્લિમ અગ્રણી અને પૂર્વ કોર્પોરેટર ચિરાગ શેખ, ચાંદખાન પઠાણ (વડોદરા) બાકરોલના હામીમ મલેક ઉર્ફે લાલાભાઈ વકીલ, નિશારશા દિવાન સહિતના પ્રતિનિધી મંડળએ આણંદના પોલીસ અધિક્ષક ગૌરવ જસાણીની મૂલાકાત લીધી હતી અને મસ્જિદ તેમજ દરગાહ શહીદ કરવા બાબતે રજૂઆત કરી હતી અને દરગાહ શહીદ કરી ધાર્મિક લાગણી દુભાવનાર શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી, જેને લઈને પોલીસ અધિક્ષક ગૌરવ જસાણીએ રજૂઆત શાંતિપૂર્ણ રીતે સાંભળી નિષ્પક્ષ કાર્યવાહી કરવાની બાહેંધરી આપી હતી, ત્યારબાદ પ્રતિનિધી મંડળએ વાસદ પોલીસ મથક ખાતે પોલીસ ઈન્સ્પેક્ટર કૃણાલ પટેલની મૂલાકાત લઈને તેઓને પણ રજૂઆત કરતા પોલીસ ઈન્સ્પેક્ટર કૃણાલ પટેલએ હકારાત્મક પ્રત્યુત્તર આપી નિષ્પક્ષ કાર્યવાહી કરી તપાસ કરવાની ખાતરી આપી હતી. મુસ્લિમ અગ્રણી ચિરાગ શેખએ કહ્યું હતું કે, હઝરત સૈયદ કમરૂદ્દીન સરકારના મજાર કબર અને મસ્જિદ પર બુલડોઝર ફેરવી શહીદ કરવામાં આવી છે, તેમજ આ અંગે ગ્રામપંચાયત દ્વારા કોઈ નોટિસ આપવામાં આવી નથી અને બુલડોઝર ફેરવી દરગાહ અને મસ્જિદ શહીદ કરવાની ઘટના દુઃખદ છે, જેથી તેઓએ પોલીસને આ અંગે કાર્યવાહી કરવાની માંગ સાથે રજૂઆત કરી હતી.

# તાલાલા ખાતે સિસ્મોલોજીકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ભૂકંપ સામે જાગૃતિ લાવવા અંગેની 'સુરક્ષા કાર્યશાળા' યોજાઈ

(સંવાદદાતા દ્વારા) પ્રભાસપાટણ, તા.૧૪

'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત ગીર સોમનાથ જિલ્લાના તાલાલા ખાતે વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ અંતર્ગતના સિસ્મોલોજીકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા 'સુરક્ષા-ભૂકંપ પૂર્વ તૈયારી, ભૂકંપીય જોખમ મૂલ્યાંકન અને માઈક્રોઝોનેશન' અંગેની એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યશાળામાં તજજ્ઞો દ્વારા ભૂકંપ સમયે, ભૂકંપ પહેલા અને ભૂકંપ બાદ કયા પ્રકારની કાળજી રાખવી જોઈએ તે અંગેનું વૈજ્ઞાનિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ પ્રસંગે ઉપસ્થિત ધારાસભ્ય ભગવાનભાઈ બારડે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના દૃષ્ટિવંત નેતૃત્વ અને જનસેવાની ઉજવણીરૂપ 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત યોજાયેલી આ કાર્યશાળા થકી તાલાલા અને તેની આસપાસના વિસ્તારના નાગરિકોમાં ભૂકંપ સામે જનજાગૃતિ અને આપત્તિ સામે પ્રતિકારનું માર્ગદર્શન મેળવવા માટે આ કાર્ય શાળા ઉપયોગી બની રહેશે.આ તકે જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન મહેન્દ્રભાઈ પીઠિયાએ જણાવ્યું હતું કે, જો કોઈ મોટી આપત્તિનો સમય આવે ત્યારે આ આપત્તિમાં કેવી રીતે ઝડપી પ્રતિસાદ આપી શકે એ પ્રકારની તાલીમ નાગરિકોને આવી કાર્યશાળાથી પ્રાપ્ત થતી હોય છે.સિસ્મોલોજીકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના મહાનિર્દેશક દિગ્વિજયસિંહ જાડેજાએ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપનાના ઉદ્દેશ અને રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, તા.૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ ભૂજ (કચ્છ)માં આવેલા વિનાશક ભૂકંપે જે તારાજી વેરી હતી. તેમાંથી પ્રેરણા લઈને ભવિષ્યમાં આ પ્રકારનો ભૂકંપ આવે તો તેની અગાઉથી જાણકારી




મળે અને તે અંગે સજ્જ રહેવાથી તેની તીવ્રતા ઘણા અંશે ઘટાડી શકાશે તેવા ઉદ્દેશ સાથે આ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના કરવામાં આવી હતી. આ કાર્યશાળામાં ડૉ. દિલિપસિંહ કુશવાહા, પૃથુલ પટેલ, ડૉ. સિદ્ધાર્થ પ્રિઝોમવાલાએ ભૂકંપ મોનિટરિંગ, સિસ્મિક માઈક્રોઝોનેશન, સુરક્ષિત શહેરી વિકાસ, ભૂકંપરોધક ઈમારતોની ડિઝાઈન, ભૂગર્ભ જળ અને ખનિજોની શોધ તથા ડેમ, અણુ ઊર્જા મથકો અને સોલાર-વિન્ડમિલ જેવા મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ માટે 'સેફ્ટી ફેક્ટર' ચકાસણી, ફોલ્ટલાઈન સહિત 'પૃથ્વી સંબંધિત ડેટાથી વધુ સુરક્ષિત ગુજરાત' અંગે ઉપસ્થિત નાગરિકોને તેમજ અધિકારીઓને ડેટા આધારિત જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.આ કાર્યશાળામાં તાલાલા નગરપાલિકા પ્રમુખ ભૂપતભાઈ હીરપરા, તાલાલા તાલુકા પંચાયત પ્રમુખ વિમલભાઈ વાડોદરિયા, નાયબ પોલીસ અધિક્ષક ચેતન ખટાણા, લોકવિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ભરૂચ ખાતે નૂર અલસબા પીસ ફાઉન્ડેશનની મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ

## શિક્ષણ, રોજગાર, આરોગ્ય અને જનહિતના પ્રશ્નોના નિરાકરણ સાથે સર્વધર્મ સમભાવ અને સામાજિક એકતા પર ભાર

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧૪

બીઆર આંબેડકર હોલ, રેલવે કોલોની ભરૂચ ખાતે નૂર અલસબા પીસ ફાઉન્ડેશન દ્વારા એક મહત્ત્વપૂર્ણ બેઠક અને સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં સમાજના વિકાસ, જનહિત અને જરૂરિયાતમંદ લોકોના પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.બેઠકમાં ખાસ કરીને શિક્ષણ, રોજગાર, આરોગ્ય, સામાજિક વિકાસ તથા જરૂરિયાતમંદ લોકોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળે તે માટે સંબંધિત સરકારી તંત્ર અને અધિકારીઓ સાથે સંકલન કરી લોકોના પ્રશ્નોના નિરાકરણ માટે અસરકારક કામગીરી કરવા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.સાથે જ સમાજમાં એકતા, ભાઈચારો અને સર્વધર્મ સમભાવ જળવાઈ રહે તે માટે વિવિધ ધર્મ અને સમાજના આગેવાનોને સંસ્થાની સાથે જોડીને મેમ્બર બનાવવાની દિશામાં પણ મહત્ત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી.કાર્યક્રમ દરમિયાન સમાજના



પછાત, કચડાયેલા અને જરૂરિયાતમંદ લોકોની સેવા કરતા આગેવાનો તથા સામાજિક કાર્યકરોનું સન્માન કરવામાં આવ્યું હતું.નૂર અલસબા પીસ ફાઉન્ડેશન એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે, જે ભારત ઉપરાંત અમેરિકા, કેનેડા, યુકે સહિત વિવિધ દેશો અને શહેરોમાં સામાજિક સેવા, શાંતિ, એકતા અને જનકલ્યાણના ક્ષેત્રે કાર્યરત છે. કાર્યક્રમમાં સંસ્થાના સ્થાપક નવાબ મોહમ્મદ સિદ્દીકી, ગ્લોબલ ચેરમેન સુમેરા સિદ્દીકી, ગ્લોબલ ડાયરેક્ટર મોહમ્મદ સના ઉલ્લા, રાષ્ટ્રીય સલાહકાર (બેંગ્લોર) સલીમ ખાન બાબીજી, રાષ્ટ્રીય ચેરમેન નવાબ આમિના જી બેગમ, ઓલ ઈન્ડિયા મહિલા પ્રમુખ તથા નેશનલ પ્રેસિડેન્ટ નીરવ સોલંકી, એડવોકેટ રૂમાન એસ. લાકડાવાળા, લીગલ એડવાઈઝર, (ગુજરાત સ્ટેટ વકફ બોર્ડ) સહિત દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલા પદાધિકારીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ફિરોઝ ખાન બાબી (ગુજરાત), રાહુલ શર્મા (ઉત્તરાખંડ), નાસીર પંડિત (પુલવામા, કાશ્મીર), આઈ.એસ ખાન (ગુજરાત), એડવોકેટ અશ્વિન વસાવા, ફિરોઝ રંગરેજ, સોનલબેન જોશી, એડવોકેટ તાયરા બેન દયમા, સમીમ ખાન આપા સલીમ ખાન (પૂર્વ પોલીસ ઈન્સ્પેક્ટર), ખ્રિસ્તી સમાજના અગ્રણી અમૃત મેકવાન, વસીમ કુરેશી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને સામાજિક એકતા, શાંતિ તથા જનસેવા અંગે પ્રેરણાદાયી પ્રવચનો આપ્યા હતા.કાર્યક્રમ દરમિયાન અમદાવાદ શહેરના પૂર્વ સિનિયર મ્યુનિસિપલ કાઉન્સિલર ઈકબાલ શેખને નૂર અલસબા પીસ ફાઉન્ડેશનમાં ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી હતી.આ પ્રસંગે રાષ્ટ્રીય પદાધિકારીઓ દ્વારા ઈકબાલ શેખને સર્ટિફિકેટ, આઈ-કાર્ડ, શાલ તથા સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાના આગેવાનોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ઈકબાલ શેખના અનુભવ અને જનસેવાના લાંબા કાર્યકાળથી ગુજરાતમાં સંસ્થાની સામાજિક અને જનહિતની કામગીરીને વધુ મજબૂતી મળશે.

## સુરેન્દ્રનગર શહેરમાં લાયબ્રેરીની છત તૂટી પડી

સુરેન્દ્રનગર, તા.૧૪

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા નવા પુસ્તકાલયનું નિર્માણ કામ ચાલી રહ્યું છે ત્યારે ફાયર સ્ટેશનના ઉપરના માળે બિલ્ડિંગનું રિનોવેશન કરી અને આ બિલ્ડિંગમાં પુસ્તકાલય શરૂ કરવામાં આવ્યું છે. આ પુસ્તકાલયમાં નોકરીની તૈયારી કરતા યુવકો યુવતીઓ અને અલગ અલગ ન્યુઝ પેપર મેગેઝીન વાંચવા આવતા વૃદ્ધોનો ઘસારો રહેતો હોય છે. ત્યારે વરસાદી વાતાવરણ વચ્ચે સુરેન્દ્રનગરના મુખ્ય પુસ્તકાલયનું છત તૂટી પડવા પામી છે અને છત તૂટી પડતા જાનહાનિ નથી થઈ.

# મધ્ય-પૂર્વમાં અસ્થિરતા વચ્ચે સઉદી અરેબિયાની જાહેરાત : પવિત્ર શહેર મદીનામાં ૧૧ કરોડ ટન યુરેનિયમ અયસ્ક મળી આવ્યું છે

**સઉદી અરેબિયાના ઊર્જા મંત્રીએ જાહેરાત કરી છે કે, રાજ્યએ મદીના વિસ્તારમાં ૧૧ કરોડ ટન યુરેનિયમ-સમૃદ્ધ અયસ્ક (ore) અને અન્ય દુર્લભ ખનિજો શોધી કાઢ્યા છે, મોહમ્મદ બિન સલમાનના નેતૃત્વ હેઠળનું સઉદી અરેબિયા તેના 'વિઝન ૨૦૩૦' ઊર્જા-વિવિધતા અભિયાનના ભાગરૂપે સ્થાનિક સ્તરે યુરેનિયમ નિષ્કર્ષણની કામગીરી હાથ ધરી રહ્યું છે**

(એજન્સી) તા.૧૪

સઉદી અરેબિયાના ઊર્જા મંત્રી પ્રિન્સ અબ્દુલઅઝીઝ બિન સલમાને કહ્યું છે કે, સઉદી અરેબિયાએ મદીનામાં યુરેનિયમ અને અન્ય દુર્લભ ખનિજો ધરાવતા ૧૧ કરોડ ટન કાચા માલ (અયસ્ક)ની શોધ કરી છે. 'અરબ ન્યૂઝ'ના અહેવાલ મુજબ બિન સલમાને કહ્યું કે, મદીનામાં આવેલા 'જબલ સૈયદ' પ્રોજેક્ટમાં સંશોધન અને ભૂસ્તરશાસ્ત્રીય અભ્યાસો દ્વારા અંદાજે ૧૧ કરોડ ટન અયસ્કના ભંડારની જાણકારી મળી છે, જેમાં દુર્લભ ખનિજો - ખાસ કરીને ભારે તત્ત્વો અને યુરેનિયમનું નોંધપાત્ર પ્રમાણ રહેલું છે. યુરેનિયમની આ શોધની જાહેરાત નિર્ણાયક સમયે કરવામાં આવી છે. આ અરબ રાજ્યમાં ઈસ્લામના બે સૌથી પવિત્ર સ્થળો - મક્કા અને મદીના આવેલા છે. પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ ઈ.સ. ૬૨૨માં મક્કાથી મદીના સ્થળાંતર કરી ગયા હતા અને મદીના ઈસ્લામનું મૂળભૂત કેન્દ્ર બન્યું હતું. અમેરિકન સૈન્ય મથકો ધરાવવાને કારણે સઉદી અરેબિયા ઈરાનના નિશાન પર રહ્યું છે અને યમનમાં ફરી સક્રિય થયેલા હુથી વિદ્રોહીઓએ લાલ સમુદ્ર સુધીના તેના દરિયાઈ માર્ગને અવરોધિત કર્યો છે. મધ્ય-પૂર્વમાં યુદ્ધની શરૂઆત એટલા માટે થઈ હતી કારણ કે, અમેરિકા અને ઈઝરાયેલ ઈરાનના પરમાણુ કાર્યક્રમને રોકવા માંગતા હતા; તેમના મતે આ કાર્યક્રમ સામૂહિક વિનાશના શસ્ત્રો બનાવવા માટે હતો. બીજી તરફ, તેહરાનનો દાવો છે કે, તેનો પરમાણુ કાર્યક્રમ શાંતિપૂર્ણ નાગરિક હેતુઓ માટે છે. સુન્ની સત્તાનું કેન્દ્ર ગણાતા સઉદી અરેબિયાએ શિયા ઈરાન સામે સંતુલન જાળવવાનો પ્રયાસ કર્યો છે. સૌથી મોટી અરબ અર્થવ્યવસ્થા ધરાવતુ સઉદી અરેબિયા તેના ઊર્જા અને ખનિજ સંસાધનોમાં



વિવિધતા લાવવા માટે રોકાણ કરી રહ્યું છે. તેણે તેના વિઝન ૨૦૩૦ ઊર્જા-વૈવિધ્યીકરણ અભિયાનના ભાગરૂપે સ્થાનિક યુરેનિયમ નિષ્કર્ષણ અને નાગરિક પરમાણુ શક્તિને પણ આગળ ધપાવી છે. સઉદી અરેબિયાની સાંદ્રતાવાળા કુદરતી અયસ્કની શોધ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે, તે રાજ્યમાં નાગરિક પરમાણુ કાર્યક્રમ વિકસાવવા માટે યુએસ-સઉદી કરાર છે. જુલાઈમાં દેશોએ દ્વિપક્ષીય સુરક્ષા કરાર સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, જે દાયકાઓ લાંબી, બહુ-અબજ ડોલરની ભાગીદારી છે. આ કરારમાં યુએસ કંપનીઓ રાજ્યના નાગરિક પરમાણુ ઊર્જા કાર્યક્રમને વિકસાવવામાં મદદ કરશે, તે રિયાધને અમેરિકન દેખરેખ વિના તેની પોતાની જમીન પર યુરેનિયમ સમૃદ્ધ કરવાનો વિકલ્પ પણ આપે છે.

# UKમાં થેમ્સ નદી પર ઐતિહાસિક રીતે પ્રથમ 'ગંગા આરતી'નું આયોજન કરવામાં આવ્યું

**ચિન્મય મિશન UK દ્વારા વાર્ષિક 'ટોટલી થેમ્સ' ઉત્સવના સહયોગથી 'ગંગા આરતી ઓન ધ થેમ્સ: અ સેરેમની ઓફ લાઈટ'નું આયોજન કરવામાં આવ્યું હતું, આ કાર્યક્રમ સંસ્થાની ૭૫મી વર્ષગાંઠની વૈશ્વિક ઉજવણીનો એક ભાગ હતો, ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ લંડન, યુનાઈટેડ કિંગડમમાં થેમ્સ નદીના કિનારે પ્રથમ 'ગંગા આરતી' માટે લોકો એકઠા થયા હતા**

(એજન્સી) તા.૧૪

લંડનમાં આ રવિવારે ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પ્રકાશ અને કૃતજ્ઞતાના સમારોહ સમાન પ્રથમ 'ગંગા આરતી' માટે હજારો લોકો થેમ્સ નદીના કિનારે એકઠા થયા હતા. ચિન્મય મિશન યુકે દ્વારા વાર્ષિક 'ટોટલી થેમ્સ' ઉત્સવના સહયોગથી 'ગંગા આરતી ઓન ધ થેમ્સ: અ સેરેમની ઓફ લાઈટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સંસ્થાની ૭૫મી વર્ષગાંઠની વૈશ્વિક ઉજવણીનો એક ભાગ હતો. ભારતમાં ગંગા નદીના કિનારે થતી વિશ્વ પ્રસિદ્ધ આરતીની ભાવનાને અનુરૂપ, આ કાર્યક્રમ પ્રકૃતિ, જ્ઞાન અને ચેતનાના જીવનદાયી પ્રવાહના પ્રતીક તરીકે યોજવામાં આવ્યો હતો.

ચિન્મય મિશન યુકેના નિવાસી શિક્ષક બ્રહ્મચારિણી શ્રીધિયા ચૈતન્યએ કહ્યું કે, અનેક પેઢીઓથી, સમુદાયો ગંગાના કિનારે એકત્ર થઈને નદી, પ્રકૃતિ અને જીવન ટકાવી રાખતી તમામ બાબતો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે જ્યોત અર્પણ કરતા આવ્યા છે. થેમ્સ પરની ગંગા આરતી પણ એ જ ભાવનાને દર્શાવે છે અને લોકોને કૃતજ્ઞતા, આશા અને એકતાની સહિયારી ક્ષણમાં એકસાથે લાવે છે.

ચૈતન્યએ સમજાવ્યું કે ચિન્મય મિશન માટે, ગંગા નદી જ્ઞાનના પ્રવાહનું પણ પ્રતીક છે. તેમણે કહ્યું કે, અમારા સ્થાપક, સ્વામી ચિન્મયાનંદે હિન્દુ ધર્મની મહાન દાર્શનિક પરંપરાઓમાંની એક એવી વેદાંતની શાશ્વત જ્ઞાનધારાને હિમાલયમાંથી લોકોના રોજિંદા જીવન સુધી પહોંચાડવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. આપણે ચિન્મય મિશનના ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યા છીએ, ત્યારે આ કાર્યક્રમ તે વારસાની પણ ઉજવણી છે: જ્ઞાન, સેવા અને કૃતજ્ઞતાનો વારસો છે અને તે સીમાઓથી પાર જઈને વહે છે. આ આરતી, એક પરંપરાગત હિન્દુ કૃતજ્ઞતા સમારંભ છે જેમાં મોટા બહુ-સ્તરીય તેલના દીવા, પ્રાર્થના, સંગીત અને મંત્રોચ્ચારનો સમાવેશ થાય છે, તે નદી પ્રત્યે આદર અને પ્રકૃતિની માતા પ્રત્યે કૃતજ્ઞતાની અભિવ્યક્તિ છે.

થેમ્સ પર આ આરતી સંપૂર્ણપણે જમીન પર થઈ હતી અને આ સમારંભમાં કોઈપણ વસ્તુ થેમ્સમાં મૂકવામાં આવી ન હતી, કંઈ રેડવામાં આવ્યું ન હતું અથવા કોઈ વસ્તુ નદીમાં છોડવામાં આવી ન હતી.

ગ્રીનવિચમાં ઐતિહાસિક ઓલ્ડ રોયલ નેવલ કોલેજની પૃષ્ઠભૂમિ સામે આયોજિત આ કાર્યક્રમમાં સંગીત, મંત્રોચ્ચાર અને પ્રાર્થનાઓ રજૂ કરવામાં આવી હતી અને તેમાં આધ્યાત્મિક નેતાઓ અને યુકેના હિન્દુ સંગઠનો અને સમુદાયોના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. આયોજકોએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમનો હેતુ બ્રિટિશ હિન્દુ અને દક્ષિણ એશિયન સમુદાયોના સભ્યોને એકસાથે લાવવાનો હતો અને તે પૃષ્ઠભૂમિના લોકો માટે પણ આ સમારંભ હતો.

૧૯૫૧માં સ્વામી ચિન્મયાનંદ દ્વારા સ્થાપિત, ચિન્મય મિશન એક વૈશ્વિક સંગઠન છે જે આધ્યાત્મિક શિક્ષણ, સંસ્કૃતિ કાર્યક્રમો અને સમુદાય પહેલ દ્વારા વેદાંતના અભ્યાસ અને શિક્ષણને પ્રોત્સાહન આપે છે. આ ટ્રસ્ટ દ્વારા આયોજિત, ટોટલી થેમ્સ ઉત્સવ ૧૯૯૭થી યોજવામાં આવે છે, જેમાં થેમ્સ નદી પર કેન્દ્રિત કલા, પર્યાવરણીય, વારસો અને શૈક્ષણિક કાર્યક્રમોનો સમાવેશ થાય છે. આ વર્ષના ઉત્સવના કાર્યક્રમમાં સૌપ્રથમ ગંગા આરતીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

# IITianએ Googleમાં જોડાવા માટે Salesforceની નોકરી છોડી, કારણ આપતા કહ્યું કે, 'મારે મારી જાતને સાબિત કરવી હતી'

**આ ટેક પ્રોફેશનલે પોતાની સફર વિશે વાત કરતા જણાવ્યું કે, કેવી રીતે Samsungમાં કારકિર્દીની શરૂઆતમાં તેમને કોડિંગ અને ટેક્નિકલ ચર્ચાઓમાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો**

(એજન્સી) તા.૧૪

બેંગ્લુરૂ સ્થિત એક ટેક પ્રોફેશનલે તાજેતરમાં Salesforceની નોકરી છોડીને Googleમાં જોડાવા અંગે ખુલીને વાત કરી હતી. તેમણે કહ્યું કે તેમનો આ નિર્ણય અગાઉની કંપની પ્રત્યેના અસંતોષને કારણે નહીં, પરંતુ ટોચના ટેક પ્રોફેશનલ્સમાં પોતાનું સ્થાન મેળવવાને લાયક છે તેવું પોતાની જાતને સાબિત કરવાની ઈચ્છાથી પ્રેરાઈને લેવામાં આવ્યો હતો. આ ટેક પ્રોફેશનલે સ્પષ્ટ કર્યું કે, તેમના નિર્ણયનો હેતુ Samsung fu Salesforceની છબી ખરાબ કરવાનો નહોતો. Instagram ...h @bug_to_feature તરીકે ઓળખાતા આ ટેક પ્રોફેશનલે પોતાની સફર વર્ણવતા જણાવ્યું કે, Samsungમાં કારકિર્દીની શરૂઆતમાં તેમને કોડિંગ અને ટેકનિકલ ચર્ચાઓમાં કેવી રીતે મુશ્કેલી પડતી હતી. "Samsungમાં એક ફ્રેશર (નવા કર્મચારી) તરીકે, હું ક્યારેય બહુ કુશળ કોડર નહોતો. ડિઝાઈન અને ગુણવત્તા અંગેની ટીમની ચર્ચાઓ મને સમજમાં આવતી નહોતી," તેમ તેમણે અનુભવી ડેવલપર્સની વચ્ચે સતત 'બહારના વ્યક્તિ' હોવાની લાગણી અનુભવતા લખ્યું.

ત્યારબાદ તેમણે આ અંતર (પોતાની અને અન્યની કુશળતા વચ્ચેનો તફાવત)ને એક પડકાર તરીકે સ્વીકારવાનું નક્કી કર્યું. IITના પોતાના અનુભવને યાદ કરતા તેમણે કહ્યું કે તેમને વિશ્વાસ હતો કે જો તેઓ IITમાં પ્રવેશ મેળવી શક્યા હોય, તો કોડિંગની મુશ્કેલીઓ પર પણ વિજય મેળવી શકે છે. ત્યારપછી, ૨૦૨૪માં બે મહિના સુધી, તેમણે ઓનલાઈન કોર્સ, પુસ્તકો અને Medium લેખો દ્વારા DSA, સિસ્ટમ ડિઝાઈન અને ટેક્નોલોજી સ્ટેક્સ શીખવા માટે દરરોજ ૬-૮ કલાક ફાળવ્યા. તેમના આ પ્રયાસોને કારણે તેઓ આખરે Salesforceમાં નોકરી મેળવવામાં સફળ રહ્યા. સલમાન ખાને બાંદ્રાના એક કાફેને તુકારામ મુંધેની શૈલીમાં 'ચેતવણી' આપી : 'સ્વચ્છતા જાળવો નહીં તો હું તેમને ત્યાં મોકલીશ'

જો કે, નોકરી મળવાથી તેમની શંકાઓ દૂર થઈ ન હતી. "બહારના વ્યક્તિ હોવાની તે લાગણી ક્યારેય ગઈ નહીં. કદાચ આ બહુ ઝડપથી સફળતા મેળવવાની સમસ્યા છે. અન્ય લોકોએ જે મેળવવા માટે ૬-૧૨ મહિનાની તૈયારી કરી હતી, તે મને માત્ર ૨ મહિનામાં મળી ગયું અને ભલે મેં Salesforce અને Amazonમાં કઠિન ઈન્ટરવ્યુના ૩-૪ રાઉન્ડ સફળતાપૂર્વક પાર કર્યા હતા, છતાં મને સતત એવું લાગતું હતું કે આ માત્ર નસીબજોગે (fluke) થયું છે," તેમણે લખ્યું. આ ટેક પ્રોફેશનલે જણાવ્યું કે, Salesforceમાં કામ પૂરૂં થયા પછી પણ તેઓ ડિઝાઈન પ્રેક્ટિસ શીખવામાં અને અગાઉ ક્યારેય ન ઉકેલ્યા હોય તેવા DSA પ્રશ્નોના ઉકેલ લાવવામાં કલાકો વિતાવતા હતા. "મેં બેંગ્લોરમાં સૌથી શિસ્તબદ્ધ જીવન જીવ્યું, મારો સમય ઓફિસ, જીમ અને અપસ્કીલિંગ વચ્ચે વહેંચાયેલો હતો," તેમણે કહ્યું. "મારે મારી જાતને સાબિત કરવું પડ્યું કે સેલ્સફોર્સ કોઈ ભૂલ નહોતી અને કમનસીબે તે કરવાનો એકમાત્ર રસ્તો સેલ્સફોર્સ છોડીને મોટી કંપનીમાં જવાનું હતું," તેમણે ઉમેર્યું. HT.com સાથે વાત કરતા, ટેકનીશે સ્પષ્ટતા કરી કે તેમનો નિર્ણય સેમસંગ કે સેલ્સફોર્સને નબળા પાડવાનો નહોતો. "હું મારી અગાઉની સંસ્થાઓ સેમસંગ અને સેલ્સફોર્સનું કોઈપણ રીતે અવમૂલ્યન કરવાનો પ્રયાસ કરી રહ્યો નથી. તે બધું મારી વ્યક્તિગત મહત્વાકાંક્ષા અને મારી જાતને સાબિત કરવાની ઈચ્છા વિશે હતું કે હું રૂમમાં સ્થાન મેળવવાને લાયક છું," તેમણે કહ્યું. તેમની પોસ્ટ ઘણા વપરાશકર્તાઓ સાથે પડઘો પાડી, જેમાંથી ઘણાએ વ્યાવસાયિક સિદ્ધિઓ હોવા છતાં તેમના અનુભવને ઈમ્પોસ્ટર સિન્ડ્રોમ અને આત્મ-શંકા સાથે જોડ્યો. "ઈમ્પોસ્ટર સિન્ડ્રોમ ગમે તેટલી મોટી સિદ્ધિઓ હોય, તે ઝડપથી પકડાય છે. તમારે ફક્ત તેના કરતા ઝડપી બનવું પડશે, બસ એટલું જ. હું સમજી શકું છું. આ વર્ષે હું પણ તમારા જેવો જ હતો," બીજાએ લખ્યું.

# જે દેશ AIની રેસ જીતશે, તે જ સમગ્ર વિશ્વ પર રાજ કરશે

**અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે AIના વિનાશક જોખમો અંગેની ચેતવણીઓને નકારી કાઢી છે**

(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૪

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના અનિયંત્રિત વિકાસ અને તેના સંભવિત વિનાશક જોખમો અંગે ટેક નિષ્ણાતોની ગંભીર ચેતવણીઓ વચ્ચે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ તમામ આશંકાઓને ફગાવી દીધી છે. આયર્લેન્ડની મુલાકાત દરમિયાન ટ્રમ્પે જણાવ્યું હતું કે, કેટલીક નકારાત્મક શક્તિઓ એવા કાલ્પનિક ભય ઊભા કરી રહી છે જે ક્યારેય વાસ્તવિકતા બનવાના નથી. તેમણે ચીન સામે ટેક્નોલોજીકલ પ્રભુત્વ જાળવી રાખવા પર ભાર મૂકતાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું: "અમે AI ક્ષેત્રે ચીન કરતાં આગળ છીએ અને હું તેને એ જ સ્થિતિમાં રાખવા માંગુ છું, કારણ કે આખરે જે દેશ AIની રેસ જીતશે, તે જ સમગ્ર વિશ્વ પર રાજ કરશે." આ વિવાદ ત્યારે વધુ વકર્યો જ્યારે અગ્રણી છૈં કંપની એન્થ્રોપિકના ૨૭ વર્ષીય રિસર્ચર જેકબ કોક્સને પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું. અગાઉ OpenAIમાં પણ કામ કરી ચૂકેલા કોક્સને આ વિશે ખુલાસો કરતાં જણાવ્યું કે, AI સિસ્ટમ્સ વિકસાવતા વૈજ્ઞાનિકો માનવજાતના ભવિષ્યને લઈને ગંભીરતાપૂર્વક ભયભીત છે. તેમણે ચેતવણી આપી કે જો ટેકનોલોજીના વિકાસની વર્તમાન અંધાધૂંધ ગતિને ધીમી કરવામાં નહીં આવે, તો નજીકના ભવિષ્યમાં સામૂહિક વિનાશની પ્રબળ શક્યતા છે. તેમણે ટેકનોલોજીની સ્પીડ ઘટાડવા માટે વૈશ્વિક સ્તરે ચીન સાથે સંકલન સાધવાની હિમાયત કરી હતી. ટેક ઉદ્યોગના ટોચના દિગ્ગજો પણ આ જોખમો અંગે ચિંતિત બન્યા છે: એન્થ્રોપિકના સીઈઓ ડારિયો એમોડેઈએ એડવાન્સ્ડ મોડેલ્સના વિકાસને નિયંત્રિત કરવાની અપીલ કરી હતી, જેને xAIના માલિક ઈલોન મસ્ક અને OpenAIના સીઈઓ સેમ ઓલ્ટમેને સમર્થન આપ્યું હતું. જોકે, એમોડેઈએ પણ સ્વીકાર્યું હતું કે આ ગતિ એટલી જ ધીમી થવી જોઈએ જેથી ચીન આ ટેકનોલોજીમાં આગળ નીકળી ન જાય. તાજેતરમાં સામે આવેલી ખામીઓમાં ખુદ OpenAIએ પોતાના એડવાન્સ્ડ મોડેલ્સ દ્વારા સેફગાર્ડ્સ બાયપાસ કરીને હેકિંગ કરવાના બનાવો બાદ ટ્રેનિંગ પ્રક્રિયા ધીમી કરવી પડી હતી. રિપબ્લિકન સ્પીકર માઈક જોન્સન: તેમણે ઉતાવળે કડક નિયમો લાદવા સામે ચેતવણી આપતાં જણાવ્યું કે, નિયમનકારી કડકાઈથી અમેરિકન નવીનતા રૂંધાઈ જશે અને અમેરિકા ચીન સામે રેસ હારી જશે, જે દેશ માટે મોટો ખતરો સાબિત થશે. ડેમોક્રેટિક લીડર હકીમ જેફરીઝ: તેમણે નાગરિકોની સુરક્ષા માટે વિકાસની ગતિ ધીમી કરવા કડક સરકારી હસ્તક્ષેપની માંગ કરી હતી. ફ્રન્ટિયર એક્ટ: જુલાઈ મહિનામાં ડેમોક્રેટ લોરી ટ્રાહાન અને સાથી સાંસદો દ્વારા આ દ્વિપક્ષીય બિલ રજૂ કરાયું હતું, જેનો હેતુ અત્યંત એડવાન્સ્ડ છૈં મોડેલ્સ પર રાષ્ટ્રીય સુરક્ષા અને દેખરેખ માળખું ઊભું કરવાનો છે.

# ઉત્તરપ્રદેશમાં ભાજપના 'અદૃશ્ય' પ્રચારકો : અજ્ઞાત મેટા પૃષ્ઠો માટે દર મહિને રૂા.૧૫ લાખનો ખર્ચ : ભાજપએ કોઈ સંબંધ હોવાનો ઈન્કાર કર્યો

**૨૦૨૭ની ચૂંટણી હજુ જાહેર પણ થઈ નથી, છતાં ઉત્તરપ્રદેશમાં ભાજપને સમર્પિત પેજો યોગી આદિત્યનાથના વખાણ અને અખિલેશ યાદવ તથા કોંગ્રેસ પર હુમલા માટે અજ્ઞાત મેટા પેજો ભારે ખર્ચ કરી રહ્યા છે; વિપક્ષી પેજોનો ખર્ચ રૂા.૨,૦૦૦થી પણ ઓછો છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪

ઉત્તરપ્રદેશ, પંજાબ અને ગુજરાત સહિતના રાજયોમાં આગામી વિધાનસભા ચૂંટણી ૨૦૨૭માં યોજાવાની છે પરંતુ ચૂંટણીની સત્તાવાર જાહેરાત પહેલાં જ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા સામાજિક માધ્યમો પર રાજકીય પ્રચાર પૂરજોશમાં શરૂ થઈ ગયો છે. ઉત્તરપ્રદેશના મતદારોને લક્ષ્ય બનાવીને ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર કરવામાં આવતી રાજકીય જાહેરાતોના વિશ્લેષણમાં સામે આવ્યું છે કે, ૪ ઓગસ્ટથી ૪ સપ્ટેમ્બર દરમિયાન ભાજપ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના પ્રચાર માટે અથવા વિપક્ષ પર હુમલા માટે ચાલતા વિવિધ પેજોએ અંદાજે રૂા.૧૫ લાખ ખર્ચ્યા હતા. આ આંકડા મેટાની રાજકીય અને જાહેર મુદ્દાઓ સંબંધિત જાહેરાતોના જાહેર ભંડાર 'એડ લાઈબ્રેરી' પરથી મેળવવામાં આવ્યા છે. ખાસ વાત એ છે કે, આમાંથી કોઈ પણ પેજ પોતાને સત્તાવાર રીતે ભાજપ સાથે જોડાયેલો હોવાનું જણાવતું નથી. તેમ છતાં તેમની જાહેરાતો ભાજપ તરફી પ્રચાર અને વિપક્ષ વિરોધી હુમલાઓ છે.

આ પ્રચારમાં ત્રણ પેજ સૌથી આગળ રહ્યા હતા. 'નૉનસ્ટોપ યુપી'એ ઉત્તરપ્રદેશ સરકારની ઉપલબ્ધિઓનો પ્રચાર કરવા માટે આશરે રૂા.૭.૨ લાખ ખર્ચ્યા હતા. 'યાદ રાખેગા યુપી'એ સમાજવાદી પાર્ટીના વડા અને પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવ વિરૂદ્ધ અંદાજે ૨૦૦ જાહેરાતો ચલાવીને આશરે રૂા.૫.૬૩ લાખ ખર્ચ્યા હતા. જ્યારે 'ભારત તોડો ગેંગ' નામના પેજે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પર હિન્દુ ઓળખના મુદ્દે હુમલા કરતી જાહેરાતો માટે અંદાજે રૂા.૧.૫૩ લાખ ખર્ચ્યા હતા. આ પેજો ચલાવવા પાછળ કોણ છે તે સ્પષ્ટ નથી. મેટાના નિયમો મુજબ રાજકીય જાહેરાતમાં કોણે જાહેરાત માટે પૈસા ચૂકવ્યા છે તેની માહિતી આપવી જરૂરી છે પરંતુ આ પેજોની જાહેરાતોમાં 'પેઈડ ફોર બાય' હેઠળ માત્ર પેજનું જ નામ આપવામાં આવ્યું છે. 'નૉનસ્ટોપ યુપી' અને 'યાદ રાખેગા યુપી' નામના બે મોટા પેજોની પોતાની વેબસાઈટ પણ છે. જો કે, આ વેબસાઈટોના માલિક કે સંચાલક કોણ છે તેની કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી. કોઈ રાજકીય પક્ષે જાહેરમાં આ પેજોની જવાબદારી સ્વીકારી નથી. કોઈ ઉમેદવાર, એજન્સી કે રાજકીય કાર્યાલય સાથે તેમનો સીધો સંબંધ પણ જાહેર દસ્તાવેજોમાં દેખાતો નથી. પરિણામે આ પ્રચાર પાછળના નાણાં કોણ પૂરા પાડે છે તે શોધવું મુશ્કેલ બની જાય છે. સમાજવાદી પાર્ટીના પ્રવક્તા નવેદ સિદ્દીકીએ 'ભારત તોડો ગેંગ' અને 'યાદ રાખેગા યુપી' જેવા પેજોને ભાજપના પરોક્ષ પ્રચારકો ગણાવ્યા છે. તેમના કહેવા મુજબ આ પેજો ભાજપ વતી નકારાત્મક પ્રચાર ચલાવે છે. બીજી તરફ સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ તરફી પેજોએ આ જ સમયગાળા દરમિયાન મળીને રૂા.૨,૦૦૦થી પણ ઓછો ખર્ચ કર્યો હતો. ભાજપ અથવા યોગી આદિત્યનાથ વિરૂદ્ધ સમાન સ્તરે કોઈ જાહેરાતી અભિયાન જોવા મળ્યું નહોતું. સમાજવાદી પાર્ટીનો ખર્ચ અંદાજે રૂા.૧,૭૦૦ અને કોંગ્રેસનો માત્ર રૂા.૧૦૦ નોંધાયો હતો. બહુજન સમાજ પાર્ટી અને આમ આદમી પાર્ટીનો કોઈ નોંધપાત્ર ખર્ચ જોવા મળ્યો નહોતો.

**'નૉનસ્ટોપ યુપી' શું પ્રચાર કરે છે ? :** 'નૉનસ્ટોપ યુપી' મુખ્યત્વે યોગી સરકારની ઉપલબ્ધિઓનો પ્રચાર કરે છે. તેની જાહેરાતોમાં ૨૦૧૭ પહેલાંના ઉત્તરપ્રદેશને વીજકાપ, ખરાબ રસ્તા અને અન્ય સમસ્યાઓ સાથે દર્શાવવામાં આવે છે, જ્યારે વર્તમાન ઉત્તરપ્રદેશને ચોવીસ કલાક વીજળી અને એક્સપ્રેસ-વે સાથે રજૂ કરવામાં આવે છે. આ જાહેરાતોમાં એવો દાવો કરવામાં આવે છે કે, નવ વર્ષમાં નવ લાખ સરકારી નોકરીઓ આપવામાં આવી છે અને તે પણ 'લાંચ વગર અને ભલામણ વગર' રાજ્યનું અર્થતંત્ર રૂા.૧૩ લાખ કરોડથી વધીને રૂા.૩૦ લાખ કરોડથી વધુ થયું હોવાનો પણ દાવો કરવામાં આવે છે.

કેટલીક જાહેરાતોમાં યોગી સરકારને 'ગુંડારાજ'ના સ્થાને કાયદાનું રાજ સ્થાપિત કરવાનો શ્રેય આપવામાં આવે છે. યોગી આદિત્યનાથના ઓળખચિહ્ન બની ગયેલા બુલડોઝરને માફિયા વિરૂદ્ધ કાર્યવાહીનું પ્રતીક તરીકે રજૂ કરવામાં આવે છે. અયોધ્યા, મથુરા અને કાશીની મંદિર અર્થવ્યવસ્થાનો પણ પ્રચાર કરવામાં આવે છે. આ તમામ જાહેરાતોમાં યોગી આદિત્યનાથનું નામ સતત જોવા મળે છે અને ઈયોગીઆદિત્યનાથ, ઈબુલડોઝરબાબા તથા 'ભાજપ મોદી યોગી' જેવા હેશટેગનો ઉપયોગ કરવામાં આવે છે. 'યાદ રાખેગા યુપી' પેજનું અભિયાન સંપૂર્ણપણે અલગ દિશામાં છે. તે મુખ્યત્વે અખિલેશ યાદવ અને સમાજવાદી પાર્ટીની અગાઉની સરકારને નિશાન બનાવે છે. આ પેજની જાહેરાતોમાં ૨૦૧૭ પહેલાંના ઉત્તરપ્રદેશને ભય, રમખાણો અને માફિયા શાસનના સમય તરીકે રજૂ કરવામાં આવે છે. ૨૦૧૩ના મુઝફ્ફરનગર રમખાણો અને ગેંગસ્ટર-રાજકારણી અતીક અહમદનો પણ ઉલ્લેખ કરવામાં આવે છે. અખિલેશ યાદવના કાર્યકાળ દરમિયાન શરૂ કરાયેલી મફત લેપટોપ યોજનામાં કૌભાંડના આરોપો કરવામાં આવે છે અને મહિલાઓની સુરક્ષા પર પણ પ્રશ્નો ઉઠાવવામાં આવે છે. અખિલેશ યાદવ માટે ભાજપ દ્વારા અગાઉથી ઉપયોગમાં લેવાતું 'ટીપુ' ઉપનામ વપરાય છે, જ્યારે સમાજવાદી પાર્ટીને 'લાલ ટોપીવાળા લૂંટારાઓ' તરીકે દર્શાવવામાં આવે છે. જાહેરાતોમાં મતદારોને 'ખરાબ શાસનના યુગને પાછો આવવા ન દો' જેવા સંદેશા આપવામાં આવે છે. તેમ છતાં જાહેરાત માટે કોણે પૈસા ચૂકવ્યા તેની જગ્યાએ કોઈ રાજકીય પક્ષનું નામ નથી.

'ભારત તોડો ગેંગ' પેજ ઉત્તરપ્રદેશ અને રાષ્ટ્રીય સ્તરે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પર હુમલા કરે છે. તેની જાહેરાતોમાં કોંગ્રેસને 'વંદે માતરમથી નફરત શા માટે?' જેવા પ્રશ્નો પૂછવામાં આવે છે. એક જાહેરાતમાં કોંગ્રેસને 'મુસ્લિમ લીગ ૨.૦' તરીકે પણ દર્શાવવામાં આવી છે. આમ આદમી પાર્ટી પર દિલ્હી અને પંજાબ સંબંધિત વિવિધ મુદ્દાઓને લઈને હુમલા કરવામાં આવે છે. કેટલીક જાહેરાતોમાં વિપક્ષ પર હિન્દુ સંતોની મજાક ઉડાવવાનો આરોપ મૂકવામાં આવે છે. દરેક જાહેરાતમાં લોકો પાસેથી ટિપ્પણી કરવાની અપીલ કરવામાં આવે છે, જેથી લોકોની ભાગીદારી અને જાહેરાતની પહોંચ બંને વધી શકે. આમ છતાં કોઈ જાહેરાતમાં ભાજપનું નામ સીધું લખવામાં આવતું નથી. આ ત્રણેય પેજોનું કામ કરવાની રીત એકસરખી છે. કોઈ સત્તાવાર રાજકીય પક્ષનું નામ લીધા વિના તેઓ ચૂંટણીમાં સ્પષ્ટ રાજકીય પક્ષને સમર્થન આપે છે અને સત્તાધારી પક્ષને મજબૂત દર્શાવવો અથવા તેના વિરોધીઓને નુકસાન પહોંચાડવું એ તેમનો હેતુ છે. આ પ્રકારના પ્રચારને 'સરોગેટ' અથવા 'છાયા જાહેરાત' તરીકે જોવામાં આવે છે. તેમાં ચૂંટણી પ્રચારનું નાણું ઉમેદવાર કે પક્ષના સત્તાવાર ખાતામાં દેખાતું નથી અને ચૂંટણી આચારસંહિતા લાગુ થયા પછી ચૂંટણી પંચ દ્વારા નક્કી કરવામાં આવતી ખર્ચ મર્યાદાથી બચવાની શક્યતા રહે છે. હાલ ચૂંટણી આચારસંહિતા લાગુ નથી અને ખર્ચ પર કોઈ મર્યાદા પણ નથી. તેથી આ પેજો ખુલ્લેઆમ અને મોટા પ્રમાણમાં ખર્ચ કરી શકે છે. પત્રકાર અને લેખક કુણાલ પુરોહિતના જણાવ્યા મુજબ ભારતમાં લગભગ દરેક ચૂંટણી દરમિયાન આ પ્રકારનો પરોક્ષ પ્રચાર જોવા મળે છે. જે પ્રકારની ભાષા અથવા સંદેશ ભાજપ પોતાના સત્તાવાર નામે આપી શકતું નથી, તેવા સંદેશા આવા અજ્ઞાત પેજો મારફતે ફેલાવવામાં આવે છે. મેટા પાસે સંકલિત અને બનાવટી પ્રવૃત્તિઓ સામેની નીતિ છે. આ નીતિનો હેતુ એવા પેજોના નેટવર્કને દૂર કરવાનો છે જે એકબીજા સાથેના સંબંધો છૂપાવીને એક જ પ્રકારનો રાજકીય સંદેશ ફેલાવે છે. આ મુદ્દે મેટાનો સંપર્ક કરવામાં આવ્યો હતો પરંતુ અહેવાલ પ્રકાશિત થયો ત્યાં સુધી કોઈ જવાબ મળ્યો નહોતો. અહેવાલમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, ૨૦૨૦માં ફેસબુકે કોંગ્રેસ સાથે જોડાયેલા આવા પ્રચાર કરતા સેંકડો પેજો દૂર કર્યા હતા પરંતુ ભાજપ તરફી હોવાનો આરોપ લાગતા આવા પેજો સામે સમાન કાર્યવાહી કેમ નથી થતી તે અંગે સવાલો ઊભા થયા છે.

# કેજરીવાલ-સરદેસાઈના ગોવામાં દાવપેચ : પક્ષપલટા પર પ્રહાર અને વિરોધીઓનું સ્વાગત

(સંવાદદાતા દ્વારા) પણજી, તા.૧૪

આમ આદમી પાર્ટી (AAP) અને ગોવા ફોરવર્ડ પાર્ટી (GFP)એ રવિવારે રાજ્યમાં એક નવી રાજકીય શરૂઆતની જાહેરાત કરી છે. તેમણે આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી માટે 'ગોવા ફર્સ્ટ' નામે ચૂંટણી પહેલાંના જોડાણની જાહેરાત કરી છે. આ સાથે તેમણે મતદારોને એક એવો જનાદેશ આપવાનું વચન આપ્યું છે જે ખરેખર અકબંધ રહે, કારણ કે રાજ્ય લાંબા સમયથી પક્ષપલટાની સમસ્યા સામે ઝઝૂમી રહ્યું છે. પણજીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં આપના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલે દાવો કર્યો હતો કે ભાજપ પૂર્ણ બહુમતી મેળવી શકશે નહીં. તેમણે જણાવ્યું કે ગોવાના લોકો પરિવર્તન ઈચ્છે છે અને 'ગોવા ફર્સ્ટ' સરકાર બનાવશે. બંને પક્ષોએ આ ગઠબંધનને એક વિશ્વસનીય "બિન-ભાજપ, બિન-કોંગ્રેસ વિકલ્પ" તરીકે રજૂ કર્યું હતું. પત્રકાર પરિષદમાં આ નવા રચાયેલા ગઠબંધને પોતાની રાજકીય ઓળખ મુખ્યત્વે પક્ષપલટાના મુદ્દા આસપાસ જાળવી રાખવાનો પ્રયાસ કર્યો હતો.

**કસ્ટડી અને પક્ષપલટા પર પ્રહારો :** જીએફપીના વડા વિજય સરદેસાઈએ વર્તમાન શાસક પક્ષ પર પ્રહાર કરતા તેને પક્ષપલટુઓની સરકાર ગણાવી હતી. તેમણે કહ્યું કે ભાજપને અગાઉની ચૂંટણીઓમાં સ્પષ્ટ જનાદેશ મળ્યો નહોતો અને કોંગ્રેસ નેતૃત્વ પણ ફરીથી પક્ષપલટો નહીં થાય તેની ગેરંટી આપી શકે તેમ નથી. બીજી તરફ, કેજરીવાલે તાજેતરમાં રાઘવ ચઢ્ઢા દ્વારા રાજ્યસભામાં કરાયેલા પક્ષપલટા અંગે ખુલીને વાત કરી હતી. કેજરીવાલે ખેદ વ્યક્ત કરતા કહ્યું કે પક્ષ દ્વારા રાજ્યસભામાં મોકલાયેલા સાંસદોએ પક્ષ સાથે વિશ્વાસઘાત કર્યો છે. તેમણે ઉમેર્યું કે આ ઘટના આપ માટે એક પાઠ છે અને હવેથી કોઈને પણ રાજ્યસભામાં મોકલતા પહેલા તેની યોગ્ય ચકાસણી કરવામાં આવશે.

**૨૦૧૭ અને ૨૦૨૨ની યાદો તથા 'ખુલ્લા દ્વાર'ની રાજનીતિ :** ગોવામાં પક્ષપલટાનો વિરોધ મતદારોને સહેલાઈથી ગળે ઉતરી શકે તેમ છે, કારણ કે ૨૦૧૭ અને ૨૦૨૨ની ચૂંટણીઓ પછી મોટા પાયે ધારાસભ્યોએ પક્ષપલટો કર્યો હતો. ૨૦૧૭માં કોંગ્રેસ સૌથી મોટો પક્ષ હોવા છતાં ભાજપે સ્થાનિક પક્ષો સાથે મળીને સરકાર બનાવી હતી, જેમાં વિજય સરદેસાઈ નાયબ મુખ્યમંત્રી બન્યા હતા. ત્યારબાદ ૨૦૧૯માં કોંગ્રેસના ૧૦ ધારાસભ્યો ભાજપમાં જોડાયા હતા. એવી જ રીતે ૨૦૨૨ની ચૂંટણી પછી પણ કોંગ્રેસના ૧૧ માંથી ૮ ધારાસભ્યો ભાજપમાં શામિલ થઈ ગયા હતા, જેમાં પૂર્વ મુખ્યમંત્રી દિગંબર કામત પણ સામેલ હતા. જોકે, પક્ષપલટા સામે અવાજ ઉઠાવવા છતાં જીએફપી પ્રમુખ સરદેસાઈએ સ્પષ્ટ કર્યું છે કે 'ગોવા ફર્સ્ટ'ના દરવાજા સમાન વિચારધારા ધરાવતા રાજકીય દળો અને નેતાઓ માટે ખુલ્લા છે. તેમણે દાવો કર્યો કે બંને મુખ્ય પક્ષોના ઘણા નેતાઓ તેમના સંપર્કમાં છે.

# AIADMKના વિજય પર આકરા પ્રહારો : UK પ્રવાસમાં નોઈડા સ્થિત કંપની સાથે MoU સહી કરવાનો દાવો

**અધિકારીઓના જણાવ્યા અનુસાર AIADMKએ મુખ્યમંત્રીના વિદેશ પ્રવાસના ખર્ચ સામે સવાલો ઉઠાવ્યા; સિલ્વરસ્ટોનમાં મોટર રેસને લીલી ઝંડી આપતી તસવીરો સામે આવ્યા બાદ રાજકારણ ગરમાયું**

(એજન્સી) તા.૧૪

તમિળનાડુના મુખ્યમંત્રી સી. જોસેફ વિજયની રોકાણ આકર્ષવા માટેની લંડન મુલાકાતને લઈને રાજકીય ગરમાવો આવી ગયો છે. વિરોધ પક્ષ AIADMKએ ટેક્સપેયર્સના પૈસાથી કરવામાં આવેલા આ વિદેશ પ્રવાસની જરૂરિયાત સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. AIADMKના પ્રવક્તા કોવઈ સત્યેને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરતા જણાવ્યું હતું કે, જે કંપનીની સ્થાપના ૧૯૮૬માં ભારતમાં થઈ હતી અને જેનું મુખ્ય મથક નોઈડામાં છે, તેની સાથે રોકાણના કરાર કરવા માટે વિજયે પ્રજાના નાણાં ખર્ચીને છેક યુકે (UK) સુધી પ્રવાસ કરવાની શું જરૂર હતી.

આ સિવાય AIADMKના જનરલ સેક્રેટરી એડપ્પડી કે. પલાનીસ્વામીએ પણ વિજયની આ મુલાકાત પર કટાક્ષ કર્યો હતો. તિરૂચિમાં એક કાર્યક્રમ દરમિયાન તેમણે સિલ્વરસ્ટોન ખાતે મોટર રેસને લીલી ઝંડી આપતી મુખ્યમંત્રી વિજયની તસવીરોનો પરોક્ષ ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, 'એવું માનવામાં આવતું હતું કે તેઓ રોકાણ લાવશે અને રાજ્યના અર્થતંત્રમાં સુધારો કરશે. જો કે, અખબારોમાં પ્રકાશિત થયેલી તસવીરો એક અલગ જ વાર્તા કહે છે.'

બીજી તરફ, મુખ્યમંત્રી વિજયે સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું હતું કે, લંડનમાં 'સંવર્ધન મધરસન ઈન્ટરનેશનલ લિમિટેડ' અને તમિળનાડુ સરકારની નોડલ એજન્સી 'ગાઈડન્સ' વચ્ચે અંદાજે રૂા.૧૧,૦૦૦ કરોડના રોકાણ માટેના સમજુતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ રોકાણથી ડિઝાઈન, એન્જિનિયરિંગ, મેન્યુફેક્ચરિંગ, એસેમ્બલી અને લોજિસ્ટિક્સ જેવા ક્ષેત્રોમાં લગભગ ૭,૦૦૦ લોકોને રોજગારીની તકો મળશે. આ કરાર લંડનમાં સંવર્ધન મધરસન ગ્રુપના ગ્લોબલ હેડ બેરી પેઈન્ટર અને ગાઈડન્સના મેનેજિંગ ડિરેક્ટર દીપક જેકબ (IAS) વચ્ચે સહી કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે યુકેમાં ભારતના હાઈ કમિશનર કુમારન પેરિયાસામી પણ ઉપસ્થિત રહ્યા હતા. વિજય હાલમાં એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, ઈલેક્ટ્રિક વ્હીકલ અને ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ જેવા ક્ષેત્રોમાં ભાગીદારી વધારવા માટે યુકેના એક સપ્તાહના પ્રવાસે છે.

# શાસકો મહારાષ્ટ્રને અંધકારયુગ તરફ લઈ જઈ રહ્યા છે : ભગવાન ગણેશ આપણું રક્ષણ કરે : શિવસેનાના મુખપત્ર 'સામના'નો તંત્રીલેખ

**આ તંત્રીલેખમાં ભગવાન ગણેશને કરવામાં આવેલી અપીલમાં મોંઘવારી, ખેડૂતોની મુશ્કેલીઓ, ભ્રષ્ટાચાર અને સાંપ્રદાયિક ધ્રુવીકરણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે**

(એજન્સી) તા.૧૪। શિવસેના (UBT)એ સોમવારે મહારાષ્ટ્રની મહાયુતિ સરકાર પર આકરા પ્રહારો કર્યા અને આરોપ લગાવ્યો કે વધતા જતા આર્થિક, સામાજિક અને રાજકીય પડકારો વચ્ચે સરકાર રાજ્યને અંધકાર તરફ ધકેલી રહી છે. ગણેશ ચતુર્થીની પૂર્વસંધ્યાએ પક્ષના મુખપત્ર 'સામના'માં પ્રકાશિત તંત્રીલેખમાં, ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળા પક્ષે સત્તાધારી પક્ષને મહારાષ્ટ્ર અને દેશ સામેના સૌથી મોટા 'વિઘ્ન' અને અડચણ ગણાવ્યો છે. આ તંત્રીલેખમાં જણાવાયું છે કે ખાંડ, દૂધ, સીએનજી (CNG), ઘરેલું રસોઈ ગેસ, પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવને કારણે તહેવાર પહેલાં ઘરના બજેટ પર વધારાનું દબાણ આવ્યું છે. આ આર્થિક મુશ્કેલીઓ હોવા છતાં ભક્તો ભક્તિભાવ સાથે ભગવાન ગણેશનું સ્વાગત કરશે. પક્ષે પુણેના કાર્યકર વિદ્યાનંદ બાપટ પર થયેલા તાજેતરના હુમલાનો પણ ઉલ્લેખ કર્યો, જેમણે જાહેર ઉત્સવો દરમિયાન વધુ અવાજવાળી ડીજે સિસ્ટમના ઉપયોગનો વિરોધ કર્યો હતો. આરોપ છે કે અવાજના પ્રદૂષણની સમસ્યા ઉકેલવાને બદલે, સત્તાધારી પક્ષના સભ્યોએ તેમને 'અર્બન નક્સલ' અને 'બહારના વ્યક્તિ' ગણાવ્યા હતા. કૃષિ ક્ષેત્ર અંગે તંત્રીલેખે ચેતવણી આપી હતી કે અલ નીનો અસર અને અપૂરતા વરસાદની અસરો રાજ્યભરમાં દુષ્કાળની સ્થિતિને વધુ ગંભીર બનાવી શકે છે. ખરીફ પાક નષ્ટ થઈ રહ્યો છે અને રવી સીઝન અંગે અનિશ્ચિતતાએ ગ્રામીણ આજીવિકાને જોખમમાં મૂકી છે, જ્યારે ખેડૂતોની આત્મહત્યાનો સિલસિલો પણ ચાલુ છે. શિવસેના (UBT)એ પરીક્ષાના પેપર વારંવાર લીક થવાની ઘટનાઓની પણ ટીકા કરી હતી. NEET અને TET સાથે જોડાયેલા વિવાદો તેમજ મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશનના પેપર લીક થવાના કથિત કિસ્સાઓના કારણે પરીક્ષાઓ રદ કરવી પડી હતી, તેનો ઉલ્લેખ કરતા તંત્રીલેખે સવાલ ઉઠાવ્યો કે હજારો ઉમેદવારોને થયેલા નુકસાનની જવાબદારી કોણ લેશે. તેણે સરકારની વિશેષ તપાસ ટીમની જાહેરાત અને વહીવટી સુધારણાના વચનોને અપૂરતા ગણાવ્યા હતા. તંત્રીલેખમાં ગણેશ ચતુર્થીની જાહેર ઉજવણીને લોકપ્રિય બનાવવામાં લોકમાન્ય ટિળકની ભૂમિકાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને આરોપ મૂકવામાં આવ્યો હતો કે કોર્પોરેટ પ્રભાવ અને રાજકીય દેખાડાને કારણે આ તહેવારના મૂળ સામાજિક અને રાજકીય ઉદ્દેશ્યને નબળો પાડવામાં આવી રહ્યો છે. તેમાં ઉઠાવવામાં આવેલા અન્ય મુદ્દાઓમાં બાળકો વિરૂદ્ધના ગુનાઓ, ખરાબ રસ્તાઓને કારણે થતા મૃત્યુ અને રાજ્ય બહારના ઓટો-રિક્ષા તથા ટેક્સી ચાલકો માટે મરાઠી ભાષાના સ્થાનિક નિયમોના અમલીકરણમાં કથિત નિષ્ફળતાનો સમાવેશ થાય છે. પક્ષે આક્ષેપ કર્યો હતો કે સત્તા અને ધાર્મિક કટ્ટરતા સાથે શાસકોએ મહારાષ્ટ્રને દિશાહીન બનાવી દીધું છે. પક્ષે ભગવાન ગણેશને પ્રાર્થના કરી હતી કે તેઓ લોકોને સદબુદ્ધિ આપે અને રાજ્યનું રક્ષણ કરે.

## પોરબંદરમાં વીજળી પડતાં એક વ્યક્તિનું મોત

# રાજ્યમાં ઠેર ઠેર મૂશળધાર વરસાદ; આણંદના બોરસદમાં ૫.૫ ઈંચ મેઘો ખાબકતાં જળબંબાકાર

## રાજ્યમાં ૨૫૦ તાલુકામાં મેઘરાજા મહેરબાન : ૧૨ જિલ્લામાં વરસાદનું રેડ એલર્ટ


સુરત


વડોદરા


બોરસદ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૪

રાજ્યમાં એક મહિનાના લાંબા વિરામ બાદ ૧૨મી સપ્ટેમ્બરથી શરૂ થયેલી વરસાદની બીજી ઈનિંગ ધમાકેદાર રહી. સવારના ૬થી બપોરના ૪ વાગ્યા સુધીમાં ૨૫૦ તાલુકામાં વરસાદ નોંધાયો છે, જેમાં સૌથી વધુ આણંદના બોરસદમાં ૫.૫૦ ઈંચ અને અમદાવાદના ધોળકામાં ૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. આ ઉપરાંત અન્ય ૨૯ થી વધુ તાલુકામાં બે ઈંચથી વરસાદ વરસી ગયો છે. બીજી તરફ ચોમાસાએ સૌરાષ્ટ્રના સાત સહિત ૧૨ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગે ૩ કલાક એટલે કે, ૭ વાગ્યા સુધી રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી હતી. તીવ્ર પવનની ચેતવણી સાથે કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ભરૂચ, સુરત, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી અને દીવમાં રેડ એલર્ટ જારી કરાયું છે. જ્યારે મધ્યમ વરસાદ અને પવનની શક્યતા ધરાવતા મહીસાગર, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, વડોદરા, આણંદ, નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ તેમજ કેન્દ્રશાસિત પ્રદેશો દમણ અને દાદરા નગર હવેલીમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.

જૂનાગઢમાં સિઝનમાં પહેલીવાર કાળવા નદીમાં ઘોડાપૂર આવ્યું છે, તો ડામદર કુંડમાં પણ પાણીના આવક નોંધાઈ છે. આ સાથે ઉપલા દાતાર પર્વત પર ભારે વરસાદ ખાબકતાં પર્વતની સીડીઓ પરથી નદીની જેમ ધસમસતા પાણી વહેવા લાગ્યા છે. વિલિંગ્ડન ડેમમાં પાણીની વિપુલ આવક શરૂ થતાં ઓવરફ્લો થવાની શક્યતા સેવાઈ રહી છે. વડોદરામાં ધોધમાર વરસાદથી રોડ-રસ્તા પાણીમાં ગરકાવ થયા છે. વરસાદે વિઘ્ન ઊભું કર્યું હોવા છતાં લોકોમાં બપ્પાના આગમનને લઈ અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. અમદાવાદમાં પણ અંધારપટ સાથે અનેક વિસ્તારમાં વરસાદ નોંધાયો છે. તો તાલાલા ગીરમાં ભારે વરસાદથી ખેડૂતોએ સૂકાતા પાકને લઈ હાશકારો અનુભવ્યો છે. બપોર બાદ રાજકોટ પંથકમાં પણ વરસાદ શરૂ થયો છે.

ગુજરાતમાં ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા જાહેર કરવામાં આવેલા તાજા આંકડાઓ મુજબ તારીખ ૧૪-૦૯-૨૦૨૬ના રોજ સવારે ૦૬:૦૦ થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધીના ૬ કલાકના સમયગાળા દરમિયાન ગુજરાતમાં મેઘરાજા મહેરબાન રહ્યા છે. રાજ્યના અનેક જિલ્લાઓમાં સવારથી જ સારો એવો વરસાદ નોંધાયો છે, જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે અને વાતાવરણમાં વ્યાપક ઠંડક પ્રસરી ગઈ છે. આ ૬ કલાક દરમિયાન સૌથી વધુ વરસાદ આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં નોંધાયો છે, જ્યાં કુલ ૫.૨૪ Inch (૧૩૩ mm) વરસાદ ખાબક્યો છે. આ ઉપરાંત અમદાવાદ જિલ્લાના ધોળકામાં ૪.૦૨ Inch (૧૦૨ mm) અને વડોદરાના કરજણમાં ૩.૮૨ Inch (૯૭ mm) ધોધમાર વરસાદ વરસી ચૂક્યો છે. સવારથી જ અનેક તાલુકાઓમાં મેઘરાજાનું જોર વધવાને કારણે જનજીવન પણ પ્રભાવિત થયું છે.

રાજ્યના અન્ય પ્રમુખ વિસ્તારોની વાત કરીએ તો, પંચમહાલના ગોધરામાં ૩.૩૯ Inch (૮૬ mm), આણંદના તારાપુરમાં ૩.૦૭ Inch (૭૮ mm), નવસારીના ગણદેવીમાં ૨.૯૧ Inch (૭૪ mm) અને ખેડાના નડિયાદમાં ૨.૮૦ Inch (૭૧ mm) વરસાદ નોંધાયો છે. આ સાથે જ ખેડાના માતરમાં ૨.૭૨ Inch (૬૯ mm), અરવલ્લીના બાયડ તથા મેઘરજમાં ૨.૬૪ Inch (૬૭ mm) તેમજ વડોદરા શહેરમાં ૨.૫૬ Inch (૬૫ mm) વરસાદ પડ્યો હોવાના અહેવાલ છે. આ સિવાય ભરૂચના વાગરામાં ૨.૪૦ Inch (૬૧ mm), સાબરકાંઠાના હિંમતનગર અને જૂનાગઢના માળીયા હાટીનામાં ૨.૩૨ Inch (૫૯ mm), અરવલ્લીના ધનસુરા, અમદાવાદના દસ્ક્રોઈ તથા આણંદના આંકલાવમાં ૨.૧૭ Inch (૫૫ mm) જેટલો સારો વરસાદ નોંધાયો છે. રાજ્યના બાકીના તાલુકાઓમાં પણ હળવાથી મધ્યમ સ્વરૂપમાં વરસાદી માહોલ સતત જળવાઈ રહ્યો છે.

## બોપલમાં મોડી રાત્રે ચાર ફોર વ્હીલર અને બે ટુ-વ્હીલરને મારી ટક્કર !

# અમદાવાદમાં 'પોલીસ' લખેલી કારના નશામાં ચૂર ચાલકે ધડાધડ છ વાહનો અડફેટે લીધા

### નશામાં ચૂર ચાલકનો વીડિયો બનાવી પોલીસ બોલાવાઇ : પોલીસ કર્મી છે કે કેમ ? તપાસ જારી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૪

અમદાવાદના બોપલમાં મોડી રાત્રે એક કારે આડેધડ ૬ વાહનોને ટક્કર મારી હતી. આ કાર પર આગળ પોલીસ લખેલી પ્લેટ જોવા મળી હતી. સ્થાનિકોએ કારચાલકને રોક્યો ત્યારે ચાલક નશામાં ધૂત જોવા મળ્યો હતો. કારચાલકને કોઈ ભાન જ નહોતું. સ્થાનિકોએ કારનો વીડિયો ઊતારી બોપલ પોલીસને જાણ કરતા ચાલકની અટકાયત કરી ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. નશામાં ધૂત વ્યક્તિ પોલીસ કર્મચારી છે કે, કેમ તેની પણ તપાસ ચાલું છે.



વીડિયોમાં દર્શાવાયા મુજબ ઘટનાસ્થળે હાજર લોકો જણાવી રહ્યા છે કે, આ ચાલકે નશામાં ધૂત થઈને કારથી રસ્તામાં ચાર ગાડીઓ, બાઈક અને એક્ટિવા સહિત અડધો ડઝન જેટલા વાહનોને અડફેટે લીધા છે. લોકો સ્થાનિક વિસ્તારની વિગતો આપતા પોલીસ કંટ્રોલ રૂમ (૧૧૨)ને જાણ કરે છે અને ચાલકની ગાડીની ચાવી કબ્જે કરી લે છે. કારચાલક એટલો બધો નશામાં ચૂર જોવા મળે છે કે તેનામાં ઊભા રહેવાના પણ હોશ હોતા નથી. બીજી બાજુ લોકો ગાડીની ડિકી અને અંદરની તપાસ કરીને દારૂની બોટલ કે અન્ય કોઈ સામગ્રી શોધવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનું દર્શાવાયું છે.

બોપલમાં રહેતા નિશિથ શાહે ફરિયાદ નોંધાવી છે કે, તેઓ તેમના અક્ષરધામ બંગલોઝના નિવાસસ્થાને હતા. આ દરમિયાન ઘરની બહાર સાંજના ૮:૩૦ વાગ્યાની આસપાસ જોરથી અવાજ આવતા તેઓ બહાર ગયા ત્યારે એક ગ્રે કલરની i10 ગાડીનો ચાલક બેદરકારી રીતે ગાડી ચલાવી તેમની ડસ્ટર ગાડીને અથડાવી આગળ જઈ રહ્યો હતો. i10 ગાડીનો ચાલક થોડી આગળ જઈને ઊભો રહી ગયો હતો. i10 ગાડીના ચાલકે એક વાહન નહીં પરંતુ બે ફોર વ્હીલર અને ચાર ટુ-વ્હીલરને પણ ટક્કર મારી હતી. અકસ્માત થતાં આસપાસના લોકો એકઠાં થયા હતા. અકસ્માત કરનાર i10 પર પોલીસ લખેલી પ્લેટ પણ મળી આવી હતી. જ્યારે સ્થાનિકોએ આ પોલીસ લખેલી કારમાં બેઠેલા વ્યક્તિને રોક્યો ત્યારે કારચાલકને કોઈ હોશ જ ન્હોતા. કારચાલક સંપૂર્ણ દારૂના નશામાં હોય તેમ લાગી રહ્યું હતું. સ્થાનિકોએ કારચાલકનો વીડિયો ઉતારીને પોલીસને જાણ કરતા બોપલ પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસે સ્થળ પર તપાસ કરી અકસ્માત કરનાર પ્રદ્યુમનસિંહ વાઘેલા વિરૂદ્ધ ગુનો નોંધી અટકાયત કરી હતી.

આ સમગ્ર પ્રકરણનો વીડિયો વાયરલ થયો તેમાં અકસ્માત કરનાર કારમાં આગળ પોલીસ લખેલી પ્લેટ હતી તે સ્પષ્ટ દેખાય છે અને કારનો ચાલક પણ નશામાં ધૂત હોવાનો દેખાઈ રહ્યું છે. છતાં પોલીસ દ્વારા ગાડીમાં આગળ પોલીસ લખેલી પ્લેટ પડી હોવાનો ફરિયાદમાં ક્યાંય ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ ઉપરાંત કસ્માત કરનાર પોલીસ કર્મચારી છે કે, કેમ તેનો પણ કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૨ જુલાઈ, ૨૦૨૬ના અમદાવાદના સી.જી. રોડ પર મોડી રાત્રે એક બેફામ સ્પીડે આવી રહેલી કારે વળાંક પર ટુ-વ્હીલર ચાલક દંપતીને જોરદાર ટક્કર મારી હતી. જેમાં અકસ્માત સર્જનાર કારની આગળના ભાગે 'પોલીસ' લખેલી પ્લેટ મળી આવી હતી, તેમજ ગાડીની અંદરથી પોલીસની વર્ધી પણ મળી આવતા સ્થળ પર ભારે હોબાળો મચી ગયો હતો.

## ઈ-મેઈલથી ધમકી આપવાના બનાવમાં ટેક્નિકલ એનાલિસિસ કરાતા લોકેશન મળ્યું !

# ગાંધીનગરમાં વિધાનસભા વગેરે ઉડાવી દેવાની ધમકી આપનારા બિહાર-ઝારખંડથી ઝડપાયા

### એક આરોપીએ પાંચ લાખથી વધુ ઈ-મેઈલ ID-પાસવર્ડ બનાવ્યા; સંડોવણી પણ ખુલી

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં મુખ્યમંત્રી કાર્યાલય, વિધાનસભા અને અન્ય સરકારી ભવનોને બોમ્બથી ઉડાવી દેવાના ધમકીભર્યા ઈ-મેઈલ મોકલનાર બે આરોપીઓને બિહાર અને ઝારખંડથી દબોચી લેવામા આવ્યા છે. .૧૦ સપ્ટેમ્બરે સચિવાલયને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો ઈ-મેલ મળ્યા બાદ સાયબર ટીમે ટેકનિકલ એનાલિસિસ હાથ ધરી. તપાસમાં ઈ-મેલનો ઉપયોગ કરનારનું લોકેશન બિહારના ભાગલપુરમાં મળતાં ત્યાંથી રોશનકુમારની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ તેની કડી ઝારખંડના દેવઘર સુધી પહોંચતાં મુખ્ય આરોપી ગુલશનકુમાર સિંહને પણ ઝડપી લેવામાં આવ્યો હતો.



આરોપીઓ પાસેથી ૫,૧૩,૮૪૭ યુનિક ઈ-મેઈલ આઈડી તથા પાસવર્ડનું લિસ્ટ મળી આવ્યું. જેનો ઉપયોગ ધમકી માટે કરવામાં આવતો. જેના બદલામાં આરોપીઓને બાંગ્લાદેશમાં રહેતા સહ આરોપીઓ તરફથી નાણાકીય સહાય પણ કરવામાં આવતી હોવાનો ખુલાસો થયો છે.

સાયબર સેલ ઓફ એક્સલન્સના એસપી વિવેક ભેડાએ જણાવ્યું કે, ગુલશનકુમાર સિંહે અત્યાર સુધીમાં ૫ લાખથી વધુ યુનિક Gmail ઈ-મેલ ID અને પાસવર્ડ બનાવ્યા હોવાનું સામે આવ્યું છે. તે માત્ર ઈ-મેલ ID અને પાસવર્ડ જ નહીં, પરંતુ ઓથેન્ટિકેટર અને સીડ કોડ પણ તૈયાર કરતો હતો. ત્યારબાદ આ વિગતો આગળ વેચવામાં આવતી હતી અને તેનો ઉપયોગ થ્રેટ ઈ-મેલ મોકલવા માટે કરવામાં આવતો હતો.

૧૦ સપ્ટેમ્બરે સચિવાલયને મોકલવામાં આવેલા ધમકીભર્યા ઈ-મેલનું ID ગુલશન પાસેથી મળી આવેલી શીટમાં પણ મળ્યું છે. જોકે આ IDનો ઉપયોગ કરીને ધમકીભર્યો ઈ-મેલ બિહારથી રોશન કુમારે મોકલ્યો હતો. ગુલશન ID-પાસવર્ડ તૈયાર કરીને આગળ મોકલતો હતો, જ્યારે રોશન તેનો ઉપયોગ કરી ઈ-મેલ મોકલતો હતો.

તપાસમાં ગુલશનકુમાર સિંહના સંપર્કો બાંગ્લાદેશના કેટલાક એન્ટી-નેશનલ તત્વો સાથે હોવાની વિગતો સામે આવી . પ્રાથમિક તપાસ મુજબ ગુલશન ઈ-મેલ ID-પાસવર્ડ તૈયાર કરીને બાંગ્લાદેશમાં મોકલતો હતો અને ત્યાંથી તેનો ઉપયોગ થતો હોવાની દિશામાં તપાસ ચાલી રહી છે. આ માટે તેને USDT મારફતે ક્રિપ્ટો પેમેન્ટ મળતું હોવાની પણ માહિતી મળી છે. બાંગ્લાદેશી તત્વોની ચોક્કસ ભૂમિકા અને ગુલશન સાથેના તેમના સંબંધ અંગે તપાસ ચાલુ છે.

આરોપી પાસેથી બે ક્રિપ્ટો વોલેટ મળી આવ્યા છે. તેમાં કરોડો રૂપિયાના ટ્રાન્ઝેક્શન થયાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. જોકે આ પૈકી કેટલા વ્યવહારો કાયદેસરના હતા અને કેટલા થ્રેટ ઈ-મેલના નેટવર્ક સાથે સંકળાયેલા હતા તે જાણવા માટે ક્રિપ્ટો વોલેટ અને બેંકિંગ ટ્રાન્ઝેકશનનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે.

પોલીસની તપાસમાં વધુ ચોંકાવનારી વિગતો સામે આવી છે. જેમાં ગુલશનકુમાર વર્ષ ૨૦૨૨થી આ પ્રકારની કામગીરી કરતો હોવાનું સામે આવ્યું છે. છેલ્લા માત્ર બે દિવસના ડેટાની તપાસમાં જ ૧૪ હજારથી વધુ યુનિક ઈ-મેલ ID બનાવેલી મળી આવી છે. અગાઉના સમયગાળામાં બનાવવામાં આવેલી IDનો આંકડો ૫ લાખથી વધુ છે.

સાયબર સેલ હવે ગુજરાતમાં આવેલા ઈ-મેલ ઉપરાંત સમગ્ર ભારતમાં અગાઉ આવેલા બોમ્બ અને અન્ય થ્રેટ ઈ-મેલનો ડેટા મંગાવીને તપાસ કરશે. આરોપીઓ પાસેથી મળેલી ઈ-મેલ IDમાંથી કોઈનો ઉપયોગ અગાઉના થ્રેટ મેઈલમાં થયો હતો કે નહીં તેની પણ તપાસ કરવામાં આવશે. આ IDની વિગતો અન્ય લો-એન્ફોર્સમેન્ટ એજન્સીઓ સાથે શેર કરવામાં આવશે, જેથી ભવિષ્યમાં આ IDનો ઉપયોગ કરીને કોઈ ધમકી આપવામાં આવે તો આરોપીઓ સુધી પહોંચી શકાય.

ભાગલપુરથી ઝડપાયેલ રોશનકુમાર ૧૨ પાસ છે ટેકનિકલ આઈટીઆઈમાં નોકરી કરે છે. તે ટેક-સેવી હોવાનું પોલી તપાસમાં સામે આવ્યું છે અનો ઈ-મેઈલ ઓથેન્ટિકેશન બાયપાસ સહિતની ટેકનિકલ બાબતો જાણતો હતો. પ્રાથમિક તપાસમાં તેનો મુખ્ય હેતુ પૈસા કમાવવાનો હોવાનું જણાય છે. બીજી તરફ ઝારખંડથી ઝડપાયેલો ગુલશનકુમાર સિંહ બી.એસ.સી. સુધી ભણેલો છે. તે ઈ-મેઈલ ડેવલોપમેન્ટ, ડિજિટલ માર્કેટિંગ, સોશિયલ મીડિયા હેન્ડલિંગ સહિતના ટેકનિકલ કામ સાથે સંકળાયેલો હતો. પોલીસના જણાવ્યા મુજબ બંનેનો ઓન-પેપર અગાઉનો ગુનાહિત ઈતિહાસ સામે આવ્યો નથી. હાલ બંને આરોપીઓની પૂછપરછ ચાલી રહી છે. સમગ્ર નેટવર્કમાં અન્ય કોઈ વ્યક્તિ સંકળાયેલી છે કે નહીં, બાંગ્લાદેશ સાથેના સંપર્કમાં કોણ-કોણ સામેલ છે અને અગાઉના થ્રેટ ઈ-મેલમાં આ નેટવર્કનો ઉપયોગ થયો છે કે નહીં તે અંગે તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે. તપાસમાં ગાંધીનગર પોલીસ ઉપરાંત બિહાર અને ઝારખંડ પોલીસનો સહયોગ મળ્યો છે તેમજ જરૂરીયાત મુજબ i4C સાથે પણ સંકલન કરવામાં આવશે.

## ઈન્ડિગો, સ્ટાર એર, અકાસા એર લાઈન્સની ફ્લાઈટ્સ કરાઈ રદ

# અમદાવાદ એરપોર્ટ પર વિવિધ ફ્લાઈટ રદ કરાતાં સંખ્યાબંધ મુસાફરો રઝળી પડ્યા

### વૈકલ્પિક વ્યવસ્થા માટે રજૂઆત છતાં કોઈ જવાબ ન મળતા મુસાફરો રોષે ભરાયા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૪

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય ઍરપૉર્ટ પર આજે (૧૪મી સપ્ટેમ્બર) વિવિધ એરલાઈન્સની ફ્લાઈટ્સ વરસાદ તથા અન્ય ટેક્નિકલ કારણસર રદ થતાં મુસાફરો મુશ્કેલીમાં મૂકાયા હતા. સ્ટાર એર અને ઈન્ડિગોની દીવ રૂટની ફ્લાઈટ્સ તેમજ અકાસા એરની કોલકાતા જતી-આવતી ફ્લાઈટ રદ રહેતાં ઍરપૉર્ટ પર મુસાફરોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

અમદાવાદથી દીવ થઈ ગોવા જતી સ્ટાર એરની ફ્લાઈટ S5 424 અચાનક રદ કરવામાં આવતાં મુસાફરો અટવાઈ પડ્યા હતા. મુસાફરોના જણાવ્યા અનુસાર, તેઓએ એરલાઈનના સિનિયર અધિકારીઓ સમક્ષ વૈકલ્પિક વ્યવસ્થા માટે રજૂઆત કરી હતી, પરંતુ સ્ટાફ તરફથી કોઈ સંતોષકારક જવાબ મળ્યો નહોતો. સ્પષ્ટ માહિતી અને મદદના અભાવે મુસાફરો લાચાર બની માનસિક ત્રાસ ભોગવી રહ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો.

માત્ર સ્ટાર એર જ નહીં, પરંતુ અન્ય એરલાઈન્સના મુસાફરોને પણ હાલાકી ભોગવવી પડી રહી છે સ્ટાર એર દ્વારા સવારે અમદાવાદથી દીવ જતી અને સાંજે પરત ફરતી બંને ફ્લાઈટ્સ રદ કરાઈ હતી. એજ રીતે ઈન્ડિગો એરલાઈન્સની પણ અમદાવાદ-દીવ વચ્ચેની આવતી અને જતી ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. ઉપરાંત અકાસા એરલાઈનની અમદાવાદથી કોલકાતા જતી અને ત્યાંથી પરત આવતી ફ્લાઈટ ટેક્નિકલ કારણોસર રદ કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આમ ફ્લાઈટ્સ રદ થતાં મુસાફરો રઝળી પડ્યા હતા. જેને લઈને રોષે ભરાયા હતા.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યુ ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● E-mail : gujarattodaydaily@gmail.com